હરિઃ ૐ આશ્રમ પ્રેરિત શ્રી. વ્રજલાલ જાની સ્મારક ટ્રસ્ટ

પુસ્તક ત્રીજું

# પ્રેરણા-પીયૂષ

(ગુણ-ભાવ વિકાસક ટૂંકી વાર્તાઓ)

સંપાદક:
નંદુભાઈ
(હરિઃ ૐ આશ્રમવાળા)



ગુજરાત પુસ્તકાલય સહાયક સહકારી મંડળ લિ. વડોદરા.

આ પુસ્તકની વાર્તાઓમાંની કેટલીકનાં વસ્તુરચના ને પાત્રાલેખન એટલાં તો સચોટ છે કે તે વાંચનારના હૃદયને સ્પર્શ્યા વિના નહીં રહે, એટલાં તો સહજ ને રસથી તરબોળ છે કે વાચક તેને પૂરા કર્યા વિના જંપી નહિ શકે. પ્રત્યેક વાર્તાનું હાર્દ જીવનનાં અનેક પાસાંઓમાંથી કોઈને તો અસર કર્યા વિના રહી શકશે નહીં. કેટલીક વાર્તાઓ તો સિદ્ધહસ્તલેખકની છે, રસને સળંગપણે ટકાવી રાખે છે. અને સ્પષ્ટપણે અમુક પ્રકારના ભાવના હાર્દનું દર્શન પણ કરાવે છે, તથા જીવનના ગૂઢ ભાવને બહુ સૂક્ષ્મભાવે વ્યક્ત કરવામાં સમર્થ પણ નીવડી છે.

[ 'બે બોલ' માંથી ] — મોટા

★

હરિ : ૐ આશ્રમ પ્રેરિત

શ્રી. વ્રજલાલ જાની સ્મારકમાળા ગ્રંથ ત્રીજો

# પ્રેરણા-પીયૂષ

સંપાદક

શ્રી. નંદુભાઈ શાહ

( હરિ : ૐ આશ્રમવાળા )




પ્રકાશક

ગુજરાત પુસ્તકાલય સહાયક સહકારી મંડળ લિમિટેડ

વડોદરા

● પ્રકાશક :
અંબાલાલ જી. પટેલ.
બી. કોમ. એલ. એલ. બી.
મંત્રી, ગુજરાત પુસ્તકાલય સ. સ. મંડળ લિ.
સંસ્થાવસાહત–રાવપુરા વડોદરા.

● પ્રથમ આવૃત્તિ, પ્રત ૧૨૫૦ ઓગષ્ટ ૧૯૭૪,

પાનાં ૮+૨૧૨=૨૨૦

કિંમત રૂા. ૪–૫૦

પ્રાપ્તિ સ્થળ :– ગુજરાત પુસ્તકાલય સ. સ. મંડળ લિ.
સંસ્થા વસાહત–પોસ્ટ બૉક્સ નં. ૧૦
રાવપુરા વડોદરા ૧.

● મુદ્રક :
મે. એલેમ્બિક પ્રેસ, એલેમ્બિક રોડ, વડોદરા–૩

# પ્ર કા શ કી ય

પૂ. શ્રીમોટાની પ્રેરણાથી સને ૧૯૬૩માં અમારા મંડળને રૂા. નવ હજારનું 'વ્રજલાલ જાની સ્મારક ટ્રસ્ટ ફંડ' સોંપવામાં આવ્યું છે. સદર ટ્રસ્ટ ફંડમાંથી 'વ્રજલાલ જાની સ્મારકમાળા'નાં બે પુસ્તકો—'મોસમ મનની મોરી' અને 'સુવાસિત જીવન–કળીઓ' આ અગાઉ પ્રસિદ્ધ કરવામાં આવ્યાં છે.

ઉપર્યુક્ત સ્મારકમાળાનું આ ત્રીજું પુસ્તક 'પ્રેરણા–પીયૂષ' પ્રસિદ્ધ કરતાં અમને આનંદ થાય છે. આ પુસ્તકના સંપાદક શ્રી નંદુભાઈ (હરિ : ૐ આશ્રમવાળા)એ પૂ. શ્રીમોટાની પ્રેરણાથી આ પુસ્તક તૈયાર કર્યું છે. અને એમાં પૂ શ્રીમોટાએ 'બે બોલ' દ્વારા શિષ્ટ સાહિત્યની આવશ્યકતા અંગે પોતાના મંગલ–પ્રેરક વિચારો વહાવ્યા છે. તેમજ પુસ્તકનો ટૂંક પરિચય પણ કરાવ્યો છે. એ બદલ અમો ઉભયના અત્યંત આભારી છીએ.

'પ્રેરણા પીયૂષ'ના લબ્ધ પ્રતિષ્ઠિત વિવિધ વાર્તા લેખકોએ પુરસ્કારની અપેક્ષા રાખ્યા સિવાય પોતાની કૃતિઓના પ્રકાશનની જે અનુમતિ અર્પી છે તે માટે તેઓના પણ અમો ઘણા આભારી છીએ. *

'પ્રેરણા પીયૂષ, એના વાચકોને વાર્તા સાહિત્યની અમૃત-ધારાનું પાન કરાવશે અને પ્રેરણાનું સિંચન કરશે એવી શ્રદ્ધા સાથે આ પુસ્તકનું પ્રકાશન કરતાં અમો આનંદની લાગણી અનુભવીએ છીએ.

આ વાર્તા સંગ્રહને વાચકો વધાવી લેશે એવી આસ્થા છે.

તા. ૨૩–૮ ૧૯૭૪      **અંબુભાઈ ડી. પટેલ**

**વડોદરા.**      અધ્યક્ષ

---

* પ્રકાશન અને વિતરણનો ખર્ચ જે થાય તેટલી જ કિંમત રાખીને પડતર ભાવે મળે તે રીતે આ પુસ્તકની કિંમત રાખી છે આશા છે કે જનતા તેનો લાભ લેશે.

### શ્રી. વ્રજલાલ જાની સ્મારક ટ્રસ્ટ ફંડના દાતા પૂજ્ય શ્રીમોટા
### ( હરિ : ૐ આશ્રમ, નડિયાદ )ના

# બે બોલ

સને ૧૯૬૩માં 'ગુજરાત પુસ્તકાલય સહાયક સહકારી મંડળ લિ.' વડોદરાને "વ્રજલાલ જાની સ્મારક ટ્રસ્ટ ફંડ રચીને રૂ. ૯૦૦૦] આપવામાં આવ્યા. આ ટ્રસ્ટફંડનું પ્રથમ પુસ્તક 'મોસમ મનની મોરી' પ્રકાશન પામ્યું તે પછી બીજું પુસ્તક 'સુવાસિત જીવનકળીઓ', પ્રસિદ્ધ થયું અને હવે ત્રીજા પુસ્તક રૂપે આ 'પ્રેરણાપીયૂષ' પ્રસિદ્ધ થાય છે.

મારા મિત્ર સદ્‌ગત વ્રજલાલ જાની તત્ત્વજ્ઞાન અને સંસ્કૃત વિષયોના M. A. આજથી ૩૬ વર્ષ ઉપર થયેલા, અને સૌરાષ્ટ્રમાં કેળવણીખાતાના એક ઉચ્ચ હોદ્દા ઉપર હતા, તેમજ સાધના–પથે ઉચ્ચ કોટિના સાધક પણ હતા. તેમના સ્મરણમાં આવું એક ટ્રસ્ટ સમાજના ઉત્થાનના હેતુ અર્થે થયું તે ઘણા હર્ષની વાત છે. આનો મુખ્ય યશ સદ્‌ગતનાં પત્ની શ્રીમતી જયાબહેન જાનીના ફાળે જાય છે.

આ ટ્રસ્ટનો મુખ્ય હેતુ નીચે પ્રમાણે છે :

(૧) ભારત દેશની કોઈપણ ભાષાનું ભક્તિવિષયક જે કોઈ મૌલિક લખાણ હોય તેનો ગુજરાતીમાં અનુવાદ કરાવવો યા તો સ્વતંત્રપણે ગુજરાતી ભાષામાં મૌલિક સર્જન હોય તે પ્રસિદ્ધ કરવું.

(૨) ગુજરાતના કે હિંદમાં થઈ ગયેલા ભક્તોનાં જીવનચરિત્રો પ્રકટ કરવાં.

(૩) સાહસ, હિંમત, શૌર્ય, પરાક્રમ, નીડરતા, સહિષ્ણુતા, ઉદારતા, હૃદયની વિશાળતા, ત્યાગ, સમર્પણ તથા સંસારી જનોની ઉદાત્ત ભાવના પ્રગટાવી શકે એવી વાર્તાઓનો સંગ્રહ છપાવવો.

આ પુસ્તકની વાર્તાઓમાંની કેટલીકનાં વસ્તુરચના ને પાત્રાલેખન એટલાં તો સચોટ છે કે તે વાંચનારના હૃદયને સ્પર્શ્યા વિના નહીં રહે, એટલાં તો સહજ ને રસથી તરબોળ છે કે વાચક તેને પૂરાં કર્યા વિના જંપી નહિ શકે. પ્રત્યેક વાર્તાનું હાર્દ જીવનનાં અનેક પાસાંઓમાંથી કોઈને તો અસર કર્યા વિના રહી શકશે નહીં. કેટલીક વાર્તાઓ તો સિદ્ધ હસ્તલેખકની છે, રસને સળંગપણે ટકાવી રાખે છે અને સ્પષ્ટપણે અમુક પ્રકારના ભાવના હાર્દનું દર્શન પણ કરાવે છે; તથા જીવનના ગૂઢ ભાવને બહુ સૂક્ષ્મભાવે વ્યક્ત કરવામાં સમર્થ પણ નીવડી છે.

આજના અણુકાળમાં સમયનું મહત્ત્વ સમજનાર લોકને લાંબી નવલકથા વાંચવાને ઝાઝી ફુરસદ હોઈ શકે નહિ. તેને બદલે આવી ટૂંકી વાર્તાનું સાહિત્ય તેવા લોક-માનસને સ્ફૂર્તિ ને તાજગી પ્રેરી શકે છે. સીધા ઉપદેશ કરતાં ટૂંકી વાર્તા દ્વારા જે ઇંગિત સમજણ ઊગે છે, તેની અસર ક્યાંય ચઢિયાતી બની જતી હોય છે. લોકમાનસ કેટલાય પ્રકારના વિસંવાદી સંઘર્ષણોમાં અટવાઈ ગયેલું છે. તેને આવું ઉત્તમ વાર્તાસાહિત્ય હળવાશ-મોકળાશ અને ભાવના પ્રગટાવે છે.

આ વાર્તાઓનાં સર્વે સુજ્ઞ લેખક ભાઈબહેનોનો, વિના પુરસ્કારે તેમની વાર્તાઓ પ્રસિદ્ધ કરવાની પ્રેમપૂર્વક અનુમતિ આપવા માટે, ઘણો ઘણો આભારી છું.

૨૭-૮-૧૯૭૪ —મોટા

નડિયાદ

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | લેખક | પા. નં. |
|---|---|---|---|
| ૧ | કળિયુગની ગાંધારી | શ્રી. ગ. મા. પિપરકર | ૧ |
| ૨ | કુટુંબજાળ | શ્રી. શરદ્ચંદ્ર ચટ્ટોપાધ્યાય | ૭ |
| ૩ | હાથ આલ્યો | શ્રી. કે. જે. મહેતા | ૧૭ |
| ૪ | ચંદનની સુવાસ | શ્રી. મહાદેવ શાસ્ત્રી જોષી | ૩૧ |
| ૫ | મોટા ઘરની દીકરી | શ્રી. પ્રેમચંદજી | ૫૫ |
| ૬ | વિદેહી જનક | પુરાણકથા | ૬૭ |
| ૭ | ન્યાયમંત્રી | શ્રી. હીરાલાલ પો. શાહ | ૭૫ |
| ૮ | હૈયાને બાળનાર | શ્રી. ગોવિંદભાઈ અમીન | ૮૯ |
| ૯ | સતી થવાનો હક્ક | શ્રી. રમણલાલ વ. દેસાઈ | ૧૦૨ |
| ૧૦ | ભાવનાશીલતા | શ્રી. ચૂનીલાલ વર્ધમાન શાહ | ૧૧૨ |
| ૧૧ | બે ભાઈ | શ્રી. લાભુબહેન મહેતા | ૧૨૩ |
| ૧૨ | સાસુ કે માતા ? | સૌ. કમળા ફડકે | ૧૩૨ |
| ૧૩ | ભિખારી | શ્રી. ગુલાબદાસ બ્રોકર | ૧૪૭ |
| ૧૪ | પ્રાયશ્ચિત્ત | શ્રી. હીરાલાલ પોપટલાલ શાહ | ૧૫૬ |
| ૧૫ | ભિખારણ | શ્રી. હીરાલાલ પોપટલાલ શાહ | ૧૭૦ |
| ૧૬ | દેવીમાઈ | શ્રી. પૂર્ણિમાબહેન પકવાસા | ૧૮૧ |
| ૧૭ | ખાંડાની ધાર | શ્રી. મુકુલભાઈ કલાર્થી | ૨૦૨ |
| ૧૮ | સત્યવીર ઉત્તમચંદ દીવાન | શ્રી. પ્રો. નરોત્તમ વાળંદ | ૨૦૮ |



# કળિયુગની ગાંધારી

## ( સત્યકથા )

લેખક : ગ. મા. પિંપરકર : અનુ. : ગોપાળરાવ વિદ્વાંસ

અગર આંખે બદલતે હો તો હમ બસ્તી બદલતે હૈં;
અગર હમસે તુમ્હે નફરત તો હમ દુનિયાસે ચલતે હૈં.

જો આપની નજરમાં–ભાવમાં ફેરફાર થતો હોય તો અમે વસ્તીથી દૂર ચાલ્યા જઈએ છીએ; જો તમને અમારા પ્રત્યે ઘૃણા આવતી હોય તો અમે આ દુનિયા છોડીને જ ચાલ્યા જઈએ છીએ.

શ્રી. તુળજાપુરેએ આવા જ ભાવ સાથે દુનિયા છોડી દીધી.

યવતમાળ જિલ્લાના દારવ્હા તાલુકામાં સાયખેડે ગામે શ્રી. તુળજાપુરે રહેતા હતા. ઘરની પરિસ્થિતિ ઘણી સારી હતી. બાળબચ્ચાંઓથી ઘર ભર્યું ભર્યું હતું. ગાયો, ભેંસો અને બળદની જોડીઓનો કોઈ તોટો નહોતો. નોકરચાકરની અવરજવર સતત ચાલ્યા કરતી. આવી જાહોજલાલી સાથે શ્રી. તુળજાપુરે વરાડના એક સુખી અને સમૃદ્ધ ખેડૂતનું જીવન ગુજારતા હતા. માબાપ ખૂબ પ્રેમાળ. ઘરવ્યવહાર સરખાઈથી ચલાવી શકાય, બજારની પણ સારી માહિતગારી હોય, દુનિયામાં શી શી નવાજૂની થયા કરે છે એનો પણ પરિચય સદૈવ રહ્યા કરે, એવા ઇરાદાથી પોતે સાવ નિરક્ષર હોવા છતાં ભાઉજી ( શ્રી. તુળજાપુરેનું નામ )ના પિતાશ્રીએ તેમને જરૂરી શિક્ષણ આપ્યું હતું. ગામમાં ઉપસ્થિત થતા નાનામોટા ઝઘડાઓ તેમ જ ભાઈ–ભાઈ વચ્ચેની તકરારો પણ શ્રી. ભાઉજી બહુ ડહાપણથી પતાવતા; તેમના નિષ્પક્ષપાતીપણાને લીધે લોકોમાં તેમની સારી પ્રતિષ્ઠા હતી, અને ગામમાં તેઓ લોકપ્રિય બન્યા હતા.

આ બધું જોઈ પિતાને જીવન ધન્ય થયું લાગતું. જતે દહાડે પુત્ર શક્તિશાળી નીવડશે અને કુળનું નામ ઉજાળશે

તેમણે મનમાં મનમાં શ્રીમહાવીરની પ્રાર્થના કરી અને બાધા લીધી : "હે હનુમાનજી બાપા! જો હું જાતે ચાલતો થઈશ તો તમારે માટે એક મંદિર બંધાવીશ."

પતિવ્રતા મંજુલાબાઈની સેવાચાકરીને પરિણામે તેમના વ્રણ સહેજ રુઝાયા અને લાકડીને ટેકે તેઓ ચાલી શકે તેટલા સાજા થયા. પોતાની માનતા ફળી છે એમ માનીને ભાઉજીએ પોતાના ઘરની સામે જ એક સુંદર નવી એવી હનુમાનજીની દેરી બંધાવી અને તેમાં મૂર્તિની પ્રતિષ્ઠા કરાવી.

તે પછી થોડાએક દિવસ સારું રહ્યું. પણ એમાં એક વાર શ્રી. ભાઉજીને મેલેરિયાનો સખત તાવ આવ્યો, અને ફરી પાછું આખે શરીરે પત ફૂટી નીકળ્યું. હવે તો તેમાંથી નીકળતું સડેલું રોગી લોહી ગંધ મારવા લાગ્યું. તેમણે તે વેળા ફરી મંજુલાબાઈને સમજાવ્યાં : "તમે મારી ચાકરીનું વેન લઈને જાતનું નુકસાન ન વેઠો. તમે પાછાં ઘેર જાઓ, સુખશાન્તિથી રહો. હું તો હવે પરમાત્માના ચરણોમાં જ શાન્તિ શોધીશ."

મંજુલાબાઈને માટે આ અસહ્ય લાગ્યું; તેમની આંખે ચોધાર આંસુ વહેવા લાગ્યાં. તેમણે કહ્યું : "પતિદેવ! તમે મને નરકમાં શા માટે ધકેલો છો? તમારી સેવા કરવી એ તો મારો ધર્મ છે, ને આખર સુધી હું એ ધર્મ આચરવાની છું. નસીબે જે માંડ્યું હશે તે ભોગવવા હું તૈયાર છું. હું જ ફૂટેલ કરમની છું કે તમારા ઘરમાં મેં પગ દીધો ને તમને આવી માંદગી લાગુ પડી!"

ભાઉજી તો એ જવાબથી સ્તબ્ધ જ થઈ ગયા!

વળી થોડો સમય પસાર થયો.

વ્રણની વેદનાઓ વધવા લાગી. ભાઉજી તો આર્તસ્વરે ભજન કરતા : 'મારુતિરાયા બલભીમા હો બલભીમા!' અને પાસે બેસી મંજુલાબાઈ વ્રણ ઉપર હાથ ફેરવી પંપાળતાં. આવી તો અનેક રાતો વીતી.

એક દહાડો તો વેદનાઓ એવી અસહ્ય થઈ પડી કે મંજુલાબાઈથી પણ જોયું જાય નહિ! તેઓ ઓરડામાંથી બહાર ઓસરીમાં આવ્યાં અને હનુમાનજીની મૂર્તિ સામે બે હાથ જોડી કરુણ ભાવે ગદ્‌ગદ સ્વરે વિનંતી કરવા લાગ્યાં : "હે ભગવાન! તું એમને હવે આવી યાતનામાં કેટલા દિવસ ખેંચાવીશ?"

ભાઉજીને કાને મંજુલાબાઈના આ ઉદ્‌ગારો અકસ્માત સંભળાયા. વીજળીનો આંચકો લાગે તેમ તેમનું હૃદય હલી ઊઠ્યું. કોઈ માનસિક ચમત્કાર થયો, અને ભાઉજીની વેદનાઓ એકાએક અટકી ગઈ! તેમને સહેજ ઊંઘ પણ આવી ગઈ.

પણ બીજે દિવસે સવાર પડતાં જ ભાઉજીએ મંજુલાબાઈને આગ્રહ કરી કહેવા માંડ્યું : "ઘણા દિવસો થયાં તમે ખેતરે મજૂરોનું કામ જોવા ગયાં જ નથી. આજે મને જરા આરામ છે, તો બપોરના ખેતરે જજો ને બધાનું કામકાજ જોઈ આવજો."

મંજુલાબાઈને પણ થયું કે જો તેમને આરામ છે તો આંટો મારી આવવામાં હરકત નથી. પણ વળી મનમાં કાંઈ આશંકાઓ ઊઠી એટલે કહ્યું : "આજે તો નહિ, પણ આવતી કાલે તમને જરા વધારે આરામ જણાશે, પછી હું જઈ આવીશ."

પણ ભાઉજીએ ફરી દબાણભર્યો આગ્રહ કર્યો એટલે તેમણે રાંધીને ભાઉજીને જમાડ્યા અને પોતે પણ થોડું જમી લઈને ખેતરે ગયાં.

મંજુલાબાઈ દૂર ગયાં; દેખાતાં બંધ થયાં, એટલે ભાઉજીએ પથારીમાં બેઠા બેઠા જ હનુમાનજીની મૂર્તિ ભણી મોં ફેરવી હાથ જોડ્યા અને ગદ્‌ગદ સ્વરે ઉદ્‌ગાર કાઢ્યા : "હે મહાવીર! હવે તમારે આ દેવી જેવી બાઈને કેટલા દિવસ ત્રાસ આપવો છે? મારી ખાતર એણે મા–બાપને છોડ્યાં, પણ મારી આ પતિયાની દશામાં પણ એણે મને ત્યજ્યો નથી! કાલે મારી યાતનાઓથી બેજાર બની એ કેવા દીનભાવે તારી પ્રાર્થના કરતી હતી?

કહેતી હતી : 'હે ભગવાન! તું એમને હવે આવી યાતનામાં કેટલા દિવસ ખેંચાવીશ!' મારે હવે મારી અને સાથે એની પણ યાતનાઓનો અંત આણવો જ જોઈએ."

આમ વિચારી ભાઉજી પથારીમાંથી ઊભા થયા. લોકો બધા ખેતરોમાં કામે ગયા હતા; સર્વત્ર શાંતિ હતી. થરથરતે હાથે તેમણે એક કાચલી લીધી; બાજુના ગોખલામાંથી તેમાં કપૂર મૂક્યું, અને થરથરતા હાથે દીવાસળી ધરી કપૂર પ્રગટાવ્યું. બેઠા હતા ત્યાંથી જ હનુમાનજીની આરતી ઉતારી. ઓશીકે એક જાડી દોરી હતી; ખાટલાની ઉપરની આડીએ તે બાંધી, અને ગળે ફાંસો નાખ્યો. મંજુલાબાઈ તો ખેતરે ગયાં હતાં એ બાજુએ એક વાર નજર નાખી લીધી અને આવેલું ડૂસકું મહામહેનતે રોક્યું. પછી ગળે નાખેલા ફાંસાને બે આંચકા મારી પોતે પરલોક સિધાવ્યા!

સાંજે મંજુલાબાઈ ઘેર આવ્યાં. ઉંબરામાં પગ દેતાં જ સામેનું દૃશ્ય જોઈ: "પતિદેવ! તમે આ શું કર્યું?" એવો જોસભેર ચિત્કાર કર્યો અને નિષ્પ્રાણ બનેલા ભાઉજીના દેહને બાથ ભરી લીધી. બેભાન બની ગયાં. ચીસ સાંભળી આસપાસનાં પાડોશીઓ આવી પહોંચ્યાં, તેમણે મંજુલાબાઈને એ મૃતદેહ પાસેથી સમજાવીને માંડ અળગાં કર્યાં.

પત થયાનું જાણતાં જ માબાપ તેમ જ ગામલોકોએ દૂર ફેંકી દીધેલા ભાઉજીના પ્રેતને ગામલોકોએ અગ્નિદાહ દીધો. ભાઉજી તુળજાપુરેની ચિતાએ દુનિયાને સંભળાવ્યું :

"અગર હમસે તુમ્હે નફરત, તો હમ દુનિયાસે ચલતે હૈં!"

પુરાણોમાં પોતાની આંખે પાટા બાંધી અંધ ધૃતરાષ્ટ્રની સેવા કરનારી ગાંધારીનું ચરિત્ર આપણે વાંચીએ છીએ. પણ પતિયેલ પતિની આમરણ સેવા કરનારી આ કળિયુગની ગાંધારી દુનિયાને પડકાર કરી પૂછે છે : "આ પતિયા લોકો માટે સમાજ શું કરવા માગે છે?"

એ સતીને ચરણે અમારા શતશત પ્રણામ હો!

# કુટુંબજાળ

લેખક : શ્રી. શરદ્ચંદ્ર ચટ્ટોપાધ્યાય

ઝરમર ઝરમર વરસાદ વરસી રહ્યો હતો. ગોમતીપુર ગામ પર અષાઢી મેઘે આનંદ છાઈ દીધો હતો. અત્યારે સહુ ગામલોક ઊઠી પોતપોતાના ઓટલા પર દાતણ કરી રહ્યા હતા. કેટલાક ઘરની સ્ત્રીઓ ઓટલા વાળી રહી હતી. તેવે વખતે ગામમાં એક ટમટમ ગાડી ધીરી ગતિએ પ્રવેશી એક શેરી તરફ જઈ રહી હતી.

ટમટમમાં બેસનાર તરફ શેરીના લોકો જોવા પોતાના ઓટલા પર ઊંચાનીચા થતા હતા. "કોઈ શહેરી બાબુ લાગે છે!" "અરે! આ તો ચેટરજી કુટુંબના સતીશબાબુ છે!" "હા, હા, આ તો કલકત્તાના વકીલ સાહેબ!", "શંભુબાબુના નાનાભાઈ સતીશ, ને તેમની વહુ મેનાવતી છે." એમ વાતો થઈ રહી હતી, ત્યારે ટમટમમાં બેઠેલા બે સુખી જીવો આનંદથી વાતો કરતા, લોકો તરફ મીઠી નજર ફેંકતા જઈ રહ્યા હતા. સતીશે કોટપાટલૂન પહેરેલાં હતાં, એટલે ગામડાગામમાં એ સાહેબ જેવો લાગતો હતો. અને મેનાવતી કોઈ રાજરાણી હોય તેમ શહેરી ફેશનની ઊંચી જાતની બંગાળી સાડી પહેરી શોભી રહી હતી.

ખડકી પાસે ટમટમ આવતાં જ છોકરાંઓ ગાડીને ઘેરી વળ્યાં, ને "કાકા આવ્યા", "કાકી આવ્યાં", "સતીશકાકા આવ્યા" વગેરે નાદોથી વાતાવરણ આનંદમય બની ગયું. છોકરાઓ ટમટમ પર ચઢી કૂદાકૂદ કરવા લાગ્યા. સતીશ બધા છોકરાઓના હાથમાં ચોકલેટ સરકાવતો, માથા પર હાથ મૂકતો, હસતો, જેમતેમ ઘરમાં પહોંચી ગયો. પાછળ છોકરાંઓ કાકીને ઘેરી વળ્યાં. મેનાવતી બાળકોને પટાવતી, હસાવતી, "આવો બધાં અંદર, રમકડાં આપું, ખાવાનું આપું. ચાલો તો સીધાં

સીધાં ઘરમાં.” આ પ્રમાણે કહેતી તેમને સમજાવતી જેમતેમ કરતાં અંદર પહોંચી, ત્યારે ઘરની બીજી સ્ત્રીઓ દેરાણી, જેઠાણી અને નણંદો પણ તેને ઘેરી વળી હતી.

સતીશ સીધો મોટાભાઈના ઓરડામાં ગયો, ત્યારે શંભુબાબુ હુક્કો ગગડાવતા. તકિયે અઢેલીને વિચારમગ્ન દશામાં બેઠેલા હતા. સતીશ ઝડપથી આવી તેમના પગને અડ્યો, ત્યારે શંભુબાબુ વિચારતંદ્રામાંથી જાગ્યા અને બોલ્યા: “આવો ભાઈ! બધાં મઝામાં તો ખરાં ને? તારાં સાસુ–સસરા પણ મઝામાં ને! કેમ શું ચાલે છે કલકત્તા શહેરમાં?”

“બધાં મઝામાં છે, મોટાભાઈ! કલકત્તાની સ્થિતિ પહેલાં વણસી હતી, પણ હવે સારી છે. પણ તમારી તબિયત કેમ છે હવે, મોટાભાઈ!”

“મારી તબિયતને શું થવાનું હતું, સતીશ! આ જરા દમ ઊપડ્યો હતો. તે હવે સારું છે.”

આ ભર્યા ઘરમાં ભાઈઓ ભાઈઓ વચ્ચે પ્રેમ સારો હતો. પિતા હતા ત્યારે તેમની છત્રછાયા નીચે આ કુટુંબના ચારે ભાઈઓમાં જે પ્રેમ હતો તે હજુ કાયમ રહ્યો હતો. ને વડીલ બંધુ શંભુબાબુની સહુ આમન્યા રાખતાં. તે કરે તે થતું. સતીશબાબુ કલકત્તા શહેરમાં વકીલાત કરતો હતો. તેનું સાસરું પણ કલકત્તામાં જ હતું. એટલે તે સસરાના બંગલામાં જ રહેતો.

શ્રાવણ મહિનામાં શંભુબાબુ મહાયજ્ઞ કરવાના હતા. એટલે એમણે બધાંને બોલાવ્યાં હતાં. એક પછી એક સગાંવહાલાં આવ્યે જતાં હતાં. ઘર વિશાળ હતું, જૂના જમાનાનું હતું. મોટો ચોક અને ઘણા ઓરડા હતા. ઘરની સ્ત્રીઓ નોકર–ચાકર પર હુકમ બજાવ્યે જતી; આનંદથી એકબીજાની મશ્કરી કર્યે જતી. બાળકો તોફાન–મસ્તી કરી ઘરને ગજવી મૂકતાં. આ આનંદ-

કિલ્લોલમાં ઘરની મુખ્ય વડીલ સ્ત્રી—શંભુબાબુની માતા–બહુ ભાગ લેતી નહિ. તે તેની સેવાપૂજા અને નિત્યનિયમમાંથી ઊંચી આવતી જ નહિ. મોટા ઘરના એક ખૂણામાં તેનું મંદિરિયું આવ્યું હતું. તેમાં રામ, લક્ષ્મણ અને જાનકીની સુંદર મૂર્તિઓ હતી. વળી ત્યાં નાના સરખા સોનાના લાલજી મહારાજ હતા. સવાર–સાંજ આરતી વખતે સહુ ત્યાં એકઠાં થતાં, પૂજા થતી, ફૂલો ચઢતાં, ભજનો ગવાતાં, પ્રસાદ વહેંચાતો ને સહુ નાનાં મોટાં બધાં, વૃદ્ધ માતાને પગે લાગી વિખેરાતાં. એવો રોજનો નિયમ ઘણાં વરસોથી સ્થપાઈ ગયો હતો.

મેનાવતીએ નાહીધોઈ પહેલું કામ સાસુને મંદિરિયે જઈ તેમને પગે લાગવાનું અને તેમના કામમાં મદદ કરવાનું કર્યું. આજે આરતી થયા પછી બધાંને પ્રસાદ એણે વહેંચ્યો. તે પછી બધાંને એણે કલકત્તાથી આણેલી મીઠાઈ, રસગુલ્લાં, પેંડા, રસમધુ વગેરે આપ્યાં. વાતાવરણ છોકરાંઓના કિલકિલાટથી માખીઓની જેમ બણબણી ઊઠયું.

શ્રાવણ માસ આવતાં મહાયજ્ઞની બધી તૈયારીઓ પૂરઝડપે થવા લાગી. યજ્ઞની સામગ્રીના ઢગ ઠલવાવા લાગ્યા. સુશોભિત મંડપ તૈયાર થવા લાગ્યો. કાશીથી વિદ્વાન બ્રાહ્મણો અને પંડિતો આવવા લાગ્યા. શ્લોકોચ્ચારથી ઘર અને ગામ ગાજવા લાગ્યાં.

આ મહાયજ્ઞના કાર્યમાં મેનાવતીએ મુખ્ય ભાગ ભજવ્યો હતો. આપવું–લેવું, કરવું–કારવવું, આવકાર–વિદાય, એ બધું નાની વહુના જ હાથમાં હતું. મોટા ભાઈ શંભુબાબુ પણ નાની વહુને જ પૂછતા–ગાછતા, ને કંઈ જોઈતું–કરતું પણ તેની પાસે જ માગતા. આ પ્રમાણે નાની વહુનાં વધી પડેલાં માનથી ઘરની બીજી વહુઓને ઓછું લાગવા માંડ્યું હતું. ઈર્ષ્યાની આગે એમના અધૂરા સ્ત્રી–હૃદયમાં છૂપો સંચાર કરવા માંડ્યો હતો. "આ મોટી આજકાલની આવેલીનાં માન તો જુઓ!" "જે હોય તે

એ જાણે." "નાની વહુ આમ ને નાની વહુ તેમ!" જાણે નાની વહુનું જ અહીં રાજ્ય હોય તેમ વર્તે છે; ને અમારો તો કોઈ ભાવ પણ નથી પૂછતુ. એ પૈસાદારની દીકરી કેવો રોફ જમાવી બેઠી છે, તે તો જુઓ! વકીલ સાહેબના ઘરનાં ખરાંને......!"

દિવસો પસાર થતા ગયા તેમ તેમ આખા ઘરમાં ઈર્ષ્યાની આગ, કંકાસ, કજિયા વગેરે પણ વધવા લાગ્યાં. લોકોને પણ એમ લાગવા માંડ્યું કે મહાયજ્ઞનું ફળ કાંઈ આ લોકોને આજે આ રીતે જ મળી રહ્યું છે. જ્યાં સુલેહસંપથી એકમેક સાથે રહેતાં; તે કુટુંબમાં આજે આ કાળો મહારાક્ષસ ક્યાંથી દરેકના દિલમાં પ્રવેશી ચૂક્યો ? એનું કારણ કે નિરાકરણ ઘણા વિચારો કરવા છતાં શંભુબાબુ સમજી શક્યા નહિ. પોતાની પત્નીની પણ કેટલીક વખત કડવી ફરિયાદ સાંભળી એમને કમકમાં આવતાં, પણ પોતે નમ્ર અને ઠંડા દિલના હોવાથી કોઈને ઊંચો શબ્દ કહી શકતા નહોતા.

હવે સતીશની રજા પૂરી થવા આવી હતી. થોડા દિવસમાં જ વહુને અહીં રહેવા દઈ, તે કલકત્તા જવાનો હતો; કેમ કે ઘરનાં ઘણાંખરાં કામકાજનો ઉકેલ ઘરની બીજી વહુઓ કરતાં મેનાવતી બહુ સારી રીતે ઉકેલી શકતી હતી; વળી શંભુબાબુને નાની વહુ પર અપાર સ્નેહ હતો, એટલે જવાના થોડા દિવસ પહેલાં જ શંભુબાબુએ સતીશને બોલાવીને કહ્યું : "લાંબી મુસાફરી છે. એથી બે દિવસ વહેલા જવું સારું છે. વળી આરામ લીધા પછી કોર્ટનું કામકાજ ઠીક પડે; માટે કાલે જ જવાનું રાખજે."

સતીશે હા પાડી, ને તે જવાની તૈયારી કરવા લાગ્યો; પણ જેમ જેમ સૂર્યનો તાપ વધતો ગયો; તેમ તેમ ઘરના વાતાવરણમાં પણ ગરમી વધતી ગઈ. જમીને બપોરે બધાં પરસાળમાં બેઠાં હતાં; ત્યારે કાંઈક બોલાચાલી થઈ. કોઈ દિવસ નહિ ને આજે વૃદ્ધ માતુશ્રીને પણ બોલવું પડ્યું. એ બોલવા પર ધ્યાન ન

આપતાં નાની વહુ મેડા ઉપર એની રૂમમાં જઈ કચરો કાઢવા લાગી. જરા ઊંચા મનથી સાવરણી ફેરવવા જતાં તેની ઝાપટ વાગતાં સતીશનો એક જોડો ઉપરથી નીચે પરસાળમાં બેઠેલાં વૃદ્ધ સાસુ પાસે પડ્યો.

ઘરમાં હાહાકાર થઈ ગયો. જે પ્રચંડ વેગથી તાપ વરસી રહ્યો હતો, તેથી પણ વધુ પ્રચંડ વેગથી સાસુના દિલમાં પરિતાપ વધી ગયો. ઘડીભર સહુ સડક થઈ ગયાં ને પછી એકબીજાં મિજાજ ખોઈ ગમે તેમ બોલવા લાગ્યાં. ઝાપટમાં ઊડેલા જોડાનો ખ્યાલ, ઉતાવળમાં મેનાવતીને રહ્યો નહોતો; એટલે નીચે પ્રગટેલી પ્રચંડ આગ, શી બાબતમાં વધીને વિકસી રહી છે, એનો ખ્યાલ એને રહ્યો નહિ. એટલે, "ભલે નીચે ગમે તે બનતું", એમ માની, એ ઉપર રહી રહી જ સતીશના જવાની તૈયારી કરવા લાગી.

પોતાની પાસે ઉપરથી જોડો પડ્યો એ અપમાન વૃદ્ધ માતા સહન કરી શક્યાં નહિ. "આમન્યા રાખતી નાની વહુ ઊઠીને આ પ્રમાણે મારા પર જોડો ફેંકે!" એ કારી ઘા તેમના દિલમાં એકદમ પ્રગટી ઊઠ્યો. તેમાં બીજી વહુઓએ ઘી હોમ્યું, અપમાનનો અગ્નિ વૃદ્ધ સાસુના હૃદયમાં જોરશોરથી સળગવા લાગ્યો. પ્રગટેલી આ અપમાનની જ્વાલાના જોશમાં 'મા' એકદમ જોડો લઈ ઊભાં થયાં, અને મોટા દીકરા શંભુબાબુની રૂમમાં જઈ કંપિત સ્વરે બોલ્યાં, "જો આ તારી નાની વહુનાં પરાક્રમ! મારું અપમાન!!! આજ ને આજ મને કાશી મૂકી આવ. આજથી આ ઘરનાં અન્નજળ મારે હરામ છે!" બોલતાં બોલતાં તો ડોશીમા ધ્રૂજી ઊઠ્યાં. આ અણધારેલી નવી આફત સાંભળી શંભુબાબુ ક્રોધાવેશમાં સફાળા ઊભા થઈ ગયા, ને માને કહ્યું: "મા! જાઓ, હું અપમાનનો બદલો હમણાં જ લઉં છું. મારી માનું આવું ભયંકર અપમાન! ને તે પણ નાની વહુના હાથે! ગજબ કર્યો તેં ભગવાન!!"

"સતીશ! સતીશ!" શંભુબાબુએ જોરથી બરાડા પાડ્યા.

"શું છે મોટાભાઈ!" કરતો સતીશ એકદમ હાજર થયો.

"જો સાંભળ! તારી વહુએ માનું ભયંકર અપમાન કર્યું છે. મા અત્યારે જ કાશી જવાનું કહે છે. તારી વહુને કહે કે ચોક વચ્ચે માને મારેલો જોડો માથે રાખી ઊભી રહે, ને માની ક્ષમા માગે."

આ કહેતાં તો શંભુબાબુ ગાદી પર ઢળી પડ્યા, ને સતીશ આ દર્દભરેલી અપમાનિત માગણીથી ઉશ્કેરાઈ આંખમાં ક્રોધની આગને સમાવતો ચાલ્યો ગયો.

"માનું અપમાન! મેનાવતીને હાથે માનું અપમાન!" ઘરમાં, ગામમાં, બસ એક જ વાત ચાલી રહી હતી: "વહુ જો માથે જોડો રાખી માની માફી ન માગે તો મા કાશીવાસ કરશે."

મેનાવતીને આવી કડક સજા કરનાર મોટાભાઈ પર સતીશને જીવનમાં પહેલવહેલો અણગમો અને ગુસ્સો ઉત્પન્ન થયો. તે ઝડપથી પોતાની રૂમમાં ગયો, ને મેનાવતીને કહ્યું: મેના! જલ્દીથી કલકત્તા ચાલો. તાર આવ્યો છે. તારી બા ભયંકર માંદગીમાં પટકાઈ પડ્યાં છે."

સવારમાં અજવાળું થાય તે પહેલાં તો સતીશ અને મેનાવતી સ્ટેશને પહોંચી ગયાં હતાં.

શંભુબાબુ ઊઠ્યા ત્યારે સૂર્યનો કૂણો તાપ તેમની ગાદીને ફરી વળ્યો હતો. હુક્કો ગગડાવતાં તેમણે "સતીશ! સતીશ!" કહીને બૂમો પાડી. પણ જવાબમાં ઘરનો નોકર કહી ગયો: "બાબુજી અને વહુજી તો વહેલી સવારે કલકત્તા ગયાં." અર્ધઘેનમાં હુક્કો ગગડાવતા શંભુબાબુ સફાળા ઊભા થઈ ગયા. ને માની પાસે આવી બોલ્યા: "મા! ચાલો આપણે કાશી ચાલ્યાં જઈએ."

મેના એકદમ ટહૂકી ઊઠી, "છટ્! એટલા માટે તમે મને અહીં જૂઠું બોલી તેડી લાવ્યા? મને એકદમ ઘેર મા પાસે મૂકી આવો. હું માની માફી માંગીશ. માને પગે પડીશ. પતિનો જોડો માથે મૂકવા જેવું સૌભાગ્ય કઈ સ્ત્રીના નસીબમાં છે? તમે ભયંકર ભૂલ કરી છે. મને જલ્દી મૂકી આવો, નહિ તો મા કાશી ચાલ્યાં જશે."

સતીશે મેનાને ઘણી સમજાવી, પણ મેનાએ કહ્યું: "મારે લીધે માને કાશીવાસ! એ કદી નહિ બને" મેનાવતીએ પોતાના નાના ભાઈને બોલાવીને કહ્યું: "ભાઈ! ચાલ તો મારી જોડે ગોમતીપુર." તરત ભાઈ–બહેન પૂરઝડપે ગોમતીપુર આવ્યાં, તો ઘરમાં સ્મશાન જેવી શાન્તિ પ્રસરી રહેલી હતી. ઘરનાં માણસોએ ખબર કરી કે: "મોટાભાઈ અને મા તો કાશી ગયાં."

મેનાવતી ધબ દઈને જમીન ઉપર ચોક વચ્ચે બેસી ગઈ. તેની આંખમાંથી આંસુની ધારા વહેવા માંડી. તેની સાથે આવેલો તેનો નાનો ભાઈ ઉમેશ તો આ દૃશ્ય જોઈ ધખી જ ઊઠ્યો. આવા મોટા ઘરમાંથી કોઈ દેરાણી–જેઠાણીએ આવી મેનાવતીને ઉઠાડી નહિ કે તેના ભાઈને આવકાર આપ્યો નહિ.

જે કુટુંબમાં શાન્તિ અને સતયુગનું ધાર્મિક સામ્રાજ્ય હતું, તે કુટુંબમાં કળિયુગે પોતાની જાળ બિછાવી પ્રવેશ કર્યો હતો.

થોડી વારે મેનાવતી ઊભી થઈ, ઘરમાંથી એક જોડો લઈ આવી ચોકની મધ્યમાં સૂર્યના તાપ નીચે માથે જોડો રાખી તે ઊભી રહી.

પૂર્વ તરફથી પશ્ચિમ તરફ જતો સૂર્ય તાપ પ્રસરાવી રહ્યો હતો. આડો ઓળો નાનો થતો થતો મેનાવતીમાં સમાઈ ગયો. તેના કપાળેથી પરસેવાના રેલા ચાલ્યા જતા હતા. તે જાણે ભાન ભૂલી શૂન્ય મસ્તકે ઊભી રહી હતી. ઓળાએ પાછું લાંબું રૂપ

ગાડીમાં બેઠા છતાં શંભુબાબુના દિલને શાતા નહોતી. પોતે કુટુંબના વડા હોવાથી કુટુંબની જાળમાં બરાબર ફસાયા હતા. પોતે નમ્ર સ્વભાવના હતા તેથી વાત આટલી હદે પહોંચી તેનો તેમને રંજ થવા લાગ્યો. કુટુંબજીવન ત્યારે જ બરોબર જીવી શકાય કે 'સહન કરવું અને તે પણ પ્રેમથી' એ જીવન-સૂત્ર રગેરગમાં ઊતર્યું હોય. એકબીજાના કાનો ભંભેરી કડવાશ ઊભી ન કરતાં જીભને કાબૂમાં રાખી શકાય તો કુટુંબમાં આનંદથી રહી શકાય. નહિ તો કુટુંબની આ મહાજાળ ભલભલાને સપડાવી ગૂંગળાવી મારવા સમર્થ બની શકે છે.

હાવરા સ્ટેશને ઊતરી મેનાવતી ઝડપથી બાના બંગલે પહોંચી તો તેની બા ભજન ગાતાં ગાતાં ચહા બનાવી રહ્યાં હતાં.

"બા! તારી તબિયત! એકદમ શું થયું હતું!"

આશ્ચર્યથી બા બોલ્યાં: "મારી તબિયત! મારી તબિયતને શું થવાનું હતું? પણ કેમ કાંઈ એકાએક? ન કાગળ, ન પત્ર!"

પાછળ હસતા ઊભેલા સતીશ તરફ મેનાવતીએ ક્રોધભરી આંખોથી જોયું અને પૂછ્યું: "કેમ, બાની માંદગીનો તાર હતો તે ક્યાં છે?"

સતીશનું મોઢું પડી ગયું. તે એકદમ ઉપરના રૂમમાં ચાલ્યો ગયો.

ક્રોધથી કંપિત અને ઉગ્ર બની ગયેલી મેનાવતી તેની પાછળ ઉપર ગઈ ને બોલી: "કેમ આ પ્રમાણે જૂઠું બોલવાનું કાંઈ કારણ?"

સતીશે બનેલી બધી હકીકત મેનાને કહી. મોટાભાઈએ માફી માગવાની આવી અપમાનભરી માગણી કરી હતી તેનો ઉલ્લેખ કર્યો.

પકડવા માંડ્યું. પરસેવાથી મેનાવતીનાં કપડાં ભીંજાઈ ગયાં. મોઢું પહેલાં લાલ ને પછી શ્યામ બની ગયું. સાંજ પડવાને જરા વાર હતી. મેનાવતી ધબ દઈને ચોકમાં ફસડાઈ પડી. ન ઘરમાંથી કોઈએ આવી તેને બોલાવી કે ન કોઈએ તેને ત્યાંથી ઉપાડી.

શૂન્ય મસ્તકે વિચારતંદ્રામાં ઘેરાઈને બેઠેલા તેના ભાઈએ આ જોયું. તે એકદમ ડૉક્ટરને બોલાવવા દોડ્યો, ડૉક્ટરે આવી ઉપચાર કર્યા. ડૉક્ટર જરા ખીજવાયેલા ચહેરે ઘર તરફ જોઈ રહ્યો. આ પ્રમાણે ડૉક્ટરનું જોવું ઘરની મોટી વહુથી ખમાયું નહિ, એટલે તે આગળ આવી બોલી: "ડૉક્ટર બાબુ! કેમ લાગે છે હવે મેનાને? અમે તો કહી કરીને થાક્યાં પણ મેના માને ત્યારે ને?"

આવા તેના જૂઠા સંભાષણથી ઘરનો આખો જનસમુદાય ત્યાં એકઠો થઈ કલબલ કલબલ કરવા લાગ્યો.

શંભુબાબુ ટ્રેઈનમાં માતાને લઈ કાશી તરફ જઈ રહ્યા છે. બન્ને મા–દીકરાના ચહેરા શ્યામ બની ગયા છે. બન્નેના મોઢા પરથી જાણે નૂર ઊડી ગયું છે.

વિચારતંદ્રામાંથી જાગી શંભુબાબુએ માને કહ્યું: "મા! આપણે રોષ કરીને કાશી જઈએ છીએ. શું કાશીવિશ્વેશ્વર આપણી સેવા સ્વીકારશે? મને લાગે છે કે મા! આપણે અન્યાય કરી રહ્યાં છીએ. માટે ઘેર પાછાં ચાલો. રોષ ઓછો થાય પછી કાશી જઈશું, તો જ ભગવાન રાજી થશે."

માએ દીકરાનું કહ્યું માન્યું નહિ. છતાં શંભુબાબુએ દલીલો કરવામાં પાછું વળીને જોયું નહિ. આખરે માએ કહ્યું: "ઠીક, તારી જેવી મરજી."

બંને મા-દીકરો પાછાં ફર્યાં. ઘેર આવીને તેમણે જુદો જ રંગ જોયો. આખા ગામમાં વહુના તપની વાત પ્રસરી ગઈ હતી.

શંભુબાબુ દોડતા વહુના ઓરડા પાસે ગયા અને બોલ્યા: "આવી આકરી સજા કરનારને, વહુબેટી! માફી આપશો ને?"

મેનાવતી ભાનમાં આવી હતી. તે તત્કાળ બેઠી થઈને બોલી: "મા ક્યાં છે? મને મા પાસે લઈ જાઓ."

ત્યાં તો માએ આવી વહુને કહ્યું: "બેટી! અપમાનનો કડવો ઘૂંટડો પી જનાર તારા જેવી સ્ત્રીને ધન્ય છે! પણ આ ઘરમાં હું હવે વધારે વાર રહી શકું એમ નથી. ઘરમાં આટલાં બધાં માણસો હોવા છતાં, કોઇએ તારી સંભાળ લીધી નહિ? ગજબ થયો કહેવાય! હે મા દુર્ગે! મને તારી પાસે એકદમ લઈ લે. આવા નાસ્તિક ઘરનાં અન્ન-પાણી મારે આજથી હરામ છે." આટલું કહેતાં તો વૃદ્ધ માતા જમીન પર ઢળી પડ્યાં.

મેનાવતીએ ઊઠી વૃદ્ધ માને ખોળામાં લીધાં, પણ......

# હાથ ઝાલ્યો

## ( એક સત્યકથા )

### શ્રી. કે. જે. મહેતા ( સિવિલ જજ )

આણંદપુરમાં હું હજી નવોસવો સરકારી ડૉક્ટર તરીકે આવ્યો હતો. સવારના લગભગ અગિયારનો સમય હતો. મોટા ભાગના દર્દીઓ કામ પતાવી ચાલ્યા ગયા હતા; એટલે મળવા આવેલા ફોજદાર સાથે હું વાતો કરતો બેઠો હતો. એટલામાં એક પડછંદ શરીરનો તેજસ્વી પીઢ પુરુષ ત્યાં આવી ઊભો. ફોજદાર સાહેબે આવકાર દીધો, 'આવો દરબાર, આવો.' ઉંમર ૫૦–૫૫ હશે, પણ ઘડપણ હજી દૂર હતું. મોઢા ઉપર તેજસ્વિતા હતી. પરંતુ સાથે સાથે એક પ્રકારની ગ્લાનિ મુખ ઉપર છવાયેલી જણાતી હતી. માથું ખુલ્લું હતું અને તે પર વાળ લોહીથી ખરડાયેલા હતા. માથાના વચલા ભાગ ઉપર છુંદાયેલો જખમ હતો ને લોહી વહીને થીજી જઈ બંધ થઈ ગયું હતું.

'કોણે માર્યું ?' મેં પૂછ્યું.

'જરા લાગી ગયું.'

'કેમ કરતાં ?'

'અમસ્તાં જ.'

દરબારે સીધા જવાબ ન આપતાં હું મનમાં અકળાયો; પરંતુ મારે આ અંગે કોર્ટમાં જુબાની આપવા જવું પડશે અને ત્યારે વકીલોના આડાઅવળા, સીધા–રાંટા સવાલોના જવાબો આપતાં મારે અકળાયે ચાલવાનું નથી એનું મને ભાન હતું; એટલે મેં કમ્પાઉન્ડરને બોલાવી ઘા ધોઈ તેની લંબાઈ, પહોળાઈ, ઊંડાઈ માપી નોંધ કરવાનું જણાવ્યું. ફોજદાર અત્યાર સુધી મૂછમાં હસતા જોઈ રહ્યા હતા, તે કહે :

'તમારે આ બાબતમાં જુબાની આપવા નહિ જવું પડે, ડૉક્ટર સાહેબ.'

મેં પૂછ્યું, 'કેમ?'

'આ તો મીઠા ઘા છે,' આગંતુક તરફ જોઈ જરા હસતાં હસતાં ફોજદારે જવાબ આપ્યો.

'મીઠા ઘા?' હું મૂંઝવણમાં પડયો.

'હા હા, ઘરવાળીનો એટલે મીઠા જ ને? ખરું ને દરબાર?'

કેટલીય સ્ત્રીઓ પતિદેવોને અડાવે છે, ધમકાવે છે એની મને ખબર હતી; પરંતુ કોઈ સ્ત્રીને પતિને તાડન કરતી મેં જાણી નહોતી. વળી આવો બળ અને તેજના ઓઘ જેવો જણાતો આ ક્ષત્રિય પુરુષ સ્ત્રીનો માર ખાતો હોય તે માની જ કેમ શકાય? તેથી મારાથી બોલી જવાયું :

. 'આવો જબ્બર ઘા! ઘરવાળીનો?'

'હા સાહેબ હા, એ તો મેરાણીનો ઘા! ભાગ્યુંભાગ્યું તોય ભરૂચ.' ને ફોજદાર સાહેબ હસી રહ્યા. પેલા દરબાર સમતાથી સમવયસ્ક ફોજદાર સામે જોઈ રહ્યા હતા. તેમને મેં જાતે પાટો બાંધી બેસાડ્યા અને તેમની વાત કરવા ખૂબ આગ્રહ કર્યો ને ફોજદારે પણ સાદ પુરાવ્યો એટલે દરબારે અનિચ્છાએ પણ વાત શરૂ કરી :

'સાહેબ, એ તો જાણે એક યુગ વીતી ગયો. અમે કાઠી ગરાસિયા. મૂળ તો સારો ગરાસ હતો. પણ ભાગલા પડતા આવ્યા અને અફીણના ઘેનમાં અને વાણિયા–કામદારની મધલાળમાં ફસાઈ ગયેલા એટલે વતન છોડી હું પોરબંદર રાજ્યમાં નોકરીએ રહી ગયો. પોરબંદર રાજ્યનાં સોળ ગામમાં મેરની એક ખમીરવંતી જાત રહે છે. ભાદરકાંઠે આવું એક મેરોનું ગામ છે. એક ગુનાની તપાસ અંગે મારે ત્યાં જવાનું થયું. ચોરામાં ઉતારો

હતો. સવારે પરવારી હું ને મારી સાથેના બીજા બે–ત્રણ બહાર ફળીમાં બેઠા ગપ્પાં હાંકતા હતા. ત્યાં સામેથી હાથીનાં બચ્ચાં જેવી ચાર–પાંચ ભેંસો નીકળી અને જરા પાછળ એક વીસેક વર્ષની જુવતી ધરતી પર પગ ન ઠરતો હોય એમ ચપચપ પગલાં પાડતી ચાલી આવતી હતી. દૂરથીય તેનો તપાવેલા સોના જેવો વર્ણ કળાતો હતો અને ભરાવદાર સોટા જેવો દેહ આકર્ષક લાગતો હતો. પણ જ્યારે તે પાસે આવી ત્યારે તેનાં નેણાંમાં યુવાનીનો ઓઘ ઊછળતો મેં જોયો અને તેના ઉપર મારી આંખો ઠરી રહી. એણે જરા હોઠનો ખૂણો મરડી આછેરું હસતાં મોઢું ફેરવી લીધું. તેની પીઠ ફરી તોય હું તેને તાકતો રહ્યો, એટલે મારા સાથીએ મને જરા ગોદો મારી કહ્યું :

'રખે હૈયું બોઈ દેતા દરબાર! કંઈ વળે એવું નથી.' તેના તરફથી આંખ ખસેડ્યા વગર જ મેં પૂછ્યું, 'કેમ ?'

'તેની જોવનાઈ જોઈને દાઝવાનું જ છે. એ જોવનાઈના આધારે હૈયું શીતળ કરવાની આશાએ જનારા કંઈક દાઝીને બો ભૂલી ગયા.'

'કેમ તે પરણી નથી?'

'પરણી નથી કેમ ? મેરની આવડી છોડી કુંવારી હોય ? અને આ તો વળી મુખી વીરમની દીકરી ! પણ તેને વર પાણી વગરનો લાગ્યો. એને સાસરેથી પહેલું આણું વાળવા આવ્યા ત્યારે જ તેણે પરખાવ્યું, 'મારે ખંભેય માંડ પોંકે એવા આ માટીડાને હું શું કરું ? એની હારે તો ભાદરમાં ઘરઘર રમાય પણ ઘર મંડાય નહિ !' ને આણાને ધમપછાડા કરી ઘેર જવું પડ્યું. આ અપમાનથી દાઝી તેમણે કૉર્ટે ફરિયાદ નોંધાવી, ત્યારે તેણે ઉઘાડી કોરટે તેના ધણીને ટીલ્લો બતાવી કહ્યું, 'આ કેડે લઈ ફરું એવા છોકરડા હારે હું ઘર નથી માંડવાની, નથી માંડવાની. પછી ભલે

કૉરટ મારા રાઈરાઈ જેવડા ટુકડા કરે.' ત્યાંથી પાછા ફરતાં એના જેઠ કેડેથી છરી કાઢી નાક કાપવાની ચેષ્ટા કરી ત્યારે તેને સુણાવ્યું, 'ઓળો આવ્ય મારા રોયા, એ તારા પેટમાં જ પરોવી દઉં ને.' તેનાં સાસરિયાંએ તેની આશા મૂકી છોકરાને બીજે પરણાવ્યો; પછી તો કંઈક છોગાં રાખતા જવાનીઆ તેની જોબનાઈનાં પતંગિયાં થઈને આવ્યા, પણ અડ્યાય પહેલાં દાઝીને વેગળા ગયા. કોણ જાણે કેમ તેની નજરમાં ભલો ભૂપતિયે વસતો નથી.'

'પણ તેનું નામ શું ?'

'રાણી.' નામેય સાર્થક થતું મને લાગ્યું.

આંખે તેને જતી નિહાળી રહ્યો હતો ને કાને વાત સાંભળી રહ્યો હતો, ત્યાં તે નદીની ઉગમણી પા વળી ને દેખાતી બંધ થઈ. થોડી જ ક્ષણોમાં તેણે મારા ઉપર એવો જાદુદોર નાખ્યો હતો કે મારો પ્રાણ તેની સાથે રહેવા થનગની રહ્યો અને તેની પાછળ ખેંચાઈ રહ્યો. હું ઊભો થયો ને ઉતાવળે પગલે નદી તરફ ગયો. ભેંસો વળાંકમાં બીજી કોર વળી ગઈ હતી અને રાણી એક ઊંચી ભેખડ ઉપર ઊભીઊભી માથે મેલખાપું બાંધી રહી હતી. આસપાસ કોઈ માણસ નહોતું. આ બાજુ પાણી ખૂબ ઊંડું રહેતું અને ગામના ઓવારાથી આ દૂર પડતું એટલે કોક રડયુંખડયું જણ જ તરવાની કે ધરામાં પીપળા પરથી ધૂબકા ખાવાની મોજ માણવા આ બાજુ આવતું. હું કાંઠે પહોંચ્યો ત્યાં જ રાણીએ ભાદરમાં ધૂબકો દીધો. મેહ સારો થયો હતો એટલે સાગર શી ભાદર બેય પટે વહી રહી હતી. કોણ જાણે મનેય શું થયું, મેંય ભાદરમાં ઝુકાવ્યું ને પાણી માર્ગ દેવા લાગ્યું. રાણી માછલી શી ઝડપથી પાણી કાપતી હતી કે ઘડીક ઘડીક ડૂબકી ખાઈ આગળ નીકળતી હતી. મારા મનમાં હરીફાઈ જાગી અને હું પહેલો નીકળવા આગળ ધપી રહ્યો. પહેલાં તો રાણી બે રાશવા આગળ હતી પણ અમે બેય સામે કાંઠે સાથે

નીકળ્યાં. રાણીએ પ્રશંસાભરી એક દૃષ્ટિ મારા તરફ નાખી, જરા હસી ને શિકારે નીકળેલી જળદેવી શી તે ચાલી ગઈ. પછી તો ગુનાની તપાસ લંબાતી ચાલી અને મારો એ રોજનો ક્રમ થઈ રહ્યો.

સવારે તે આવે ત્યારે હું કાંઠે વાટ જોતો ઊભો જ હોઉં. પછી અમે સાથે ભાદરનાં જળ માપતાં કે ગંગાજળિયા ધરામાં ધૂબકા લેતાં. ક્યારેક અમે સાથે વાડીએ જતાં. વાડી પાસે ઘનઘોર ઘટાળો વડ હતો. એ વડની લાંબી વડવાઈઓ પકડી ક્યારેક અમે હીંચતાં ને ઊંચી ડાળીઓએ ચડવાની શરત બકતાં. ક્યારેક રાણી આનંદમાં ગાઈ ઊઠતી કે ક્યારેક પાવાના સંગીતમાં મારા દિલની આરજૂ હું વહાવતો, તો ક્યારેક અમારા કાઠીઓની પરાક્રમગાથાઓ હું ગાઈ સંભળાવતો—રાણી ભીના લાંબા વાળ સૂકવતી એકચિત્તે સાંભળી રહેતી.

અમારી આ નિકટતા વચ્ચેયે હજી એક પડદો રહ્યો હતો. રાણી સદાયે જાણે ગૌરવશીલ, ગૌરવના ભાનવાળી રાણી જ રહેતી. મારા હૈયાનાં સ્પંદનો જાણે તે ઝીલતી હતી. મારા હૈયાનાં સંવેદનોમાં તેનું હૈયું જાણે સહભાગી થયું હતું, પરંતુ તેના હૈયાના બંધ હજી તૂટ્યા નહોતા. રાણીના રૂપાળા મુખમંડળ ઉપર એવી ડારતી તેજસ્વિતા છવાયેલી રહેતી કે તે તરફ મીટ માંડતાં જ મારા હૈયાના બોલ હોઠે આવતાં વીરમી જતા. એક પ્રસંગ ન બન્યો હોત તો કોણ જાણે કેટલો વખત મારે રાહ જોવી પડત!

અમારો વ્યવહાર લોકોની જીભે ચડી ચૂક્યો હતો. મેરોની નજરે હું પરદેશી હતો અને ગામના જવાનો મને દુશ્મન લેખતા થયા હતા. પોતાને મળ્યું નહિ તે પરદેશીને મળતું જોઈ તેમના હૈયામાં ઈર્ષ્યાનો અગ્નિ ભડભડી રહ્યો હતો. પરંતુ રાણી વીરમ જેવા જવાંમર્દની દીકરી હતી. તેનો બાપ મુખી હતો ને મારા હાથમાંય બેચારને મસળી નાખવાની તાકાત ભરી હતી, એટલે

અમને મોઢે ચડી ટોકવાની કોઈની હિંમત ચાલતી નહોતી. પરંતુ લોહિયાળ વાઘ જેવા એ મેરો ઘા ચૂકે નહિ. રાણી સાથેનો મારો સંબંધ એક દિવસ લોહી જરૂર વહેવડાવશે એની મને ખાતરી હતી, પણ એની મને પરવા નહોતી. યૌવનની નવપ્રાપ્ત મસ્તીમાં હું તરબોળ હતો.

તે દિવસે હું રાણીની વાડીએ ગયો હતો. પણ સાંજના વરસાદ વરસવો શરૂ થયો અને અમે ત્યાં રોકાઈ રહ્યાં. સૂરજ આથમવા વખત ક્યારનોય થઈ ગયો હતો અને આંખે અંધારાંનાં પડળ ચડવાં શરૂ થઈ ગયાં હતાં, ત્યારે વરસાદ બંધ થયો ને અમે ઘેર આવવા નીકળ્યાં. ભાદરનાં કોતરોમાંથી પગની આંખોએ માર્ગ કરતાં અમે જતાં હતાં ત્યાં પડખેની ભેખડમાંથી કડિયાળી ડાંગનો ઘા ઓચિંતો મારા માથા ઉપર પડ્યો ને અંધકારમાંથી જન્મ્યા હોય તેમ ચાર જણા મને ઘેરી વળ્યા. માથા ઉપર કાઠીશાહી ફેંટો મેં બાંધ્યો હતો એટલે મને ઘા સખત વાગ્યો નહોતો. લાકડી માથા ઉપર પડતાં જ મેં તે લાકડી પકડીને ખેંચી ને મારનારને જોરથી છાતીમાં પાટુ લગાવ્યું. તે ચત્તોપાટ નીચે પડ્યો ને લાકડી મારા હાથમાં સરી આવી. લાકડી માથા ફરતી મેં ગોળ વીંઝી એટલે બાકીના ત્રણે આઘા ખસી ગયા. પણ પાછે પગલે ખસતાં બે જણા ભેખડ સાથે ભટકાયા ને પોતાની જાતને સંભાળી મારા ઉપર ઘા કરે તે પહેલાં મેં તેમને સુવાડી દીધા. આ જોઈ ભોંય પડેલો ને ચોથો ભાગવા મંડ્યા. ભોંય પડેલો ભાગવા જાય ત્યાં એને એક ફટકો કેડમાં લગાવ્યો ને પેલા ભાગતાને આંબવા દોડ્યો પણ ત્યાં રાણીએ ટહુકો કર્યો :

'કાઠી, જવા દો એ બાયલાને !' એટલે હું પાછો ફર્યો ને રાણી એક ભેખડ ઉપર ઊભી હતી ત્યાં તેની સામે જઈ ઊભો. એ અંધારામાંય રાણીના મોં પર આનંદ અને અહોભાવના ભાવ કળાતા હતા. પાસે જઈ ઊભો ત્યાં તેના મોંમાંથી શબ્દો સર્યા :

'રંગ, કાઠી રંગ, તારી જોવનાઈને !'

આનંદ અને આવેશથી મારો કંઠ રૂંધાઈ રહ્યો હતો છતાં હવે વધારે વાર મૌન રહેવું મારે માટે અશક્ય હતું. મેં કહ્યું :

'તું રંગ દેનારી પડખે હો તો જ એ જોવનાઈ શોભે !' ડાંગ મારા હાથમાંથી સરી પડી ને રાણીનો હાથ મેં પકડ્યો. રાણી એક ક્ષણ એ પકડને જાણે માપી રહી ને ઊંચું જોઈ બોલી : 'હાથ પકડાય પણ હાથ ઝાલ્યો નભાવવો દોહ્યલો છે, કાઠી !'

'એ હાથ તો હવે મોત જ છોડાવશે રાણી.' ને મારો આવેશથી ધ્રૂજતો સાદ ગાજી રહ્યો.

'ભલ્ય, તો હું તારા વશવાસે છું, મારા રાજા ! જેવી પ્રીત કરી જાણી તેવી નભાવી જાણજે, મારા રુદિયાના દેવ !'

લાંબા ગાળા સુધી અમે રસસમાધિમાં એકત્વ અનુભવ્યું. છેવટે જણાયું કે હવે અહીં ઘડીય થોભાય એમ નથી. તે દીની અંધારી મેઘલી રાતે રાણી માબાપ, ભાઈભાંડુ, સગાંસંબંધી, નાતજાત ને તેથીય અદકેરો એ ભાદરકાંઠો, ગંગાજળિયો ધરો ને વડલો છોડી મારી હાથે હાલી નીકળી. રાત્યની રાત્યમાં બરડાના એ ડુંગરા પાછળ મૂક્યા ને પંચાળમાં અમે ઊતરી આવ્યાં.

જેવી રૂડીરૂપાળી ને તેજીલી તેની દેહ હતી, તેવી તેની પહોંચ હતી, તેવું તેના પગ અને બાવડામાં બળ હતું. તેણે જાણે અમૃત સીંચ્યું હોય તેમ મારાં દેહ, મન ને પ્રાણને થાક નહોતો; અમારા પુરુષાર્થે પાંખો કરીને અમારે બારણે હાથીનાં બચ્ચાં જેવી પચીશપચીશ ભેંસો ઝૂલતી થઈ, ચાર સાંતીની જમીન ઘેર કરી, મોટાં મોટાં બે બીડો રાખ્યાં, રાજગઢ શું મકાન ચણાવ્યું, સમૃદ્ધિ આવી, સંપત્તિ આવી, પ્રતિષ્ઠાય આવી ને સગાંવહાલાંય આવ્યાં. ભાદરનો કાંઠો છોડ્યે પંદરપંદર વરસનાં વાણાં વાયાં, પણ અમારા રસજીવનમાં છોળો ઊડતી

હતી, પ્રાણ રસથી સભર ભર્યો હતો પણ રસતૃષા છીપતી નહોતી. હજીય ક્યારેક ક્યારેક નિંદરનું મટકુંય માર્યા વિના પરોઢ થઈ જતું અને અમે વલોણાં કરવા ઊભાં થઈ જતાં. પણ હજી એક વાતે રાણીને ઊણપ લાગતી હતી, હજી એકેય ખોળાનો ખૂંદનાર આવ્યો નહોતો ને તેથી રાણી જરા ઉદાસ રહેતી. પણ મીંયાણીવાળી મા હર્ષદાએ તેના સામે જોયું અને અમારા સહજીવનના સત્તરમા વર્ષે માલદેનો જન્મ થયો. દીકરોય માબાપથી સવાયું રૂપ ને બળ લઈ જન્મ્યો હતો. અમારા સુખની અવધિ થઈ. હવે તો દેવોનેય અમારા સુખની ઈર્ષ્યા આવી હશે. માલદે છ વર્ષનો થયો હતો. સાથેના ગામડે રામલીલા આવી હતી. માલદે બીજા છોકરાઓની સાથે હઠ કરીને રામલીલા જોવા ગયો. મેં મારા એક સાથીને સાથે મોકલ્યો.

અમારા સુખસરના બીડમાં ક્યારેક ક્યારેક માથાભારે ભરવાડો ઘણ ચારી જતા અને રોઝ પણ વિતાડતાં. તેથી વીડમાં માળો બનાવ્યો હતો ને ક્યારેક સાથી ને ક્યારેક હું માળે સૂવા જતા. આજે માલદે રામલીલા જોવા ગયો હતો ને છેક સવારે આવે એમ હતું એટલે રાણીય મારી સાથે માળે આવી. સરસ મઝાની રાત હતી અને દખ્ખણનો વાયરો વાતોવાતો જુવાનીને હિલોળે ચડાવતો હતો. ત્યાં ઢોરનો માથોડું માથોડું ઊગેલા ખડમાં અણસાર થયો ને મારે કડિયાળી લઈ નીચે ઊતરવું પડયું. આમ બે વાર મારે જવું પડયું ને ત્રીજી વાર બીડમાં આઘે અણસાર થયો ને મેં ઊતરવાનું કર્યું, ત્યારે રાણીની ધીરજ ખૂટી ગઈ. તે કહે, 'રહો, તેને સવાદ ચખાડું.' એમ કહી તેણે ગોફણ કાઢીને મોટો પાણો હાથમાં લીધો ને મેં વારવા છતાં ગોફણ માથા ફરતી વીંઝીને પાણો ફેંક્યો. અંધારામાં પાણો કઈ કોર ગયો તે ખબર ન પડી. પણ તત્કાળ એક ચીસ પડી, કોલાહલ થયો ને મારા નામની ધ્રૂજતી બૂમ પડી. અમે બેય સમજી ગયાં, બેબાકળાં થઈ ગયાં ને દોડ્યાં. જઈને જોયું તો અમારો સાથી મોહનો

રોતા એબાકળો માલદેના લમણે ફેંટાનો ડૂચો દબાવી રહ્યો હતો. રામલીલાવાળાને થાળ સંબંધે ગામલોકો સાથે કંઈ રાંટું પડયું ને તેમણે ખેલ બંધ કર્યો એટલે આ બધા ઘેર આવ્યા હતા. માલદેએ મા પાસે વીડે જવા હઠ કરી એટલે તે વીડમાં આવતા હતા ત્યાં પાણો જોરથી આવ્યો ને માલદેને લમણા પર વાગ્યો. માલદેનું લમણું ફાટી ગયું હતું અને લોહીથી ખાબોચિયું ભરાયું હતું. રાણીએ આ જોયું ને તેણે એક કારમી ચીસ નાખી, 'હાય રે! મારા અકરમી હાથે મારા લાલનું માથું ફોડયું.' તેણે માલદેનું માથું ખોળામાં લઈ લીધું ને પડેલો પાણો લઈ ઘડીમ ઘડીમ લમણામાં ઠોકવા મંડી. મેં તેને પકડી લીધી ત્યાં તો તેના લમણામાંથી લોહીની નદી વહેવા લાગી ને તે બેભાન થઈ ઢળી પડી. માલદેનું પ્રાણપંખેરું ઊડી ગયું હતું. વરસતી આંખે રાણીને ઘર ભેગી કરી ને છોકરાને અગ્નિદાહ દીધો. ખૂબ રોકકળ થઈ, કાઠિયાણીઓએ છાતીઓ પીબી નાખી પણ રાણીને કંઈ ખબર પડી નહિ. ચોથે દિવસે સાંજે એણે આંખો ઉઘાડી. પણ એ આંખોમાં શૂન્યકાર વ્યાપ્યો હતો. હું પથારીમાં બેઠો હતો પણ રાણીની આંખમાં પરિચયનો અણસારેય નહોતો. મેં તેના માથે હાથ ફેરવવા માંડ્યો. રાણીએ ચકળવકળ આંખે ચારેકોર જોયું ને કંઈ ખબર ન પડી હોય એમ મારી સામે બાવરી આંખે જોઈ રહી. થોડી વારે ઘોઘરા સાદે પૂછયું, 'કુણ છે તું?' રાણી સાથેના ત્રેવીસ વર્ષના સુખી ઘરસંસાર પછી રાણીનો આ સવાલ સાંભળી હું ધ્રૂસકું મૂકી રોઈ ઊઠ્યો, પણ રાણી કંઈ જ ન બન્યું હોય એમ જોતી રહી. મેં આંખ લૂછી નાખી એક તાંસળું દૂધ લાવી રાણી સામે ધર્યું. દૂધ મારા હાથમાંથી રાણીએ લીધું, દૂધ પી ગઈ અને તાંસળું ફેંકી દીધું. મને સમજાયું કે રાણીની બુદ્ધિ અમારા સુખની પાંખો કરી ઊડી ગઈ હતી. ને રાણી ઝંડ વળગ્યો હોય એવી ગાંડી થઈ ગઈ હતી.

મેં કંઈક દાક્તરને બોલાવ્યા, કંઈક મોટી પાઘ બાંધતા વૈદરાજોને તેડાવ્યા, સારંગપુરથી ભૂવા બોલાવ્યા, અજમેરથી ફકીરોને નોતર્યા, પણ મારી રાણી સાજી ના થઈ. ઊલટી આ બધી ધમાલથી રાણી વીફરી બેઠી. ત્રીજા માણસને જોતાં જ ત્રાડ નાખવા લાગી ને મારવા દોડતી. મેં બધાંને વિદાય કર્યાં ને મેં જ રાણીની માવજત આદરી. ખાવાનું પાસે મૂકતો તો રાણી ખાઈ લેતી, પાણી પાતો તો પીતી. પરંતુ તેનું ખાવાપીવાનું, ઊંઘવાનું ભાન જતું રહ્યું હતું. ક્યારેક વિનાકારણ ખિજાઈ ઊઠતી તો હાથ વડે તેનાથી મનેયે મારી બેસતી, ગાળો ભાંડતી, પોતાના પર ખિજાઈ વાળ તોડી નાખતી કે મોઢા ઉપર તમાચા મારતી તો કોઈ વાર પોકેપોક પાડી આક્રંદ કરી ઊઠતી. આમ ને આમ ત્રણ વર્ષ વીત્યાં. હવે સગાંવહાલાં આવતાં ને લગ્ન કરી લેવા મને સમજાવવા લાગતાં, 'ભા, ઘણી સેવા કીધી. કળજગમાં ઘરના મનખાની આવી સેવા કીધી જાણી નથી પણ હવે બહુ થયું. ધણિયાણી વગર આ હાથણ શી ભેંસોય સુકાઈ ચાલી, હૈયાના ને પેટના સંતાપમાં તમારી ભીમ શી દેહેય હુકાઈ હેંડી. નટુભાની સજ્જનબાને તો તમે જોઈ છ, જાણે પદમણીનો અવતાર. માની જાઓ, તમારું ઘરેય રણે રહેશે ને રાણીયે સુખનો રોટલો ખાઈ ઘરને ખૂણે સૂઈ રહેશે ને વંશનો વેલોયે આગળ વધશે.' પણ મારા હૈયામાં તો રાણી દિલ બહેલાવી પડી હતી, ત્યાં બીજા માટે જગ્યા જ ક્યાં હતી?

પછી તો રાણીની માવજત વગર તેની પાળેલી હાથણીઓ શી ભેંસો ઓછી થતી ચાલી. મેં ખેતી કાઢી નાખી, ને પારકે હાથે જતાં રિસાઈ ગઈ હોય એમ ધરતીય ધાન ચોરવા લાગી. પણ રાણીને રેઢી મુકાય એમ નો'તી. ક્યારે તે શું કરી બેસશે તેનું કંઈ ઠેકાણું નહોતું. સગેવહાલે, ગામતરે જવાનું મારે સમૂળગું બંધ થયું અને એકપલાંઠીએ ઘેર રહેવાનું થયું. આમ બીજાં ત્રણ વર્ષ વીતી ગયાં.

એક દી મારાં આઘેનાં ફોઈબા તેમનાં દીકરી નંદકુંવરબાને લઈ મારે ઘેર આવ્યાં અને કોણ જાણે કેવીય માયા કરી રાણીને પટાવી લીધી. તેમની હાજરી રાણી સાંખી લેવા લાગી, તેમની દીકરીથીય જાણે જરા હળી ગઈ. મારે માથેથી રસોડું ને ઘરનું કામકાજ ઊતરી ગયું એટલે રાણી પાસે વધારે બેસતો ગયો. રાણીનેય જરા ઠીક લાગવા માંડયું, રાણીના વાળ નિયમિત હોળાવા–ચોળાવા લાગ્યા અને રાણીના મોં પર પાછી જરા તેજી ચમકવા લાગી. થોડા દી આમ ઘર થાળે પાડી ફઈબા દીકરીને મૂકી જતાં રહ્યાં ને કહેતાં ગયાં, 'ભલે રહેતી મહિનોમાસ, તનેય ઠીક રહેશે, રાણીની માવજતેય થશે અને તારા મોટા વહીવટમાં નંદુબા પલોટાશે.' ફઈબા ગયાં ને તેમની અઢારેક વર્ષની નંદકુંવરે ઘરનો બધો કારોબાર સંભાળી લીધો. ફરી એકવાર ઘર બરાબર ચાલવા લાગ્યું. ડેલીએ ફરી ગાલીચા બિછાવા લાગ્યા ને હું ક્યારેક ક્યારેક દાયરામાં જઈ બેસવા લાગ્યો. ફરી એકવાર ઘર સુઘડ રીતે ગોઠવાવા લાગ્યું, સારી રસોઈ મળવા લાગી ને મેં જરા નિરાંતનો દમ ખેંચ્યો, ને નંદકુંવર માટે પ્રશંસા અને આભારની લાગણી અનુભવવા લાગ્યો. એકાદ માસ પછી ફઈબા આંટો ખાવા આવ્યાં, ત્યારે મેં આભારની લાગણી વ્યક્ત કરી અને નંદકુંવરનાં વખાણ કર્યાં ત્યારે તે હસી ઊઠ્યાં :

'ત્યારે દીકરા, હંમેશને માટે તારે ઘરે જ રાખી લે ને એને. તારા જેવો વર અને ઘર મળે તો તો નંદુબા ભાગ્યશાળી જ ગણાય ના!'

અમારા કાઠીઓમાં મામા–ફોઈનાં છોકરાંય વરે એટલે તેમનો આ હેતુ પહેલેથી જ કળી શકાય એમ હતો પણ મને એ સૂઝયું નહોતું. પણ આજે, બેળેબેળે જમાડવા આગ્રહ કરતી, હજાર બહાને હજાર વાર નજરે ચઢતી અને મરકમરક હસતી એ

રઢિયાળી નંદુ જુદા જ સ્વરૂપે દેખાઈ. આ રીતે ઘરબાર સચવાય તે ગમતું હતું, મનેય કંઈક સુખ લાગતું ને રાણીનેય અત્યારે તો કંઈ કમીના દેખાતી નહોતી. છતાં મારું મન માનતું નહોતું. અમ કાઠીઓમાં શોકોના સંસાર મેં બહુ ભાળ્યા હતા. ભલભલી બાઈઓને મેં લોહીનાં આંસુ પાડતી જોઈ હતી. અત્યારે કદાચ રાણીની સેવાચાકરી થતી હોય, પણ પછી ? મારા મનનોય મને ભરોંસો નહોતો. નવરસ ને આરામમાં મારું મન ભોળવાય તો એક અંધારી રાતે મારો હાથ ઝાલી માત્ર મારા જ વિશ્વાસે ચાલી આવેલી મારી રાણીનું કોણ ? ભર્યા સંસારમાં મારા વગર તેને બીજું કોણ હતું ?...ને મારું માથું નકારમાં ડોલી ઊઠયું. ફઈબા કશું બોલ્યા વિના ઊઠી ગયાં...

નવરાત્રના દિવસો પૂરા થયા ને દશેરા આવ્યા. અમારું ક્ષત્રિયોનું એ મહાપર્વ. રાણી દર દશેરાએ મને કુમકુમ–ચાંદલો કરી શમીપૂજન કરવા મોકલતી અને ઘોડેસવારીમાં જીતી જ્યારે આવતો ત્યારે વધાવતી. આજે સાતસાત વર્ષ થયાં હું શરતમાં ઊતરતો નહિ અને શમીપૂજનમાં જતો નહિ. પણ ખૂબ આગ્રહ કરી ફઈબાએ છેવટ શમીપૂજનમાં જવા મને તૈયાર કર્યો. સાંજના સાડાઆઠનું શમીપૂજનનું મુહૂર્ત હતું. મેં તૈયાર થઈ ડેલી માથે પગ દીધો ત્યાં સામેથી નંદકુંવર કુમકુમ–અક્ષત લઈ સામી આવી ઊભી. નારીરૂપે મેં પહેલાં તેને નિહાળી નહોતી. રતિનું પૂર્ણ યૌવનનું રૂપ ને માર્દવ હતું. વિશાળ નેત્રોમાંથી મદ ઝરતો હતો. ભ્રમરો ધનુષ્યાકારે ખેંચાયેલી હતી. રક્ત હોઠો પર પ્રલોભક હાસ્ય હતું. હું સ્તબ્ધ થઈ તાકી રહ્યો ને મારી નસોમાં વહેતું પૂર્વજોનું પરાક્રમી રક્ત તાંડવ માંડી બેઠું ને મેં ભાન ભૂલી નંદકુંવરનો હાથ ઝાલ્યો...
...પરંતુ મને જાણે વીજળીનો આંચકો લાગ્યો...ને દાઝયો હોઉં તેમ હાથ છોડી દીધો ને પાછો હઠી ગયો. માનસપટ પર

ભૂતકાળનો આવો જ એક પ્રસંગ છવાઈ ગયો. ભાદરને કાંઠે એ વિશાળ વડલાની સાક્ષીએ મેં આવી જ એક સાંજે રાણીનો હાથ ઝાલ્યો હતો. મોત સુધી એ હાથ ન છોડવાનો મેં કૉલ દીધો હતો ને આજે પ્રેમની એ પવિત્ર વેદી પર લીધેલી પ્રતિજ્ઞા હું ઉથાપી રહ્યો હતો. અંગેઅંગ એક ક્ષણ ધ્રૂજી ઊઠયું...પરંતુ બીજી જ ક્ષણે પરમ શાંતિદાયક સ્વસ્થતા ઊતરી આવી ઊભી ને હું આગળ વધ્યો :

'આવ બેન. આવ, આજે આ વીરાને કુમકુમ–તિલક કરી આશીર્વાદ આપ કે લીધેલી પ્રતિજ્ઞા હું પૂરી કરું.'

નંદકુંવરબાએ મને તિલક કર્યું પણ તેનામાં ઉત્સાહ નહોતો. વળતે દિવસે નંદકુંવર સાથે ફઈબાએ વિદાય લીધી. તેમને વળાવી હું રાણી તરફ વળ્યો ત્યારે જાણે રાણીને નવેસર પ્રાપ્ત કરતો હોઉં એવો આનંદ વ્યાપ્યો ને રાણીય બાળક શું નિર્દોષ હાસ્ય હસી રહી.'

દરબાર જાણે એ અનુભવનો આસ્વાદ લેતા અટક્યા, પરંતુ વાર્તાપ્રવાહમાં ખેંચાઈ રહેલા મારાથી પુછાઈ ગયું, 'પછી ?'

'પછી શું ? કાળ વહેવા લાગ્યો. પણ હવે તેનાં પગલાંમાં પહેલાંની ઝડપ નહોતી. રાણીની પરિસ્થિતિમાં કંઈ ફેર નહોતો, થોડા દી તે શાંતિથી વિતાવતી તો જાણે તે બધાનું સાટું વાળવું હોય તેમ કોક દી તે વીફરી બેસતી અને ત્યારે તેને સંભાળવીય વસમી પડતી. પરંતુ તેની સેવામાંય આજે તો આનંદ આવે છે. મારી રાણીને મેં છેહ દીધો નથી તેનો મને સંતોષ છે અને હજીય ક્યારેક ક્યારેક મારા ઉપર રીઝી તે હસી ઊઠે છે, ત્યારે મારા જીવનનો જાણે બધોય થાક ઊતરી જાય છે. આમ આજે માલદેને ગુજર્યે બાર વર્ષ વીતી ગયાં.'

'પણ આજે શું થયું ?' મેં અધીરાઈથી પૂછ્યું.

'વિશેષ કશું જ નહિ. ક્યારેક બને છે તેમ આજેય માથું હોળાવતાં તે વીફરી બેઠી ને લૂગડાં ધોવાનો ધોકો મને માથામાં ઝીંકી દીધો.

અમે બધા મંત્રમુગ્ધ શા ચૂપ બેઠા રહ્યા. થોડી ક્ષણો વીતી ને દરબાર ઊઠ્યા :

'હું જાઉં, એને જમાડવા વખત થયો.'

અમે દાંપત્યસ્નેહ અને સેવાના એ પ્રતીકને જતાં નિહાળતા બેસી રહ્યા.

---

* દાંપત્યજીવનના સાફલ્યનું પૂર્ણવિરામ અન્યોન્યનાં સંપૂર્ણ પૂરક બનવામાં જ. છતાંયે નજરે દેખાતા હજારો દાખલાઓમાં એની ભારોભાર ઊણપ સર્વત્ર જણાય છે. જેને ગામડાની જૂનવાણી તરીકે ખપાવીએ એવી પ્રજામાં અપ્રતિમ ને અસામાન્ય સ્નેહ–ન્યોછાવરી જોઈએ ત્યારે આશ્ચર્ય ઉપરાંત આપણને ગૂઢ સંદેશો પણ આપી જાય તેમાં શી નવાઈ ? અહીં રજૂ થતી કથા સત્યકથા છે તેથી એનું મૂલ્ય વધે છે. લેખક સૌરાષ્ટ્રના પ્રથમ વર્ગના ન્યાયાધીશ છે. એમની ફરજને કારણે એક કસબામાં રહેવાનું થયું ત્યારે એમણે આ પુનિત દૃશ્ય સગી આંખે નીરખ્યું હતું ને એ વિષે બધું જાણ્યું હતું, એનું આ વાર્તારૂપ છે.

# ચંદનની સુવાસ

## શ્રી. મહાદેવ શાસ્ત્રી જોષી

'શ્રીમંત છે તો શું થઈ ગયું? ફાંસીએ તો નહીં ચઢાવી દે ને! બહુ થશે તો કહેશે કે તમારી દીકરી અમને પસંદ નથી, ને પછી હું પણ કહી દઈશ, 'ઠીક છે શેઠ, તમે નહીં તો બીજા, બીજું ઘર શોધીશું.'

આ પ્રમાણે મનોમન બબડતા ગણપતકાકા ગોંડલથી રાજકોટનો રસ્તો કાપતા હતા. એમની દીકરી ચંદન સ્વરૂપવાન હતી. એટલું જ નહીં પણ સાત અંગ્રેજી સુધી ભણેલી પણ ખરી. ઘરકામમાં ચંદન એટલી બધી કુશળ કે મોટી ઉંમરની સ્ત્રીઓ પણ એની પાસે પાણી ભરે. ગામડામાં ઊછરેલી ચંદન માટે ગ્રામજીવનને પસંદ કરતો સુંદર તેમ જ યોગ્ય મુરતિયો મળે એટલે ગંગા નાહ્યા, એમ ગણપતકાકા માનતા ને આવી સુંદર, રૂપાળી, નમણી ચંદન માટે મુરતિયો શોધવામાં વધુ તકલીફ તો નહીં જ પડે એવી ગણપતકાકાને શ્રદ્ધા હતી. સામાન્ય રીતે દરેક છોકરીમાં કંઈ ને કંઈ ખોડખાંપણ શોધવાવાળો મુરતિયો ચંદનમાં કંઈ ખોડ કાઢી શકે જ નહીં એવી તેમને મનોમન ખાતરી હતી—જબરો વિશ્વાસ હતો. ચંદન માટે મુરતિયો જોવા તેઓ જૂનાગઢ-ગોંડલ આવ્યા હતા. ઓળખીતા લોકો પાસેથી ચાર ઘરનાં નામ-ઠામ મળ્યાં હતાં. ચારપાંચ ઘરે ધક્કા ખાઈ આવ્યા પણ ધક્કો નકામો થયો, નિરાશ થઈને તેમને પાછા ફરવું પડયું. ક્યાંક છોકરો પસંદ પડ્યો, તો તેમને લગ્ન હમણાં નહોતાં કરવાં, કોઈ છોકરો કાકાને પસંદ ન પડ્યો, તો કોઈનું ઘર સારું ન લાગ્યું.

વાતવાતમાં એક દિવસે એક ગૃહસ્થે રાજકોટવાળા કપૂરચંદ શેઠનું ઘર ચીંધ્યું, સાથે સાથે એમ પણ કહ્યું, 'પણ ભાઈ, શેઠ

તો રહ્યા શ્રીમંત માણસ, આપણું કંઈ ગજું નહીં, આપણાથી એને પહોંચાય નહીં. એટલા મોટા ઘરની જાન આવે તો એની સરભરા પણ આપણાથી થાય નહીં. ખેંચાઈ ખેંચાઈને મરી જઈએ તોપણ આપણું તો કંઈ જ દેખાય નહીં.' પણ આવા રાતા સિગ્નલ જેવી ચેતવણીની કંઈપણ દરકાર કર્યા વગર ગણુપતકાકા બસમાં આગળ વધતા હતા.

રાજકોટમાં કપૂરચંદ શેઠનો બંગલો શોધતાં વધુ વાર ન લાગી. બંગલાની બહાર ભીંતમાં જડેલું 'સાઈન બોર્ડ' વાંચી તેઓ ધીરે રહી બંગલામાં પ્રવેશ્યા. એક વૃદ્ધ ગૃહસ્થ બાગમાં પડેલી આરામખુરશીમાં આરામથી પડ્યા હતા. એમની આંખો જ કહેતી હતી કે તેઓ હમણાં જ ઊંઘમાંથી જાગ્યા હતા. તેમના હાથમાં હોમિયોપથીનું દળદાર પુસ્તક હતું. તેઓ વાંચતાં વાંચતાં જ ઊંઘી ગયા હશે, તેમ ધારવું તદ્દન સહેલું હતું; કારણ કે પુસ્તકની વચ્ચે આંગળી ભરાવી તેઓ પડયા હતા. સામે બોકસમાં એક જ જાતની નાની નાની શીશીઓ પડેલી હતી. બસ આ જ કપૂરચંદ શેઠ, ગણુપતકાકાની ચતુર આંખોને સમજતાં જરાય વાર ન લાગી.

'કેમ પધાર્યા છો?' કપૂરચંદ શેઠનો એક જ પ્રશ્ન આવ્યો, પણ ગણુપતકાકાએ તો પોતાનું નામ, ઠામ, ગોત્ર બધી વસ્તુઓ જણાવી દીધી. કપૂરચંદ શેઠે કાકાને ઉપરથી નીચે સુધી એક જ નજરમાં નીરખી લીધા, પછી બોલ્યા, 'ઠીક તો તમે છોકરીના બાપ છો!' આમ કહી હાથમાંનું પુસ્તક તેમણે નીચે મૂક્યું. ગણુપતકાકાને જવાબ શી રીતે આપવો તેનો તેઓ તુરત જ નિશ્ચય ન કરી શક્યા. સામે પડેલી શીશીઓ બૉક્સમાં રાખતા ગયા ને મનોમન શીશીઓનાં લેબલ વાંચતા ગયા—'કાલીફાસ', 'આર્સેનિયમ', 'પરેલિશ...' લેબલો વાંચતા ગયા ને મનોમન ગણુપતકાકાને શો જવાબ આપવો તેનો વિચાર કરવા લાગ્યા.

ગણપતકાકા પણ ક્યાં ઓછા ઊતરે તેમ હતા ? ત્યાં જ બેઠા બેઠા એમના બંગલાની અંદર–બહાર જ્યાં સુધી દૃષ્ટિ પહોંચે ત્યાં સુધી નજર નાખી. કપૂરચંદ શેઠનો વૈભવ જોયા કર્યો. એમની કુશળ અનુભવી આંખોમાં શેઠના વૈભવનું ચિત્ર સમાઈ ગયું. દૂર તબેલામાંથી ગાય–ભેંસનાં ભાંભરવાનો અવાજ પણ સંભળાયો ને ગણપતકાકા મનોમન ખુશ થયા. જેની પાસે પોતાનું ઘરનું મકાન હોય, બે–ચાર ગાય–ભેંસ હોય તો ગ્રામજનો એને મોટો શ્રીમંત સમજે છે. પોતાની દીકરી ચંદન પરણશે, આ ઘરમાં આવશે, આ ઘરની રાણી બની ફરશે એનું ચિત્ર જાણે એમની આંખો સમક્ષ નાચવા લાગ્યું; પરંતુ આ દિવાસ્વપ્નને ઉડાડી દેતો કપૂરચંદ શેઠનો જવાબ આવ્યો, 'આપને મળી ઘણો આનંદ થયો, તમે આવ્યા તે ઠીક છે, પણ અમારો સંબંધ તો લગભગ નક્કી જ છે. આવતા શનિવારે મુંબઈથી તેઓ આવવાના છે. બહુ જ શ્રીમંત છે, ઘરના બંગલા, મોટર... ઘર પણ સારું ખાનદાન! તેઓ એકદમ નવા વિચારના છે, છોકરીને સાથે લઈને આવવાના છે, જેથી અમે ઠીક રીતે જોઈ લઈએ. ફોટો જોઈને તો અમે પસંદ કરી જ લીધી છે, છતાં આંખે જોઈએ તો ફેર પડે. કોલેજમાં ભણે છે. સારું કુટુંબ, શ્રીમંત બાપ, છોકરી પણ ભણેલી–ગણેલી, સુંદર...બોલો હવે વિશેષ શું જોઈએ... ?'

વચ્ચે જ ગણપતકાકા બોલી ઊઠ્યા, 'બધું તો ઠીક છે, પણ શેઠ તમે એમને વચન તો નથી આપ્યું ને?'

'વચન ન આપ્યું હોય તોય શું થયું? અમારું તો સૌનું મન એ બાજુ જ ઢળી ગયું છે.' કપૂરચંદ શેઠ બોલ્યા.

ગણપતકાકા હિંમત ન હાર્યા. સાહસ કરી તેઓ બોલ્યા, 'શેઠ, એકવાર મારી દીકરી ચંદનને જુઓ તો ખરા. તમારું મન બીજે બધેથી હઠી જશે; મને મારી દીકરીના રૂપ–ગુણ પર વિશ્વાસ છે.'

કપૂરચંદ શેઠે ગણપતકાકાને દૃષ્ટિ ભરીને જોઈ લીધા, ને પત્નીને બૂમ પાડી, 'અરે એય, જયંતની બા...! પેલો ફોટો લઈ આવ તો જરા.'

મુંબઈમાં મરીનડ્રાઈવ પર મોટા બંગલામાં રહેતી છોકરીનો ફોટો સામે આવી પડ્યો. 'લો જુઓ, હવે કહો તમારી દીકરી આનાથી વધુ સુંદર છે?' કાકાના હાથમાં છોકરીનો ફોટો મૂકતાં શેઠે પૂછ્યું.

કપૂરચંદ શેઠનું અપમાન ન થાય તેથી ગણપતકાકાએ ફોટો હાથમાં લઈ ધારી ધારીને જોયો ને પાછો આપતાં કહ્યું, 'આ છોકરી ખરાબ છે એમ હું બિલકુલ નથી કહેતો, પણ એટલું તો અવશ્ય કહીશ કે મારી દીકરીને જોયા વિના તમે આને વચન આપી દેશો તો એક સારી છોકરી હાથથી ખોઈ બેસશો, એટલું તો ચોક્કસ માનજો.' થોડી વાર પછી તેમણે ફરીથી કહ્યું, 'દસ મિનિટમાં જ મેં તમારો વૈભવ અને રહેણીકરણી જોઈ લીધાં. ચહેરો જોઈને માનવીનો સ્વભાવ, રહેણીકરણી હું પારખી શકું છું. મેં અહીં જે કંઈ જોયું તે પરથી અંદાજ બાંધી શકું છું કે તમારા ઘરનાં માણસો સજ્જન, પરિશ્રમ કરનારાં અને વ્યવસ્થિત છે. આ ઘરમાં તો એવા ગુણવાળી વહુ જોઈએ, કે જે બધું કામ કરે, માણસો ઉપર દેખરેખ રાખે, ચતુરાઈથી સહુને પોતાનાં કરી લે. આળસુ છોકરી આ ઘર માટે બિલકુલ કામની નથી. જેના હાથપગ હમેશાં ચાલતા જ રહે, ચંદનની જેમ હસતી હસતી ઘસાતી રહે, સુગંધ ફેલાવતી રહે, ઘરનાં વૃદ્ધોને તુચ્છ ન સમજતાં, એમની પાસેથી કુળની રહેણીકરણી શીખી લે, આપ લોકોની વૃદ્ધાવસ્થામાં ચાકરી કરતાં કરતાં વહુમાંથી દીકરી બની જાય એવી સુશીલ, શીલવતી અને ચતુર વહુની આ ઘરમાં જરૂર છે. મારી દીકરી ચંદનને આ કસોટી પર કસી જોશો તો એટલું તો ચોક્કસ સમજજો કે તમને ક્યારેય પસ્તાવાનો વખત નહીં આવે...'

ગણપતકાકાના આ શબ્દો જાણે શિલાલેખ બની ગયા. કપૂરચંદ શેઠ મનોમન બબડ્યા, 'ચંદનની જેમ હસતી–હસતી ઘસાતી રહે, સુગંધ ફેલાવતી રહે, વહુમાંથી દીકરી બની જાય...' કપૂરચંદ શેઠ ગણપતકાકા તરફ ધારી ધારીને જોઈ રહ્યા. સગપણની વાતો કરનારા તો ઘણા જોયા હતા, પણ આવો ચોખ્ખે ચોખ્ખું કહેનાર બાપ તેમણે ક્યારેય જોયો નહોતો. ગણપતકાકાએ કપૂરચંદ શેઠનાં પણ વખાણ કર્યાં હતાં તેથી કપૂરચંદ શેઠ ખુશ થઈ ગયા. મનમાં થયું કે છોકરી ખરેખર આટલી બધી સુંદર હોય તો એને જોયા સિવાય બીજાને વચન આપવું ઠીક નથી જ. ત્રીસ વર્ષ સુધી સરકારી નોકરી કરી છપ્પનમે વર્ષે કપૂરચંદ શેઠ પેન્શન લઈ નિવૃત્ત થયા હતા. આટલાં વર્ષમાં તેઓ ભારે વ્યવહારકુશળ બની ગયા હતા. સાચું કહીએ તો મરીનડ્રાઈવ પર મુંબઈમાં રહેતી છોકરીના ફોટા પર નહીં પણ તેના બાપની મિલકત પર તેઓ મોહી પડ્યા હતા.

'ઠીક છે, આવતા શનિવારે તેઓ મુંબઈથી આવવાનાં છે. તમને કંઈ વાંધો ન હોય તો તમે પણ તમારી દીકરીને લઈને આવજો, જેથી અમે તેને પણ જોઈ લઈએ. શનિવારે બપોર સુધી જરૂર આવી જજો. જો આ સમય ચૂક્યા તો પછી તમારો ને અમારો કોઈ સંબંધ થવાની શક્યતા નહીં રહે.'

'જરૂર, જરૂર...મારી ચંદનને સાથે લઈ આવવામાં મને કંઈ વાંધો નથી. શનિવારે બપોર સુધીમાં જરૂર હાજર થઈ જઈશ.'

ગણપતકાકા ઊઠ્યા, સાંજની ગાડીમાં જૂનાગઢ પહોંચી ગયા.

*

ચંદનને લઈને શનિવારે ગણપતકાકા સ્ટેશન પર આવ્યા, તે દિવસે ગાડીમાં ઘણી જ ગિરદી હતી તેથી ટિકિટ ન મળી. ત્યાંથી સીધા બસ સ્ટેન્ડ પર ગયા, ત્યાં પણ નિરાશા જ સાંપડી.

શનિવારે બપોરે રાજકોટ પહોંચી ન શક્યા, રાતની ગાડીમાં નીકળ્યા. સવારે રાજકોટ પહોંચી ગયા. શનિવારે બપોર સુધીમાં પહોંચવાનું હતું, અને પોતે રવિવારે આવ્યા હતા તેથી હવે કોઈ પણ જાતની આશા તો રહી જ નહોતી. છતાં પણ થયું કે જો અહીં સુધી આવ્યા છીએ તો કપૂરચંદ શેઠને મળવું તો જોઈએ જ, જેથી કંઈ નહીં તો કપૂરચંદ શેઠ પોતાને જૂઠા તો ન સમજી બેસે. ટાંગામાં બેસી તેઓ સીધા શેઠના ઘરે પહોંચ્યા. સવારના નવ વાગ્યા હતા. કપૂરચંદની પત્નીએ બાપ–દીકરીનું સ્વાગત કર્યું. ગણપતકાકા મધ્યખંડમાં સોફા પર બેસી ગયા, ચંદન અંદર ચાલી ગઈ.

કાકાએ પૂછ્યું, ‘શેઠ ઘરે નથી લાગતા, બહાર ગયા છે?’

‘હા, મુંબઈવાળા આવ્યા છે, તેમની સાથે બહાર ફરવા ગયા છે.’

‘મુંબઈવાળા મહેમાન તો કાલે જ આવી ગયા હશે, સગપણ નક્કી થયું કે?’

‘હા. કાલ રાતે બધું નક્કી થઈ ગયું. બે મહિના બાદ લગ્ન કરીશું. તિથિ પણ નક્કી કરી નાખી.’

ગણપતકાકાના મોં પર નિરાશાસૂચક ભાવ તરવર્યા, શેઠની પત્ની પાસે પોતાની મુસાફરીનું વર્ણન કરવા લાગ્યા: ‘અમે સમયસર ન આવી શક્યાં, દુર્ભાગ્ય કે ગાડીમાં જગ્યા જ નહોતી, ટિકિટ ન મળી!’ કપૂરચંદ શેઠની પત્ની સરલાબહેને આ વાતમાં વિશેષ ધ્યાન ન આપ્યું. અંદર જઈ તેઓ ચંદન સાથે વાતોએ વળગ્યાં.

થોડી વારમાં ગણપતકાકા ઊઠ્યા ને દરવાજા નજીક આવી બોલ્યા, ‘ઠીક, ત્યારે અમે જઈએ છીએ. અમને રજા આપો. ચાલ બેટા ચંદન!’

સરલાબહેન મૂંઝવણમાં પડી ગયાં. આવેલા મહેમાનને આમ કેમ વિદાય આપી દેવાય? એક જ નજરમાં એણે ચંદન અને ગણપતકાકાને નીરખી લીધાં. કંઈ કહેવું હતું, પણ કહી શકતાં નહોતાં : 'કહું કે ન કહું'ના ચક્કરમાં જરા વાર એ ગૂંચવાઈ ગયાં ને છેવટે કહ્યું, 'તમને રાતની મુસાફરીનો થાક લાગ્યો હશે, જરા આરામ કરો. ખરી રીતે તો મારે જ તમને રસોઈ કરી જમાડી રજા આપવી જોઈએ, પણ શું કરું? આજ મારે કોઈ પણ વસ્તુને અડાય તેમ નથી. તમે રજા આપો તો ચંદનના હાથે જ ચા–નાસ્તો તૈયાર કરાવું.'

'અરે બહેન, એમાં રજાની શી જરૂર છે? પરંતુ રહેવા દો, ફોગટ કષ્ટ ન ઉઠાવો. ચા–નાસ્તાની કંઈ જરૂર નથી... અમે...'

'ના ભાઈ ના...આમ શું કરતા હશો? ચાપાણી વગર મહેમાન મારે ઘરેથી પાછો જાય તો તો મારી ગૃહસ્થી ઝાંખી ન પડે? ચા–નાસ્તો કરવો જ જોઈશે...'

'જેવી તમારી મરજી. બેટા ચંદન જાવ; સરલાબહેનની આજ્ઞાનું પાલન કરો.' ગણપતકાકાએ ચંદન તરફ જોઈ કહ્યું.

થોડી જ વારમાં ચા સાથે રકાબી ભરી મીઠાઈ પણ આવી. કાકાને ચા–પાન કે મીઠાઈમાં રસ નહોતો, પણ સરલાબહેનનું આતિથ્ય તો જરૂર મીઠું લાગતું હતું.

ગણપતકાકા ચા પી રહ્યા હતા. અંદર સરલાબહેન ચંદનને કંઈક કહી રહ્યાં હતાં. કાકાના કાન તે તરફ આકર્ષાયા. સરલાબહેન કહેતાં હતાં, 'ચંદન, આજ તો મહામુશ્કેલીમાં સપડાઈ ગઈ છું. મુંબઈથી મહેમાન આવ્યા છે, ને મારા આ હાલ છે. બપોરે એમને શી રીતે જમાડીશ તેની ચિંતામાં છું. નોકરને મોકલી કોઈ રસોઇયો બોલાવવો જ પડશે. કોણ જાણે ક્યારે રસોઇયો આવશે ને ક્યારે રસોઈ થશે. દસ તો વાગ્યા. કેવી મુશ્કેલીમાં હું સપડાઈ ગઈ...'

સરલાબહેનના શબ્દો સાંભળી ગણપતકાકા ફરીને દરવાજા પાસે આવ્યા ને બોલ્યા, 'સરલાબહેન, અમને અત્યારે જ જવાની કંઈ ઉતાવળ નથી. સાંજની ગાડીમાં જ જવાનાં છીએ. હવે બીજે ક્યાંય જમવા ન જતાં અહીંજ જમી લેશું. રસોઇયો બોલાવવાની કંઈ જરૂર નથી. ચંદન મહેમાનો માટે રસોઈ બનાવી દેશે.'

પ્રસ્તાવ ઘણો જ સુંદર હતો, પણ સરલાબહેન એમ તૈયાર નહોતાં, તે બોલ્યાં, 'ના રે ના...એમ તે કંઈ થાય? તમે પણ અમારા તો મહેમાન છો. રસોઈ માટે હું બીજો પ્રબંધ કરી લઈશ, ચંદનને શાને કષ્ટ આપું?'

'અરે વાહ! એમાં કષ્ટ શાનું? જે છોકરી રસોઈ બનાવવામાં કષ્ટ માનતી હોય તેણે જન્મ જ ન લેવો જોઈએ. જરા પણ સંકોચ રાખ્યા વિના ચંદનને રસોઈ બનાવવા દો. જુઓ તો ખરાં એ કેવી રસોઈ બનાવે છે! રસોઈ પસંદ આવે તો કોઈ સગાંસંબંધીમાં એના સગપણ માટે સિફારસ કરજો...'

કહેતા કહેતા ગણપતકાકા હસી પડ્યા. સરલાબહેનને પણ હસવું આવ્યું. સરલાબહેનને મનમાં તો ડંખતું હતું કે એના ઘરે મહેમાન તરીકે આવેલી ચંદનને રસોઈ કરવી પડે! છતાંયે ગણપતકાકાના આગ્રહને તેઓ વશ થયાં. આજ પૂરતું તો સંકટ-નિવારણ થયું, જાણી સરલાબહેન ખુશ થયાં. ચંદન નાહવાની ઓરડી તરફ ગઈ. એને માટે પાણી તૈયાર હતું.

એ જ વખતે કપૂરચંદ શેઠ અને તેમના વેવાઈ ઘરે પાછા આવ્યા. મુંબઈવાળા વેવાઈના હાથમાં ચાંદીની મૂઠવાળી લાકડી હતી, એને ટેકે ટેકે તેઓ ચાલતા હતા. લાકડી વજનદાર હતી. પોતાના સ્વામીની દોલતનો ભાર પણ તે વહન કરતી હતી. કપૂરચંદ શેઠને વેવાઈની માલમિલકત અને રુઆબનો પૂરેપૂરો

ખ્યાલ આવી ગયો હતો, તેથી જ પોતે વરપક્ષના હોવા છતાં સૌમ્ય બની જઈ તેમની આગતા-સ્વાગતા પર પૂરેપૂરું ધ્યાન આપી રહ્યા હતા.

બંગલામાં પ્રવેશતાં જ કપૂરચંદ શેઠનું ધ્યાન ગણપતકાકા પર પડ્યું. એમને જોઈને જ મનોમન ગુસ્સો આવ્યો. આજ એમને ગણપતકાકાની જરા સરખીયે પરવા નહોતી, એક તો તેઓ સમય ચૂક્યા હતા અને બીજું મુંબઈવાળી ગાય કલ્પનાથી અધિક દૂધાળુ હતી. હવે તો છેલ્લા ટીપા સુધી એને તેઓ નિચોવી શકે તેમ હતા. ગણપતકાકાએ ઊઠીને નમસ્કાર કર્યા ત્યારે બળપૂર્વક જબરદસ્તીથી તેમના હાથ ઊંચા થયા.

'તમે સમય ચૂકી ગયા સાહેબ ..' કપૂરચંદ શેઠે વ્યંગમાં કહ્યું.

'ખરી વાત છે. ચૂકી, ગયા, જેવું ભાગ્ય !'

'હવે શું વિચાર કર્યો?'

'નદીમાં નાવ વહેતી મૂકી દીધી છે. જોઈએ ક્યાં કિનારો સાંપડે છે!'

કપૂરચંદ શેઠ અંદર ગયા. સરલાબહેને બધી વાત ટૂંકમાં કહી સંભળાવી. મુંબઈવાળા મહેમાન પણ સાંજની ગાડીમાં જવાના હતા. એટલે તેઓ બોલ્યા, 'ચાલો બધું ઠીક થયું.'

થોડા સમયમાં મુંબઈવાળા શેઠની દીકરી લીલા અને કપૂરચંદ શેઠનો દીકરો જયંત બહારથી ઘરે આવ્યાં. રવિવારનો દિવસ હોવાથી જયંતને ફુરસદ હતી, ને લીલા તો જન્મી ત્યારથી જ આઝાદ હતી. જયંતે લીલાને પસંદ કરી હતી, અને લીલા જયંતને દિલ દઈ બેઠી હતી. બંનેનાં મા-બાપે તેમના લગ્નની તારીખ પણ નક્કી કરી દીધી હતી. લીલા અને જયંતે તો અત્યારથી જ પતિ-પત્ની હોય તેવો વર્તાવ શરૂ કરી દીધો હતો. માત્ર એક જ દિવસના સહવાસમાં લીલાએ

પૂર્ણપણે જયંત પર પોતાની પ્રેમજાળ બિછાવી દીધી હતી. પ્રેમી પર વિજય મેળવવા જે જે પ્રકારનાં શસ્ત્રાસ્ત્રોની જરૂર હોય છે તે બધું તો તેને સાહજિક જ પ્રાપ્ત હતું. શ્રીમંત બાપની એ એકની એક દીકરી, યુવાનીની બહાર, કૉલેજનું શિક્ષણ .. પછી પૂછવું જ શું ? આધુનિક ઢંગથી વાતચીત કરી પ્રેમીને મહાત કરવો એ એને મન તદ્દન સહેલું હતું.

'અત્યારે ફર્સ્ટ ક્લાસ ચા મળે તો કેવું સારું ! કેવી મઝા પડે, હેં પપ્પાજી...!' ઘરમાં પ્રવેશતાં જ એણે પોતાના પિતાજીને કહ્યું ને સંકેતથી સરલાબહેનને ચા બનાવવા કહી દીધું. ઘરમાં કંઈક નવી અડચણ હતી તેની તેને ખબર નહોતી. સરલાબહેને આકસ્મિક અડચણ બાબતમાં વાત કરી ત્યારે તો તે એકદમ મૂંઝાઈ ગઈ. ભયભીત મુદ્રા કરી તે બોલી, 'તો હવે શું થશે ?'

સરલાબહેને કહ્યું, 'એક છોકરી આવી ગઈ છે. બધું કરી આપશે.'

સરલાબહેનના આ શબ્દો સાંભળીને લીલાનો બધો ભય જાણે ઓસરી ગયો. એનું ધડકતું હૃદય શાંત થયું, પણ કુતૂહલ જાગ્રત થયું. એ છોકરી કોણ છે, ક્યાંથી આવી છે, શા માટે આવી છે ? એણે બધી પૂછપરછ કરી. જ્યારે એને ખબર પડી કે એ છોકરી પણ જયંતને દેખાડવા માટે જ બોલાવાઈ હતી ત્યારે 'એમ...કે...?' કહીને એણે મોઢું ચઢાવ્યું. તે જ ઘડીએ એને જોવા માટે નાહવાની ઓરડીમાં પણ ડોકાઈ આવી. ચંદનને જોઈને જ એના મનમાં તોફાન ઊઠ્યું, પોતાની જાતને સંભાળવી ઘણી જ મુશ્કેલ થઈ પડી. મનની વાત કોને સંભળાવવી ? જયંત યાદ આવ્યો. મનની વાત જયંતને જ જઈને કહેવી, પેલીની મજાક મશ્કરી કરવી...પોતાની નાજુક રેશમી સાડીને હાથની આંગળીઓમાં ભેરવી ઝડપથી દાદરા ચડી પહેલે માળે પહોંચી. જયંત હજામતનો સામાન પાથરી દાઢી પર બ્રશ ફેરવી રહ્યો હતો.

'એ...ય...જયંત...! સાંભળો તો ખરા, માંડ માંડ આફતથી બચી...'

જાણે કોઈ મહાભયાનક દાવાનળમાંથી બચી આવી હોય તેવો એણે એટલો તો સુંદર અભિનય કર્યો કે જયંત એના પર લટ્ટુ બની ગયો. આમ ને આમ કલાકો સુધી તે આમ જ ઊભી રહે ને પોતે જોયા જ કરે એવું એના મનમાં થયું. લીલાના અભિનય પર એટલો મુગ્ધ થઈ ગયો કે એને પૂછવાનું પણ ભાન ન રહ્યું કે પોતાની પ્રેયસી એવી કઈ મહાન આફતમાં સપડાઈ ગઈ હતી.

લીલાએ જ આગળ ચલાવ્યું, 'તમારી બાને આજે કોઈ ચીજને અડકવું નથી. હું તો ગભરાઈ ગઈ કે મારે જ ચૂલો સંભાળવો પડશે. ચૂલાનું નામ સાંભળું છું ને મારું તો માથું ભમે છે. એ તો સારું થયું કે ભગવાને મદદ કરી. મને સંકટમાં જોઈ એક રસોઇયણ મોકલી આપી!'

પોતાના વિનોદ પર એ ખૂબ ખૂબ હસી. એના કાન પરનાં ચમકતાં લાંબાં કુંડળ પણ એના વિનોદ પર હસીહસીને ઝૂલવા મંડ્યાં. નાગણ જેવો લાંબો ચોટલો પણ જોરથી ઊછળ્યો ને નિતંબ પર આવી પડ્યો. આવી આવી અદાઓ દેખાડવી એ એને મન તો ડાબા હાથનો ખેલ હતો.

'રસોઇયણ બાઈ ક્યાંથી આવી છે?' જયંતે પૂછ્યું.

'બાઈસાહેબ આવ્યાં હતાં તો તમારી પત્ની બનવા પણ કાલે જ વેકન્સી પુરાઈ ગઈ. બિચારી કરે પણ શું? કહેવા લાગી કે વહુનું સ્થાન ન આપો તો કંઈ નહીં, રસોઇયણ તરીકે તો રાખો...! જુઓ, એ રહી કૂવા ઉપર...'

જયંતે બારી બહાર દૃષ્ટિ દોડાવી. કૂવાની ગરેડીએ ઉપર-નીચે થતા બે હાથ દેખાયા. ઉજ્જવળ હાથોની એ લાંબી

નાજુક આંગળીઓમાં અનોખું જાદુ હતું. હાથના એક એક મરોડમાં જાણે કળાનું દર્શન થતું હતું. જયંત ઊઠ્યો ને બારી પાસે આવી ઊભો રહ્યો. લીલા પણ એની નજદીક, આવી ઊભી રહી. હાથમાં ધોઈને ચંદન પાણી ભરેલી બાલદી ખેંચી રહી હતી. સાડી ભીંજાઈ ગઈ હતી, એટલે શરીરને ચોંટી ગઈ હતી. પાણી ખેંચતાં ખેંચતાં એની કમર ઘડીકમાં વાંકી વળતી ને પાછી સીધી થઈ જતી. પણ આ ધ્રુજારી કલામય હતી. એની પીઠનો અધિકાંશ ભાગ ખુલ્લો દેખાતો હતો. એમ જ લાગતું હતું કે જાણે હમણાં જ વિધાતાએ એને ઘડી ન હોય! ચમકદાર, તાજું, સ્વચ્છ યૌવન...

વનની કોઈ હરિણી જેવી ચંદનને જરાયે ખબર નહોતી કે એ કોઈની આંખોનો શિકાર બની ગઈ છે. રસીથી બાલદી અલગ કરી ઠેકાણે મૂકી દીધી. ખોબો પાણી ભરી પોતાના લાલ થઈ ગયેલા હાથ ધોયા, જ્યારે ગાગર ઊંચકી ત્યારે એની નજર, ઉપર બારી તરફ ગઈ. એની બે આંખોને બારીમાંહેની ચાર આંખો અથડાઈ ગઈ. ચંદન શરમાઈ ગઈ. સંકોચથી એણે નજર ખેંચી લીધી ને નીચે જોયું—જાણે કમલપુષ્પ સંકુચિત થઈ ગયું. ચંદન શરમાઈ ગઈ, ગભરાઈ ગઈ. એના હૃદયમાં એક સૂક્ષ્મ ધ્રુજારી વ્યાપી ગઈ. ઝડપથી એ અંદર ચાલી ગઈ.

'જોઈ લીધી કે હજુ ધરાઈને જોવી છે? એમ ટીકીટીકીને શું જોઈ રહ્યા હતા? કહે છે કે પુરુષને શરમ તો હોય જ નહીં. વાત સાવ સાચી છે ..'

લીલાએ જયંતને ટોણો માર્યો ત્યારે તે ભાનમાં આવ્યો.

'આને તું રસોઇયણ કહેતી હતી, લીલા?'

'તો બીજું શું કહું? બીજું પણ કહેત, પણ હવે તો એ 'ઇલિલીગલ' (ગેરકાયદે) કહેવાય...એક પુરુષની બે પત્નીઓ કાયદો જ ના પાડે છે.'

'કાયદો મૂર્ખ છે!'

'હશે, પણ હું મૂર્ખ નથી. હું એ જરાયે નહીં ચલાવી શકું; મારાથી એ સહન નહીં થાય સમજ્યા જનાબ!

બંને જોરશોરથી હસી પડ્યાં. થોડી વારમાં નીચેથી બાએ સાદ માર્યો, 'જયંત ચાલ ભાઈ, ચા ક્યારનો તૈયાર છે.'

બાના અવાજમાં ક્રોધની એક ઝલક હતી. સરલાબહેન મનોમન કહી રહ્યાં હતાં :

'એ મુંબઈવાળાની દોલત પર મોહી પડ્યા છે; ને જયંત પેલીનાં નાચનખરાં પર ગાંડો બન્યો છે, મારું કોણ જાણે શુંયે થશે! આ તો વહુ છે કે આફત? એની સાથે રહેવું તો લોઢાના ચણા ચાવવા જેવું થશે...આફત કોણ જાણે ક્યાંથી આવી પડી.'

લીલા અને જયંત ઉપરથી નીચે ઊતર્યાં. ચંદને એમની સામે ચાના બે કપ મૂક્યા. ચંદને સાવ સાદી સાડી પહેરી હતી, બ્લાઉઝ પણ સાવ સાદું હતું, છતાંયે જયંતને એનો પોશાક અભિનવ લાગ્યો.

લીલાના કાનમાં હરહંમેશાં ડોલતાં ચમકતાં કુંડલ હતાં, ચંદનના કાનમાં કોઈ આભૂષણ નહોતું, છતાંયે તે જયંતને ગમી ગયા. એના લાંબા વાળની બે–ત્રણ લટ છૂટી પડી કાનની આસપાસ ફરકતી હતી. ગોરા લાલ ગાલ પર ફરકતી આ વાળની લટો જાણે કુદરતી આભૂષણ બની ગયાં હતાં. જયંતને આ દૃશ્ય મનોહર લાગ્યું. મનમાં જ એ બંને છોકરીઓની તુલના કરવા લાગ્યો.

લીલા રૂપમાં દેવાંગના નહીં, પણ સુંદરી તો છે જ. એની નાસિકાનો અગ્ર ભાગ અને આંખની કીકીઓ તેજપૂર્ણ છે. એની જીભમાં મીઠાશ ભરી છે. એની હરેક અદા કલા–ભરપૂર છે. લીલા વિદ્યુત જેવી છે. એને પોતાની યુવાની, રૂપ અને પૈસાનો ગર્વ છે.

તે પોતાને દુર્બળ નથી માનતી. એને પૂર્ણ વિશ્વાસ છે કે જેના પર તે નજરનું તીર ફેંકશે તેને તત્ક્ષણ ઘાયલ કરી નાખશે. શૃંગાર અને ચતુરાઈ એના રૂપનાં સહાયક અને પોષક છે. એ ક્યારેય પરાજિત થશે ?

ને આ ચંદન...? જેવું નામ છે તેવા જ ગુણ છે. કેટલી સ્વસ્થ છે ! ઝાકળબિંદુથી ભીંજાયેલી ગુલાબની કળી જેવી ! એ ચાલે છે, પગનો અવાજ નથી આવતો; વિનયના ઘૂંઘટમાં જાણે બધા અવયવો છુપાવીને ચાલે છે. એની વાતો સાંભળવા હું ઉત્સુક છું, પણ લાગે છે કે તે મારી સામે મોં સુદ્ધાં નહીં ખોલે. આજે જ આવી છે એટલે નહીં, પણ વર્ષો સુધી સાથે રહેશે તોપણ સંકોચથી જ વાતો કરવાની ! જોઈને વિશ્વાસ જન્મે છે કે એ હમેશાં અધખીલી કલી સમી જ રહેવાની. પોતાનો વિકાસ એ ક્યારેય નહીં દેખાડે. એના હોઠ, એની આંખો, એનાં ભવાં, સુંદર ભાલપ્રદેશ પાછળ ધૂમરાતા વાળ એક જ ભાવ વ્યક્ત કરે છે ને કહે છે : 'હું સમર્પિત છું, હું સમર્પિત છું.' શબ્દો બોલ્યા વગર મૂંગી ભાષાથી એ પ્રિયતમને કહેશે, 'હું તમારી છું, મને તમારા ચરણોમાં આશ્રય આપો. તમારા વિના મારું અસ્તિત્વ નથી. હું મૂંગી છું, મને વાચાળ બનાવો, હું અજ્ઞાન છું, મને જ્ઞાન આપો, જેમ વાળશો તેમ વળીશ; તમારા આત્માનો આકાર ધારણ કરી લઈશ.' આમ સમર્પણની ભાવનાથી તે પોતાના પતિ પર વિજય મેળવશે. પતિ પરાજિત થઈ જશે, પણ એને એની હારનો ખ્યાલ માત્ર પણ નહીં આવે.

લીલાની સોબતમાં બૌદ્ધિક સુખ છે, કલાનો વિકાસ છે !

ચંદનના સહવાસમાં આત્માનું પોષણ છે !

કયું સુખ સ્થાયી ? કયું સુખ અચળ ? કંઈ નિર્ણય નથી આવતો, કંઈ સમજાતું નથી.

લીલા સ્નાન કર્યા બાદ શણગારમાં પડી હતી, ચંદન રસોડામાં બેસીને શાકભાજી સમારતી હતી. સરલાબહેન દરવાજા નજીક ઊભાં ઊભાં મસાલાની ચીજો ક્યાં ક્યાં રાખી છે, તે દેખાડતાં હતાં. લીલાને એમણે કામમાં મદદ કરવા વાત સુદ્ધાં નહોતી કરી, એમને તો જોવું હતું કે એ પોતાની મેળે સમજીને આવે છે કે નહીં. જયંત બધું જોઈ રહ્યો હતો, વિચારતો હતો કે લીલા કેવી અજબ છોકરી છે! ચંદન આટલું બધું કામ કરે છે, ત્યારે લીલાએ સમજીને મદદ કરવી જોઈએ. માની લઈએ કે આજે ઘરની મહેમાન છે, પણ કાલે તો એ આ ઘરની વહુ બનવાની છે. બાને મનમાં શુંનું શું થતું હશે? લગ્ન પછી પણ ઘરમાં આ રીતે જ વર્તન કરશે? આ તો આફત...

એને ઠીક ન લાગ્યું. રસોડામાં જઈને બાને કહ્યું, 'બા, મારા લાયક કંઈ કામકાજ હોય તો કહો, હું જરા મદદ કરું.'

બાએ કહ્યું, 'ના દીકરા ના. તું રહેવા દે. બધું કામ ચંદન કરશે. બહુ જ ચાલાક છે.'

ચંદનની સુવાસ મહેક મહેક થઈ રહી. બાના આ શબ્દો જયંતના મનને ગુલાબજળ જેવા શીતળ અને સુગંધિત લાગ્યા. એ જ સમયે જયંત અને ચંદનની આંખો અથડાઈ પડી. ચંદને તરત જ નજર ત્યાંથી ખેંચી લીધી ને જાણે પોતે જયંતની તરફ જોયું જ નથી તેમ દર્શાવવા પ્રયત્ન કર્યો. જયંતને એનો આ ભાવ ઘણો જ સોહામણો લાગ્યો.

ભોજન તૈયાર થઈ ગયું. ચંદને પાટલા–થાળી–વાટકા ગોઠવ્યાં. સૌ પ્રથમ કપૂરચંદ શેઠ અને બે મહેમાનો જમવા બેઠા. જયંત એમની સાથે ન બેઠો. મહેમાનોને આગ્રહ કરી જમાડવામાં એ ગૂંથાયેલો રહ્યો. ચંદનનાં કપડાં સાવ સાદાં હતાં, એના હાથમાં કથ્થાઈ રંગની કાચની બંગડીઓ રણકતી હતી. સૌને

પીરસવામાં તે મશગૂલ હતી. ભાણાં પીરસતી ચંદન સામે જ જયંત જોઈ રહ્યો. એને લાગ્યું કે અજંતાની કોઈ પ્રતિમા રૂપ બદલી સજીવ સ્વરૂપે જાણે ઘરમાં વિચરી રહી હતી.

દરવાજાની આડમાં ઊભી ઊભી ચંદન મહેમાનોનાં ભાણાંમાં ખૂટતી વસ્તુઓ જોઈ રહી હતી, તો ક્યારેક દૃષ્ટિ ચુકાવી જયંતને પણ જોઈ લેતી. જયંત એને પૂર્ણરૂપે પસંદ પડ્યો હતો. હવે તો એ બીજી સ્ત્રીનો થઈ ચૂક્યો છે એમ જાણ્યા છતાં એની આંખો છળકપટ ખેલતી હતી. જાણતી હતી કે હવે તેની તરફ દૃષ્ટિ દોડાવવી પણ વ્યર્થ છે, છતાંયે મન નહોતું માનતું, મન કહેતું, 'જ્યાં સુધી અહીંથી ચાલી ન જાઉં ત્યાં સુધી એ મારી સાથે હસતો રહે, બોલતો રહે, ઘૂમતો રહે...' મનોમન એ ભાગ્યને રોતી હતી ને જયંતનાં નયનબાણથી ઘાયલ થતી હતી.

દાદર ઉપર ઊભા રહીને લીલાએ આ દૃશ્ય જોયું. જયંત રસોડામાં અવરજવર કરતો હતો તે પણ જોયું. જયંતનું આ પ્રકારનું વર્તન એને અસભ્ય લાગ્યું. આજ સાંજે તો એ જવાની હતી, એની ઇચ્છા હતી કે જયંત એની આસપાસ ફર્યા કરે, કલાકે કલાકે એ પોશાક બદલતી રહે; નવા નવા રંગો—નવી નવી સાડી! વિવિધ રંગોમાં એની છટા કેવી ખીલી ઊઠે છે એ એને દેખાડવા માગતી હતી.

એ તો ચાહતી હતી કે, એનો પ્રેમી એની ખૂબ ખૂબ પ્રશંસા કરે, ને રોકી ન શકાય તેવી અભિલાષાથી કંઈ માગી લે; ત્યારે પોતે એને નયનબાણથી ઘાયલ કરે અને કહે, 'શરમ વિનાના—તમે તો બહુ એ છો...!' પછી એનો પ્રેમી કહે: 'લીલી, રોજ મને કાગળ લખજે પ્રિયે!' તો પોતે એને કહે, 'ये यथा मां प्रपद्यन्ते! જેઠ મહિનાના પહેલા અઠવાડિયામાં લગ્ન છે. હજુ બે મહિના બાકી છે!'—'ઓહ લીલી! આટલા લાંબા વિરહમાં હું તો કાલિદાસના યક્ષની જેમ જ સુકાઈ જઈશ.' પ્રેમીના આવા શબ્દો

પર પોતે આશ્વાસન આપે, 'ચિંતા ન કરો પ્રિય ! પાછી આવીશ ત્યારે તમારે માટે અમૃત ભરીને લાવીશ !' સાંભળીને એ પૂછે, 'અમૃત ક્યાં ભરી લાવીશ ?'–'અહીં' અને આમ કહી ધીરેથી એના અધરો પર...

શૃંગારની ગંગામાં ભીંજાઈને આવી કેટકેટલીયે કલ્પનાઓ લીલાના હૃદયમંદિરમાં પ્રવેશ કરતી હતી. જયંત નજદીક હતો છતાંયે તે આટલો બધો દૂર ભાગતો હતો એ હવે એનાથી સહન ન થયું. જયંત પર એ મનોમન બળવા–ઝળવા લાગી. એને અરસિક સમજવા લાગી. પ્રેયસીના હૃદયને દુખાવનાર કોઈ બેદર્દ જેવો માનવા લાગી.

મહેમાનો જમી ઊઠ્યા. હવે બીજી પંગત બેસવાની હતી. જયંત લીલાને બોલાવવા ઉપર ગયો, એને જોઈને જ લીલા ક્રોધથી બોલી, 'કેમ, કામ પતી ગયું ? બહુ જલદી શુદ્ધિ આવી !'

'લીલી, મારા ઘરે બે મહેમાનો આવ્યા છે, એમાં એક તારા પિતાજી છે. મારે તો ગૃહસ્થ–ધર્મનું પાલન કરવું જોઈએ ને ?'

'વાહ વાહ ! જોઈ લીધો તમારો ગૃહસ્થ–ધર્મ ! ગૃહસ્થને બધાંની ચિંતા છે, નથી ચિંતા માત્ર એક ગૃહિણીની. મારાથી શું છુપાવશો ? બધું જાણું છું....પેલી રસોઇયણની આસપાસ આંટા મારો છો...'

'ગઈ કાલથી હું તારી બુદ્ધિની પ્રશંસા કરું છું, પણ હવે તું તારા અસલી સ્વભાવ પર આવે છે. પહેલાં જમવા ચાલ, પછી હું તારો ક્રોધ શાંત કરી નાખીશ. બપોર આખી તો આપણે સાથે જ ફરવાનાં છીએ.'

લીલા અનિચ્છાપૂર્વક નીચે ઊતરી. સરલાબહેને ચંદનને કહ્યું, 'હવે બધાં તપેલાં વચ્ચે મૂકી દઈ સૌ જમવા બેસી જાવ. મારી થાળી મને અહીં પીરસી દો.'

પણ ચંદનને આ વાત ન રુચી. એણે કહ્યું, 'નહીં, સૌને જમાડીને પછી જ હું જમીશ.'

સરલાબહેને કહ્યું, 'ના...ના...ચંદન તેં તો નાસ્તો પણ નથી કર્યો, સવારથી કંઈ ખાધું નથી. મેં તો તને ખૂબ તકલીફ આપી. ત્રણે સાથે જ જમી લો.'

પણ ચંદન જમવા ન બેઠી તે ન જ બેઠી. એટલું જ બોલી, 'ના...બા, મને તો શરમ લાગે.'

સરલાબહેનને એકે દીકરી નહોતી. બા કહીને કોઈ છોકરી એમને પોકારતી એ એમને ઘણું જ પસંદ પડતું. ચંદનના મોઢામાંથી એ શબ્દો નીકળ્યા એટલે તેમણે વાત્સલ્યભરી નજરે ચંદનને જોઈ લીધી. ચંદન એમને ઘણી ઘણી વહાલી લાગી.

ચંદનને જયંતને જમણ પીરસવાની ઘણી જ હોંશ હતી; પણ સાથે સાથે લીલીને પણ પીરસવું પડશે તે તેને ગમતું નહોતું. જયંતને પીરસવાની હોંશમાં એ બીજું બધું ભૂલી ગઈ. અજાણપણે જયંતની થાળીમાં વધારે ઘી પડી ગયું, સરલાબહેને જોઈ તો નથી લીધું—ને એવો વિચાર ચંદનના મનમાં સળવળી ગયો, શરમથી એ લાલ લાલ થઈ ગઈ. ચંદનનું રતુંબડું મોં હવે તો અધિક સુંદર લાગતું હતું.

રસોઈમાં બધું સરસ બન્યું હતું. પૂરી સારી નહોતી થઈ. નરમ પૂરી શોધી શોધીને એ જયંતના ભાણામાં મૂકતી હતી. પીરસતી વખતે એના નાજુક હાથ પર જે જાતનું સૂક્ષ્મ કંપન થતું તે જયંતના ધ્યાનમાં તરત જ આવી ગયું. જયંતને થયું કે ચંદન પ્રત્યે પોતાને માયા વધતી જાય છે, એને માટે હૃદયમાં કોમળ ભાવો ઉત્પન્ન થાય છે; પરંતુ આ ભાવ લાંબો વખત ટકશે નહીં. કાલે તો ચંદન ચાલી જશે, ને હૃદયમાં જન્મેલ કોમળ ભાવ સુકાઈ જશે. મનોમન કહી રહ્યો હતો, 'ચંદન એક દિવસ વહેલી આવી હોત તો?'

જયંત ચંદન તરફ ખેંચાતો ગયો.

ચંદનની આંખો ફરતી હતી, કોને શું જોઈએ છે? હાથ પીરસતા હતા. જયંતને આજે જમવામાં લિજ્જત આવતી હતી. આજે એને જાણે વિશેષ ભૂખ લાગી હોય તેમ જણાતું હતું.

લીલાની થાળીમાં એણે બે પૂરી મૂકી ત્યારે લીલા ગુસ્સાથી લાલ થઈ ગઈ. માથું ઊંચું કરી એણે ચંદનની સામે ગુસ્સાથી જોયું. થાળીમાં એક સાથે બે પૂરી પીરસવી એમાં એને પોતાની સુકુમારતા અને અમીરાતનું અપમાન લાગ્યું. સફેદ મોં પર લાલ લોહી ધસી આવ્યું. તે બોલી, 'નોન સેન્સ!' ભરેલી થાળીમાંથી ચકલીની જેમ બેચાર વસ્તુ ચાખી લેવી, બેચાર વસ્તુ દૂર કરી દેવી ને થોડી વારમાં ઊઠી જવું એ એનો ભોજન કરવાનો અમીરી ઢંગ હતો.

પૂરી હાથમાં લઈ પહેલાં તો એણે ચોળી નાખી. એની મોટી મોટી કિનારને આંગળીથી કાપી કાપી થાળીની બહાર ફેંકવા લાગી.

સરલાબહેને આ બધો તમાશો જોયા કર્યો. પોતાની ભાવિ વહુની આ પ્રકારની વર્તણૂક જોઈ એ મનમાં ને મનમાં જ બળવા લાગ્યાં. લીલા પર એમને ઘણો ક્રોધ આવ્યો.

મનમાં થઈ આવ્યું કે લીલાને તમાચો મારી એના હાથે જ પૂરીના ટુકડા પાછા ભાણામાં રખાવી દે. લીલાની આ પ્રકારની બેહૂદી વર્તણૂકથી ચંદનનું અપમાન થયું હતું તે તેમના અંતરને કોરતું હતું. 'અન્નદેવતા'ને પૂજનારી સરલાબહેનથી અન્નદેવતાનું અપમાન સહન ન થયું. બોલ્યા વિના એમનાથી રહેવાયું પણ નહીં :

'થાળીમાં જે કંઈ વસ્તુ આવે તે પ્રેમથી ખાઈ લેવી જોઈએ. ખાઈને ખુશ થવું જોઈએ, ફેંકીને નહીં, સમજી લીલા!'

સરલાબહેનના આ સૌમ્ય શબ્દોએ લીલાના ક્રોધાગ્નિ પર ઘીનું કામ કર્યું. એ તો આ રીતે ચંદનનો દોષ દેખાડવા ચાહતી હતી, પણ આ તો સાવ ઊલટું જ થયું. જમતાં જમતાં એ ગુસ્સાથી ઊભી થઈ ગઈ. ભરેલી બાલદીથી હાથ-મોં ધોઈ ધમધમ કરતી બાપના ઓરડામાં ચાલી ગઈ.

જયંત અને સરલાબહેન એકબીજા સામું જોઈ રહ્યાં. ચંદન ગભરાઈને સજ્જડ થઈ ગઈ. લીલાને માત્ર જયંતની જરૂર હતી. એનાં મા–બાપ એની દૃષ્ટિમાં પરાયાં લોકો હતાં, પોતાને ખિજવવાનો એમને જરા સરખોય હક્ક નહોતો એમ લીલા માનતી. એ સમાન હક્કમાં માનનારી હતી અને એ જ અધિકારથી ભવિષ્યમાં જયંત સાથે રહેવા માગતી હતી. 'પતિશાહી'ને ઝુકાવી હચમચાવી નિર્મૂળ કરવાનું એનું સ્વપ્ન હતું. પતિનો અધિકાર એની દૃષ્ટિમાં સાવ સામાન્ય હતો. એ તો ઇચ્છતી કે પતિ પોતાના ઇશારા પર નાચે, એની મન–લહેરો પર નાચે, હથેળીમાં નાચે. આથી વિશેષ પતિ માટે એની કોઈ કલ્પના નહોતી.

બાપની નજદીક જઈને એ ધ્રુસકે ધ્રુસકે રોવા લાગી. બાપે 'ટાઈમ્સ' બાજુમાં મૂક્યું ને દીકરીની પીઠ પર હાથ ફેરવતાં ફેરવતાં બોલ્યા, 'લીલા દીકરી, કેમ રડે છે?'

લીલા રડતી અટકી ગઈ. આઠ–દશ બીજાં ધ્રુસકાં ખાઈ એણે માંડ માંડ વાક્ય પૂરું કર્યું, 'પપ્પાજી, એનાં બાએ મારું અપમાન કર્યું...'

લીલાના પિતા ભડકી ઊઠ્યા. એમની પ્રતિષ્ઠાનો આ સવાલ હતો. એમણે કપૂરચંદ શેઠને બોલાવ્યા. કપૂરચંદ શેઠ ઓરડામાં આવ્યા ને જોયું કે કૈકેયીની જેમ એમની વહુએ ઓરડાને કોપભવન બનાવી દીધું હતું. લીલાના પિતાએ બધી વાત કરીને કહ્યું, 'મારી દીકરીનું તમારા ઘરમાં અપમાન થયું છે, હું એ સહન ન કરી શકું, મારી દીકરી પણ એ સહન ન કરી શકે. એ ભણેલી–ગણેલી છે, સ્વાભિમાની છે. તમારી બધી શરતો મેં કબૂલ રાખી છે. જેટલા રૂપિયા માગ્યા તેટલા આપવા તૈયારી દેખાડી છે. જોઈએ તો હજી હજાર વધુ માગો. એ પણ આપીશ; પણ યાદ રાખજો કે ભવિષ્યમાં એના સ્વતંત્ર વ્યક્તિત્વને ઝાંખપ લાગે એવું કોઈ વચન તમે કોઈ નહીં ઉચ્ચારો. મારી એસ્ટેટ–મિલકત બધાંની એ વારસ છે, એ બધું તમારા ઘરે જ આવવાનું છે, બધાના બદલામાં એટલું જ ચાહું છું કે મારી દીકરીનું તમારા ઘરમાં માન રહે—અપમાન ન થાય...'

આટલું કહી તેઓ પોતાની દીકરીની પીઠ પંપાળવા લાગ્યા. કપૂરચંદ શેઠને ડર લાગ્યો કે રખે ને ઘરમાં આવેલી દૂધાળુ ગાય પાછી જતી રહે! તુરજ જ તેઓ રસોડા તરફ ભાગ્યા ને જઈને પત્નીને કહ્યું, 'આ બધું માંડ્યું છે શું? બસ આજથી સાસુની જેમ રોફ મારવા મંડી પડી? વિચિત્ર સ્ત્રી છો!'

સરલાબહેન જવાબમાં કહેવા માગત તો ઘણું ઘણું કહી શકત. એમની પાસે કહેવા માટે ઘણી સામગ્રી તૈયાર થઈ ગઈ હતી, પણ અવસર જોઈને એમણે મૂંગા રહેવું જ ઉચિત માન્યું.

ચંદને પોતાની થાળી પીરસી હતી. હજી તો એક જ કોળિયો મોંમાં નાખ્યો હતો, તે પણ મોંમાં ન ગયો. એની આંખમાં આંસુ આવી ગયાં. કોળિયો મોંમાં જતો નહોતો.

કપૂરચંદ શેઠ ચાલ્યા ગયા એટલે સરલાબહેને ચંદનને કહ્યું, 'તું શાને રડે છે? તમાશો બહાર થાય છે, થવા દે. તું તારે શાંતિથી જમી લે.'

'બા, બધી વાતનું મૂળ હું જ છું. પૂરી મારા હાથે જ બગડી ગઈ, પણ એમાં હું શું કરું? ઘરે અમે પૂરી નથી બનાવતાં, રોજ રોટલી જ...'

'ચંદન, તું દુઃખી થા મા. શાંતિથી જમી લે. તેં તો અમારા પર ઉપકાર કર્યો છે.'

સરલાબહેન બધું સમજતાં હતાં. બિચારી ચંદન, ઓળખાણ નહીં પિછાણ નહીં, તોય દિલ લગાવી બધી રસોઈ કરે, બધું કામ કરે ને આ લીલા વગર ફોગટની રોફ ચલાવે છે! આટલી મહેનત પછી બિચારીને સુખેથી ખાવા પણ ન દીધું. જમતાં જમતાં પણ એને રડવું પડ્યું, કેટલી દુઃખદ બીના છે! લીલાના બાપના શબ્દો એણે સાંભળ્યા હતા, ને લીલા બાપની બાજુમાં બેસી ધ્રુસકે ધ્રુસકે શા માટે રડે છે, તે પણ તેઓ જાણતાં હતાં.

ગણપતકાકા બહાર ઓસરીમાં ગહન વિચારમાં બેઠા હતા. પોતે આ ઘરમાં આવ્યા તેથી જ ઘરમાં અશાંતિની આગ ભભૂકી ઊઠી એનું એમને ઘણું ઊંડું દુઃખ હતું. ચંદને ઘરનું બધું કામ આટોપી લીધું હતું, એટલે બહાર આવી ગણપતકાકા પોતાનો સામાન બાંધવા લાગ્યા.

સરલાબહેનના પગે પડી ચંદને જ્યારે વિદાય માગી ત્યારે દૃશ્ય ખરેખર હૃદયંગમ બની ગયું. ચંદનને આશીર્વાદ દેવા પહેલાં એમને પોતાની આંખો લૂછવી પડી.

જયંત ઓસરીમાં ઊભો હતો. ગણપતકાકા સામાન ઉઠાવી જવાની તૈયારી કરતા હતા; એમણે પોતાનો એક પગ ઓરડાની બહાર મૂક્યો. ચંદન પણ હવે તો જવાની જ હતી; પરંતુ એના દેહમાં જડતા વ્યાપી ગઈ. મનમાં થયું કે એક વખત ગરદન ઊંચી કરી જયંતને જોઈ લઉં ને આંખો ભરી લઉં. હવે ચોરીછૂપીથી નહીં, પણ સીધી-સાદી દૃષ્ટિથી જયંતને જોઈ લેવા એને મરજી થઈ આવી. બંનેની દૃષ્ટિ અથડાઈ પડી, ને જાણે બંને એકબીજાની આંખોમાં સમાઈ ગયાં. ચંદનની આંખોમાં હમેશાં રમતી સમર્પણની ભાવના જાણે પોતાની આંખો દ્વારા હૃદયમાં જામી ગઈ હોય તેવું જયંતે અનુભવ્યું. પરિણામ એ આવ્યું કે જયંતને લાગ્યું કે તેનું હૃદય ચંદન તરફ ખેંચાય છે. ચંદનની મૂંગી ભાષા જાણે કહી રહી હતી, '...હું જાઉં છું, માત્ર મારું શરીર જઈ રહ્યું છે. મારું દિલ મારી સાથે આવવા ના પાડે છે. દિલની સાથે મારી આંખો અહીં રહી જાત તો ઘણું સારું થાત. પેલી ધ્રુસકે ધ્રુસકે રડનારી લીલા તમને સુખ નહીં આપે. તમને રોજ રોજ કાંટાની પથારી પર સુવડાવશે. એનાં લખ્ખણ મેં પારખ્યાં છે. હું એની જેમ ભણેલી-ગણેલી નથી. પૈસાદાર પણ નથી; પણ મને તમારા ચરણોમાં સ્થાન મળે તો હું તમારા માટે મારા પ્રાણ પાથરી દઉં, તમારી મુસીબતો મારા મસ્તક પર લઈ લઉં, તમારા ગૃહસ્થ-ધર્મને આદર્શ રીતે અપનાવી લઉં, દિપાવી દઉં પણ અફસોસ છે એ સુવર્ણ-સુયોગ હું ચૂકી ગઈ...એક વાત પૂછું ? હું લીલાથી વહેલી આવી હોત તો તમે મારો સ્વીકાર કરત કે નહીં...'

જયંત પોતાની વિચારતંદ્રામાંથી જાગૃત થયો ત્યારે ચંદન એના પિતા સાથે બંગલાના દરવાજા નજીક પહોંચી ગઈ હતી. હજી હમણાં તો ચંદન અહીં હતી, એકદમ ક્યાં ચાલી ગઈ? તે ઉત્તેજિત થઈ ગયો ને જોર જોરથી બૂમો પાડી બોલ્યો :

'એમને પાછાં બોલાવો, ધકેલવાનાં તો બીજાંને છે...પેલા ઓરડામાં બેઠાં છે તેમને!'

'દીકરા જયંત, તેં તો મારા મોંની વાત જ કહી નાખી.' સરલાબહેનનું હૃદય ભરાઈ આવ્યું.

'તો બા, આમ જોઈ શું રહ્યાં છો? બોલવો એમને...આપણો બંનેનો એકમત છે, બંને મળીને બાપુજીને પ્રાર્થના કરીશું, લડીશું, ઝગડીશું પણ હવે ચંદનને નહીં જવા દઈએ.'

જાણે કાનમાં ઊકળતું તેલ રેડાતું હોય તેમ આ શબ્દો લીલાના કાન પર પછડાયા. ધમધમ કરતી તે બહાર આવી ને જયંતની સામે ઘૂરકી ઘૂરકીને જોવા લાગી.

એની દૃષ્ટિમાં કોમળતા ક્યાંય નહોતી—શરીરને ઊઝરડી નાખે તેવા તીક્ષ્ણ કાંટા જ હતા.

# મોટા ઘરની દીકરી

## શ્રી. પ્રેમચંદજી

બેનીમાધવ સિંહ ગૌરીપુર ગામના જમીનદાર હતા. એમના બાપદાદાઓ એક જમાનામાં પૈસેટકે ખૂબ સુખી હતા. ગામનું પાકું તળાવ અને મંદિર, જેનું સમારકામ પણ હવે મુશ્કેલ હતું, એમના કીર્તિસ્તંભ હતા. કહે છે કે આ દરવાજા પર હાથી ઝૂલતો હતો. હવે એ સ્થાને એક ઘરડી ભેંસ—હાડપિંજર જેવી રહેતી. પણ એ દૂધ ખૂબ દેતી, કારણ કો'ક ને કો'ક હાંડો લઈને એના માથા પર ચઢી જ બેઠું હોય. બેનીમાધવ સિંહ પોતાની અર્ધી ઉપરાંત દોલત વકીલોને ભેટ આપી ચૂક્યા હતા. એમની ચાલુ આવક વાર્ષિક પાંચસો* રૂપિયાથી વધુ નહોતી. ઠાકુર સાહેબને બે પુત્રો હતા. મોટાનું નામ શ્રીકંઠ સિંહ હતું. અનેક દિવસોના પરિશ્રમ બાદ એણે બી. એ. ની ઉપાધિ મેળવી હતી. એક ઑફિસમાં, હવે એ નોકરી કરતો. નાનો લાલબિહારી સિંહ ભરાવદાર બદનવાળો અને દેખાવડો હતો. પહોળી છાતી. લાલઘૂમ ચહેરો, ભેંસનું બશેર તાજું દૂધ એ સવારે ઊઠીને પી જતો. શ્રીકંઠ સિંહ આનાથી સાવ જુદો જ. આ નેત્રપ્રિય ગુણોને એણે **બી. એ.** એ બે અક્ષરો પર જ ન્યોછાવર કરી દીધા હતા. આ બે અક્ષરોએ એના દેહને દુર્બલ અને ચહેરાને ચળકાટહીન બનાવી મૂક્યો હતો. આના કરતાં વૈદક ગ્રંથો પર એનો વિશેષ પ્રેમ હતો. આયુર્વેદિક ઔષધિઓ પર એને વધુ વિશ્વાસ હતો. સવાર સાંજ ઘણુંખરું એના ઓરડામાંથી ખલનો સુરીલો અવાજ આવ્યા કરતો. લાહોર અને કલકત્તાના વૈદો સાથે એને બહોળો પત્રવ્યવહાર રહેતો.

---

*એ જમાનાના પાંચસો એટલે ૧૯૭૪ના રૂપિયા ૫,૦૦૦ લગભગ ગણાય.

શ્રીકંઠ અંગ્રેજી ડિગ્રીવાળો હોવા છતાં અંગ્રેજી સામાજિક પ્રથાનો એ પ્રેમી નહોતો. વસ્તુતઃ એનો એ કટ્ટર વિરોધી હતો. એટલે ગામમાં એનું ખૂબ માન હતું. દશેરાના દિવસોમાં એ ખૂબ ઉલ્લાસપૂર્વક રામલીલામાં ભાગ લેતો. ગૌરીપુરમાં રામલીલાનો એ જ જન્મદાતા હતો. પ્રાચીન હિન્દુ સંસ્કૃતિના ગુણગાન એની ધાર્મિકતાનું મુખ્ય અંગ હતું. સંયુક્ત કુટુંબનો એ ઉપાસક હતો. આજકાલ સ્ત્રીઓમાં કુટુંબ સાથે હળીમળીને રહેવાની જે અરુચિ છે એને એ જાતિ તેમ જ દેશ માટે હાનિકારક ગણતો હતો. આ જ કારણે ગામની સ્ત્રીઓ એની નિંદા કરતી. કોઈ કોઈ સ્ત્રી તો એને પોતાનો દુશ્મન સમજવામાં પણ સંકોચ નહોતી અનુભવતી. ખુદ એની પત્નીનો પણ આ વિષયમાં એની સામે વિરોધ હતો—એટલા માટે નહીં કે સાસુ–સસરા કે દેર–જેઠ પ્રત્યે એને ઘૃણા હતી. પરંતુ એ એમ માનતી કે ગમે તેટલી સહનશીલતા દાખવવા છતાં સાથે રહેવું શક્ય ન બને તો કલહકંકાસમાં જિંદગી વિતાવવા કરતાં જુદું થવું વધારે ઉચિત ગણાય.

આનંદી એક સારા ઘરની પુત્રી હતી. એના પિતા એક નાની શી જાગીરના માલિક હતા. વિશાળ મહેલ, એક અંબાડી, ત્રણ કૂતરા, સસલું, ફણસનાં ઝાડો, ઑનરરી મેજિસ્ટ્રસી અને ઋણ—પ્રતિષ્ઠિત જાગીરદારના બધા જ ભોગ્ય પદાર્થો અહીં વિદ્યમાન હતા. નામ હતું ભૂપ સિંહ. ઘણા જ ઉદાર દિલના અને પ્રતિભાશાળી પુરુષ હતા. દુર્ભાગ્યે, પુત્ર એકે નહોતો. સાત પુત્રી થઈ અને દૈવયોગે બધી જ જીવતી હતી. શરૂના ઉમંગમાં ત્રણ લગ્ન તો એમણે ધામધૂમથી કર્યાં. પરંતુ પંદર-વીસ હજારનું કરજ માથે ચોટ્યું એટલે આંખો ઊઘડી અને હાથ સંકેલી લીધા. આનંદી ચોથી દીકરી હતી. બધી બહેનોમાં એ વધુ રૂપાળી અને ગુણિયલ હતી. એટલે ઠાકુર ભૂપ સિંહ એને ખૂબ ચાહતા. સુંદર સંતાનને મા–બાપ વધુ ચાહે છે. ઠાકુરસાહેબ

ધર્મસંકટમાં હતા: આનું લગ્ન ક્યાં કરવું? કરજ–બોજ વધારવાની ઇચ્છા નહોતી; પણ દીકરી પોતાને ભાગ્યહીન સમજે એવું પણ એ ઇચ્છતા નહોતા. એક દિવસ શ્રીકંઠ એમની પાસે કોઈ ફાળો ઉઘરાવવા આવ્યો. નાગરીપ્રચારનો એ ફાળો હશે. ભૂપસિંહ એના સ્વભાવ પર ખૂશ થઈ ગયા અને ધામધૂમથી શ્રીકંઠ સિંહનાં લગ્ન આનંદી સાથે કરવામાં આવ્યાં.

આનંદી પોતાના નવા ઘેર આવી તો જોયું કે અહીંના રંગઢંગ તો કોઈ જુદા જ છે. જે ટીપટાપની એને નાનપણથી આદત હતી એનું નામ સુદ્ધાં અહીં ન હતું. હાથી–ઘોડાનું તો પૂછવું જ શું, એકાદું સુન્દર સાજસજેલું ગાડુંયે નહોતું. રેશમી સ્લીપર સાથે લાવી હતી; પણ બાગ ક્યાં? મકાનમાં બારી પણ નહોતી. ભોં પર શેતરંજી નહીં, દીવાલ પર ફોટો નહીં. એક સીધુંસાદું ગ્રામીણ ગૃહસ્થનું એ મકાન હતું. આનંદીએ થોડા જ દિવસોમાં પોતાની જાતને આ સ્થિતિને અનુકૂલ એવી બનાવી દીધી, જાણે વિલાસનો સામાન એણે કદી જોયો જ નહોતો!

o

એક દિવસ બપોરે લાલબિહારી સિંહ બે પંખી લઈને આવ્યો અને ભાભીને કહ્યું: જલ્દી રાંધી આપો, મને ભૂખ લાગી છે.

આનંદી રાંધી કરીને એની રાહ જોતી બેઠી હતી. હવે આ નવું ખાણું બનાવવા બેઠી. તપેલીમાં જોયું તો ઘી પાશેરથી વધુ નહોતું. મોટા ઘરની દીકરી, કરકસર શું જાણે? એણે બધું ઘી માંસમાં નાખી દીધું. લાલબિહારી ખાવા બેઠા. દાળમાં ઘી નહોતું. બોલ્યો: દાળમાં ઘી કેમ નથી નાખ્યું?

આનંદી બોલી: ઘી બધું માંસમાં પડી ગયું.

લાલબિહારી જોરથી બોલ્યો: હજુ પરમ દિવસે જ ઘી આવ્યું; એટલામાં ખલાસ?

આનંદી બોલી : આજે તો માત્ર પાશેર જેટલું બાકી હતું. એ બધું મેં માંસમાં નાખી દીધું.

જેમ સૂકું લાકડું જલદી સળગી ઊઠે એમ ભૂખથી બહાવરો માણસ નાની એવી વાતમાં પણ ગરમ થઈ જાય. લાલબિહારીને ભાભીની આ ઉદ્ધતાઈ બહુ બૂરી લાગી. ચિડાઈને બોલ્યો : પિયરમાં તો જાણે ઘીની નદી વહેતી હશે !

સ્ત્રીઓ ગાળ સહન કરી લે, માર પણ સહી લે, પિયરની નિંદા એનાથી જરાય સાંખી નથી લેવાતી. આનંદી મોઢું ફેરવીને બોલી: હાથી મર્યો તોપણ નવ લાખનો. ત્યાં તો આટલું ઘી રોજ નોકરચાકર ખાઈ જાય છે.

લાલબિહારી સળગી ઊઠ્યો. ભાણું ઊંચકીને ફેંક્યું અને બોલ્યો : એમ થાય છે કે જીભ પકડીને ખેંચી કાઢું.

આનંદીને પણ ગુસ્સો ચઢ્યો. મોં લાલ થઈ ગયું. બોલી : એ હોત તો ખબર પાડત.

હવે અભણ, અજડ ઠાકુરથી ન રહેવાયું. એની પત્ની એક સાધારણ જમીનદારની દીકરી હતી. મન પડે ત્યારે એના પર હાથ લૂછી લેતો હતો. એણે ચાખડી ઉપાડીને જોરથી આનંદી પર ફેંકી, અને બોલ્યો : જેના ગુમાન પર ભાન ભૂલ્યાં છો એને પણ જોઈશ અને તમને પણ.

આનંદીએ હાથેથી ચાખડી રોકી. માથું બચી ગયું, પણ આંગળીમાં સખત ઈજા થઈ. હવાથી હાલતાં પાંદડાં માફક, ક્રોધથી ધ્રૂજતી, એ પોતાના ઓરડામાં આવી ઊભી રહી ગઈ. સ્ત્રીની શક્તિ અને સાહસ, માન અને મર્યાદા પતિ પૂરતાં જ હોય છે. એને પોતાના પતિના જ બળ અને પુરુષત્વનું ઘમંડ હોય છે. આનંદી લોહીનો ઘૂંટડો પીને રહી ગઈ.

શ્રીકંઠ સિંહ દર શનિવારે ઘેર આવતા. ગુરુવારે આ બનાવ બન્યો હતો. એ દિવસ સુધી આનંદી ક્રોધાગારમાં રહી. ખાધું નહીં, પીધું નહીં, એમની વાટ જોતી રહી. આખરે શનિવારે એ નિયમ પ્રમાણે સાંજે આવ્યા અને બહાર બેસી અહીંતહીંની વાતો, દેશકાળના સમાચાર, નવા મુકદ્દમાઓ ઇત્યાદિ ગપ્પાં માર્યાં. આ વાતચીત રાતે દસ વાગ્યા સુધી ચાલતી રહી. ગામના ભદ્ર પુરુષોને આ વાતમાં એટલો આનંદ આવતો હતો કે ખાવાપીવાનું સુદ્ધાં યાદ નહોતું આવતું. આ બેત્રણ કલાક આનંદીએ ભારે કષ્ટમાં કાઢ્યા. ગમે તેમ જમવાનું ટાણું આવ્યું. પંચાયત ઊઠી. એકાંત મળી ત્યારે લાલબિહારીએ કહ્યું: ભાઈ, તમે જરા ભાભીને સમજાવી દેજો કે મોં સંભાળીને વાત કરે. નહીં તો કો'ક દી મામલો બગડી જશે.

બેનીમાધવ સિંહે દીકરાનો પક્ષ તાણ્યો, બોલ્યા : હા, વહુદીકરીનો એ સ્વભાવ સારો નહીં કે પુરુષો સામે બોલે.

લાલબિહારી : એ મોટા ઘરની દીકરી છે તો અમેય કાંઈ હાલીમવાલી નથી.

શ્રીકંઠે ચિંતિત અવાજે પૂછ્યું : પણ વાત શું છે ?

લાલબિહારીએ કહ્યું : કંઈ નહીં. એમ જ આપોઆપ ઊકળી ગયાં. પિયરિયાં આગળ અમને તો એ કશું ગણકારતાં જ નથી.

શ્રીકંઠ ખાઈપરવારીને આનંદી પાસે ગયા. એ મોં ચઢાવીને બેઠી હતી. આ ભાઈસાહેબ પણ કંઈક ગરમ હતા. આનંદીએ પૂછ્યું : ચિત્ત તો પ્રસન્ન છે ને ?

શ્રીકંઠે કહ્યું : ઘણુંજ. પણ તેં આજકાલ ઘરમાં આ તોફાન શું મચાવ્યું છે ?

આનંદીનાં ભવાં ચઢી ગયાં, ક્રોધ બદન પર સળગી ઊઠ્યો; બોલી : જેણે તમને આ આગ લગાવી છે એને મળું તો મોં સીજી નાખું.

શ્રીકંઠ : આટલી ગરમ શાની થાય છે ? વાત તો કહે.

આનંદી : શું કહું ! નસીબ મારું ! નહીં તો આ ગમાર છોકરો, ચપરાસી જેવી બુદ્ધિ પણ જેનામાં નહીં, મને આમ છૂટ્ટી ચાખડી મારીને રુઆબ ન મારત !

શ્રીકંઠ : ચોખ્ખી વાત કરે તો ખબર પડે. મને તો કશી ખબર નથી.

આનંદી : પરમ દી તમારા લાડકા ભાઈએ મને માંસ પકાવવા કહ્યું. તપેલીમાં ઘી પાશેરથી વધુ નહોતું. બધું મેં માંસમાં નાખી દીધું. જમવા બેઠા તો મને કહે દાળમાં ઘી કેમ નથી ? બસ, આટલા પરથી તો એણે મારાં પિયરિયાંને ગાળભેળ દેવી શરૂ કરી દીધી. મારાથી ન રહેવાયું. મેં કહ્યું, ત્યાં તો આટલું ઘી નોકરચાકર ખાઈ જાય છે. કોઈને ખબર પણ પડતી નથી. બસ, આટલી વાતમાં તો એ અન્યાયીએ મારા પર ખાસડો ફેંક્યો. હાથથી રોક્યો ન હોત તો માથું ફૂટી જાત. પૂછી જુઓ એને, મેં જે કાંઈ કહ્યું છે એ સાચું છે કે નહીં !

શ્રીકંઠની આંખો લાલ થઈ ગઈ. બોલ્યા : એમ, આટલું બધું ? છોકરાનું આવું સાહસ !

આનંદી સ્ત્રીસ્વભાવ પ્રમાણે રડવા બેઠી. આંસુ તો એમની પાસે એક પલકમાં હોય. શ્રીકંઠ ખૂબ ધીરજવાળો અને શાંત આદમી હતો. ગુસ્સે તો એ ભાગ્યે જ થતો. પરંતુ સ્ત્રીઓનાં આંસુ પુરુષોના ક્રોધાગ્નિમાં તેલનું કામ કરે છે. આખી રાત પડખું એ બદલતો રહ્યો. એક પળ એણે આંખ મીંચી નથી. સવારે પિતા પાસે જઈને કહ્યું : પિતાજી આ ઘરમાં હવે હું નભી શકું એમ નથી.

આવા પ્રકારની વિદ્રોહપૂર્ણ વાત કરવા માટે શ્રીકંઠે કેટલીયે વાર પોતાના અનેક મિત્રો આડે હાથ નાખ્યા હતા, પરંતુ કમનસીબે આજે એને પોતાને એના જ મુખમાંથી એવી વાત કાઢવી પડી. બીજાંઓને ઉપદેશ આપવો કેટલું સહેલું છે!

બેનીમાધવ સિંહ ગભરાઈ ઊઠ્યા. બોલ્યા : કેમ ?

શ્રીકંઠ: એટલા માટે કે મને પણ મારાં માનપ્રતિષ્ઠાનો કંઈક વિચાર હોય છે. તમારા ઘરમાં હવે અન્યાય અને હઠનો પ્રકોપ વધ્યો છે. જેમણે મોટાઓનું માન સાચવવું જોઈએ તેઓ એમના માથે ચઢી બેસે છે. હું બીજાને ત્યાં નોકર રહ્યો એટલે ઘેર રહેતો નથી. અહીં મારી પાછળ સ્ત્રીઓ પર જોડા-ખાસડાનો વરસાદ વરસાવાય છે! કોઈ કાંઈ બોલી નાખે કે એકાદ બે અપશબ્દ કહી દે એ તો ઠીક. પરંતુ એ કદી નહીં બને કે મને જૂતિયાં મળે અને હું ખામોશ રહું.

બેનીમાધવ સિંહ કશો જવાબ ન આપી શક્યા. શ્રીકંઠ હંમેશ એમનું માન રાખતો. એનાં ચઢેલાં ભવાં જોઈને વૃદ્ધ ઠાકુર અવાક્ થઈ ગયા. માત્ર આટલું જ બોલ્યા : બેટા, તું બુદ્ધિશાળી થઈને આવી વાતો કરે છે? સ્ત્રીઓ આ રીતે ઘરનો નાશ કરી નાખે; એમને માથે ચઢાવવી ઠીક નહીં.

શ્રીકંઠ: એ તો હું સમજું છું. આપના આશીર્વાદથી એવો હું બેવકૂફ નથી. આપણા આ ગામમાં મારા સમજાવવાથી કેટલાંય કુટુંબો સચવાઈ રહ્યાં છે, એ આપ ક્યાં નથી જાણતા? પરંતુ જે સ્ત્રીની માનપ્રતિષ્ઠાનો ઈશ્વરના દરબારમાં મારે જવાબ દેવાનો છે એના પ્રત્યે આવો ઘોર અન્યાય અને પાશવ વર્તાવ થાય એ અસહ્ય છે. મારા માટે એ ઓછું નથી કે લાલબિહારીને કશી સજા નથી દેતો.

હવે બેનીમાધવ સિંહ પણ ઊકળ્યા. આવી વાતો એ વધુ સાંભળી ન શક્યા, બોલ્યા : લાલબિહારી તારો ભાઈ છે. એનાથી કાંઈ ભૂલચૂક થાય તો એનો કાન પકડ, પણ...

શ્રીકંઠ : લાલબિહારીને હવે હું મારો ભાઈ નથી માનતો.

બેનીમાધવ સિંહ : બૈરીની પાછળ ?

શ્રીકંઠ : જી ના. એની ક્રૂરતા અને અવિવેકના કારણે.

બન્ને થોડીકવાર ચૂપ રહ્યા. ઠાકુરસાહેબ છોકરાનો ક્રોધ શાંત કરવા માગતા હતા; પરંતુ એ સ્વીકારવા તૈયાર નહોતા કે લાલબિહારીએ કંઈ અનુચિત કર્યું છે. એટલામાં ગામના કેટલાક સદ્‌ગૃહસ્થો હુક્કા–ચલમને બહાને ત્યાં આવી ચઢ્યા. કેટલીક સ્ત્રીઓએ જ્યારે એ સાંભળ્યું કે શ્રીકંઠ પત્નીને કારણે પિતાને છોડવા તૈયાર થયો છે ત્યારે એમના હર્ષનો પાર ન રહ્યો. બન્ને પક્ષોની મધુર વાણી સાંભળવા એઓ તલપાપડ થઈ રહ્યાં હતાં. ગામમાં કેટલાક એવા કુટિલ લોકો પણ હતા જેઓ આ કુટુંબની નીતિપૂર્ણ ગતિ પર મનમાં ને મનમાં બળતા હતા. એઓ કહેતા : શ્રીકંઠ એના બાપથી દબાયેલો છે—એ ભણેલો છે એટલે પુસ્તકિયો છે. બેનીમાધવ સિંહ એની સલાહ વગર કશું કામ કરતા નથી, એ એની મૂર્ખતા છે. આ મહાનુભાવોની શુભ કામનાઓ આજે પૂરી થઈ રહી હતી. કોઈ હુક્કો પીવાને બહાને તો કોઈ મહેસૂલની રસીદ બતાવવાને કારણે અહીં આવીને બેસી ગયા હતા. બેનીમાધવ સિંહ પુરાણા આદમી હતા. આ ભાવોને એ પામી ગયા. એણે નિશ્ચય કર્યો, ગમે તે થાય, આ દ્રોહીઓને તાળી પાડવાનો અવસર નહીં આવવા દઉં. તરત જ હવે તે બોલ્યા : બેટા, હું તારાથી જુદો નથી. તારી ઇચ્છા હોય એમ કર, એ છોકરાથી અપરાધ થઈ ગયો છે.

અલ્લાહાબાદનો બિનઅનુભવી ગ્રેજ્યુએટ આ વાત કળી ન શક્યો. એને ડીબેટિંગ ક્લબમાં ચર્ચા કરતાં આવડતી; આ

ચતુરાઈની એને શું ખબર? બાપે જે પ્રયોજનથી વાત પલટી એ એના સમજમાં ન આવ્યું. બોલ્યો : હું લાલબિહારીની સાથે હવે આ ઘરમાં રહી શકું એમ નથી.

બેનીમાધવ : બેટા, બુદ્ધિમાન લોકો મૂર્ખાઓની વાત પર ધ્યાન નથી આપતા. એ તો અણસમજુ છે. એની ભૂલ થઈ હોય તો તારે મોટાએ ક્ષમા કરવી જોઈએ.

શ્રીકંઠ: એની આ દુષ્ટતા હું કદી સહન નહીં કરી શકું. કાં તો એ ઘરમાં રહે, કાં હું. તમને એ વધુ વહાલો હોય તો મને જવા દો. હું મારું સંભાળી લઈશ. મને રાખવા માંગતા હો તો એને કહો, જા તારી મરજી પડે ત્યાં. બસ, મારો આ આખરી નિર્ણય છે.

લાલબિહારી સિંહ બારણા પાસે ઊભો ઊભો મોટા ભાઈની વાત સાંભળી રહ્યો હતો. એને એમના પ્રત્યે ખૂબ માન હતું. એ કદી એવું સાહસ કરતો નહીં કે શ્રીકંઠની સામે ખાટ પર બેસી હુક્કો પીએ અથવા પાન ખાઈ લે. પિતાનું પણ આટલું માન એ સાચવતો નહોતો. શ્રીકંઠ પણ એને હૃદયથી ચાહતો. હોશમાં એણે કદી એને હોંકારો પણ દીધો નથી. અલ્લાહાબાદથી એ આવતો ત્યારે એનાં માટે કાંઈ ને કાંઈ અવશ્ય લઈ આવતો. મગદળની જોડી એણે જ બનાવરાવી હતી. ગઈ સાલ નાગપંચમીને દિને એણે પોતાનાથી એક દોઢા જુવાનને કુસ્તીમાં ચીત કરી દીધો ત્યારે શ્રીકંઠ ખુશ થઈ અખાડામાં જ એને ગળે બાઝી પડ્યો અને એણે પાંચ રૂપિયાના પૈસા ઉડાડ્યા હતા. આવા ભાઈના મોંમાંથી આવી હૃદયવિદારક વાત નીકળતી સાંભળીને લાલબિહારી ખૂબ દુઃખી થયો. એ હીબકે હીબકે રોવા લાગ્યો. પોતાની કરણી પર એ પસ્તાતો હતો એમાં કોઈ શક નહીં. ભાઈ આવ્યો એના એક દિવસ અગાઉથી જ એની છાતી ધડકતી હતી, એ શું કહેશે, એમની સન્મુખ હું જઈશ શી રીતે,

એમની સાથે વાત શી રીતે કરીશ; મારી આંખો એમના પ્રતિ તાકશે શી રીતે? એ તો માનતો હતો કે ભાઈ મને બોલાવીને સમજાવી દેશે, એને બદલે આજે એણે એને નિર્દયતાની મૂર્તિ સમો જોયો. એ મૂર્ખ હતો, પરંતુ એનું મન કહેતું હતું કે ભાઈ મારી સાથે અન્યાય કરી રહ્યો છે. શ્રીકંઠ એને બાજુએ બોલાવીને બેચાર કડવાં વચન કહી દેતે, યા તો બેચાર તમાચા મારતે તો પણ એને આટલું લાગત નહીં, પરંતુ 'મારું મોઢું સુદ્ધાં એને જોવું નથી' એ વાત લાલબિહારીથી સહી ન ગઈ. એ રોતો રોતો ઘરમાં આવ્યો. અંદર જઈને કપડાં બદલ્યાં, મોં લૂછ્યું જેથી કોઈ જાણી ન જાય કે એ રડ્યો હતો. આનંદીના ઓરડાનાં બારણાં નજીક જઈ એ બોલ્યો: ભાભી, ભાઈએ નિશ્ચય કર્યો છે કે એ મારી સાથે આ ઘરમાં નહીં રહે. મારું ડાચું એ જોવા માગતા નથી. એટલે હું જાઉં છું. મારાથી જે કાંઈ અપરાધ થયો છે એ માટે મને ક્ષમા કરજો.

આ બોલતાં બોલતાં લાલબિહારીનું ગળું ભરાઈ આવ્યું.

લાલબિહારી સિંહ નીચે મોઢે આનંદીના દ્વાર પાસે ઊભો હતો એ જ સમયે શ્રીકંઠ સિંહ લાલ આંખો સહિત બહાર આવ્યો. ભાઈને જોયો એટલે એણે તિરસ્કારથી મોં ફેરવી લીધું અને કતરાતો ચાલી નીકળ્યો—જેમ જાણે એનો પડછાયો પણ એને ખપતો ન હોય!

આનંદીએ લાલબિહારી વિરુદ્ધ ફરિયાદ તો કરી હતી, પરંતુ હવે એ પસ્તાતી હતી. એ સ્વભાવથી જ દયાળુ હતી. એને ક્ષણભર પણ એમ લાગતું નહોતું કે વાત આટલી વધી જશે. એ મનમાં પતિ ઉપર ચિડાતી હતી: આટલા ગરમ શું કામ થયા હશે? એને એ ડર પણ હતો કે ક્યાંક અલ્લાહાબાદ જવાનું ન કહે. નહીં તો હું શું કરીશ? એમાં વળી લાલબિહારીને આમ માફી માગતો જોયો એટલે રહ્યોસહ્યો ક્રોધ પણ ઓગળી ગયો.

એ રોવા લાગી. મનનો મેલ ધોવા માટે આંસુ સિવાય બીજી કોઈ વસ્તુ ઉપયોગી નથી.

શ્રીકંઠને જોતાં આનંદી બોલી : લાલા બહાર ઊભા ઊભા ખૂબ રડે છે.

શ્રીકંઠ : તો હું શું કરું ?

આનંદી : અંદર બોલાવી લ્યો. મારી જીભ કપાય, મેં ક્યાં આ ઝઘડો કર્યો !

શ્રીકંઠ : હું નહીં બોલાવું.

આનંદી : પસ્તાશો ! એ ખૂબ ગ્લાનિમય છે. ક્યાંય ભાગી ન જાય.

શ્રીકંઠ ઊઠ્યા નહીં. એટલામાં લાલબિહારીએ ફરી કહ્યું : ભાભી, ભાઈને મારા પ્રણામ કહેજો. મારું મોઢું એ જોવા માગતા નથી એટલે હું એ નહીં દેખાડું.

લાલબિહારી આટલું કહીને પાછો ફર્યો અને એકદમ દરવાજા તરફ વધ્યો.

આનંદી રૂમ બહાર નીકળી અને એનો હાથ પકડ્યો. લાલ-બિહારીએ પાછા વળીને જોયું અને ભીની આંખે બોલ્યો : મને જવા દો.

આનંદી : ક્યાં જાવ છો ?

લાલબિહારી : હું તમારી સાથે રહેવા લાયક નથી.

આનંદી : મારા સમ છે, એક ડગલું વધુ ભર્યું છે તો.

લાલબિહારી : જ્યાં સુધી મને એ ખબર ન પડે કે ભાઈનું મન મારા તરફ સાફ છે ત્યાં સુધી હું આ ઘરમાં કદી પગ નહીં મૂકું.

આનંદી : હું ભગવાનના સોગંદ ખાઈને કહું છું કે તમારા વિષે મારા મનમાં કાંઈ નથી.

શ્રીકંઠ પણ હવે પીગળ્યો. એ બહાર આવીને લાલબિહારીને ગળે વળગી પડચો. બન્ને ભાઈ પેટ ભરીને રોયા. લાલબિહારી હેડકી ખાતાં બોલ્યો : ભાઈ, કદી એવું ન કહેતા કે તારું મોં જોઈશ નહીં. એ સિવાય જે શિક્ષા આપશો એ સહર્ષ સહી લઈશ.

શ્રીકંઠ ધ્રૂજતે અવાજે બોલ્યો : લલ્લુ બધી વાત ભૂલી જા. ઈશ્વર કરશે તો આવો અવસર ફરી કદી નહીં આવે.

બેનીમાધવ સિંહ બહારથી આવતા હતા. બેઉ ભાઈને ભેટેલા જોઈને એ આનંદથી નાચી ઊઠ્યા. બોલ્યા : મોટા ઘરની દીકરી આવી જ હોય. બગડેલું સુધારી લે.

ગામમાં જેમણે આ વાત સાંભળી એ સૌએ આનંદીની ઉદા-રતા આ શબ્દોમાં ગાઈ : ‘ મોટા ઘરની દીકરી આવી જ હોય. ’

# વિદેહી જનક

## [ પુરાણકથા ]

જનકરાજાને એક રાત્રે સ્વપ્ન આવ્યું. દુશ્મનની મોટી સેનાએ રાજધાની મિથિલાની ચારે બાજુએ ઘેરો ઘાલ્યો છે. પોતે યુદ્ધમાં હારીને નાસે છે અને કેટલાય દિવસો સુધી વનમાં આમતેમ ભટકે છે. છેવટે ભૂખના દુ:ખથી વ્યાકુળ થઈ એક શહેરમાં જાય છે. ઘેર ઘેર ભીખ માગીને થોડુંક અનાજ ભેગું કરે છે. રાજમાર્ગની એક બાજુએ એક હાંલ્લીમાં ખીચડી ઓરે છે. ખીચડી ચઢી રહે છે એટલે બજારમાં ઘી માગવા જાય છે. ઈશ્વરકૃપાથી થોડું ઘી મળે છે પણ ખરું. હાથપગ ધોઈ ચૂલા પરથી હાંલ્લી નીચે ઉતારવાનો વિચાર કરે છે એટલામાં ક્યાંકથી બે સાંઢ લડતા લડતા ત્યાં આવી પહોંચે છે. સાંઢની લાતથી હાંલ્લી ગબડી પડે છે અને ફૂટી જાય છે. આમ બધી મહેનત ધૂળમાં મળે છે. કરમની આવી કઠણાઈ જોઈ રાજા ઘણા જ ખિન્ન થાય છે અને પોતાના વૈભવના દિવસોને યાદ કરી અત્યારના દુ:ખના દિવસો સાથે એને સરખાવે છે. એક દિવસ એવો હતો કે જ્યારે દુનિયાની બધી દોલત એમના ચરણ ચૂમતી હતી. આજે એવો દિવસ આવ્યો છે કે જ્યારે એક એક દાણા માટે પણ હવાતિયાં મારવાં પડે છે. પોતાની દુર્દશાનો વિચાર કરતાં કરતાં એમને પોતાનું અંધકારમય ભવિષ્ય દેખાવા લાગ્યું. બધી દિશાઓ શૂન્ય દેખાવા માંડી. જાણે જીવનમાં ડગલે અને પગલે આફતો જ મોં ફાડીને ઊભી છે!

દુ:ખના માર્યા જનકરાજા માથું પકડીને રોવા જતા હતા ત્યાં એમની આંખો ઊઘડી ગઈ. રાજમાર્ગ અને પેલી ભાંગેલી હાંલ્લી હવે અદૃશ્ય થયાં હતાં. શણગારેલા શયનગૃહમાં સોનાના પલંગ પર આરામથી સૂતા હતા. દાસદાસીઓનું

નાનકડું સૈન્ય બાજુમાં હુકમની રાહ જોતું ઊભું હતું—કોઈ પંખો નાખવા માટે તો કોઈ હાથમાં ધોવા ગુલાબજળ આપવા માટે રાજભવનમાં એક બાજુ પ્રભાતિયાં ગવાતાં હતાં તો બીજી બાજુ બ્રાહ્મણો મંગલ જપ કરતા હતા. રાજા પોતાના ઐશ્વર્યને પ્રત્યક્ષ જોઈને આશ્ચર્યમાં પડી ગયા અને આંખો મીંચીને સ્વપ્નમાં જોયેલી વાત પર વિચાર કરવા લાગ્યા. એમના મનમાં સંશય પેદા થયો કે સ્વપ્નમાં જે દીઠું તેને ખરું માનવું કે અત્યારે જે જોઉં છું તેને? લાંબા વખત સુધી તે વિચાર કરતા રહ્યા, પણ કશો નિશ્ચય કરી શક્યા નહિ. ગંભીર સમસ્યા ખડી થઈ હતી.

અનેક જાતના તર્કવિતર્ક કરતા જનકરાજા બેઠા થયા. પ્રાતઃકર્મ પરવારીને રાજસભામાં ગયા. એમણે પંડિતો સમક્ષ 'આ સાચું કે તે?' પ્રશ્ન મૂકી એનો ઉત્તર માગ્યો.

પંડિતોને મૂળ વાતની ખબર જ નહોતી એટલે તેમને માટે આ પ્રશ્ન એક ભારે કોયડો થઈ પડ્યો. પ્રશ્નના એક જ વાક્યથી બધા ગંભીર વિચારણામાં પડી ગયા. રાજાજી તો પ્રશ્નનું મોંમાથુંય બતાવતા નથી. આખા દિવસની મથામણને અંતે પંડિતોએ ઉત્તર સંબંધે વિચાર કરવા માટે થોડા દિવસની મુદત માગી. મુદત મળી. શાસ્ત્રોનાં ભારે મંથન શરૂ થયાં. રાજાએ પણ બહારથી ધુરંધર પંડિતોને બોલાવીને આ કામ સોંપ્યું. પ્રશ્નનો સંતોષકારક ઉત્તર આપ્યા સિવાય કોઈને ઘેર જવાની કે બીજો કોઈ વિચાર કરવાની આજ્ઞા નહોતી.

એક દિવસની વાત છે. પાલખીમાં બેસીને જનકરાજા ફરવા નીકળ્યા હતા. તેમની આગળ ઘોડા પર રાજમંત્રી અને પાછળ સૈનિકો ચાલતા હતા. નગરના મુખ્ય માર્ગો પર ફરીને રાજાએ એક સાંકડી ગલીમાં થઈને જવાનો વિચાર કર્યો. રાજમંત્રી આગળ જઈને લોકોને રસ્તામાંથી ખસી જવાનું કહેવા

લાગ્યો. પાલખી ગલીમાં પ્રવેશી નહોતી ત્યાં તો મંત્રીએ એક ઘણા જ કદરૂપા યુવાનને ગલીમાં બેઠેલો જોયો. મંત્રી બરાડી ઊઠ્યો, 'અરે, કોણ છે તું? ખસી જા. મહારાજાધિરાજની સવારી આવે છે.'

પેલા યુવાને બેઠા બેઠા જ જવાબ આપ્યો, 'તું શું આંધળો છે? જોતો નથી કે અહીં એક માણસ બેઠો છે? હું અહીંથી શા માટે ખસું? તારા રાજા માટે જો રસ્તો સાંકડો પડતો હોય તો એને જઈને કહે કે બીજે કોઈ રસ્તેથી જાય.'

મંત્રીને તો જાણે કોઈએ તમાચો ચોડી દીધો હોય તેવું થયું. તે ખૂબ અકળાઈ ગયા, પણ સત્તાનું પ્રદર્શન ન કરતાં તરત જ પાછા જઈને મહારાજાને પ્રસંગથી વાકેફ કર્યા.

મહારાજાને એ સાંભળીને જરાય નવાઈ ન લાગી. એ સમજી ગયા હતા કે આવો સ્પષ્ટ અને કઠોર જવાબ આપનાર આદમી જરૂર સ્વાભિમાની અને તેજસ્વી હશે. એમણે તેને માનપૂર્વક બોલાવી લાવવા મંત્રીને આજ્ઞા કરી.

રાજમંત્રી નાછૂટકે પેલા યુવકની પાસે ગયા અને વિનયપૂર્વક કહેવા લાગ્યા, 'બ્રહ્મચારીજી, નજીકમાં જ મિથિલા–નરેશ પાલખીમાં બેઠેલા છે અને આપને મળવા બોલાવે છે.'

યુવકે ત્રાંસી નજરે મંત્રી તરફ જોયું અને કઠોર સ્વરે જવાબ આપ્યો, 'જા, તારા રાજાને કહે કે હું તેમને મળવા આવી શકતો નથી. જો તે ન્યાયાસન પર બેઠેલા હોત તો, ગમે તે માણસને પોતાની સમક્ષ બોલાવવાની તેમને સત્તા હોત. પણ અત્યારે તે જાહેર રસ્તા પર ઊભા છે. આમ છતાંય તેઓ પોતાને એક રાજા સમજીને મને એક તુચ્છ અને નિર્બલ વ્યક્તિ તરીકે પોતાની પાસે આવવાની આજ્ઞા કરે છે. આ શું યોગ્ય છે? આવી વ્યક્તિ,

જે પોતે ન્યાયમાર્ગે ચાલી શકતી નથી તે બીજાને એ માર્ગે કેવી રીતે ચલાવશે? રાજાને કહો કે જાહેર સ્થાનમાં તો દરેકના અધિકાર એકસરખા જ હોય છે. હું આ તેમના ગેરવ્યાજબી હુકમનું પાલન કદાપિ કરી શકીશ નહિ.'

મંત્રી ધૂંવાંપૂવાં થતા રાજાની પાસે ગયા અને કહેવા લાગ્યા, 'મહારાજ! તે કાળમુખો ઘણો જ ઉદ્ધત છે. ગડદાપાટુને જ લાયક છે. કહેવાથી તો માનતો નથી. આપની આજ્ઞા હોય તો બાંધીને પકડી લાવું.'

જનકરાજા જરા પણ ગુસ્સે થયા નહિ. તે યુવકની પાસે ગયા અને પૂછયું, 'શ્રીમાન, હું આપની સાથે પરિચય કરવા માગું છું. આપ કોણ છો? અહીં કેમ પધાર્યા છો?'

યુવકે કહ્યું, 'હું બ્રાહ્મણશ્રેષ્ઠ કહોડનો પુત્ર અષ્ટાવક્ર છું. મેં સાંભળ્યું છે કે જનકરાજાના એક જટિલ પ્રશ્નનો ઉત્તર કોઈ પંડિત આપી શક્યો નથી. રાજા એમ વિચારતા લાગે છે કે આ દેશમાં હવે કોઈ વિદ્વાન રહ્યો જ નથી. તેથી હું તેમનો સંશય મટાડી અહીંના વિદ્વાનોનું માન સાચવવા આવ્યો છું.'

જનકરાજાને હર્ષ અને વિસ્મય બંને થયાં. યુવકને બીજે દિવસે રાજસભામાં પધારવાનું આમંત્રણ આપીને પાછા વળી ગયા. બીજે દિવસે સભા સમયે અષ્ટાવક્ર રાજસભામાં ગયા. પચાસેક શાસ્ત્રશૂરા પંડિતો રાજાની બાજુમાં બેઠા હતા. અષ્ટાવક્રને જોઈને એ બધા ખડખડાટ હસી પડ્યા. એક તો નાની ઉંમર અને વધારામાં કૂબડું શરીર. અષ્ટાવક્રનું ઠીંગણું શરીર આઠ સ્થળે વાંકુંટેડું, બેડોળ અને બદસિકલ હતું. સૌભાગ્યની વાત કે આવા મહાપુરુષ પંડિતોની કીર્તિ જાળવવા આવી પહોંચ્યા હતા!

બધાને હસતા જોઈ અષ્ટાવક્ર પણ ખડખડાટ હસવા લાગ્યા. જનકરાજાને ઘણી નવાઈ લાગી. અષ્ટાવક્રનો સત્કાર કરી તે બોલ્યા,

'વિપ્રવર, આ પંડિતોને તો હસવાનું કારણ છે, પણ આપ જે હસ્યા તેનું કારણ મારા સમજવામાં આવતું નથી.'

અષ્ટાવક્રે કહ્યું. 'મહારાજ, હું આ મૂર્ખ મંડળીને જોઈને હસું છું. આવા મૂર્ખાઓની મદદથી તમે આવડું મોટું રાજ્ય શી રીતે ચલાવો છો ? તેમનામાં નથી કશી બુદ્ધિ કે નથી કશો વિવેક. એમનામાં બુદ્ધિ કે વિવેક હોત તો તેઓ મારા બાહ્ય સ્વરૂપને જોઈને હસ્યા ન હોત. જ્ઞાની માણસોનો પરિચય એનાં બાહ્ય અંગોથી નહિ પરંતુ એની બુદ્ધિથી થાય છે. ભૂખ્યો માણસ કેવા પાત્રમાં ભોજન પીરસ્યું છે તે તરફ ન જોતાં ભોજન તરફ જુએ છે. તરસ્યો માણસ સારાખોટા જલપાત્રની પંચાતમાં પડતો નથી, પણ પાણી તરફ ધ્યાન આપે છે. મને ખેદ થાય છે કે પંડિત કહેવાતા આ જીવોને માણસની પરીક્ષા કરતાં પણ આવડતું નથી. મારું તો માત્ર શરીર જ વાંકુંચૂકું છે પણ આમની તો બુદ્ધિને જ પક્ષાઘાત થયો છે. રાજન, મારા હસવાનું કારણ આ છે.'

આ લપડાકથી પંડિત વર્ગનાં મોં પડી ગયાં. એમને વધુ છોભીલા ન પાડતાં અષ્ટાવક્રે રાજાને તેમનો પ્રશ્ન પૂછવા કહ્યું. રાજાએ પ્રશ્ન કહી સંભળાવ્યો : 'આ સાચું કે તે ?'

અષ્ટાવક્ર ક્ષણભર મૌન રહ્યા. પછી હસીને કહેવા લાગ્યા, 'રાજન, જેવું આ છે તેવું જ તે પણ છે'.

રાજા : 'આપના આ ઉત્તરથી મારી શંકાનું સમાધાન થયું નહિ.'

અષ્ટાવક્ર : 'મહારાજ તમારા પ્રશ્નનો ખરો ઉત્તર આ જ છે. તમારો દોષ એ છે કે તમને શંકા ઉત્પન્ન થઈ એ સીધી સાદી વાતને સ્પષ્ટ શબ્દોમાં ન કહેતાં ગોળ ગોળ શબ્દોમાં કહીને એને કોયડો બનાવી દીધો. જો આ પંડિતો આગળ તમે તમારી વાત

સ્પષ્ટ રૂપમાં મૂકી હોત તો સંભવ છે કે તેમાંથી એકાદે તમારા ચિત્તનો ભ્રમ દૂર કર્યો હોત. હવે તમે તમારા પ્રશ્નની મૂળ વાત જણાવો પછી હું મારા ઉત્તરની સ્પષ્ટતા કરીશ.'

જનકરાજાએ સ્વપ્નની બધી વાત અષ્ટાવક્રને કહી સંભળાવી અને કહ્યું, 'પંડિતવર, હવે કહો કે હું સ્વપ્નમાં જોયેલા જીવનને સત્ય માનું કે મારા આ પ્રત્યક્ષ જીવનને ?'

અષ્ટાવક્ર : 'મેં બરાબર ઉત્તર આપ્યો છે. બંને જીવનમાં કશો ફરક નથી. જેવું સ્વપ્ન હતું તેવો જ આ સંસાર પણ છે. સ્વપ્ન અને સંસારમાં તફાવત એટલો છે કે એકની અસારતા તરત જ જણાય છે જ્યારે બીજાની લાંબી મુદતે. હું માનું છે કે સંસારની અનિત્યતા સમજાવવા માટે જ ઈશ્વરે સ્વપ્નસૃષ્ટિની રચના કરી છે.'

અષ્ટાવક્રના ઉત્તરથી રાજાના મનનું કંઈક સમાધાન થયું. તેમણે પૂરેપૂરું સમાધાન મેળવવા પૂછ્યું, 'મુનિજી, જો આ બધું ખરેખર મિથ્યા જ હોય તો પછી સત્ય શું છે ?'

અષ્ટાવક્ર : 'સત્ય કેવળ એ છે કે જે આ બધી બાબતોને અનુભવી શકે છે. તેને ઓળખવાનો પ્રયત્ન કરો. તેનું નામ છે બ્રહ્મ અથવા આત્મા. એનું જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી માણસ ગૂંચવણોમાં પડતો નથી.'

જનકરાજાને ખાતરી થઈ કે અષ્ટાવક્ર ઉંમરમાં અને શારીરિક વિકાસમાં નાના હોવા છતાંય વિદ્યા, બુદ્ધિમાં મહાન છે. ઉત્તમ સદ્‌ગુરુ છે. એમણે શ્રદ્ધાપૂર્વક, જ્ઞાનોપદેશ કરવાની તેમને વિનંતિ કરી. અષ્ટાવક્રે કહ્યું, 'રાજન, અત્યાર સુધી મેં તમને જે જ્ઞાન આપ્યું તેની પહેલાં ગુરુદક્ષિણા આપો અને પછી વધારેની ઇચ્છા કરો.'

જનકરાજાએ તરત જ હીરા, મોતી અને સોનાથી ભરેલા અનેક થાળ મંગાવ્યા અને અષ્ટાવક્રની આગળ મૂક્યા. પણ અષ્ટાવક્રે આ બધી રાજસંપત્તિનો અસ્વીકાર કરીને કહ્યું, 'રાજા જનક, હું અહીં ધન કે માનના લોભથી આવ્યો નથી. મારે એટલું જ સાબિત કરવું હતું કે આપણો દેશ વિદ્વત્તા પરવારી ચૂક્યો નથી. મારા ઉપદેશથી તમને ખરેખર સંતોષ થયો હોય તો હું માગણી કરું તે આપો.'

રાજાએ હા પાડી એટલે અષ્ટાવક્રે કહ્યું, 'તમે તમારાં તન, મન અને ધન ત્રણેય મને અર્પણ કરો.'

રાજાએ પૂરેપૂરું આત્મસમર્પણ કરી દીધું. બન્યું એવું કે તે જ વખતે એક અત્યંત દુઃખી ગરીબ બ્રાહ્મણ દુઃખ રોતો રાજસભામાં આવી પહોંચ્યો. રાજાને તેના દુઃખની હકીકત પૂછવાનું મન થઈ આવ્યું. પણ તરત જ સાંભરી આવ્યું કે પોતે સર્વસ્વ અર્પણ કરી ચૂક્યો છે. હવે સ્વેચ્છાપૂર્વક બોલી પણ શકાય નહિ. રાજા ચૂપ રહ્યા. બ્રાહ્મણે પોતાની કષ્ટકથા કહીને રાજાની પાસે ધનની યાચના કરી. રાજાને થયું કે સામે ધન પડયું છે તેમાંથી થોડુંક એને આપું. પણ તરત જ સાંભર્યું કે ધન ઉપર પણ હવે બીજાનો અધિકાર છે. તે ચૂપ બેસી રહ્યા. રાજાનું આવું વર્તન જોઈને બ્રાહ્મણે ભરી સભામાં ફિટકાર વરસાવ્યો. રાજાને ઘણું દુઃખ થયું. પણ હું તો મારું મન અર્પણ કરી ચૂક્યો છું, એટલે હવે કોઈની સારીનરસી વાતો સાંભળીને મનને ઉત્તેજિત થવા દેવાય નહિ, એમ વિચારીને રાજા સ્વસ્થચિત્ત રહ્યા.

અષ્ટાવક્ર આ ખેલ જોઈ રહ્યા હતા. તેમણે રાજાને પૂછયું 'તમે કોણ છો?'

રાજાએ કહ્યું, 'જનક.'

અષ્ટાવક્રે પૂછ્યું, 'આ શરીરમાં જનક ક્યાં રહે છે—પેટમાં, પગમાં, માથામાં કે મોંમાં ?'

જનકરાજા જવાબ આપી ન શક્યા. અષ્ટાવક્રે કહ્યું, 'હવે તમને બ્રહ્મજ્ઞાનનું રહસ્ય સમજાયું હશે.'

મારી અંદર મારું કશું નથી, એ ભાવનો અનુભવ કરતા જનકરાજા બોલ્યા, 'ગુરુદેવ, હું સર્વસ્વ ત્યાગીને વનમાં જવા ઇચ્છું છું. અહીં રહેવાની જરાય ઇચ્છા નથી.'

અષ્ટાવક્રે કહ્યું, 'હવે તમારી પાસે બાકી શું રહ્યું છે કે તેનો ત્યાગ કરીને સંન્યાસ લેશો ?'

જનકરાજા નિરુત્તર થઈ ગયા. અષ્ટાવક્રે ફરી કહ્યું, 'હે જનકરાજા, તમે અર્પણ કરેલાં તન, મન, ધન હવે તમારાં ન સમજતાં મારાં જ સમજો. તમારું સર્વસ્વ હવે પારકું થઈ ચૂક્યું છે. તેની મમતા છોડો અને મારી વાત ધ્યાનથી સાંભળો. કોઈ માણસ પોતાની થાપણ બીજાને સાચવવા સોંપે છે તેવી રીતે તમારું સર્વસ્વ તમારા હાથમાં સોંપું છું. તમારાં તન, મન, ધનને તમારાં પોતાનાં નહિ પણ પારકી થાપણ સમજી તેનું કાળજીથી રક્ષણ કરો. અભિમાનનો ત્યાગ કરી પોતામાં સૌને અને સૌમાં પોતાને જુઓ તમારા જેવા લોકનેતાઓનો આ જ રાજધર્મ છે, અને આ જ બ્રહ્મજ્ઞાન છે. દેહધારી હોવા છતાં તમે વિદેહી બનો અને એકાગ્ર ચિત્તે કર્તવ્યકર્મ કરો.'

# ન્યાયમંત્રી

અનુવાદક : શ્રી. હીરાલાલ પો. શાહ

આ ઘટના આજથી ૨૫૦૦ વર્ષ અગાઉની છે. એક દિવસ સંધ્યાટાણે જ્યારે આકાશમાં વાદળાંની દોડધામ થઈ રહી હતી, ત્યારે બુદ્ધગયા નામના ગામમાં શિશુપાલ બ્રાહ્મણને બારણે એક પરદેશી આવીને ઊભો અને નમ્રતાથી પૂછવા લાગ્યો: 'આજની રાત ગુજારવા માટે મને થોડીક જગ્યા મળશે?'

શિશુપાલ આખા ગામમાં સૌથી વધુ ગરીબ હતો. ભયંકર ગરીબાઈએ ભૂખ્યા બળદની જેમ એના શરીરનું હાડપિંજર બનાવી મૂક્યું હતું. થોડીક જમીન ઉપર તેની આજીવિકા ચાલતી હતી, છતાં પણ પરદેશીને બારણે ઊભેલો જોઈ, સૂર્યનો ઉદય થતાં કમળ ખીલે તેમ તેનું મોં ખીલી ઊઠ્યું. તેણે પ્રસન્નવદનથી જવાબ આપ્યો : 'મારાં અહોભાગ્ય છે! આવો પધારો. અતિથિની ચરણરજથી મારું આંગણું પવિત્ર બનશે.'

પરદેશી અને બ્રાહ્મણ બંને અંદર ગયા. ભારતવર્ષમાં અતિથિસત્કારની પ્રણાલિકા પ્રચલિત હતી. શિશુપાલના પુત્રે મહેમાનની આગતાસ્વાગતા કરી. પરદેશી મુગ્ધ બની ગયો. એણે બ્રાહ્મણને કહ્યું : 'તમારો પુત્ર ખૂબ કામમાં આવે તેવો છે, એની સેવાથી હું ખૂબ પ્રસન્ન થયો છું.'

કોઈએ સર્પને છૂટો મૂક્યો હોય તેવી રીતે શિશુપાલે માથું ઊંચક્યું, ભ્રૂકુટિ ચડાવી જવાબ આપ્યો : 'તમે મારા મહેમાન છો, નહિ તો બ્રાહ્મણ આવા શબ્દો સાંભળી શકે?'

પરદેશીને પોતાની ભૂલ માટે શરમ ઊપજી. તે બોલ્યો : 'ક્ષમા માગું છું, મારા કહેવાની એવી મતલબ નહોતી; પરંતુ હવે એ જમાનો ક્યાં રહ્યો છે? એવા બ્રાહ્મણ પણ ક્યાં રહ્યા છે? એ તો શોધ્યા જડતા નથી!'

શિશુપાલે ઉત્તર આપ્યો : 'બ્રાહ્મણ તો આજે પણ હયાત છે. ઊણપ તો ફક્ત સાચા ક્ષત્રિયોની છે.'

'તમારી વાત હું ન સમજી શક્યો.'

શિશુપાલે એક લાંબું એવું પ્રવચન શરૂ કરી દીધું. સાંભળતાં તો પરદેશી ચકિત થઈ ગયો. બ્રાહ્મણની વાતો એવી તો તર્કશુદ્ધ અને પ્રભાવશાળી હતી કે પરદેશી એના પર મુગ્ધ બની ગયો. આવા નાના ગામમાં આવો વિદ્વાન, આવો તત્ત્વદર્શી પંડિત વસતો હશે એવી એને કલ્પના સુદ્ધાં ન હતી. એણે શિશુપાલની અણીશુદ્ધ તર્કબુદ્ધિ અને રાજકારભારનું વિશાળ જ્ઞાન જોઈને કહ્યું : 'મને ખબર નહોતી કે કાદવમાં ફૂલ ખીલ્યું છે. મહારાજ અશોકને ખબર પડે તો તમોને કોઈ ઊંચી પદવી આપે.'

શિશુપાલના સુકાયેલા હોઠ ઉપર હાસ્યની રેખા ફરકી ગઈ. જેનું અંતઃકરણ વ્યથા અનુભવી રહ્યું હોય, આંખોમાંથી આંસુ વહેતાં હોય, માથું ઠેકાણે ન હોય, એના હોઠ પરનું હાસ્ય સ્મશાનમાં ચાંદની કરતાંયે વધુ ભયાનક માલૂમ પડે છે. શિશુપાલની આંખો નીચે ઢળી પડી. થોડાક સમય બાદ એણે માથું ઊંચું કર્યું અને કહ્યું : 'હમણાં હમણાં ઘોર અન્યાય થઈ રહ્યો છે. એ જોઉં છું અને મારું લોહી ઊકળી ઊઠે છે.'

પરદેશીએ લાગ જોઈને જવાબ આપ્યો : 'વાઘબકરી એક ઘાટ પર પાણી પીએ છે!'

'એ વાત રહેવા દો. હું બધું જાણું છું.'

'દોષ જોવો સહેલો છે પણ કંઈ કરી બતાવવું કઠણ છે.'

શિશુપાલે આગ પર પડેલાં પાંદડાંની માફક ચચણી ઊઠી જવાબ આપ્યો : 'તક મળે તો બતાવી દઉં કે ન્યાય કોને કહેવાય ?'

'તો તમારે તર્ક જોઈએ છે ?'

'હા, તર્ક ઝંખું છું.'

'તો પછી અન્યાય નહિ થાય ?'

'કદાપિ નહિ !'

'કોઈ ગુનેગાર સજાથી નહિ છટકે ?'

'અસંભવિત !'

પરદેશીએ ધીરેથી કહ્યું : 'એ સહેલું નથી હો !'

બ્રાહ્મણને માટે કશું જ કઠણ નથી. હું ન્યાયનો પડો વગાડી બતાવીશ.'

પરદેશીના મોં પર સ્મિત અને આંખોમાં જ્યોતિ ચમકતી હતી. એણે હસીને જવાબ આપ્યો : 'હું અશોક હોત તો તમારી ઇચ્છા પૂરી કરત !'

•

બીજે દિવસે મહારાજા અશોકના દરબારમાં શિશુપાલને બોલાવવામાં આવ્યો. આ સમાચાર ગામમાં આગની માફક ફેલાઈ ગયા. અશોકના રાજ્યાસનનો પ્રારંભકાળ હતો અને દમનનીતિની શરૂઆત થઈ ચૂકી હતી. મહારાજા ત્યારે એવા ક્રૂર અને નિર્દય હતા કે શું બ્રાહ્મણ કે શું સ્ત્રી, સૌ કોઈને ફાંસી પર ચઢાવી દેતા. એની ક્રૂર નજરથી ભલભલા વીરોના પ્રાણ સુકાઈ જતા. લોકોને લાગ્યું કે શિશુપાલને માટે આ તેડું મોતનો સંદેશ છે. શિશુપાલ હવે જીવતો પાછો નહિ ફરે એવી એમની ખાતરી થઈ ગઈ. શિશુપાલનાં સગાંવહાલાં પર તો દુઃખનો પહાડ તૂટી પડ્યો અને તેઓ પોકેપોક મૂકી રડવા લાગ્યાં. લોકોએ શિશુપાલને હિંમત આપવા માંડી; પરંતુ શિશુપાલ તો નિર્ભય હતો. તે કહેવા લાગ્યો : 'મેં કોઈ અપરાધ નથી કર્યો. રાજ્યના કાયદાનો

ભંગ નથી કર્યો તો મને કોઈ કેવી રીતે ફાંસીએ ચડાવશે? અને રાજા એવો અન્યાયી અને આંધળો ન બની શકે, કે નિર્દોષ બ્રાહ્મણને દુઃખ દેવા માંડે.' સમુદ્રમાં શિલાની જેમ તે દુઃખ અને કષ્ટના ઝપાટામાં અડગ અને મૌન ઊભો હતો. તેણે પુત્ર અને સ્રીને સમજાવ્યાં અને પાટલીપુત્ર તરફ પ્રયાણ કર્યું.

સાંજ પડી ગઈ હતી. શિશુપાલ પાટલીપુત્ર પહોંચ્યો અને એને રાજમહેલમાં લઈ જવામાં આવ્યો. ત્યાં સુધી તો એને કોઈ વાતની ભીતિ નહોતી, પરંતુ રાજમહેલની ચમકદમકે એના ઉપર ભય છવાઈ ગયો. આછા જળમાં માનવી નિર્ભય રહી શકે છે, પરંતુ ઊંડાણમાં પહોંચતાં ગભરાટ અનુભવવા માંડે છે. હૃદયમાં વિચારપરંપરા શરૂ થઈ:

'કોઈએ કંઈ ચાડીચૂગલી તો નહિ કરી હોય ને? મનમાં આવે છે એમ બેધડક બોલી નાખું છું એનું ફળ તો નહિ ભોગવવું પડે ને? દુશ્મનો ક્યાં ઓછા છે?' વળી વિચાર આવતો: 'પેલો પરદેશી કોણ જાણે કોણ હશે! સંભવ છે કોક જાસૂસ હોય અને આ આગ એણે જ ચાંપી હોય, તો એણે જ બધું બાફી દીધું હશે. કેવી મૂર્ખાઈ મેં કરી! આમ અજાણ્યા સાથે છૂટી જીભે વાતો કર્યા કરવાથી આજે હવે હું પસ્તાઉં છું!' ફરી પાછો વિચાર આવતો: 'ના, ના એમ નહિ હોય, મારી ગરીબાઈની વાત રાજાને કાને પહોંચી હશે એટલે એણે મને તેડવા માણસ મોકલ્યો હશે. એમ જ હશે!' આ વિચારથી તો એનું હૃદયકમળ ખીલી ઊઠયું અને બીજા પ્રકારના વિચારથી પાછું કરમાઈ જતું. એવામાં પ્રતિહારીએ કહ્યું: 'મહારાજ પધારે છે!'

શિશુપાલના હૃદયના ધબકારા વધી ગયા. પ્રાણ કંઠે આવ્યો હોય એવી લાગણી શરીરમાં પ્રસરી વળી. રાજાના પ્રતાપનો એને પહેલી વાર અનુભવ થયો. એની દૃષ્ટિ દરવાજા તરફ

જડાઈ ગઈ. રાજકીય ઠાઠથી મહારાજા અશોકે ઓરડામાં પ્રવેશ કર્યો અને હસતાં હસતાં બોલ્યો : 'ભૂદેવ ! મને તો તમે ઓળખી શક્યા હશો !'

શિશુપાલ ગભરાઈને ઊભો થઈ ગયો. એનું રોમેરોમ કંપી રહ્યું હતું : 'આ તો પરદેશી !'

હા, આ તો પેલો પરદેશી જ! શિશુપાલ કંપી ઊઠ્યો. શિયાળાની એક રાત્રે બ્રાહ્મણને ઘેર આશ્રય લેવા આવનાર પરદેશી ભારતનો સમ્રાટ હશે એવું કોણ જાણતું હતું ? શિશુપાલે સ્વસ્થતા પ્રાપ્ત કરી લીધી અને કહ્યું : 'મને ખબર નહોતી કે આપ મહારાજ છો, નહિ તો હું એમ છૂટથી વાતચીત ન કરત.'

મહારાજા અશોકે હુંકારો ભણ્યો.

'પણ મેં કોઈ વાત મીઠુંમરચું ભભરાવીને કહી નહોતી.'

'હં !'

'હું એના પુરાવા આપી શકું તેમ છું.'

'હું નથી માગતો.' મહારાજે કહ્યું.

'તો મને શી આજ્ઞા છે ?'

'હું તમારી પરીક્ષા કરવા માગું છું.'

શિશુપાલના હૃદયમાં એકાએક વિચાર ઊઠ્યો : 'શું સ્વપ્ન સાચું પડશે ?'

મહારાજે કહ્યું : 'તમે કહ્યું હતું ને કે મને એ તક આપવામાં આવે તો હું ન્યાયનો ડંકો વગાડી બજાવું. હું હવે તમારા વચનની પરીક્ષા કરવા માગું છું—છો ને તૈયાર ?'

શિશુપાલે હંસની જેમ ગરદન ઊંચી કરી અને કહ્યું : 'હા, મહારાજની આ જ ઇચ્છા છે તો હું તૈયાર છું.'

'તો કાલે પ્રભાતથી ન્યાયમંત્રી તરીકે તમારી નિમણૂક કરવામાં આવે છે. આખા નગર ઉપર તમારી આણ વર્તશે.'

‘જેવી આજ્ઞા!’

‘પાટલીપુત્રનો દરેક સિપાઈ તમારે આધીન રહેશે અને નગરમાં સુવ્યવસ્થા રાખવાની જવાબદારી તમારી રહેશે.

‘જેવી આજ્ઞા!’

‘અને જો કોઈ અનિચ્છનીય બનાવ બન્યો અથવા કંઈ હત્યા બની તો તેની જવાબદારી પણ તમારા ઉપર!’

‘જેવી આજ્ઞા!’

મહારાજ થોડોક વખત મૌન રહ્યા અને ત્યારબાદ આંગળીથી રાજમુદ્રા ઉતારીને બોલ્યા : ‘આ રાજમુદ્રા છે. તમને કાલ પ્રાતઃકાળના પ્રથમ કિરણની સાથે સાથે જ ન્યાયમંત્રીપદ મળી ગયું હશે. હું એ જોવા માગું છું કે તમે કેવી રીતે તમારી જાતને સફળ રાજ્યકર્તા તરીકે સાબિત કરી બતાવો છો?’

•

એક મહિનો વીતી ગયો. ન્યાયમંત્રીના ન્યાય અને સુવ્યવસ્થાની તો ચારે દિશામાં વાહવાહ થઈ રહી હતી. એમ જણાતું હતું કે શિશુપાલે નગર ઉપર જાણે જાદુ કર્યું હતું. સાપને વાંસળી બજાવી મદારી વશ કરે તેમ શિશુપાલે ચોર-ડાકુઓને વશ કરી લીધા હતા. લોકો દરવાજા ખુલ્લા મૂકીને સૂતા. ચોરીનું તો નામનિશાન નહિ. કોઈને દાદ-ફરિયાદ કરવાની હતી નહિ. શિશુપાલનો ન્યાય ‘આંધળો’ અને ‘બહેરો’ હતો. ન કોઈના મોની શરમ એને આડે આવતી કે ન કોઈની ભલામણ એના કાન સુધી પહોંચી શકતી. તે તો ગુનેગારને દંડપાત્ર લેખતો અને શિક્ષા કરતો. નગરની સૂરત જોતજોતાંમાં તો બદલાઈ ગઈ.

રાત્રિનો સમય હતો. આકાશમાં તારા ટમટમી રહ્યા હતા. એક રાજકર્મચારીએ એક વિશાળ ભવનનો દરવાજો ખખડાવ્યો. ડોકાબારીમાંથી એક સ્ત્રીએ માથું બહાર કાઢી પૂછ્યું : ‘કોણ છે?’

'હું છું–દરવાજો ખોલ.'

'પરંતુ તે તો અહીં નથી.'

'કંઈ પરવા નહિ; તું દરવાજો ખોલ.'

સ્ત્રીએ કંઈક વિચાર કરી જવાબ આપ્યો: 'હું નથી ખોલતી. તમે અત્યારે પાછા જાઓ.' કર્મચારીએ ક્રોધમાં આવી કહ્યું: 'દરવાજો ખોલ, નહિ તો હું તોડી નાખીશ.'

સ્ત્રીએ જવાબ આપ્યો: 'જાણતા નથી, નગરમાં શિશુપાલનું રાજ્ય છે. હવે આવી રીતે બળાત્કાર કરવાના દિવસો રહ્યા નથી.'

કર્મચારીએ તલવાર કાઢી દરવાજા પર આક્રમણ કર્યું. એવામાં એક પહેરેગીરે આવીને એનો હાથ પકડી લીધો અને કહ્યું: 'શું કરો છો?'

વરુ બકરાની સામે જોઈ ઘૂરકે તેમ કર્મચારીએ પહેરેગીર સામે ગરજીને કહ્યું: 'તું કોણ છે?'

'હું પહેરેગીર છું'

'તને કોણે નીમ્યો છે?'

'ન્યાયમંત્રીએ.'

'ગાંડપણ ન કર, હું એને પણ માટીમાં ભેળવી શકું છું.'

પહેરેગીરે હિંમત કરી ઉત્તર આપ્યો: 'પણ આ સમયે ખુદ મહારાજા અશોક પણ આવી જાય તોપણ હું પાછો હઠનાર નથી.'

'શું કામ મૃત્યુને આમંત્રે છે?'

'મેં તો વચન લીધું છે અને પૂર્ણ કરીશ.'

'કોને વચન આપ્યું છે?'

'ન્યાયમંત્રીને.'

'શું?'

'એ કે જ્યાં સુધી શરીરમાં પ્રાણ છે અને જ્યાં સુધી તનમાં લોહીનું એક ટીપું બાકી છે, ત્યાં સુધી કર્તવ્યમાંથી એક ડગલું પાછું નહિ હઠું.'

કર્મચારીએ મ્યાન બહાર તલવાર કાઢી, પહેરેગીરે પાછળ ખસી કહ્યું : 'તમે ભૂલ કરી રહ્યા છો. હું નોકરી ઉપર છું.'

પરંતુ કર્મચારીએ સાંભળ્યું ન સાંભળ્યું કર્યું અને તલવાર ઝીંકી. પહેરેગીર પણ સજ્જ થઈ ગયો. પણ તે તો શિખાઉ યોદ્ધો હતો. પહેલે જ ઝાટકે નીચે પડ્યો અને એનું પ્રાણપંખેરું ઊડી ગયું. કર્મચારીનું લોહી સુકાઈ ગયું. ખૂની હાથ–કંપારી અનુભવવા લાગ્યો. પહેરેગીરનું આમ મરણ થાય એવી તેની ઇચ્છા નહોતી, એ તો તેને ભયભીત કરવા માગતો હતો, પણ ઘા મર્મસ્થાન પર લાગી ગયો અને લાશ રફેદફે કરીને ત્યાંથી ખૂની નાસી છૂટ્યો !

•

સવારે તો સારાયે નગરમાં આ ઘટના ચર્ચાનો વિષય બની ગઈ. લોકો વિમાસણમાં પડી ગયા. કેવું દુઃસાહસ ! પોલીસના માણસને મારી નાખ્યો અને તે પણ શિશુપાલના રાજ્યમાં ! રાજધાનીમાં સનસનાટી છવાઈ ગઈ. પોલીસના માણસો ચારેકોર દોડધામ કરવા લાગ્યા. જીવનમરણનો પ્રશ્ન હતો. ન્યાયમંત્રીએ પણ આ ઘટનાનું મૂળ પકડવા દિવસરાત એક કરવા માંડ્યાં. આવો બનાવ પહેલી જ વાર બન્યો હતો. ખાવાપીવાનું ભાન તે વીસરી ગયો. આંખોમાંથી ઊંઘ અદૃશ્ય થઈ. ખૂનીની શોધ-ખોળમાં કંઈ કચાશ ન રાખી, પણ શૂન્ય !

અસફળતાનો એક એક દિવસ અશોકના ક્રોધાગ્નિને વધુ ને વધુ પ્રજ્વલિત કરી રહ્યો હતો. એ કહેતા : 'ન્યાયની ડંફાશ તો જોરશોરથી મારતા હતા અને આ શું બન્યું ?'

ન્યાયમંત્રીને શરમથી નીચું માથું ઢાળી દેવું પડતું. મહારાજ પૂછે : 'ખૂની ક્યારે પકડાશે ?'

ન્યાયમંત્રી ઉત્તર આપે : 'પ્રયત્ન તો કરી રહ્યો છું જલદી પકડાવો જોઈએ.' અને મહારાજ કેટલાક દિવસ ચૂપ રહી ફરી પાછા પૂછે : ખૂની પકડાયો ?'

'જી ના !'

મહારાજનો ક્રોધ ભભૂકી ઊઠતો. આંખોમાંથી આગની ચિનગારીઓ ઊડતી. વાદળની જેમ ગર્જીને તે તડૂકી ઊઠતા : 'આ 'ના' સાંભળી–સાંભળીને તો મારા કાન પાકી ગયા !'

આમ ને આમ એક અઠવાડિયું વીતી ગયું. પણ ખૂનીનો પત્તો નહોતો લાગતો. આખરે મહારાજ અશોકે શિશુપાલને બોલાવી કહી દીધું : 'તમને ત્રણ દિવસની મહેતલ આપું છું અને એ દરમિયાન ખૂની ન પકડાયો તો તમારો શિરચ્છેદ સમજજો.'

આ સમાચારથી તો નગરમાં હાહાકાર મચી ગયો. એક મહિનામાં તો શિશુપાલ લોકપ્રિય બની ગયો હતો. એના ન્યાયની ચોમેર છાપ પડી હતી. લોકો મહારાજને ગાળો દેવા લાગ્યા. ચાર માણસ એકઠા થાય ત્યાં ચર્ચાનો વિષય આ જ હોય. 'ગમે તેમ થાઓ પણ શિશુપાલનો વાળ વાંકો ન થવો જોઈએ. એનો બિચારાનો શો દોષ ?' શિશુપાલ પણ ખૂબ ઉત્સુકતાથી ખૂનીની શોધમાં આકાશપાતાળ એક કરી રહ્યો હતો. પણ વ્યર્થ ! આખરે ત્રીજો દિવસ આવ્યો. થોડાક જ કલાકની વાર હતી.

રાતનો સમય હતો પણ શિશુપાલની આંખમાં નિદ્રા નહોતી. ભીડભરેલા બજારમાં તે ફરી રહ્યો હતો. એવામાં એક મકાનની બારી ખૂલી અને એક સ્ત્રીએ બહાર ડોકિયું કર્યું. સ્ત્રીએ એને પૂછયું : 'તમે કોણ છો ? પહેરેગીર ?'

નિરાશાના ઘોર અંધકારમાં આશાનું કિરણ ચમક્યું શિશુપાલે ઉત્તર આપ્યો : 'ના, હું ન્યાયમંત્રી છું.'

'તો જરા ઊભા રહેજો.'

થોડીક વારમાં દરવાજો ઊઘડ્યો ન્યાયમંત્રીને અંદર લેવામાં આવ્યા અને પેલી અપરિચિત સ્ત્રી બોલી: 'આજ છેલ્લી રાત છે ને?'

ન્યાયમંત્રીએ તીક્ષ્ણ નજરે સ્ત્રી તરફ જોયું અને કહ્યું: 'હા, છેલ્લી!' શબ્દો સાધારણ હતા પણ એનો અર્થ સાધારણ નહોતો. સ્ત્રી સળવળાટ કરતી ઊભી થઈ ગઈ અને બોલી.: 'હું આ બનાવને સારી પેઠે જાણું છું!'

શિશુપાલના મૃત દેહમાં પ્રાણસંચાર થયો. તે બોલી ઊઠ્યો : 'કહો.'

'રાતનો સમય હતો. ખૂનીએ આ જ ભવનનો દરવાજો ખખડાવ્યો. એ અહીં ઘણી વાર આવતો હતો.'

'પણ શા માટે?'

'એનું આચરણ સારું નથી.'

'અને પછી?'

'મેં જવાબ આપ્યો: 'જેને માટે તમે આવ્યા છો એ અહીં નથી. પરંતુ એણે એ વાત ન માની અને દરવાજો તોડવા તૈયાર થયો. પહેરેગીરે એને રોક્યો અને બિચારો તલવારનો ભોગ થઈ પડ્યો.'

'પણ એ ખૂની છે કોણ?'

સ્ત્રીએ એમના કાનમાં કંઈક કહ્યું અને ગભરાઈને કબૂતરની જેમ ચારે બાજુએ નજર ફેરવી.

બીજે દિવસે દરબારમાં તલમાત્ર જગ્યા રહી નહોતી. આજે ન્યાયમંત્રીનું ભાગ્યનિર્માણ થવાનું હતું. અશોકે સિંહાસન ઉપર પગ મૂકતાં જ કહ્યું : ‘ન્યાયમંત્રી !’

શિશુપાલ સન્મુખ આવી ઊભો રહ્યો. તેના મુખારવિંદ પર ચિંતા કે અશાંતિનું ચિહ્ન નહોતું. મહારાજે પૂછ્યું : ‘ખૂનીનો પત્તો લાગ્યો ?’

ન્યાયમંત્રીએ હિંમતથી જવાબ આપ્યો : ‘હા !’

‘રજૂ કરો.’

ન્યાયમંત્રીએ નીચું માથું ઢાળીને સહેજ વિચાર કર્યો. આ સમયે એના હૃદયમાં બે વિરોધી શક્તિઓ વચ્ચે તુમુલ ઘમસાણ થઈ રહ્યું હતું એમ એના મોં પરથી જણાઈ આવતું હતું. પછી એકદમ એણે દૃઢ સંકલ્પથી માથું ઊંચું કર્યું અને એક ઊંચા અધિકારી સામે જોઈ કહ્યું : ‘ધનવીર !’

‘શ્રીમન્ !’

‘ગિરફ્તાર કરો, હું આજ્ઞા કરું છું.’

ઇશારો મહારાજની પ્રતિ હતો. રાજદરબારમાં નિઃસ્તબ્ધતા છવાઈ ગઈ. અશોકનો ચહેરો તપેલા તાંબાની જેમ લાલચોળ થઈ ગયો. આંખોમાંથી અગ્નિ-તણખા ઝરવા માંડ્યા. એ તતડી ઊભા થઈ ગયા અને બોલી ઊઠ્યા : ‘અરે બ્રાહ્મણ ! આટલી બધી તારી હિંમત ?’

ન્યાયમંત્રીએ જાણે કશું જ સાંભળ્યું નથી એવો ભાવ રાખીને ફરીથી શબ્દો ઉચ્ચાર્યા : ‘હું આજ્ઞા કરું છું, ગિરફ્તાર કરો.’

ધનવીર પૂતળાની માફક આગળ વધ્યો. દરબારીઓના શ્વાસ અધ્ધર ટંગાઈ ગયા. મહારાજ સિંહાસનથી નીચે ઊતરી આવ્યા. ન્યાયમંત્રીએ કહ્યું : ‘આ ખૂની છે. મારા ન્યાયાલયમાં રજૂ કરો.’

ધનવીરે અશોકને હાથકડી પહેરાવી અને શિશુપાલની અદાલત તરફ લઈ આવ્યો. અહીં તો આખું નગર ઊભરાયું હતું. શિશુપાલે આજ્ઞા આપી : 'અપરાધી સારા કુળના છે એટલે એકલા જ એમની તપાસ થશે.'

મહારાજ અશોકે સંકેત કર્યો એટલે મંત્રીમંડળ પાછળ હઠી ગયું. મહારાજ અપરાધીના પિંજરામાં જઈને ઊભા રહ્યા. ખુદ મહારાજાને ન્યાયાધીશની સમક્ષ આવી રીતે ઊભા રહેવું પડ્યું એ જોઈને લોકોને દુઃખ થયું. શિશુપાલ તો દૃઢ નિશ્ચયીની જેમ ન્યાયાસન પર બેઠેલો હતો. એણે આંખો દ્વારા મહારાજને પ્રણિપાત કર્યા. હાથને તો ન્યાયની દોરીએ બાંધી રાખ્યા હતા. તે ધીરેથી બોલ્યો :

'તમારા પર પહેરેગીરના ખૂનનો આરોપ છે. તમારે એનો શો જવાબ આપવાનો છે?'

મહારાજા અશોકે હોઠ કરડી કહ્યું : 'એ ઉદ્ધત હતો.'

'તો તમે અપરાધ કબૂલ કરો છો?'

'હા, મેં એને મારી નાખ્યો છે, પરંતુ મેં એની જાણીબૂજીને હત્યા નથી કરી.'

'એ ઉદ્ધત નહોતો, હું એને ઘણા સમયથી ઓળખું છું.'

'તે ઉદ્ધત હતો.'

'તમે જૂઠું બોલો છો. હું તમારા વધનો હુકમ કરું છું.'

અશોકની આંખો લાલ થઈ ગઈ. મંત્રીઓએ મ્યાન બહાર તલવાર ખેંચી. કેટલાક તો શિશુપાલને ગાળો ભાંડવા લાગ્યા. કોઈક બરાડી ઊઠ્યું : 'ન્યાયમંત્રીનું ચસકી ગયું છે.' કોઈક વળી બોલી ઊઠ્યું : 'શિશુપાલ, તમારું માથું સલામત નહિ રહે!'

પણ અશોકે હાથ વડે મૌન રહેવા કહ્યું. ચારે તરફ ફરી નિઃસ્તબ્ધતા છવાઈ ગઈ. ન્યાયમંત્રીએ કડક સ્વરમાં કહ્યું: 'તમારો ક્રોધ અનુચિત છે. હું અત્યારે ન્યાયમંત્રીના આસન ઉપર છું અને ન્યાય કરવા બેઠો છું. મહારાજ અશોકે આપેલી રાજમુદ્રા મારા હાથમાં છે. કોઈએ ગરબડ કરી તો એને અદાલતના અપમાનના અપરાધ માટે ગિરફતાર કરવામાં આવશે.'

'આરોપી અશોક! તમોએ એક રાજ્યસેવકનું ખૂન કર્યું છે. હું તમારા શિરચ્છેદનો હુકમ આપું છું.'

મહારાજે માથું નીચું ઢાળ્યું. અત્યારે હૃદયસાગરમાં પરમાનંદની લહેરો ઊછળતી હતી. તે વિચાર કરી રહ્યા હતા: 'આ માનવસુવર્ણ છે. અગ્નિમાં પડી શુદ્ધ કાંચન બન્યું છે. કહેતો હતો કે મારા ન્યાયનો ડંકો વગાડશે અને તે સાચું કર્યું છે એણે બોલેલું કરી બતાવ્યું છે. પેઢીઓની પેઢીઓ અભિમાન લે એવું આ માનવરત્ન છે. એના ઉપર કોણ સર્વસ્વ ન્યોછાવર ન કરી દે?' ત્યારબાદ અશોકે વિલક્ષણ ભાવથી માથું ઊંચક્યું અને ઉપેક્ષાપૂર્વક કહ્યું: 'આ આજ્ઞાની વિરુદ્ધ મારે કંઈ નિવેદન કરવાનું નથી.'

ન્યાયમંત્રીએ એક મનુષ્યને હુકમ કર્યો. તેણે એક સુવર્ણમૂર્તિ લાવીને હાજર કરી. ન્યાયમંત્રીએ ઊભા થઈ કહ્યું: 'મહાશયો, હું ન્યાયમંત્રી છું એ સાચું. મારું કર્તવ્ય ન્યાય કરવાનું છે એ પણ સાચું. એક રાજ્યસેવકનું ખૂન કરવામાં આવ્યું છે તે પણ સાચું. એને માટે શિક્ષા પણ કરવી જ જોઈએ. પરંતુ શાસ્ત્રોમાં રાજાને ઈશ્વરનું સ્વરૂપ સમજવામાં આવ્યું છે. એને તો ઈશ્વર જ સજા કરી શકે, આ કાર્ય ન્યાયમંત્રીની શક્તિ-બહારનું છે, એટલે હવે હું આજ્ઞા કરું છું કે મહારાજને ચેતવણી આપીને છોડી દેવામાં આવે અને એમની આ મૂર્તિને ફાંસી ઉપર લટકાવવામાં આવે, જેથી લોકોને બોધપાઠ મળે.'

ન્યાયમંત્રીનો જયજયકાર થયો. લોકો તો એના ન્યાય ઉપર ખુશખુશ થઈ ગયા.

'આ મનુષ્ય નથી, દેવ છે. કોઈ વ્યક્તિનો એને ડર નથી કે નથી કોઈ શક્તિ સામે એ માથું ઝુકાવતો. અંતઃકરણના અવાજ મુજબ નિર્ભયપણે પોતાનું કાર્ય કરે છે. બીજો કોઈ એમની જગ્યાએ હોત તો મહારાજ સમક્ષ પૂંછડી પટપટાવત, પણ આણે તો મહારાજને 'તમે' કહીને સાધારણ ગુનેગારની જેમ જ સંબોધ્યા!'

'ધન્ય છે, આવા ન્યાયમંત્રીને!' ન્યાયમંત્રીના જયથી રાજભવન ગાજી ઊઠ્યું.

રાત પડી ચૂકી હતી. ન્યાયમંત્રી રાજમહેલમાં ગયો અને મહારાજ અશોક સમક્ષ રાજમુદ્રા મૂકી બોલ્યો: 'મહારાજ, આ તમારી ચીજો સંભાળો. હું મારે ગામડે પાછો જાઉં છું.'

અશોક સન્માનપૂર્ણ નજરે એની તરફ જોઈ રહ્યો: 'તમે તો આજે મારી આંખો ખોલી છે. હવે તમે કેવી રીતે જઈ શકશો?'

'પરંતુ શ્રીમાન...'

અશોકે વાત અટકાવી કહ્યું: 'તમારી હિંમત હું કદી નહિ ભૂલી શકું. આ બોજો તમે જ ઉઠાવી શકો તેમ છો. મને તો તમારા સિવાય બીજી કોઈ લાયક વ્યક્તિ નજરે પડતી નથી.'

ન્યાયમંત્રી નિરુત્તર બની ગયો!

●

# હૈયાને બાળનાર

લેખક : શ્રી. ગોવિંદભાઈ અમીન

કેવળદાસ શેઠ ફોન ઉપર ચીસારોળ કરવામાં અને બાજુમાં બેઠેલા ઘરાકો સાથે વાતો કરવામાં એવા રોકાયેલા હતા કે ચીમન આવીને તેમની પેઢીના ખૂણામાં ક્યારે બેસી ગયો તેની તેમને ખબર પડી નહિ. જરા નવરાશ મળતાં, સ્વસ્થતા અનુભવતાં તે ત્રણેય બાજુએ જોવા લાગ્યા ત્યારે તેમની દૃષ્ટિ તેની ઉપર પડી.

'અલ્યા, ક્યારનો આવ્યો છે?' તેમણે પૂછયું.

'મોટાભાઈ, થોડી વાર થઈ!' તે ઊભો થઈ જઈ તેમની સામે આવી ઊભો રહ્યો.

'મેં તને શું કહ્યું હતું, અહીં પેઢીમાં મળવા આવવું નહિ.

'મોટાભાઈ મારે નહોતું આવવું પણ શું થાય, સંજોગો એવા...'

'કોઈ ભિખારીને બાળવા લાકડાં નહિ હોય!'

'એવી જરૂર પડે તો બીજે ક્યાં જાઉં?'

'બીજે જવાની અને અહીંયે આવવાની એવી શી જરૂર છે? કેટલી વખત કહ્યું આ સેવાનાં કામો છોડી દે, સૌ સૌનાં કરમ ભોગવે છે, ઈશ્વરે જેમને દુ:ખી કર્યાં તેમને આપણે સુખી ક્યાંથી કરી શકવાના છીએ?'

'મારા મનને એમાં શાન્તિ રહે છે અને બીજું હું શું કરી શકવાનો છું?'

'બીજું શું તે અહીં પેઢીએ બેસી કામ કર, તે ન ફાવે તો બીજો ધંધો બતાવું તે કર; પણ આ ભીખ માગવાનું બંધ

કર ! તને જોઈને હું તો શરમાઈ મરું છું; થાય છે ભગવાને આવો ભાઈ ક્યાંથી આપ્યો ? ચાર વચ્ચે મળું તો નીચું જોવાનું થાય છે !'

'તેથી તો મોટાભાઈ, હું રોજ આવતો નથી ! આવું કામ હોય છે ત્યારે જ આવું છું !'

'અલ્યા પણ આવાં કામ હોય તો મને સગા ભાઈને જ મૂંડવાનો ? ગાયનું દોહી કૂતરાને પાવાનું !'

'મોટાભાઈ, દુનિયા પરના બધા દુખિયા આપણા ભાઈઓ છે; આપણે સુખી હોઈએ તો તેમને મદદ કરવી જોઈએ. તમે આપી શકો તેમ છો એટલે તમારી પાસે આવું છું.'

'ઠીક, કેટલા લેવાના છે ?'

'મોટાભાઈ, પચીસ થઈ રહેશે.'

'એટલા બધા શું કરવા છે ?'

'એક ગરીબ કુટુંબમાં સુવાવડ છે, કમાનાર બેકાર છે, દવાદારૂ, ખોરાક માટે એટલા ન જોઈએ ?'

'મને લાગે છે, સુવાવડેય તું કરવાનો હશે !'

આપણે પુરુષોથી થાય નહિ, નહિ તો એય શીખું ! આજુબાજુનાં બૈરાં એટલી મદદ કરવા તૈયાર છે. હું આટલા રૂપિયા લઈ જઈશ એટલે બાકીનું પૂરું થઈ જશે.'

'તને એક શરતે પચીસ રૂપિયા આપવા તૈયાર છું. આજથી એ બધાં કામો છોડી દેવાનાં અને પેઢી ઉપર આવીને બેસી જવાનું !'

'મોટાભાઈ, હું પેઢી ઉપર આવી શા માટે બેસું ? મારે ક્યાં તમારા જેવી જવાબદારીઓ છે ? એકલો છું, મારે કશી ઉપાધિ કરવાની શી જરૂર ?'

'એકલા થવાનું મેં તને કેટલી વખત કહ્યું, પણ ધ્યાનમાં આવતું નથી ! પેઢી ઉપર બેસી ભાઈને મદદ કરે તેમાં ઉપાધિ અને શહેરની પરવાડે રહેતા રખડતા—ગંદા લોકોની સ્ત્રીઓની સુવાવડો કરવી એ મુક્તિ ! વળી આવાં કામો માટે મદદ લેવાની, ઉપાધિરૂપ દેખાતી પેઢીમાંથી !'

'મોટાભાઈ, ઘણી વખત આપણે વાત થઈ છે કે આપણી સમજમાં ફેર રહે છે ! મારે ઉતાવળ છે એટલે ફરી દલીલો શું કરું ? તમે પહોંચતા છો એટલે આપો !'

'મેં કહ્યું તે શરતે લેવા હોય તો લઈ જા !'

'ના, મોટાભાઈ, મને એવો બાંધશો નહિ !'

'નહિ તો રૂપિયા નહિ મળે, એમ તારી વાતને અંત આવે જ નહિ !'

વાત પૂરી થઈ ગઈ હોય તેમ કેવળદાસ પોતાના ધંધામાં ધ્યાન આપવા લાગ્યા. થોડીવાર ચીમન ઊભો રહ્યો. હજુ પણ કેવળદાસે તેના તરફ જોયું નહિ એટલે તે નિરાશ દેખાતો ધીરે ડગલે પેઢીનાં બારણાં તરફ જવા લાગ્યો.

કેવળદાસ દેખાતા હતા ધંધામાં ગ્રસ્ત, પણ તેમનું ધ્યાન હતું ચીમન ઉપર. તેને જતો જોઈ તેમણે બૂમ પાડી, 'લે લઈ જા, થાક્યા બાપ તારાથી !'

ચીમન ઉત્સાહમાં દેખાતો પાછો વળ્યો અને બોલ્યો, 'મોટાભાઈ, મોટો ઉપકાર કર્યો !'

'શું થાય ? આપવા પડે છે; હું ન આપું અને તું બીજા પાસે જઈ હાથ ધરે તો મારી આબરૂ જાય !'

ચીમન રૂપિયા લઈને ઉતાવળો ચાલ્યો, પહેલો તે ગયો મોદીને ત્યાં.

'આજે કોનું કામ હાથ પર લીધું છે?' મોદી તેને ઓળખે એટલે મશ્કરીમાં બોલ્યો.

'એક સુવાવડ માટે ઘી-ગોળ-લોટ સૂંઠ જોઈએ છે. ઉતાવળમાં છું, તરત લઈ જવાં છે!'

પૈસા-બૈસા છે કે મોટાભાઈના ખાતામાં ઉધારવાના છે? હું તમને એક વાત કહી દઉં, તમને ઉધાર નહિ આપવા કસ્તુરીબેન કહી ગયાં છે!'

'ભાભી એવું કહે નહિ! હશે, આજે રોકડા છે!'

'ઠીક તો, ભાઈઓની બાબતમાં મારો મરો થાય નહિ એ જોવાનું! આ ચીમનભાઈને તે કહે તે જોખી આપજે!' તેણે પોતાના માણસને કહ્યું.

'ઘી સારું આપજો, ભેગવાળું ન હોય!' ચીમન બોલ્યો.

'હવે લઈ જાવ ને, જે આપીએ તે! એ સુવાવડીને તેલેય ક્યાં જોવાનું છે કે તમે ચોખ્ખું ઘી શોધો છો!'

'સુવાવડની બાબત છે, ચિકટાઈ જાય!'

'એવા લોકોને કંઈ થાય નહિ; દુનિયા પર લાખો સ્ત્રીઓ ગમે તેવા ચીકટે સુવાવડ કરે છે, કોઈ મરતી નથી! આ વળી કોઈ ભાગ્યશાળી હશે તે તમારો હાથ પામી! લઈ જાવ ને, જે આપીએ તે!'

'નહિ; એમ નહિ ચાલે! ઘી ખરાબ આપશો તો હું તમારી દુકાને ફરી આવીશ નહિ!'

'તમે લોકોનાં કામો તમારાં પોતાનાં હોય તેમ કરો છો; આમ ક્યાં સુધી પહોંચી શકશો? સારું ઘી લઈ જવું હોય તો સારું લઈ જાવ, મારું કંઈ જવાનું નથી, વધારે પૈસા આપવા પડશે!'

ખરીદી પૂરી કરી ચીમન પોતાના લક્ષ તરફ ચાલ્યો. લક્ષને સ્થળે આવ્યો ત્યારે સુવાવડીએ બાળકને જન્મ આપી દીધો હતો,

બાળક મરેલું આવ્યું હતું અને બાઈની સ્થિતિ ચિંતાજનક હતી. ખરીદેલો સામાન બાજુએ મૂકી તે દાક્તરને બોલાવવા દોડ્યો.

'વિઝિટ ફી લાવ્યા છો ને ?' ગરીબોના લત્તામાં કામ કરતો, એટલે દાક્તર પૈસા વિશે સાવચેત હતો.

'હા, દાક્તર સાહેબ, આ રહી !' ચીમને ખરીદી કરતાં વધેલા રૂપિયામાંથી પાંચ રૂપિયા દાક્તરના ટેબલ ઉપર મૂક્યા.

દાક્તર તરત ઊભા થયા. ચીમન સાથે તે સુવાવડી બાઈ પાસે આવ્યા. આજુબાજુનું વાતાવરણ જોતાં દાક્તરને લાગ્યું કે વિઝિટના પાંચ મળ્યા તેથી વધુ મળે તેમ નથી ! બાઈને આમ-તેમ તપાસી તેમણે અભિપ્રાય આપ્યો કે 'સામાન્ય ઉપાયોથી બાઈ બચે તેમ નથી, તેને મોટા દવાખાનામાં લઈ જવી જોઈએ !'

મોટા દવાખાનાની વાત આવી એટલે ચીમન ઉત્સાહમાં આવી ગયો. ત્યાંના દાક્તરો અને નર્સો તેને ભાવથી જોતાં અને તેનું કામ પહેલું કરી આપતાં. ત્યાંથી એમ્બ્યુલન્સ મંગાવી તે બાઈને મોટા દવાખાનામાં લઈ ગયો.

ત્યાં બાઈની સ્થિતિ તરત સુધરવા લાગી. થોડા દિવસમાં તેને પોતાને ઘેર લાવવાનું થયું. હવે તેને માટે કપડાંની જરૂર પડી. ગરીબ એટલે કપડાંનો સંગ્રહ હોય નહિ અને થોડાં હતાં તે સુવાવડ અને માંદગીમાં પૂરાં થઈ ગયાં હતાં. ચીમનને થયું કે મોટાભાઈ પાસેથી હમણાં રૂપિયા મેળવ્યા છે એટલે તેમની પાસે જઈ કંઈ માગવું તે તેમને દુઃખ આપશે, ભાભી પાસે છાનામાના જવું અને તેમની પાસેથી કપડાં માગવાં ! જૂનાં કપડાં તેમની પાસે ઘણાં હોવાનાં !

બહેનપણીઓ સાથે બપોર પછીનો ચા લેતાં કસ્તુરીબહેન બેઠાં હતાં. કામ ઓછું અને ખાવાનું સારું એટલે તેમનું શરીર જરૂર કરતાં જરા વધુ જાડું થઈ ગયેલું હતું. ચાના ઘૂંટડા ભરતાં

બહેનપણીઓ સાથે તે અલકમલકની વાતો કરતાં હતાં, ત્યાં ચીમન તેમની પાસે જઈ ઊભો રહ્યો.

‘તમે ક્યાંથી ?’ જાણે કોઈ અછૂત ઘરમાં ઘૂસી આવ્યો હોય તેમ ચીમનને જોઈ ચોંકીને તે બોલ્યાં.

‘ભાભી, જરા કામ પડ્યું છે.’

‘કામ માટે મળવું હતું તો બીજો વખત પસંદ કરવો હતો !’

‘તો હું ફરીથી આવીશ.’ તે ચાલી જવા ગયો.

‘હવે બેસો બાજુની રૂમમાં; એમ ચાલી જઈ અમને લોકોમાં ખોટાં દેખાડશો નહિ ! અમે તો થાક્યાં બાપ ! પેલા પચીસ રૂપિયા લઈ જઈ મુવાવડીને આપી આવ્યા ?’

‘ગયા છે એ સારે મારગે ગયા છે !’

‘અમારે ત્યાં છે એ ખોટો મારગ છે અને બીજે આપી આવો છો એ સારો મારગ છે ?’

‘ભાભી, ભગવાને તમને બહુ આપ્યું છે!’

‘હશે, બેસો એ આવે ત્યાં સુધી !’

‘ના ભાભી, મને જોઈ તેમને દુઃખ થાય છે.’

‘તો તમને જોઈ મને દુઃખ થતું નહિ હોય ?’

‘ભાભી, હું એક એવો કમભાગી માણસ છું કે મારે પરમાર્થ કરવા તમને સૌને દુઃખી કરવાં પડે છે !’ તેની આંખમાં જરા પાણી આવી ગયું.

‘હશે, બાજુમાં બેસો, પછી તમારી વાત !’

નીચે જોતો ચીમન બાજુના ખંડમાં જઈ બેઠો. કસ્તુરીબહેને બહેનપણીઓ સાથેનો ચા પૂરો કર્યો, બહેનપણીઓને વળાવી અને ચીમન પાસે આવી ઊભાં રહ્યાં.

'બોલો, મારું કામ હતું ?'

'તમારાં થોડાં જૂનાં કપડાં જોઈએ !'

'પેલી સુવાવડીને આપવાં હશે !'

'હા, ભાભી !'

'જૂનાં કપડાંની કિંમત નહિ આવતી હોય, એમ ને ?'

'તમારે નકામાં હોય છે ને !'

'નકામાં શાનાં, એનાં કેવાં સરસ વાસણો આવે છે !'

'જરૂરી વાસણો તમે ખરીદી શકો છો !'

'મોટો કરોડપતિ હોય પણ એણે કશું ફેંકી દીધું છે ? ખરીદી શકીએ એ પૈસા બીજામાં વપરાય, અમારે માટે નહિ તો તમારે માટે પણ વપરાય !'

'તો મારે માટે વાપર્યા માની કપડાં આપો.'

'તમે ભેખ લીધો છે, અમે ક્યાં લીધો છે ? અમારે મારું તારું રહેવાનું, અમે સ્વાર્થ જોવાનાં !'

'હું તો માનું છું કે પરમાર્થમાં જ સ્વાર્થ છે; વિશ્વ ઉપરનાં આપણ સર્વ એકબીજા સાથે એવાં સંકળાયેલાં છીએ, કે કોઈ ઉપર પરોપકાર કરીએ તેનો લાભ આપણને વહેલોમોડો મળી જાય છે ! એ તો તમે મને મદદ કરો, હું બીજાને કરું, બીજો ત્રીજાને અને એમ છેલ્લો આવેલો તમને મદદ કરે !'

'અમારે કોઈની મદદ જોઈતી નથી અને અમને કોઈએ મદદ કરી હોય એ અમારા ધ્યાનમાં નથી ! જાતમહેનતથી કેટલાં દુઃખો વેઠીને અમે આ સ્થિતિએ આવ્યાં છીએ એ અમે જ જાણીએ છીએ ! દરેક મનુષ્યે સ્વમાની રહેવું જોઈએ અને કોઈની મદદની અપેક્ષા રાખવી ન જોઈએ. કોઈની મદદ માગતાં મનુષ્ય હોય તો તેને શરમ આવવી જોઈએ. અમારે માટે તો શું, તમે આમ ગમે તેવા રહો અને આમ માગતા ફરો એટલે અમને કેટલી શરમ આવે છે !'

'તેથી તો બને ત્યાં સુધી તમારી પાસે જ મદદ માગવા આવું છું.'

'એટલે અમારી ઉપર ઉપકાર કરતા હશો, એમ ને ? એમાં અમારું લોહી ઓછું બળે છે એ વાત સાચી, પણ અમારી મૂડી જાય છે ને ? અમને ખરું તો લાગે છે, તમે આવા ક્યાંથી પાક્યા, દુનિયાદારી તો શીખો. કંઈ ઠેકાણે પડો તો અમારી ચિંતા જાય!'

'હશે ભાભી, આટલો વખત આપો, ફરી નહિ આવું.'

'અહીં નહિ આવો તો બીજું તમને કોણ આપવાનું છે ? તમને આપવું પડે છે તેથી અમે બોલીએ છીએ ! તમારે પુણ્ય-દાન કરવાં હોય તો કરજો, પણ અમારી માફક સંસારમાં રહીને કરો. આ શું ગાંડા લોકો માફક ફરવાનું ! જૂનાં શું, પણ નવાં અને પેટીઓ ભરી કપડાં આપું; તમે અમારી સાથે રહેવા આવો તો !'

'ભાભી, પરોપકારનાં કામો દૂર રહીને ન થાય, ભક્તિ માથું મૂકી કરવાની કહી છે તેમ આમાં પણ માથું મૂકવાનું હોય છે. અત્યાર સુધીમાં મારા શરીરમાંથી પચાસ વખત મેં લોહી આપ્યું હશે, હું સંસારી હોત તો તેટલું મારાથી આપી શકાત ? સાચાં પરોપકારનાં કામો સંસારમાં રહી અથવા કામ કરવાના સ્થળથી દૂર રહીને કદી થતાં નથી ! તમે કહ્યું તેમાં તો ઘણી વખત મનને છેતરવાનું બને છે ! હું મારી જાતને એ લોકો સાથે સરખાવવા માગતો નથી, પણ દાખલા માટે કહું છું કે દુનિયા પરના સર્વ મહાત્માઓ જુઓ, તેમણે કદી દૂર રહીને પોતાનાં કામ કર્યાં છે ?'

'એટલે અમે શું છેતરનારાં અને તમે સાચા ? તમારા સારા માટે વાત કરી ત્યારે અમને જ દોષ દેવા તૈયાર થયા છો ! એવાં કામોમાં પૈસાની જરૂર પડે છે, એ અમારા જેવાં દૂર રહેનારાં ન આપતાં હોત તો ક્યાંથી આવત ? તમારી સાથે વાતો કરી માથું દુખ્યું ! લઈ જાવ બે સાલ્લા, છૂટું તમારાથી !'

'હશે ભાભી, એમ કરીને હમણાં આપો !'

કેવળદાસ પેઢી ઉપરથી આવ્યા ત્યારે કસ્તુરીબહેને ચીમનના આવ્યાની વાત કરી.

'હું તને કેટલી વખત કહું, એ ચીમનિયો મને સંભારવો નહિ ?' કેવળદાસ ચિડાઈને બોલ્યા, 'એનું ભૂત મારા મગજમાંથી કાઢવા માગું છું અને ક્યાંથી આવીને તે મારી સામે આવી ઊભો રહે છે ! પૂર્વજન્મમાં શાં પાપ કર્યાં હશે તે આવો ભાઈ મળ્યો ! ચાલ, કંઈ ફરવા જઈએ ! આજે ધંધામાં વધુ માથાફોડ કરવી પડી છે અને એનું નામ તેં દીધું !'

ગાડીવાનને ગાડી તૈયાર કરવાનું કહેવામાં આવ્યું. બન્ને ગાડીમાં બેસી ફરવા નીકળ્યાં.

ગાડી શહેરનો મુખ્ય ભાગ છોડી શહેરના પરવાડેના ગંદા લત્તાઓમાં થઈ પસાર થતી હતી.

'અરે, આ રસ્તે ક્યાં લાવ્યો ?' કેવળદાસે ગાડીવાનને કહ્યું, 'પેલો અહીં ફરતો હશે અને સામે મળશે તો અપશુકન થશે !'

'સાચી વાત છે !' કસ્તુરીબહેન બોલ્યાં, 'એવા જોગી–જતિ–સંન્યાસી જોવાનાં શુકન ખરાબ ગણાય છે ! વળી શુકનની વાત બાજુએ મૂકીએ તોપણ આપણને આમ જતાં જુએ એટલે ગાડી ઊભી રખાવી કંઈ માગેયે ખરા. આવા લોકોમાં આપણને તેમના ભાઈ તરીકે ઓળખાવતાં તેમને શરમ પણ ન આવે ! જેણે મૂકી લાજ તેને નાનું સરખું રાજ !'

'સાચી વાત છે, જરા ઉતાવળે !' તેમણે ગાડીવાનને પછીના શબ્દો કહ્યા.

ગાડી એ લત્તા બહાર ઝડપથી નીકળી ગઈ. બન્નેએ નિરાંતની આહ લીધી. શહેર બહારના એક રમણીય સ્થળે જઈ તેઓ બેઠાં. આ સ્થળે તેમના જેવાં ઘણાં ફરવા આવતાં હતાં, એટલે

ખાવાપીવા, બેસવા અને રમવાની સગવડો અહીં હતી. કોઈ સ્નેહી મળ્યા તેમની સાથે તેઓએ બે ઘડી વાતો કરી, કંઈ ખાધું–પીધું અને કુદરતનું સૌંદર્ય નિહાળતાં શાંતિ અનુભવતાં તેઓ બેસી રહ્યાં.

'હાશ, કેવું સુખભર્યું જીવન છે!' કેવળદાસ બોલ્યા, 'એક એ ભાઈ ન હોત તો જીવન કેવું સંપૂર્ણ બની જાત!'

'તમે તેમને આવે સમયે સંભારો નહિ! મનમાં કેવું દુઃખ થઈ આવે છે! કુદરત ભોગવવાની તૃપ્તિમાં કેવી ક્ષતિ થઈ જાય છે!'

'શું થાય, ભાઈ થયો તે, સુખમાં સાંભર્યા વિના રહેતો નથી!'

પાછા વળતાં તેઓને મોડું થઈ ગયું હતું. વહેલા ઘેર પહોંચવાની ઉતાવળમાં ગાડીવાન ગાડી ઉતાવળી લેતો હતો. પેલા લત્તાઓમાં થઈ પસાર થવાની શેઠની અનિચ્છા તે જાણતો હતો, એટલે બીજે લાંબે રસ્તે થઈને તે જતો હતો. મોડું થયું છે તેની ફિકર અથવા બીજો રસ્તો નવો હતો તેથી હોય અથવા નસીબ—જે કહો તે, આમ ગાડી હાંકતાં ગાડીવાન ચૂક્યો અને ગાડીને એક મોટા ખટારા સાથે અથડાવી મારી. ગાડી અથડાઈ ઊંધી થઈ ગઈ. ચારે બાજુથી હો–હોના અવાજ સંભળાયા, મદદ આવી પહોંચી, ત્રણેયને ગાડીમાંથી કાઢ્યાં ત્યારે તેઓ બેભાન અને લોહીલુહાણ હતાં! એમ્બ્યુલન્સ મંગાવી તેઓને મોટા દવાખાનામાં પહોંચાડવામાં આવ્યાં.

અમુક સમય બેભાન રહ્યા પછી કેવળદાસ અને કસ્તુરીબહેન ભાનમાં આવ્યાં. બન્નેને જીવતાં જોઈ તેઓએ સંતોષ વ્યક્ત કર્યો અને નસીબનો આભાર માનવા લાગ્યાં. તેઓને ભાનમાં આવેલાં જાણ્યા પછી તેમની ખબર જોવા આવનારાઓને તેમની પાસે આવવા દેવામાં આવ્યાં. શ્રીમંત તેમ જ વેપારી

તેમ જ વ્યવહારકુશળ એટલે તેઓની ખબર જોનારાં ઘણાં હતાં. મનુષ્યોથી તેમની ઓરડી ભરેલી રહેવા લાગી.

મોટા જોખમમાંથી પોતે બચ્યાં અને આટલાં બધાં મનુષ્યો તેમની ખબર પૂછનારાં છે એ વિચારે દંપતીનાં હૃદય તુષ્ટ રહેતાં, પણ તે સાથે તેમાં એવી ભીતિ રહેતી કે આ સૌ મનુષ્યો વચ્ચે ચીમન આવી જશે તો પોતાને નીચું જોવાનું થશે. તે ન આવે તો જ સારું! નસીબે તેમને બચાવ્યાં. આ બાબતમાં પણ તે તેમને મદદ કરતું હોય તેમ તેમને લાગ્યું. ચીમન દેખાયો નહિ. શરૂઆતમાં તેમને આ ઠીક લાગ્યું, પણ પછી મનુષ્ય–સ્વભાવ કામ કરવા લાગ્યો.

'જુઓ ને, આટલા લોકો આવી ગયા પણ ચીમનભાઈ આવ્યા છે?' કસ્તુરીબહેન બોલ્યાં.

'આપણું કોઈ અલેણાનું હોય તેનું આવું જ થાય! ન આવવાનું હોય ત્યારે આવે અને આવવાનું હોય ત્યારે ન આવે!'

'કંઈ લેવાનું હોય તો કેવા દોડ્યા દોડ્યા આવતા!'

'એણે પોતાનાં પારકાં માન્યાં છે અને પારકાં પોતાનાં માન્યાં છે! કહ્યું ને, આપણે લેણાદેણી નહિ!'

'લેણાદેણું નહિ, લેણું ખોટું અને દેણું સાચું!'

'બસ હવે, તેની વાત ન કરીશ, મારું મગજ બગડી જાય છે!.

બન્ને સારાં થઈ ગયાં. ઘેર જતી વખતે મોટા દાક્તરનો આભાર માનવાનું તેમને યોગ્ય લાગ્યું. નીકળતાં તેઓ દાક્તર પાસે ગયાં અને ખૂબ ભાવથી તેમનો આભાર વ્યક્ત કર્યો.

'આભાર તમારે મારો નહિ, પણ એક ચીમનભાઈનો માનવાનો છે!'

'ચીમનભાઈ કોણ?' કેવળદાસ તથા કસ્તુરીબહેન વિમાસણમાં હતાં.

'એમના વિશે હું જાણતો નથી, પણ એ જાણું છું કે તેઓ ગરીબોનાં કામ કરે છે! અમને એમણે ઘણી વખત એમનું લોહી વગર કિંમતે આપ્યું છે! તમે બન્ને બચવાનાં ન હતાં, તેમનું લોહી મળ્યું ન હોત તો! એ કેવા માણસ છે એ જુઓ તો ખરા, તેમનું લોહી તમને આપી જિવાડ્યાં છતાં તમારી પર અહેસાન ચડાવવા તમને આવીને કહ્યું નથી કે તેમણે તમને લોહી આપ્યું છે! એમનાં કામોમાં બને તેટલી મદદ કરજો!'

લોહી આપ્યાની વાત ચીમને કસ્તુરીબહેનને કરેલી તે તેમને સાંભરી આવ્યું. કેવળદાસને થયું કે એ ચીમનભાઈ પોતાનો ભાઈ ચીમન હોવો જોઈએ! તો એ આ જ સુધી દેખાયો કેમ નહિ? તેને ખોટું લાગ્યું હશે? ખોટું લાગ્યું હોય તો લોહી આપવા આવે કેમ? ચીમન પોતાનો જ ભાઈ છે એવી દાક્તરને વાત કહેતાં તેમને પોતા માટે શરમ આવવા લાગી. વધુ બોલ્યા વિના અંતરમાં ખૂબ અકળાતાં તેઓ દવાખાના બહાર નીકળી ગયાં અને ચીમનની શોધ કરવા લાગ્યાં.

ચીમનના દરેક રહેઠાણમાં તેને માટે તપાસ કરાવી પણ તે મળ્યો નહિ. તેનું શું થયું હશે, તે આમ અદૃશ્ય કેમ બની ગયો? તેઓની ફિકરનો પાર ન હતો. તેને મેળવવાના અંતિમ ઉપાય તરીકે તેઓ બન્ને ચીમન કામ કરતો હતો તે લત્તામાં ગયાં અને ત્યાંનાં માણસોને ભેગાં કરી ચીમનની ખબર પૂછવા લાગ્યાં.

એ લોકોમાંથી આગેવાન જેવો દેખાતો એક માણસ આગળ આવ્યો અને બોલ્યો, 'આપ ચીમનભાઈનાં મુરબ્બી ભાઈ અને ભાભી ને?

'હા–હા, જરૂર–જરૂર!' પતિપત્નીએ જીવનમાં પહેલી વાર આવી કબૂલાત આપી.

'ચીમનભાઈ તો ગયા, અમને છોડીને ગયા, બીજે જ્યાં એમના જેવાની જરૂર છે ત્યાં ગયા! અમે કહ્યું, 'તમે જાવ છો તો અહીં અમારું કોણ?' તેમણે જવાબ આપ્યો, 'મારા કરતાં વધુ લાયક અને વધુ સાધનસંપન્ન એવાં મારાં ભાઈ અને ભાભી હવેથી તમને મદદ કરવા આવશે; હવે મારી અહીં જરૂર રહી નથી, મને જવાદો!' એમના કહેવા પ્રમાણે આપ આવ્યાં છો, આ સૌ લોકો તરફથી હું આપનું સ્વાગત કરું છું અને વિનંતી કરું છું કે આપ અમને ચીમનભાઈ માફક મદદ કરતાં રહેશો!' તેણે પતિપત્નીને પ્રણામ કર્યા. તેની પાછળ ત્યાં ઊભેલાં સઘળાંએ તેનું અનુકરણ કર્યું. શો જવાબ આપવો તે પતિ-પત્નીને સમજાયું નહિ. ચીમન માટે તેમનું હૃદય પાકું થઈ ગયેલું હતું. પોતાના હૃદયમાં આવું પરિવર્તન થશે એ શું ચીનમ સમજી ગયો હશે? એ એમ સમજ્યો હોય તો એ એક ફિરસ્તો છે! તેમને તેના કેટલાક બોલ સ્મૃતિમાં આવવા લાગ્યા. સાચે જ તે ફિરસ્તાઓની વાણી જેવા હતા! તેનો આદેશ પોતાનાથી કેમ પાળી શકાશે? તેમની આંખોમાં ઝળઝળિયાં આવ્યાં અને તેઓથી બોલી જવાયું, 'અમે તમને મદદ કરવા જરૂર આવીશું!'

•

# સતી થવાનો હક્ક ?

## શ્રી. રમણલાલ વ. દેસાઈ એમ. એ.

બહુ વર્ષે મીરાં મારી પાસે આવીને બેઠી. આટલી છૂટથી મારી પાસે આવીને બેસવાનો હક્ક મેં મીરાંને આપ્યો હતો. નાની હતી ત્યારથી હું એને મારી બહેન તરીકે લેખતો અને તે મને સતત મોટાભાઈ કહીને બોલાવતી. પ્રથમ તો મેં એને ઓળખી નહીં એટલે હું જરા ચમક્યો પણ ખરો, પરંતુ જોતજોતામાં મેં મીરાંને પરખી લીધી. મેં એનો ખૂબ સત્કાર કર્યો. પરંતુ મીરાંના મુખ ઉપર મેં કદી ન જોયેલી ઝાંખપ નિહાળી હું જરા ચમક્યો. થોડીવાર વાતચીત કરી સ્વસ્થ થયા પછી મારાથી પૂછ્યા વિના રહેવાયું નહિ :

'મીરાં ! બધી વાત ખરી. તારી જીભ પણ પહેલાંની માફક ચાલે છે. પરંતુ તું કેમ આવી ઝાંખી પડી ગઈ છે ?'

'અમસ્થું જ. ભાઈની આંખને એમ જ લાગે. જુઓ ને મોટાભાઈ! આપણે મળ્યે પણ કેટલાં બધાં વર્ષ થયાં !' મીરાંએ જરા હસતાં હસતાં જવાબ આપ્યો.

'જો મીરાં ! બે, ત્રણ કે ચાર થયાં હોય તોપણ એટલાં વર્ષમાં તારી દીપ્તિ વધવી જોઈતી હતી. એને બદલે તું કેટલી ઝાંખી પડી ગઈ છું ?' મેં તેને કહ્યું.

મારી ખરેખર એવી માન્યતા છે, કે વીસથી ચાલીસ વર્ષ સુધીનો યુગ સ્ત્રી–પુરુષના સૌંદર્યની પૂર્ણ ખીલવણી અને પરિપાકનો યુગ હોવો જોઇએ. એ યુગમાં કોઈ પણ યુવક–યુવતીના સૌંદર્યમાં ઝાંખપ આવે તો જાણવું, કે એને કોઈ આર્થિક, સામાજિક કે ઊર્મિરોગ લાગુ પડ્યો હોવો જોઈએ.

લગ્નને લક્કડના લાડુ સાથે સરખાવાય છે. પરંતુ ન પરણવું એ પણ લક્કડના લાડુ જ બની રહે છે. લગ્ન અને લગ્નના પરિણામરૂપ ઝડપી સંતાનોત્પત્તિ સ્ત્રીના સૌંદર્યને કદાચ બેડોળ બનાવી દે એમ બને. પરંતુ ભૂલવું ન જોઈએ કે અલગ્ન પરિસ્થિતિ પણ આ વયે સૌંદર્યને ઝાંખું પાડે ખરી! લગ્ન વિષે હું બહુ ઉદાર વિચારો ધરાવું છું. સહુએ સરળતાપૂર્વક લગ્ન કરી નાખવાં જોઈએ. અલબત્ત, કોઈ મહા ઉદ્દેશ સિદ્ધ કરવા માટે ક્રાઈસ્ટ કે શંકર સરખા અપવાદરૂપ માનવોત્તમ લગ્ન ન કરે એ આપણે સમજી શકીએ. પરંતુ સામાન્યતઃ સર્વ સ્ત્રી–પુરુષ વીસથી ચાલીસ વર્ષની વયમાં પરણી જાય એમાં કશું ખોટું ગણાય નહિ; એમ થવું એ જ વધારે હિતકર છે. અને મારી આ ફિલસૂફીની પરવા કર્યા વગર મોટા ભાગની માનવજાત આ જ રસ્તે જાય છે પણ ખરી. મીરાંનું જીવન સુખી હતું. હું અને મીરાં છૂટાં પડ્યાં ત્યારે મીરાંએ મારામાં વિશ્વાસ રાખી જાહેર પણ કર્યું હતું, કે તે એક યુવક સાથે પ્રેમમાં પણ પડી હતી અને એ યુવક એના કરતાં મીરાં સાથે વધારે આવેગપૂર્વક પ્રેમમાં પડ્યો હતો. મને મીરાંની એ પ્રેમઘેલછાનો યુગ પણ યાદ આવ્યો. માત્ર એ પછીની પરિસ્થિતિ બેત્રણ વર્ષ થયાં મારી જાણ બહાર રહી હતી. મીરાંનો એ ભૂતકાળ કેટલો વિકસ્યો એની કલ્પના કરું તે પહેલાં મીરાંએ મારી પૂછપરછનો જવાબ હસીને આપ્યો :

'મારી દીપ્તિ તો વધી છે, મોટાભાઈ!' હાસ્યથી એણે એના કથનને વીંટાળ્યું હતું, પણ કોણ જાણે કેમ મીરાંના હાસ્યમાં મને ઊંડે ઊંડે અસંતોષ દેખાયો.

'કેવી રીતે દીપ્તિ વધી? મને સમજાવ.' મેં એના જીવનમાં પ્રવેશ પામવા માટે પ્રશ્ન કર્યો.

'જુઓ, મોટાભાઈ, હું એક દૂર આવેલા શહેરની મોટામાં મોટી શાળામાં કામ કરું છું. બાળકોને શીખવું છું; ઠીક ઠીક

પગાર પણ મેળવું છું…' કહી મીરાંએ પોતાનો લાંબો જવાબ અને એનું ગમી જાય એવું સ્મિત ચાલુ રાખ્યું.

એનો લાંબો જવાબ સાંભળવાનો દેખાવ કરવા છતાં મેં સાંભળ્યો નહિ. હું વાત સાંભળતાં સાંભળતાં જુદે જ વિચારે ચઢી ગયો. સ્ત્રીઓને નોકરી કરવી પડે એ મને ગમતું નથી. કદાચ મારા જૂનવાણી વિચારોનો અવશેષ હોય પણ ખરો—જોકે હું મને પોતાને ઠીક ઠીક પ્રગતિશીલ માનું છું. અને મારી આસપાસની દુનિયા પણ તેમ જ માને છે. શ્રમજીવનમાં સહુનો ફાળો હોવો જોઈએ, પછી તે સ્ત્રી હોય કે પુરુષ એમ હું જરૂર માનું છું ખરો. કુટુંબને અને સમાજને સ્ત્રી કે પુરુષ કોઈ એ ભારરૂપ ન જ બનવું જોઈએ એ હું માનું છું અને કહું છું પણ ખરો!

પરંતુ કોણ જાણે કેમ? મારી હૃદયની માન્યતા એવી તો ખરી, કે કુદરતે સ્ત્રીને માથે નાખેલું સર્જન અને ઉછેરનું સવિશેષ ભારણ સ્ત્રીને પૌરુષેય જીવનકલહમાંથી ઉગારી લે એમાં સ્ત્રીની પણ શોભા છે, પુરુષની પણ શોભા છે, અને પુરુષદોરી સમાજની પણ શોભા છે. કુટુંબમાં કોઈ પણ સ્ત્રીને નોકરી કરીને પોતાનું પોષણ કરવાનો પ્રસંગ આવે ત્યારે એ કુટુંબના પિતાએ, પતિએ, ભાઈએ અને પુત્રે પોતાના પુરુષત્વનું દેવાળું જ ફૂંક્યું એમ માનવું જોઈએ!

જે સમાજના સ્ત્રીવર્ગને કુદરતે આપેલ સવિશેષ ભાર ઉપરાંત અન્યના આર્થિક પોષણનો પણ ભાર ઉપાડવો પડતો હોય એ સમાજ નાદારીના મૂળમાં જ ઘસતો દેખાય છે, પરંતુ સ્ત્રીઓને પોતાને પણ આ વિચારો ગમે એવા દેખાતા નથી. મારો જ પોતાનો અનુભવ કહું. આજની આર્થિક ભીંસ મારા જ હૃદયમાં આતુર ઇચ્છા ઘણી વાર ઉપજાવે છે કે મારી જ પત્ની 'ટયુશન' કે 'પાર્ટ ટાઇમ' કામ કરી મારી આવકમાં કાંઈ

ઉમેરો કરે તો કેવું સારું!—જોકે હું જાણું છું, કે પત્નીની ગૃહવ્યવસ્થા જ મારી કમાણીનો અર્ધો ભાગ તો જરૂર બચાવે છે!

મીરાંની નોકરી વિષેની લાંબી વાત સાંભળતાં ન સાંભળતાં મેં તેને પૂછ્યું :

'એમ ? તારે નોકરી કરવી પડે છે, મીરાં ?'

'આપને ખબર નથી ? મેં મારી એક બહેનપણીને એ વાત તમને કહેવા લખ્યું પણ હતું.' મીરાંએ કહ્યું.

'ના, રે ભાઈ! તમે બન્ને ભણી રહ્યાં એટલું જ જાણ્યું તે જાણ્યું.' મેં જવાબ આપ્યો.

'બન્ને કોણ, મોટાભાઈ?'

'કેમ આમ ? તારે મારી પાસેથી જ એ નામ સાંભળવું છે શું ?' મેં સહજ રહીને તેની સામે ધારીને જોતાં કહ્યું.

મીરાંના મુખ ઉપર એક ક્ષણ માટે લાલાશ અને કાળાશ બન્ને ફરી વળ્યાં. તેણે કાંઈ જવાબ ન આપ્યો એટલે મેં વાત આગળ વધારી :

'મેં તો જાણ્યું કે તમે બન્ને પરણી જ ગયાં હશો ...હું તારા મિત્ર મોહનની વાત કરું છું.'

'હં...હં...હવે હું સમજી. મેં કેટલીયે તમારી પાસે ઘેલછા કાઢી હશે!'

'પરંતુ તું સમજી શું ? તેં હજી લગ્ન કર્યાં કે નહિ ?' મેં સ્પષ્ટતા કરી.

'આપને ખબર આપ્યા વગર મારું લગ્ન થાય ખરું ? આપની હાજરી વગર હું લગ્ન નહિ કરું એવું મેં આપને વચન આપ્યું હતું.' મીરાં બોલી.

'એ બધું સાંભરે છે ખરું?' મેં પૂછ્યું.

'એ કેમ ભુલાય?'

આટલું સૂચન થયા છતાં, મીરાં મોહન વિષે કાંઈ સ્પષ્ટ માહિતી આપતી ન હતી. બન્નેનાં લગ્ન આટલા વર્ષમાં થઈ ગયાં હોવાં જોઈએ, એમ તેમના સંબંધ ઉપરથી મને લાગતું હતું. પરંતુ હું જાણું છું, કે ભણેલાં યુવક-યુવતીનાં માનસ જૂનવાણી માનસની માફક હજી ચીલે ચઢતાં નથી. સ્વમાન, સંસ્કારના આગ્રહ અને પૂર્વગ્રહ, ઊર્મિની અતિશય નાજુકી અને લાગણીનું ચાંચલ્ય હજી ભણેલાં યુવક-યુવતીના સંબંધને સમતુલામાં લાવી શક્યાં નથી, એનો ખ્યાલ મારા સરખા નવીનતાના ચાહકને હોય નહિ એમ બને જ નહિ.

મીરાંની વાત ઉપરથી અને મોહનના સંબંધનું સ્પષ્ટ સૂચન ન કરવાથી મને લાગ્યું, કે બન્ને વચ્ચે કાંઈ ગેરસમજ, અણબનાવ કે રિસામણાં ઉત્પન્ન થયાં હશે. કેટલીક વાર આવી સમજફેર પ્રેમને વધારે તીવ્ર બનાવે છે. એટલે સમજફેર માટે મને બહુ ચિંતા થઈ નહિ. બન્નેમાં મને એટલો રસ હતો, કે માત્ર સમજફેર હશે તો હું બન્નેને ભેગાં મેળવી, અણબનાવ દૂર કરાવી, લગ્નમાં જોડી સુખી કરી શકીશ એવી મારામાં હિંમત હતી. કદાચ એવી સહાય લેવા માટે મીરાં મારી પાસે આવી હોય એમ મને સંભવિત લાગ્યું—જોકે મારા પ્રત્યેનો તેનો પૂર્વનો સદ્‌ભાવ તેને અમસ્તી પણ મારી પાસે આવવા પ્રેરે તે સહજ હતું. પરંતુ હવે મને લાગ્યું, કે મારે હવે મીરાંને કેટલાક સીધા પ્રશ્નો જ પૂછવા પડશે. જરા વાર રહીને મેં પૂછ્યું:

'પણ મીરાં, મોહન ક્યાં?'

'અહીં નથી.' કહી મીરાંએ સહજ નીચે જોયું.

'એમ? માટે જ ન દેખાયો. પરંતુ ખરેખર એ હમણાં છે ક્યાં?' મેં પૂછ્યું.

'એ અમેરિકા ગયો છે.'

'ઓ હો! મને ખબર પણ ન આપી. તેં પણ મને કાંઈ લખ્યું નહિ.'

'મોટાભાઈ, તમારું ફરવાનું ઘણે ઠેકાણે ...એટલે કંઈ લખાયું નહિ. એકબે વાર તો તમારો પત્તો જ ન મળ્યો.'

'ચાલ, હું બહુ રાજી થયો. સારી ડિગ્રી લઈને મોહન આવશે અને તમે બન્ને સુખી થશો. પરણવાનું ભલે જરા લંબાયું...!'

'મોટાભાઈ, મોહન તો પરણી ગયો!' બહુ જ સ્થિરતાથી મીરાંએ કહ્યું અને વીજળી પડી હોય એમ હું ચમકી ઊઠ્યો :

'ક્યાં? કોની સાથે? તું શું કહે છે?' મારાથી પ્રશ્નમાળા પુછાઈ ગઈ.

મોહન અમેરિકામાં પરણી ગયો—એની સાથે જ ભણતી એક અમેરિકન યુવતી સાથે!' મુખ ઉપર જરાય ક્ષોભ લાવ્યા સિવાય મીરાંએ કહ્યું.

મીરાં કરતાં હું વધારે ક્ષોભ અનુભવી રહ્યો.

એને અમેરિકા મોકલ્યો કોણે? એ ગયો શી રીતે? ત્યાં એવું શું બન્યું કે જેથી એને મીરાં જેવી સુલક્ષણી છોકરીને છોડી અજાણી અમેરિકન યુવતી સાથે લગ્ન કરવું પડ્યું. આ બધા પ્રશ્નો મને ઊપજ્યા. મેં એ પ્રશ્નો મીરાં સમક્ષ મૂક્યા અને મીરાંએ ધીમે ધીમે મને આખી હકીકત સ્પષ્ટપણે કહી સંભળાવી. પુરુષોના આખા વર્ગને કલંકિત કરનાર મોહન તરફ તો મને બહુ ક્રોધ ચઢતો ગયો. પરંતુ મીરાંની વાણીમાં ક્રોધનો અંશ પણ ન હતો. એણે જરાય ઉશ્કેરાયા વગર મને વિગતવાર વાત કહી :

વાતના સારમાં એટલું જ કે મોહન અને મીરાં એ બન્નેના મનમાં એ હતું, કે આર્થિક સ્વસ્થતા વગર તેમણે લગ્ન ન કરવું—જોકે લગ્નનાં વચન અરસપરસ અપાઈ ચૂક્યાં હતાં. પરદેશમોહિત ભારતને પરદેશી ડિગ્રી વગર અહીંના ભણતર માટે માન ઉત્પન્ન થતું નથી એ જાણીતી વાત છે. બન્નેની અભિલાષા હતી, કે પરદેશની ડિગ્રીઓ બન્નેએ મેળવવી. પરંતુ પરદેશમાં ભણાય અને પોષણ થાય એવા પૈસા ક્યાંથી મેળવવા? મીરાં પાસે એક વખતના સ્ટીમર ભાડા જેટલા પૈસા બચ્યા હતા. બન્નેએ તોડ પાડ્યો, કે બન્નેથી સાથે ન જવાય તો એકેએક જવું. જનારે અમેરિકામાં ભણવું અને કમાવું, ન જનારે ભારતમાં કમાવું અને અમેરિકાની ડિગ્રી મળતાં બારોબાર ભારતમાં આવી બન્નેએ લગ્નમાં જોડાવું.

પહેલું કોણ જાય? સ્ત્રીઓ જ પુરુષને માટે માનવજાતના પહેલા પ્રભાતથી ભોગ આપતી આવી છે! મીરાંએ આગ્રહ કરી મોહનને અમેરિકા મોકલ્યો, પોતાને પૈસે! અને મીરાંએ હિંદુસ્તાનમાં નોકરી સ્વીકારી.

અમેરિકા જઈ, મોહને ભણતરમાં આગળ વધવા માંડ્યું પરંતુ અમેરિકામાં મહેનત કરી કમાવું ને ભણવું એ બે કાર્ય ઝડપથી થાય એમ મોહનને લાગ્યું નહિ. ત્રણ વર્ષને બદલે પાંચ વર્ષ નીકળી જાય અને લગ્ન એટલું લંબાય એ મીરાંને ગોઠ્યું નહિ. એટલે મીરાંએ એ પ્રશ્નનો ઉકેલ કર્યો. નોકરીમાંથી મળતા પગારનો મોટો ભાગ મીરાંએ મોહનને મોકલવા માંડ્યો...અને મોહન એ સાભાર સ્વીકારતો ચાલ્યો. ભાવિ લગ્નજીવનની આશામાં મીરાંને કોઈ પણ ભોગ આપવો મુશ્કેલ હતો નહિ... જોકે એથી એની તંદુરસ્તીમાં થોડી થોડી ઝાંખપ આવતી ગઈ ખરી! તેનું તેને જરાય દુઃખ ન હતું.

વર્ષ વીત્યું, બે વર્ષ વીત્યાં, ત્રણ વર્ષ વીતી ગયાં અને હવે મોહનના આવવાની મીરાંએ આતુરતાપૂર્વક રાહ જોઈ. મોહનની પરીક્ષા થઈ ગઈ અને તેનું પરિણામ અંતે સારું જ આવ્યું. હવે એના આવવાનો છેલ્લો કાગળ કે તાર આવતો જ હશે એમ નિત્ય આશા રાખતી મીરાં ઉપર એક દિવસ અમેરિકાથી પત્ર આવ્યો...મોહનનો જ...અને ધબકતે હૈયે મીરાંએ એ પત્ર ખોલી વાંચવા માંડ્યો. પત્ર વાંચતાં જ મીરાંને લાગ્યું કે તેનું હૈયું ધબકતું બંધ પડી ગયું છે અને તે કોઈ અકથ્ય શૂન્યતામાં ડૂબી ગઈ છે! થોડી વારે તેને પોતાનું હૈયું હાલતું લાગ્યું અને દેહમાં જીવ હોય એવો ભાસ થયો. મીરાંએ ફરી પત્ર વાંચ્યો!

મીરાંની ક્ષમા માગતો, એક અમેરિકન યુવતી સાથે નછૂટકે લગ્નમાં જોડાઈ ગયાના સમાચાર આપતો, મીરાંએ મોહનની પાછળ ખર્ચેલી બધી રકમ થોડા સમયમાં પાછી આપવાની ખાતરી આપતો, મોહનને હાથે લખેલો એ પત્ર હતો.

પત્રનું પરિણામ તો બીજું શું હોય? કોઈની પણ આગળ અશ્રુનું એક પણ બિંદુ પાડ્યા વગર મીરાંએ પોતાની નોકરીમાં પૂર્ણપણે પોતાનો જીવ પરોવ્યો, છતાં તે ઝાંખી તો પડી ગઈ.

મીરાંની આ કથા સાંભળી હું ઠંડો પડી ગયો. જિંદગીભર મેં આવાં શીત અનુભવ્યાં નથી. આગળ શી વાત કરવી એની મારા જેવા અનુભવી પુરુષને પણ થોડીવાર સમજ પડી નહિ. મીરાં તો પોતાની વાત કરી પાંપણ પણ હલાવ્યા વગર બેસી રહી હતી. એણે ન નિઃશ્વાસ નાંખ્યો, ન એની આંખમાં અશ્રુબિંદુ ચમક્યું. ભયંકર શાંતિ ટાળવા ખાતર અંતે મેં તેને પૂછ્યું:

'પછી એણે, એ બેશરમ મોહને, તને હજી પૈસા પાછા મોકલાવ્યા કે નહિ?'

'ના, જી. હજી એ નથી મોકલી શક્યો!' મીરાંએ કહ્યું.

'હું! પછી તેં તો એને છેલ્લો પત્ર લખી દીધો ને?... જવાબમાં?' મેં જરા ઊકળીને તેને પૂછ્યું.

'ના, જી. અમારો પત્રવ્યવહાર હજી ચાલુ જ છે.'

'તારા જેવી ઘેલી છોકરી બીજી કોણ હશે?' મારાથી બોલાઈ ગયું.

'મોટાભાઈ, મોહનને જે ઠીક લાગ્યું તે મોહને કર્યું. એના પ્રેમમાં મારાથી વચ્ચે કેમ અવાય?' મીરાંએ મને જવાબ આપ્યો.

'તો પછી હવે તું મોહનને કાગળો શેના લખે છે?'

'કદી કદી મોહનને હજી પૈસાની જરૂર રહે છે...એટલે એ કોઈ વાર મારી પાસે પૈસા મંગાવે ખરો!...મોટાભાઈ, એ પરણ્યો ખરો ને! એટલે એનો ખર્ચ નભવો જોઈએ ને?' મીરાંએ શાંતિથી મોહન સાથેના પત્રવ્યવહારનું કારણ દર્શાવ્યું. આ સ્ત્રીની સ્વસ્થતા જોઈ હું ઊકળી ઊઠ્યો અને મેં કહ્યું :

'એટલે? એનો ખર્ચ તારે નિભાવવો? ઓ મૂર્ખ, તું હજી મોહનને પૈસા મોકલે છે?'

'હા જી. કાલે જ તારથી મોકલ્યા...એ જરા સંકડામણમાં હતો.' મીરાંએ એની સ્વાભાવિક સ્થિરતાથી મને જવાબ આપ્યો. એનો જવાબ સાંભળી મારા હાથની મૂઠી વળી ગઈ. અને બીજી કાંઈ સૂઝ ન પડવાથી એ મૂઠી મેં મારા કપાળે લગાવી દીધી. મારાથી બોલાઈ ગયું :

'પણ ઓ ઘેલી, પછી તારું શું થશે?'

'મારું? શી બાબતમાં મોટાભાઈ? પૈસા તો હું કરકસરથી જ વાપરું છું.' મીરાંએ મને સ્વસ્થ કરવા પ્રયત્ન કર્યો.

મેં મારે કપાળે હાથ મૂક્યો અને થોડીક ક્ષણ હું શાંત રહ્યો. મને શાંત રહેલો જોઈ મીરાંએ મને પૂછ્યું :

'મોટાભાઈ, હું કાંઈ આપને સમજી શકી ન હોઉં એમ લાગે છે. આપ મને હજી વધારે સમજાવી શકશો?'

'તને સમજાવવાનું તો હવે કશું રહ્યું જ નથી. રહી છે માત્ર હવે એક જ...તારા લગ્નની. મોહન પરણી ગયો તો તું હવે છૂટી જ છે ને?'

મારો આ પ્રશ્ન સાંભળી મીરાં ક્ષણભર મારી સામે જોઈ રહી. મને લાગ્યું કે તેની આંખમાં કંઈ નવી ચમક આવી ચૂકી છે. મારી સામેથી આંખ ફેરવી નાખી તેણે મને કહ્યું :

'મારું લગ્ન?...મોટાભાઈ મીરાંનું લગ્ન તો...જ્યોતમાં જ્યોત ભળે ત્યારે જ થાય ને! પરંતુ હજીએ હું થોડાં વર્ષ જીવી શકીશ એમ મને ભય લાગે છે!'

મીરાંની આંખનું તેજ અશ્રુમાં બદલાઈ ગયું. પોતાની સાડીના છેડા વડે મીરાંએ પોતાની આંખનાં અશ્રુ લૂછવા માંડ્યાં.

મારા હૃદયમાં હજાર હજાર શૂળ ભોંકાતી હોય એવું દર્દ થઈ આવ્યું. સ્ત્રી જ શું સતી થવાને સર્જાયેલી છે? અને તે પણ વર્તમાન યુગની ભણેલી, ગણેલી, સરખા હક્કની દલીલ કરતી યુવતી?

આ દિવસ પછી હું મીરાંને ઘણીય વાર મળું છું અને એ પણ નાની બહેન તરીકે મને મળવા ઘણીયે વાર આવે છે. પરંતુ જે જે દિવસે હું મીરાંને જોઉં છું તે તે દિવસની રાત્રે મને નિદ્રા આવતી નથી. મીરાંની આંખ જોઈને આખી રાત એક પ્રશ્ન મારા હૃદયમાં ખટક્યા કરે છે :

પુરુષોનાં કર્મોનો જવાબ સ્ત્રી એકાદ દિવસ માગશે ત્યારે?

# ભાવનાશીલતા

**લેખક: શ્રી. ચુનીલાલ વર્ધમાન શાહ**

ટપાલી પત્ર આપી ગયો, તે ફોડીને વાંચતાં સુમિત્રાએ જાણ્યું કે પોતાના પતિનું મૃત્યુ થયું છે. વીસવીસ વર્ષનાં વહાણાં વાઈ ગયાં હતાં. પતિએ સુમિત્રાનો ત્યાગ કર્યો અને સુમિત્રાએ પિયરમાં આવી રહેવા માંડ્યું તે દિવસ ને એટલા સમયમાં બનાવો તો અનેક બની ગયા હતા, પરંતુ પતિ તરફનો તો શું પણ શ્વસુરગૃહમાંના કોઈ તરફનો એકકે પત્ર તેને કોઈ વાર મળ્યો નહોતો. પતિએ બીજું લગ્ન કર્યું હતું, બીજી પત્નીથી તેમને બે-ત્રણ બાળકો થયાં હતાં, એ બધાં મૃત્યુ પામ્યાં હતાં અને એ પત્ની પણ મૃત્યુ પામી હતી, પણ કોઈ વાર તેના પર પત્ર આવ્યો નહોતો. છેવટે પતિ મૃત્યુ પામ્યા, ત્યારે સુમિત્રાના દિયર તરફથી માત્ર આ એક જ પત્ર મળ્યો અને તે પણ એમ જણાવનારો કે પોતે હવે વિધવા થઈ.

સુમિત્રાને જૂના દિવસો સાંભર્યા. ક્ષણભર જૂનાં સુખ-દુઃખ પણ યાદ આવ્યાં; પણ કોઈ વિશેષ લાગણી સંવેદાઈ નહિ. તેણે હળવેથી હાથમાંની સોનાની બંગડીઓ રહેવા દઈને કાચની બંગડીઓ કાઢીને ફેંકી દીધી. નાકમાંની ચૂંક કાઢીને બાજુએ મૂકી. તે વખતે તેને નવાઈ લાગી કે પોતે પિતાને ઘેર રહેવા લાગી ત્યારથી જ ખરેખરી વિધવા હતી, છતાં પોતાને સૌભાગ્યનાં આવાં આભૂષણો પહેરવાની ઇચ્છા કેમ આટલાં વરસ સુધી રહ્યા કરી હશે!

સુમિત્રા સ્નાન કરી વસ્ત્રો પહેરી શાળામાં પોતાની નોકરી પર હાજર થઈ. કોઈ વિશિષ્ટ બનાવ બન્યો હોય તેમ તેને પોતાને લાગતું નહોતું અને આભૂષણોમાં થયેલો થોડો

ફેરફાર શાળાની સહશિક્ષિકાઓના કે બીજાઓના ખ્યાલમાં પણ આવ્યો નહિ. પતિના મૃત્યની વાત કોઈને કહેવાની તેને જરૂર લાગી નહિ.

લગ્ન પછી બે વર્ષ તે પતિગૃહે રહી હતી; પણ પતિની સાથે શાંતિ–સમાધાનીથી દિવસો ગાળવાના અનેક પ્રયાસોમાં તે નિષ્ફળ ગઈ હતી. બેઉનાં સ્વમાનીપણાં પરસ્પર અથડાતાં હતાં, એમ કહીએ તો ચાલે. પતિ–પત્ની સમાન કોટિનાં મનુષ્યો છે, છતાં સંસાર–વ્યવહારમાં પતિ ઉચ્ચ કોટિનો અને પત્ની ઊતરતી કોટિની મનાય છે: એ માન્યતા સ્વીકારી લઈને પણ તે પતિને અનુકૂળ થઈ શાંતિ અનુભવવા સભાન યત્ન કરી ચૂકી હતી; છતાં તેને શાંતિ મળી નહોતી અને સ્વમાનીમાંથી ઉત્તરોત્તર ઘમંડી બનતા જતા પતિનો ત્રાસ તેને વેઠવો પડતો હતો. એ ત્રાસમાંથી છૂટવાને તે એક વાર પિતૃગૃહે આવીને રહી અને તુરત પતિએ બીજું લગ્ન કરી લીધું, ત્યારે તેના અંતરમાં શૂળ ભોંકાયું. તે ત્યક્તા નારી બની. વાસ્તવિક રીતે જોઈએ તો વિધવા જ બની. તે દિવસ પછી તેણે પતિ સામે, પતિગૃહ સામે ઊંચી આંખ કરીને જોવાનો પણ વિચાર કર્યો નહિ.

તેણે પ્રાથમિક કેળવણી પૂરી લીધી હતી, એટલે ટ્રેનિંગ કૉલેજમાં બે વર્ષ અભ્યાસ કરીને શિક્ષિકાનો વ્યવસાય કરી પોતાના પગ પર ઊભા રહેવા માંડ્યું હતું.

પિતૃગૃહના સંયોગો પણ એવા હતા કે જો સ્વાશ્રયી ન થઈ હોત તો તે લાંબો વખત એ સ્થળે પોષાત નહિ. સુમિત્રાની માતા મૃત્યુ પામી હતી, પિતાની નોકરીની આવક ટૂંકી હતી અને ઘરમાં વિધવા ફોઈનું ચલણ હતું. ફોઈનાં પુત્ર–પુત્રી પણ ત્યાં જ પોષાતાં હતાં. એક બાજુએ પિતાને પેન્શન પર ઊતરવાનું થયું અને બીજી બાજુએ સુમિત્રા પોતાના પગારની અર્ધી રકમ ઘરમાં આપવા લાગી તથા અર્ધી રકમ બચાવવા લાગી,

એટલે હવે ઘરખર્ચ બાબતની મૂંઝવણ રહી નહિ. સુનંદાફોઈ સુમિત્રાને 'બહેન–બહેન' કહીને માન આપતાં હતાં અને ઘરમાંના પોતાના ચલણમાં હિસ્સો આપવાની પેઠે ઘણાંખરાં કામમાં 'બહેન'નો અભિપ્રાય પૂછીને ચાલતાં હતાં, એ બધો પ્રભાવ બહેન તરફની આવકનો હતો. વર્ષો જતાં હતાં તેમ બહેન પાસે પણ મૂડી વધતી જતી હતી એ સુનંદાના ખ્યાલમાં હતું. વહેલી–મોડી એ ગાંઠ પોતાનાં બાળકોને જ મળે એવી તેની ઝંખના હતી, એટલે સુનંદા પોતાના મોટાભાઈ કરતાંય સુમિત્રાને વધુ માનથી બોલાવતી અને બાળકોને પણ બહેનની આજ્ઞામાં રહેવાની શિખામણ આપતી. સુમિત્રા આ રીતે થઈ રહેલી પોતાની ખુશામતનું કારણ મનમાં સમજતી હતી, પણ એ બધું સ્વાભાવિક હતું. જ્યાં મધ હોય ત્યાં જ ભમરાઓ ગુંજાર કરે ને !

•

બધા ભૂતકાળને વીસરીને સુમિત્રા નિર્વિકાર રીતે શાંત જીવન જીવી રહી હતી, એવામાં પતિના મૃત્યુના સમાચાર આવ્યા હતા, તે પણ એકાદ દિવસમાં જાણે તે વીસરી ગઈ હતી; પરંતુ બે માસ પછી તેના દિયર વસંતલાલનો એક પત્ર આવ્યો, તે વાંચીને તેના મનમાં જાણે ક્લેશ ઊપડી આવ્યો.

પત્રમાં લખ્યું હતું : 'ભાભીશ્રીને માલૂમ થાય કે મારા મોટાભાઈના વીમાનાં નાણાં મેળવવા માટે તમારી સહીની જરૂર છે.' ઇત્યાદિ.

સુમિત્રાને ક્લેશ ઊપજ્યો એ જ કારણથી કે સળંગ વીસ વર્ષથી પોતાને પત્ની ન માનનાર શખ્સની પોતે પત્ની છે એવું સોગંદ ઉપર હવે પોતાને કહેવું પડશે ! કેવળ પૈસા મેળવવા માટે જ !

ચિડાઈ જઈને તેણે હાથમાંનો પત્ર ભોંયે પછાડ્યો ને સુનંદાએ ઉપાડી લીધો અને વાંચ્યો. જે વખતે સુમિત્રાની ભ્રૂકુટિ સંકોચાઈ રહી હતી, તે વખતે સુનંદાનું વદન પુલકિત થતું જતું હતું.

પત્ર વાંચી રહીને સુનંદાએ સુમિત્રા પર અર્થસૂચક દૃષ્ટિપાત કર્યો. સુમિત્રા બોલી : 'મારે નથી જોઈતા એ પૈસા ! હું ત્યાં જવાની નથી અને એ ઘરની સામુંય જોવાની નથી.'

સુનંદાએ સમજાવણી શરૂ કરી : 'એમ ન થાય, બહેન ! હક્કના પૈસા હોય તે કાંઈ જવા દેવાય ?'

સુમિત્રા ગુસ્સાથી બોલી : 'મારે નથી જોઈતા એવા પૈસા. મારા સિવાયના બીજાનો જેનો હક્ક હોય તે ભલે લે.'

સુનંદા બોલી : 'વીમા કંપની તો હક્ક સિવાયના બીજા કોઈને પૈસા ન આપે. એ કંપનીમાં જ પડ્યા રહે, કોઈનેય ન મળે.'

સુમિત્રા વધારે કશું બોલી નહિ. ચાર દિવસ પછી ફરી સુનંદાએ સલાહ આપી : 'જો સુમિત્રા ! તારો પગ ત્યાં જતાં નહિ ઊપડતો હોય તે હું સમજું છું, પણ એમ કાંઈ હક્કનાં નાણાં જવા દેવાય નહિ, એટલે જવું તો જોઈએ જ; પણ મને લાગે છે કે તારો દિયર તને ફોસલાવી કે મીઠું મીઠું બોલીને તારી પાસેથી પૈસા પડાવી લેશે; એટલે ચાલ, હું પણ તારી સાથે મુંબઈ આવું.'

સુમિત્રા એ ઉપર પણ કશું બોલી નહિ. બે–ત્રણ દિવસ વધુ ગયા અને સુનંદાએ પોતાના મોટાભાઈને પાસે રાખીને સુમિત્રાને શિખામણ આપી : 'સુમિત્રા ! જગતમાં લાગણીવેડાથી ચાલવું એ ડહાપણભર્યું ન કહેવાય. જગત વ્યવહાર–બુદ્ધિથી ચાલે છે, એટલે માણસે વહેવારુ થવું જોઈએ. તું સહેજમાં મળતા પચાસ હજાર રૂપિયા ગુમાવવા તૈયાર થાય છે, એ તો જગતમાં મૂર્ખમાં ખપવા જેવું લેખાય, ખરું ને મોટાભાઈ ?'

સુમિત્રાના પિતા કેશવદાસે બહેનની વાતને પુષ્ટિ આપી : ‘ સુનંદા સાચું કહે છે.’

છેવટે એ વાત સુમિત્રાના ધ્યાનમાં ઊતરી. તેણે કહ્યું : ‘ભલે ત્યારે, હું જઈશ, પણ એકલી જઈશ. કોઈએ મારી સાથે આવવાની જરૂર નથી. હું કાંઈ ભોળી નથી કે કોઈ મને ઠગી જાય. ’

પિતાએ કહ્યું : ‘ તો ભલે એમ કરજે. ’

*

સુમિત્રા ખારમાંના પતિગૃહના બંગલાના બારણામાં પેઠી કે તુરત વસંતલાલની દૃષ્ટિ તેના પર પડી. હાથમાંનું છાપું દૂર ફેંકી દઈને તે ઊઠ્યો અને ‘ આવો ભાભી ! ’ કહેતાં સામા જઈ તેણે સુમિત્રાના હાથમાંની બેગ ઊંચકી લઈ ઓરડામાં મૂકી.

વસંતલાલની પત્ની વસુધાએ પણ તેને આવકારી. સાત વર્ષની સુધા તો વિના પૂર્વપરિચયે જ ‘ મોટાં કાકી, તમે આવ્યાં ?’ કહેતી તેના ખોળામાં ચડી બેઠી.

સુમિત્રાએ વહાલથી સુધાના માથા પર હાથ ફેરવ્યો. વસુધાએ ચા અને નાસ્તો લાવી સામે મૂક્યાં. વસંતલાલ તેની સામે બેસી સુમિત્રાના અને તેના પિતાના ખબરઅંતર પૂછવા લાગ્યો.

ચા પીતાંપીતાં સુમિત્રાએ પૂછ્યું : ‘ વસંતભાઈ! વીમાનું કામ એકાદ બે દિવસમાં પતી જશે ને ?

વંસતલાલ પ્રશ્ન સાંભળીને ચમક્યો. તુરત સ્વસ્થ થઈને તેણે પૂછ્યું : ‘ એટલી ઉતાવળ શી છે ભાભી ? ’

સુમિત્રાએ કાંઈ જવાબ આપ્યો નહિ, એટલે વસંતલાલ કાંઈક સંકોચથી નીચું જોઈ રહીને બોલવા લાગ્યો : ‘ ભાભી, આ ઘરમાં તમને વધુ દિવસ રહેવું ગમતું નહિ હોય એ હું સમજું છું.

આ જ ઘરમાં તમારા પર ત્રાસ ગુજરતો હતો, આ જ ઘર તમે છોડીને ગયાં હતાં, આ જ ઘરમાંથી કોઈએ તમારા પર સારે–નરસે પ્રસંગે પત્ર સુદ્ધાં લખવાની દરકાર રાખી નથી, તેની મને ખબર છે. એ રીતે તમને થયેલો અન્યાય તો અમે કોઈ પ્રાયશ્ચિત્ત કરીને પણ ધોઈ શકીએ તેમ નથી. છતાં મારી વિનંતી છે, સુમિત્રા ભાભી...'

એટલું બોલી વસંતલાલ અટકી ગયો. તે ગળગળો થઈ ગયો હતો.

સુમિત્રાને ફોઈએ કહેલી વાત યાદ આવી કે 'તારો દિયર તને ફોસલાવીને કે મીઠું મીઠું બોલીને તારી પાસેથી પૈસા પડાવી લેશે.' વસંતલાલની વાણીની નમ્રતા, તેનો વિનય, તેની લાગણીનો ઊભરો, એ બધું શા હેતુથી ચાલી રહ્યું છે એ ન સમજવા જેટલી સુમિત્રા અબુધ નહોતી; પણ સ્વાર્થ કોને વિનય અને નમ્રતાનો દેખાવ કરતાં નથી શીખવતો ? સુમિત્રાની સુનંદાફોઈ પણ ક્યાં મીઠું મીઠું બો[illegible] ખુશામત નહોતી કરતી ?

વીમાનાં નાણાં બે જુદી જુદી કંપનીઓમાંથી લેવાનાં હતાં. બેઉ કંપનીઓમાં પચીસ-પચીસ હજારનો સુમંતલાલનો વીમો હતો. કંપનીઓની ઑફિસોમાં જવામાં, કોર્ટમાં જઈને એફિડેવિટો કરવામાં, બૅંકમાં જઈને નાણાં મેળવવામાં અને બીજા આંટા–ફેરા ખાવામાં સહેજે ચાર દિવસ નીકળી ગયા; એ ચારે દિવસ વસંતલાલ નોકરીમાંથી રજા લઈને સુમિત્રાની સાથે ફર્યો અને તેણે પૂરેપૂરાં નાણાં મેળવી આપ્યાં.

એ દિવસોમાં વસુધાએ પણ સુમિત્રા પ્રત્યે એવું વિનયી વર્તન ચલાવ્યું કે જેવું એક નાની બહેન મોટી બહેન પ્રત્યે ચલાવે. આ બધા વિનયની પાછળ હવે વસંતલાલનો સ્વાર્થ પોતાનું સ્વરૂપ પ્રગટ કરવા લાગશે એવું માની રહેલી સુમિત્રા

વસંતલાલના સીધા કે આડકતરા સૂચનની રાહ જોઈ રહી હતી. વસંતલાલના વદન ઉપર પોતાના મોટાભાઈના અવસાનના દુઃખની છાયા દેખાવી જોઈએ, તેને બદલે તે તો સુમિત્રાની બરદાસ્ત કરવામાં જ જાણે મશગૂલ રહેતો હતો. આટલી બધી બરદાસ્તની કશી જરૂર નહોતી, છતાં તે કરતો જ હતો, તો તેની પાછળનું રહસ્ય સ્વાર્થ સાધના સિવાય બીજું શું હોય?

પછીને દિવસે સવારમાં સુમિત્રા ઉપર ફોઈનો પત્ર આવ્યો. તેમાં લખ્યું હતું : 'બહેન! તું ધાર્યા કરતાં વધુ દિવસ ત્યાં રોકાઈ ગઈ તેથી મને ચિંતા થાય છે. શંકા પણ ઊપજે છે કે તારા દિયરે મીઠુંમીઠું બોલીને તને લોભાવી હોય અને પોતાની બાજી સાધવા માટે રોકી રાખી હોય. પૈસાનો સ્વાર્થ એવી વસ્તુ છે કે લુચ્ચો માણસ તે માટે કાંઈ કાંઈ લટકાં કર્યાં જ કરે; પણ એકવાર સ્વાર્થ સરી જાય છે એટલે પછી તે મૂળ સ્વરૂપમાં આવી જાય છે. માટે તને સાવધ કરવા આ પત્ર લખ્યો છે. જો તું એકાદ બે દિવસમાં પાછી નહિ ફરે તો મારો જીવ ઊંચો થશે અને હું ત્યાં આવીશ.'

પત્ર વાંચીને સુમિત્રાએ તે બૅગમાં મૂકી તાળું માર્યું. પછી તેણે વસંતલાલને કહ્યું : 'ભાઈ, કામ પતી ગયું છે એટલે હવે વધુ વખત રોકાવાની જરૂર નથી. શાળામાંથી લીધેલી રજાના દિવસો પણ આજે પૂરા થાય છે. એટલે આજે સાંજે હું જઈશ.'

સાંજે સુમિત્રાએ જવાની તૈયારી કરી, એટલે વસંતલાલે કહ્યું : 'ભાભી, તમે તમારે ખુશીથી જાઓ, પણ કોઈ કોઈ વાર આવતાં રહેશો તો મને સારું લાગશે. હું તમારો પણ ભાઈ જ છું ને?'

સુમિત્રા મનમાં બોલી : 'એ...મ!' અને પછી પ્રગટ રીતે બોલી : 'હા, હા, પ્રસંગોપાત્ત કોઈ વાર આવીશ. આ મારી સુધા મોટી થશે અને તેનું લગ્ન થશે ત્યારે તો જરૂર આવીશ.' એમ કહેતાં તેણે સુધાને વહાલથી ચુંબન લીધું.

તે ક્ષણે સુમિત્રાને વિચાર થયો કે વસંતલાલ જરૂર મનમાં મારી પાસેથી કાંઈક પ્રાપ્ત કરવાની આશા રાખતો હશે, પણ સંકોચને લીધે બોલી શકતો નથી અને જ્યારે આટલો વિનય તેણે કર્યો છે ત્યારે પોતે તેને કાંઈક આપવું પણ જોઈએ.

સુમિત્રાએ બૅગ ઉઘાડી અને તેમાંથી પાંચ હજાર રૂપિયાની નોટો કાઢી વસંતલાલની સામે ધરતાં કહ્યું : 'વસંતભાઈ, તમે માગતા નથી અને તમે આશા રાખો છો એમ પણ હું કહેતી નથી; પરંતુ મારી ફરજ છે કે સુધાને મારે કાંઈક આપવું, તે હું આપું છું.'

તત્ક્ષણ વસંતલાલની આંખોમાં આંસુ ભરાઈ આવ્યાં. તે જોતાં સુમિત્રા મનમાં ગૂંચવાઈ ગઈ. બેચાર ક્ષણ દિયર–ભોજાઈ પરસ્પર તાકી રહ્યાં.

છેવટે આંસુ લૂછી વસંતલાલ બોલ્યો : 'ભાભી ! મારો ભાઈ મૃત્યુ પામ્યો, ત્યારે મારી આંખોમાં આંસુ આવ્યાં નહોતાં; પણ અત્યારે આંસુ આવે છે તે એટલા માટે કે મારા ભાવને તમે ફરજ માની–ગણી લઈને તમે મારી ભાવના તરફ દુર્લક્ષ કરો છો. મારા મોટાભાઈ મારી ઇચ્છા વિરુદ્ધ ફરી પરણ્યા હતા અને છેવટે જ્યારે તેમનાં નવપત્ની મૃત્યુ પામ્યાં ત્યારે મેં તેમને વિનંતી કરી હતી કે, 'ભાઈ, હવે તો સુમિત્રાભાભીને બોલાવીને સુખે રહો !' એ મેં ફરજ તરીકે નહિ પણ ભાવનાથી પ્રેરાઈને કહ્યું હતું, પણ તેમણે તે માન્યું નહિ. એ જ ભાવનાપૂર્વક મેં આશા રાખી હતી કે ભાઈના મૃત્યુ પછી સુમિત્રાભાભી અહીં આવીને રહે અને મને માતાની ખોટ પડી છે તે સ્થાન પૂરે; એવી આશા હું અત્યારે વ્યક્ત કરવાનો જ હતો; પણ મને બીક લાગતી હતી. કદાચ તેનો ઊલટો અર્થ થાય. તમારી પાસે પચાસ હજારની રકમ આવી છે તેના લોભથી હું તમને અહીં રહેવા કહું છું એમ જગત તો જરૂર માને અને કદાચ તમને પણ એમ

લાગે, એટલે જ હું કશું બોલી શક્યો નહિ; પણ જ્યારે તમે તમારી ફરજ કાંઈક જુદા જ પ્રકારે મારી સમક્ષ દાખવી, ત્યારે મારે કહેવું જોઈએ કે તમને અહીં બોલાવીને આ નાણાં મેળવી આપવામાં મેં મદદ કરી છે તે પાછળ મેં કોઈ જ આશા રાખી નથી દિયર તરીકેની એ મારી ફરજ તમે માનતાં હો તોપણ તે કરતાં વિશેષ તો મોટી ભાભી પ્રત્યેની ભાવનાપૂર્વક મેં એ કાર્ય કર્યું છે. તમે મારામાં કોઈક જુદી જ આશાનું આરોપણ કર્યું તેથી મને માઠું લાગ્યું, ભાભી ! પણ તેનું હવે કાંઈ નહિ. જગત વહેવારડાહ્યું છે, એટલે તમે મને તેવો માનો તેમાં તમારો દોષ નથી. '

સુમિત્રાનું હૃદય આ સાંભળીને એટલું હલી ઊઠયું કે તેની આંખો આર્દ્ર થઈ અને કંઠ રુંધાવા લાગ્યો. તે કશું જ બોલી નહિ—બોલવાનો અવકાશ જ વસંતલાલે રહેવા દીધો નહોતો. તેને પસ્તાવો થયો કે આવા સુજન પ્રત્યે પોતે ભળતી જ શંકા રાખતી હતી. મૂગાંમૂગાં તેણે નોટો પાછી બૅગમાં મૂકી દીધી.

સુમિત્રાએ પિતૃગૃહના આંગણામાં પગ મૂક્યો કે તુરત સુનંદા સામે દોડી અને તેના હાથમાંથી બૅગ ઊંચકી લેતાં બોલી: ‘આવી બહેન ? બધું બરાબર પતી ગયું ને ?’

સુમિત્રાએ હકાર—નકાર કર્યો નહિ, એટલે સુનંદાની અધીરાઈ વધી ગઈ. ચાનો પ્યાલો લાવીને સુમિત્રાની સામે મૂકતાં તે બોલી, ‘તું ત્યાં હતી ત્યારે મને એક વાર બહુ ચિંતા થઈ. છેવટે રહેવાયું નહિ એટલે તને પત્ર લખ્યો; તે તને મળ્યો હતો ને ? તારા દિયરના હાથમાં તો નથી ગયો ને ?’

સુમિત્રા બોલી : ‘ના, મને જ મળ્યો હતો.’

સુનંદા બોલી : ‘વારુ, મેં તને લખ્યું હતું તે પ્રમાણે જ કર્યું કે પછી વસંતલાલના દાવપેચમાં ફસાઈ ગઈ ?’

સુમિત્રા બોલી : 'એ પૈસાને અડકતાં જ જાણે હું દાઝતી હોઉં એમ મને લાગતું હતું.'

સુનંદા બેબાકળી બનતી બોલી : 'ત્યારે શું એ પૈસા તું તારા દિયરને આપીને આવી? આટલું આટલું કહ્યું, તને અગાઉથી સાવધ કરી, વળી પાછો પત્ર લખીને ચેતવણી આપી, તોપણ તારી આંખો ઊઘડી નહિ?'

સુમિત્રા બોલી : 'તો શું એ બધા પૈસા હું અહીં લઈને આવું એ જ સારું દેખાય?'

સુનંદા ઊંચે સ્વરે બોલી : 'સારું નહિ તો પછી ખરાબ શું દેખાવાનું હતું? એ પૈસા પર તેનો મુદ્દલ હક્ક નથી; પણ દૂધ ઢોળાઈ ગયા પછી હવે બૂમાબૂમ શા કામની? ઘણુંય તને ગાઈ–બજાવીને કહ્યું હતું કે એ જરૂર ચાલાકી કરશે, પણ તારામાં જ અક્કલ નહિ: પારકું કોણ અને પોતાનું કોણ તેની સમજ નહિ એટલે પચાસ હજારની રકમ દિયરને આપીને આવી!'

સુમિત્રા બોલી : 'અરે ફોઈબા, નકામો કકળાટ ન કરો! મારો દિયર તો એ પૈસાને હાથ અડકાડવામાંય પાપ માને છે, સમજ્યાં? જુઓ, આ રહી પચાસ હજારની નોટો!' એમ કહેતાં સુમિત્રાએ નોટોનો ચોડો સુનંદાની સામે ધરીને પાછો બેગમાં મૂકી દીધો.

સુનંદાની પ્રસન્નતાએ હવે તેના વાણીવ્યાપારને બદલાવ્યો. તે જરા હસીને બોલી : 'હં, હં, હં, સુમિત્રા! તારા શાણપણની તો મને ખાતરી જ હતી, પણ મને જરા વહેમ પડ્યો કે વસંતલાલે તને કદાચ ભોળવી હોય: બાકી તારા પૈસા તારી પાસે હોય તો મારી તો આંખો ટાઢી થાય! હાશ! હવે મારા જીવમાં જીવ આવ્યો.'

પુન: ઘરનો કારભાર પૂર્વવત્ ચાલવા લાગ્યો.

●

પછી દસ વર્ષ વીતી ગયાં, એટલા કાળમાં સુનંદાનો પુત્ર કૉલેજમાં ભણતો થયો હતો. પુત્રીનું લગ્ન થઈ ગયું હતું. કેશવદાસ અવસાન પામ્યા હતા. સુમિત્રાની નોકરી ત્રીસ વર્ષની થવા આવી હતી અને તે પેન્શન પર નિવૃત્ત થવાની હતી.

એક દિવસ વસંતલાલનો ઓચિંતો પત્ર આવ્યો. પત્રમાં લખ્યું હતું: 'સુમિત્રાભાભી! સુધાનું લગ્ન લીધું છે, તેની કંકોતરી આ સાથે બીડી છે. તમે સુધાના લગ્નમાં આવવાનું વચન આપ્યું છે તે હું સંભારી આપું છું જરૂર આવશો ને? મારા આજના જીવનમાં તમો એકલાં જ વડીલ છો.'

સુમિત્રા દિયરના સૌજન્યને અને તેની પવિત્ર ભાવનાશીલતાને ભૂલી નહોતી; તેણે કોઈ વાર પત્ર લખીને કે પુન: દિયરની પાસે જઈને તેની ભાવનાશીલતાને પ્રશંસાનાં પુષ્પોથી વધાવી નહોતી; પરંતુ તેના દિલમાં તો તે ઘર કરીને રહી હતી.

અને સુમિત્રાએ સુધાના લગ્નમાં હાજરી આપીને પોતા પાસેની પચાસે હજારની રકમ સુધાને કન્યાદાનમાં આપી દીધી, ત્યારે તેના હૈયાને સંતોષ થયો કે છેવટે એ ધન કુસ્થાનેથી સુસ્થાને ગયું.

✿

# એ ભાઈ

લેખિકા : **શ્રી. લાભુબહેન મહેતા**

મંદિરમાં આરતીની ઝાલર રણઝણતી હોય, નગારાંના ધ્રબાંગ ધ્રબાંગ અવાજથી વાતાવરણ ગાજી રહ્યું હોય, વીસવીસ દીવાઓની દીવીથી આરતી ઊતરતી હોય અને માણસોનાં ટોળાં હાથ જોડી મોટેમોટેથી 'કર્પૂરગૌરમ્ કરુણાવતારમ્' નો શ્લોક લાંબે રાગે ગાતાં ગાતાં, ધક્કામૂકી કરીને ભોળાશંકરનાં દર્શન કરવા પ્રયાસ કરતાં હોય, ત્યારે કેશવ મંદિર બહાર પોઠિયા પાસે આંખ મીંચી મનમાં ને મનમાં જ શંકરની આરતી ઉતારતો બેઠો હોય ! એ મંદિરમાં આવે સૌથી પહેલો, જો ધારે તો શંકર સામે જ જઈને ઊભો રહી શકે અને સૌથી પહેલાં દર્શન પામી શકે; પરંતુ વહેલા આવવાનો લાભ એ કદી લે નહિ. વિચારે કે મારે અંદર જઈને કરવાનું શું છે, આ બધાં બૈરાંછોકરાંવાળાં માણસો ભલે દર્શન કરતાં અને સુખી થતાં; હું તો આ પોઠિયા જેમ એકલો ને એકલવાયો છું એટલે એની જ સાથે સારો છું !

આરતી પૂરી થયા પછી પણ એ ત્યાં જ બેસી રહેતો, પોઠિયાને પંપાળતો ને ક્યારેક કાંઈ બબડતોય ખરો. મંદિર ખાલી થઈ જાય, પૂજારી પણ બારણાં બંધ કરી ચાલ્યો જાય, છતાં કેશવ તો ત્યાં જ બેસી રહે. ભગવાનનાં બારણાં ખુલ્લાં હોય કે બંધ, તેનો એના મનમાં કંઈ ભેદ જ નહિ !

અંધારું થાય, લોકોની અવરજવર ઓછી થાય અને દીવાબત્તીઓ થવા લાગે છતાંય એ ઊઠે નહિ. કોઈ વાર ઊઠવાનું મન થતું, પણ તુરત વિચાર આવતો : 'શું કામ છે ? ઘેર કોણ રાહ જોનાર છે ? વીશીના ડૂચા પેટમાં પૂરીને પડી જ રહેવાનું છે ને, એ કરતાં અહીં શું ખોટું છે ?' અને એ ફરી પોઠિયાના

વાંસા ઉપર હાથ ફેરવતો, પોતાના ભાગ્ય પર મંદ હસતો બેસી રહેતો. ક્યારેક કોઈ યુગલ રાતની હવા ખાવા મંદિર તરફ ચડી આવતું ત્યારે એને જોઈ આંખનો ખૂણો સહેજ ભીનો થઈ જતો અને મનોમન પોઠિયાને મિત્રભાવે કહેતો : ‘તારા ભગવાનને પૂછતો ખરો કે જગતમાં આવો ભેદ રાખવાનું અને અન્યાય કરવાનું કારણ શું છે? જેણે આખી જિંદગીમાં કોઈનું કાંઈ બગાડયું નથી તેને આવી ખંડેર જેવી જિંદગી આપવામાં એનો હેતુ શો છે?’ કોઈ વાર વળી સંસારીઓના આનંદપ્રમોદ જોઈ મનમાં ચિડાતો ને બોલતો : ‘આ દુષ્ટોને મારી સામે આવીને જ હરવાફરવાનું કેમ સૂઝે છે? દુનિયામાં જગા ઓછી છે તે અહીં સામે આવીને જ મને બાળે છે?’ પણ આવી ચીડ બહુ ટકતી નહીં, તરત એનું અંતર બોલી ઊઠતું : ‘ફટ ભૂંડા, આવો ઈર્ષાળુ કાં થયો? મોજ કરવા આવનારને ઓછી જ ખબર છે કે તું એકલો છે ને પરણવા વલખાં મારે છે? એ બિચારા ક્યાંથી જાણે કે તને કોઈ કન્યા આપતું નથી?’ અને એનું મન શાંત બની જતું. વળી પાછો મંદિરને થાંભલે માથું ટેકવી આંખ મીંચી પ્રભુની અગમ લીલાનો વિચાર કરતો બેસી રહેતો.

આ રીતે બેસી રહેવામાં પોતે ક્યારે આવ્યો છે અને કેટલું મોડું થયું છે એનો એને ખ્યાલ રહેતો નહિ. અઠવાડિયાના પાંચ દિવસ તો નાનો ભાઈ ગુણવંત આવીને એને તંદ્રામાંથી જગાડતો અને ઘેર લઈ જતો. વીશીમાંથી લાવી રાખેલું ભાણું બંને ભાઈઓ ભેગા બેસી જમતા. કેશવનું હૈયું હળવું થતું એટલે પોતે મોડા આવવા માટે અફસોસ કરતો ને કહેતો : ‘તું ખાઈ લેતો હો તો? મારે માટે ઢાંકી રાખવું. હું જ્યારે આવું ત્યારે જમી લઉં.’ પણ ગુણવંત એ વાત મન ઉપર લેતો જ નહિ. મોટાભાઈના ભાંગેલા હૈયાને એ બરાબર સમજતો.

એમનું મરુભૂમિ જેવું શુષ્ક જીવન જોઈ પોતે અંતરમાં વલોવાતો, પણ કરે શું? સમાજમાં જેવી સ્થિતિ કેશવની હતી એવી એમની જ્ઞાતિના ઘણાની અને પોતાની પણ હતી; એટલે એ તો બનતા પ્રયત્ને મોટાભાઈને પ્રસન્ન રાખવા અને જીવનમાં રસ લેતા કરવા તનતોડ પ્રયાસ કરતો.

કેશવ દરરોજ ઘેરથી એક કારખાનામાં નોકરીએ જતો અને ત્યાંથી પરબારો બહાર ચાલ્યો જતો, પણ એને શોધવાનું અઘરું નહોતું. એનું વિશ્રામસ્થાન મહાદેવનું મંદિર ને એ પોઠિયો જ હતાં. કારખાનાના સાથીદારો કોઈવાર સિનેમા જોવા આવવા કે દરિયા ઉપર ફરવા આવવા આગ્રહ કરે પણ એ ના જ પાડે. ગમે તે બહાનું કાઢે, પણ એના અંતરમાં તો બીજી જ વરાળ હોય: 'સિનેમામાં શું જોવાનું છે? સંસારનાં ને કુટુંબનાં દૃશ્યો જોઈ શેર લોહી જ બાળવાનું ને? દરિયા ઉપર ફરવા જઈને પણ ખીલતાં પુષ્પ જેવાં ભૂલકાંઓ ને તેમનાં મા-બાપો જોઈ નિસાસા જ મૂકવાના છે ને! એ કરતાં મંદિરનો ઓટલો ને પથ્થરનો પોઠિયો સારા છે.' પથ્થરની સામે પથ્થર થઈને બેસી રહેવામાં જ એને શાંતિ લાગતી હતી.

કેશવ પોતાના જીવન પ્રત્યે તદ્દન નિરાશ થઈ ગયો હતો. જીવનમાં રસ જેવું કંઈ રહ્યું જ નહોતું. ગરીબ કુટુંબમાં એનો જન્મ થયેલો અને નાના બે ભાઈઓને મૂકીને બાપ ગુજરી ગયા પછી માએ દળણાં-પાણી કરી છોકરાઓને મોટા કર્યા હતા, પરંતુ એ બિચારી લાંબું જીવી શકી નહોતી. બંને ભાઈઓ પોતાનો રોટલો રળી લેતા હતા; પરંતુ ગરીબાઈ અને કોઈની ઓથ વિનાનું જીવન હોવાને કારણે એમના તરફ કોઈ નજર કરતું નહોતું. એમની નાતમાં મોટી કન્યાઓ ઘણીયે હતી, મુરતિયાની અછતને લઈ કન્યાનાં માબાપો ચિંતાતુર પણ રહેતાં, પરંતુ કોઈ કેશવ-ગુણવંત સામે નજર પણ ન કરતાં. ભૂલેચૂકે

કોઈની નજર પડે તો કહે : ' એવા થડ વિનાના છોકરાને દીકરી આપીને શું લાટો કાઢવાનો છે ? એ તો રહ્યા એકલા, કાલ સવારે ચાલતા થાય તો દીકરીનું કોણ ? નફિકરા છોકરાઓને આ દુનિયામાં શું નાહવા–નિચોવવાનું છે ? ' લગભગ ન્યાતબહાર હોય એવી બેય ભાઈઓની સ્થિતિ હતી. કેશવની તો ઉંમર પણ હવે મોટી થઈ હતી. આ વરસે જ એને ત્રીસમું વરસ બેઠું. વીસથી તે ત્રીસ સુધીનાં દસ વરસો એણે પરણવાનાં સ્વપ્નાં અને સમાજની લાતો વચ્ચે જ ગાળ્યાં. સમાજના તિરસ્કારથી એનું અંતર ઘવાઈ–ઘવાઈને હવે સાવ ચેતનહીન બની ગયું હતું. જીવન જીવવાની કે દુનિયામાં કાંઈ કરવાની ઇચ્છા નષ્ટ થઈ ગઈ હતી.

હા, એના અંતરનો એક ખૂણો હમેશાં ભીનો રહેતો. એમાંથી નિરંતર અમીરસ ઝર્યા કરતો, અંતરની આવી ભયંકર આગ વચ્ચે પણ એ ઝરો એક ક્ષણ પણ સુકાયો નહોતો. નાનાભાઈ ગુણવંત પ્રત્યેનું વહાલ અને એના માટેની ચિંતા તથા મમતા સદૈવ જાગ્રત રહેતાં. પોતે તો પરણી ન શક્યો, પણ હવે આ ગુણવંતનું કોઈ રીતે ગોઠવાઈ જાય તો સારું, એવી ચિંતા હમેશ એને રહ્યા કરતી. ગુણવંતનું પણ એવું જ હતું. મોટાભાઈ અંતરથી ખૂબ દુઃખી છે, એમને જીવનમાં રસ નથી એટલે ખાવાપીવા કે ઊંઘવાનું પણ ઠેકાણું નથી, તે એ બરાબર સમજતો હતો. બંને વખત પોતે સાથે બેસીને જ એમને જમાડતો. કેશવનાં કપડાં પોતે જ ધોઈ નાખતો. કેશવ હમેશ રાત્રે વિચારમાં ને વિચારમાં બરાબર ઊંઘી શકતો નહિ એટલે સવારે મોડો ઊઠતો. તો એના ઊઠ્યા પહેલાં પોતે અવાજ ન થાય તેમ ઓરડી સાફ કરી નાખતો. દૂધ લઈ આવી ચા તૈયાર કરી લેતો અને મોટાભાઈની નાહવા કરવાની સગવડ કરી પછી જ ઉઠાડતો. ઉઠાડ્યા વિના તો ચાલે નહિ; કારણ કે કેશવની નોકરી આકરી હતી. એક તો ગરીબ અને સગાંસંબંધી કોઈ નહિ,

એટલે નોકરી ગુમાવવાનું પોષાય તેમ નહોતું. સવારે પથારી-માંથી અને સાંજે મંદિરેથી ઉઠાડવાનું કામ હમેશ ગુણવંત જ કરતો અને એના અવાજમાં કદી કંટાળો, તિરસ્કાર કે તોછડાઈ આવ્યાં નહોતાં. મોટાભાઈ માટે ભક્તિ અને પ્રેમ જ એના હ્રદયમાં ભર્યાં હતાં અને એ બળ ઉપર જ બંનેનો જીવનપ્રવાહ સુખે કે દુઃખે સરળતાથી ચાલતો હતો.

આ સરળતામાં એક દિવસ ઝંઝાવાત ઊઠ્યો. ગુણવંત જે દુકાનમાં કામ કરતો એ જ દુકાનના એક સાથીદાર મગનની મા ગુજરી ગઈ. મગન પણ ગરીબ કુટુંબનો જ હતો; પરંતુ મા જીવતી હતી અને એક બહેન હતી એટલે એને કાંઈક કુટુંબસ્નેહ મળતો. માને કારણે સમાજમાં પણ એની આવજા હતી તેથી આ બે ભાઈઓ કરતાં એ કાંઈક સુખી દેખાતો. સાથે જ કામ કરવાને કારણે ગુણવંત અને એની વચ્ચે સારી મૈત્રી હતી. ગુણવંત ક્યારેક એને ઘેર પણ જતો એટલે મગનની માને પણ ગુણવંત માટે સારો ભાવ થયેલો. માએ મરતાં પહેલાં એક વાર પોતાની દીકરી ગુણવંતને આપવા મગનને ભલામણ કરી હતી, મગનને એ વાત રુચી નહોતી, પણ એની બાએ સમજાવ્યું કે ગરીબ છોકરો દીકરીને સાચવશે એટલો પૈસાદાર નહિ સાચવે. ગરીબને મન કન્યા એ રત્ન છે ને પૈસાદારને ત્યાં ઢીંગલી! માના આ શબ્દોએ મગનના મન ઉપર અસર કરી હતી, પણ ત્યારે તો એ મૂંગો રહેલો.

માના મૃત્યુ પછી એક દિવસ એણે ગુણવંત પાસે આ વાત મૂકી. ગુણવંત તો એ વાત સાંભળીને સ્તબ્ધ જ બની ગયો. રસ્તે ચાલતા ભિખારી ઉપર હાથણીએ કળશ ઢોળ્યો હોય એવી એના મનની સ્થિતિ બની ગઈ. થોડીક ક્ષણ તો એ આંખ ફાડીને મગન સામે તાકી જ રહ્યો! એ પછી મન સ્વસ્થ થયું, પરંતુ તે એક શબ્દ પણ બોલી શક્યો નહિ. શું બોલવું, શું પૂછવું

એ એને સૂઝયું જ નહિ. આટલાં વરસોમાં, એ એણે પોતાના લગ્ન વિષે વિચાર કર્યો નહોતો. જ્યાં સુધી મોટાભાઈનું લગ્ન નથી થયું ત્યાં સુધી પોતાનું લગ્ન ન જ થઈ શકે એવી એની દૃઢ માન્યતા હતી.

ગુણવંતને મૂંગો રહેલો જોઈ મગન મૂંઝાયો. પોતે કાંઈ અયોગ્ય તો નથી બોલી ગયો, એવી એને ચિંતા થવા લાગી. એણે કહ્યું : 'અમે ગરીબ છીએ તો તું ક્યાં ગરીબ નથી ? મારી કંઈ ભૂલ હોય તો તું સુધાર, આપણે ક્યાં પારકા છીએ ?'

મગનની બહેનને ગુણવંત ઘણા વખતથી ઓળખતો હતો. એને ઘેર જતો–આવતો એટલે એની સાથે વાતચીતનો પ્રસંગ પણ સાંપડેલો. દેખાવમાંય તે કાંઈ નબળી નહોતી, તેમ સાધારણ ભણેલી પણ હતી. એટલે એનામાં કંઈ અયોગ્યતા છે એવું તો હતું જ નહિ, પરંતુ એ પોતાના જ જીવનમાં આ રીતે વણાય એવી એને કલ્પના પણ આવી નહોતી. આ વાત સાંભળતાં પ્રથમ મૂંઝવણ અને પછી ઊંડા સંતોષની લાગણી હૃદયમાં રમવા લાગી. થોડીવાર સ્થિર ચિત્તે વિચાર કરી ગુણવંતે કહ્યું :

'મોટાભાઈનું લગ્ન જ્યાં સુધી ન થયું હોય, ત્યાં સુધી મારાથી કેમ થાય ?' અને પછી પોતાનું કાળજું કાપી આપતો હોય એવી વેદના અને દૃઢતાથી બોલ્યો : 'તું મોટાભાઈ જોડે જ…'

આ સૂચનાથી મગન વિચારમાં પડી ગયો. એને મન તો ગુણવંત અને કેશવ બન્ને સરખા હતા, પોતાની બહેનને પણ કોઈ એક માટે ખાસ આગ્રહ હતો એવું નહોતું. આ બન્ને ભાઈઓ કુંવારા રહી ગયા છે અને કાયમ માટે રહી જવાના જ તે પણ એ સમજતો હતો. ગુણવંત આ તક ગુમાવશે તો કદી પરણી શકશે નહિ એ પણ મગન જાણતો હતો. આમ છતાં ગુણવંત પોતાની જિંદગીના ભોગે મોટાભાઈનો જીવનબાગ ખિલવવા તૈયાર થયો છે એ જોઈ મગનનું હૃદય ભરાઈ આવ્યું.

પળવાર એને થયું કે ગુણવંતની એના મોટાભાઈ પ્રત્યેની ભક્તિને સંતોષવી, પણ બીજી જ ક્ષણે લાગણીના તારો પાછા ખેંચાયા અને વિચાર આવ્યો : 'કેશવ ઉંમરમાં વધારે મોટો હશે અને હતાશાથી એનું મન પણ ભાંગી ગયું હશે... એની મા પણ ગુણવંત માટે જ ભલામણ કરતી ગઈ હતી.'

ગુણવંતની કેશવ પ્રત્યેની લાગણીને આઘાત ન પહોંચે તે ધ્યાનમાં રાખી મગને ગુણવંતને કહ્યું : 'મરતી માની ઇચ્છા મારે પૂરી કરવી જોઈએ. એ તારે માટે કહી ગઈ છે એટલે તારે જ વિચારવું જોઈએ.'

ગુણવંત મૂંઝાયો. મગનની બહેન એની નજરની સામે તરતી હતી. શુષ્ક જીવનમાં લાગણીનાં ઝરણ ફૂટવા લાગ્યાં હતાં. પણ મોટાભાઈને શું થાય? ગુણવંતના મનને આંચકો લાગ્યો ને એ ત્રુટક શબ્દે બોલ્યો : 'ના, ના, મારાથી એવું બનશે નહિ. મોટાભાઈના હૈયા ઉપર મારે હાથે જ હું રાખ નહિ પાથરું.'

'ના, ના' કરતાં ગુણવંત ચાલતો થયો. મગનનું મન દ્રવિત થયું. ગુણવંતની ખાનદાનીનો એના અંતરને ઊંડો સ્પર્શ થયો. એ વિચારમાં પડ્યો. અચાનક એને સૂઝયું : 'એનો ભાઈ પણ આવો જ ઉદાર અને અમીર નહિ હોય?' કેશવને એ સાધારણ ઓળખતો હતો. એ શંકરના મંદિરમાં પોઠિયા પાસે પડી રહે છે એમ પણ એણે જાણ્યું હતું. તરત જ ત્યાં જવાની ઇચ્છા થઈ, પણ એણે મનને વાળ્યું. ઉતાવળ ન કરવી, ગુણવંત એકએ દિવસમાં કંઈ કહે છે કે નહિ તે જોવું, એવા વિચારે મગન ત્યારે તો શાંત રહી ગયો.

એ દિવસ પસાર થઈ ગયા. ગુણવંત દુકાને તો આવતો હતો પણ એના મનનો ભાર છુપાવી શકતો નહોતો. મગન એની સાથે કશી વાત કરતો નહિ, પણ દિવસમાં દશ વાર એની મુખમુદ્રા જોઈ મનનું માપ કાઢી લેતો. આખરે મગનને લાગ્યું કે

કેશવ પાસે જવું એ જ યોગ્ય છે. ત્રીજે દિવસે સાંજે એ શંકરના મંદિરે ઊપડ્યો.

કેશવ શૂન્ય ચિત્તે પોઠિયા પાસે બેઠો હતો. મગનને આવતો જોઈ એ ઊભો થયો અને ફિક્કું હસ્યો. મગન એની પાસે આવી તેને ઓટલાની કિનાર ઉપર ખેંચી ગયો. બંને બેઠા એટલે મગને ધીમેધીમે બધી વાત કરી. આનંદ અને આશ્ચર્યની લાગણી કેશવના મુખ ઉપર ફરી વળી. તરત જ એ બોલ્યો :

'હં. એમ છે ત્યારે. છેલ્લા બે દિવસથી એ મૂંગો અને ઉદાસ રહે છે. જ્યારે જોઉં ત્યારે વિચાર કરતો હોય એમ સૂનમૂન બેસી રહે છે. હું પૂછું છું તો કંઈ કહેતો નથી. બોલાવું તો ખોટું હસે, પણ હું આઘોપાછો થાઉં કે તુરત ગંભીર બની જાય છે. મને શી ખબર કે આમ હશે ! સારું થયું, તેં આવીને વાત કરી, નહિ તો એ મનમાંને મનમાં બળીને અરધો થઈ જાત અને મારા પર જિંદગીનું કલંક ચોંટી જાત.' આટલું કહી કેશવ થોડી વાર ચૂપ રહ્યો. પછી બોલ્યો : 'મારે હવે જિંદગીમાં શો રસ છે? એ પરણશે તો મારી આંતરડી ઠરશે અને રોજ વીશીના ડૂચા પેટમાં નાંખવા પડે છે તે બંધ થશે.'

અચાનક કેશવ હસ્યો. એવા જોરથી હસ્યો કે મગન ચમકી ગયો. તરત જ કેશવે મગનનો હાથ પકડ્યો ને મોટા અવાજે કહ્યું : 'તારો વિચાર તો પાકો છે ને ? તારી બહેનને પૂછી લીધું છે ?' મગને માથું હલાવી હા પાડી.

'તો ચાલ, હું ગુણવંત પાસે હા પડાવી દઉં !' એમ કહેતાં મગનને એણે ખેંચ્યો ને ઝડપથી ચાલતા બંને ઓરડી ઉપર આવી ગયા.

ગુણવંત ઓરડીને એક ખૂણે શેતરંજી પાથરી બેઠો હતો. કોણી પર ટેકવેલા હાથ ઉપર માથું નમી પડ્યું હતું. આંખોમાં

ન સમજાય એવી શૂન્યતા વ્યાપી રહી હતી. આ બંને બારણામાં આવ્યા તેનું એને ભાન જ નહોતું.

કેશવે ગુણવંતને હચમચાવતાં કહ્યું: ‘રોજ તું મને મંદિરે ઉઠાડવા આવે છે, આજ હું તને ઉઠાડવા આવ્યો છું. ઊઠ, ઊભો થા, અવસર વીતી જાય છે!’

ગુણવંત ઝબકીને બેઠો થયો. કેશવ અને મગનને સાથે જોઈ એ બધી વાત પામી ગયો. તરત જ બોલ્યો: ‘ના, મોટાભાઈ, એ મારાથી નહિ બને. તમે પથ્થરના પોઠિયા પાસે...’

‘ગાંડો ન થા, એ પોઠિયો છોડાવવો હોય તો જલદી હા કહી દે. લક્ષ્મી ચાંદલો કરવા આવી છે. આ ઘરમાં ઝાંઝર ઝણકશે તો માબાપના જીવને શાંતિ મળશે ને મનેય ટાઢક વળશે.’

‘પણ મોટાભાઈ તમે?’

‘હજી ગાંડાવેડા! મોટાભાઈના કોડ પૂરા થઈ ગયા...મારી પાછળ તારેય બાવા બનવું છે? તારેય પોઠિયા પાસે બેસવું છે?... જા, મગન! પડખેથી કંકુ લઈ આવ ને તારે જ હાથે તિલક કર.’

મગન તરત જ ઊઠ્યો ને પાડોશમાંથી કંકાવટી લઈ આવ્યો. ગુણવંત એમ જ બેસી ગયો. કપાળ ઉપર તિલક ચમક્યું કે તરત જ આંસુ છલકતી આંખે મોટાભાઈના પગમાં એ નમી પડ્યો. કેશવની આંખો પણ ભીની થઈ ગઈ.

•

એ પછી કેશવ શંકરમંદિરે ગયો નથી, પોઠિયા પાસે બેઠો નથી, વિધુર બાપની પેઠે ગુણવંતની સંભાળ રાખતો સંતોષ અનુભવે છે!

# સાસુ કે માતા?

## લેખિકા : સૌ. કમળા ફડકે

ભીડભંજન મહાદેવમાં જે થાંભલાની ઓથે પાર્વતીબહેન બેઠાં હતાં ત્યાં પૂરું અજવાળું પણ પડતું નહોતું. કથામંડપના અગ્રભાગમાં હરિહર શાસ્ત્રી રામાયણ ઉપર પ્રવચન કરી રહ્યા હતા. શાસ્ત્રીજીના વક્ષ:સ્થળ પર પુષ્પહાર શોભી રહ્યો હતો ભાવના વેગને લીધે તેમણે આંખો મીંચી દીધી હતી, પરંતુ રાજા દશરથના મૃત્યુ પછી કૌશલ્યા માતાએ કરેલો હૃદયદ્રાવક વિલાપ તેમની કરુણ મધુર વાણીમાંથી નીતરી રહ્યો હતો. એ વિલાપવાણી સાંભળીને સભામંડપના શ્રોતાજનોની આંખોમાં આંસુ આવી ગયાં હતાં. આ પહેલાં ઘણા કથાકારોએ આ સભામંડપમાં પ્રવચન કર્યાં હતાં, પણ હરિહર શાસ્ત્રીની કથનશૈલી સૌથી અદ્દભુત હતી. તેમને સાંભળવા અનેક શ્રોતાઓ ને ભાવિક ભક્તો આવતા હતા, પણ ગિરદી હોય કે ન હોય, પણ પર્વાતીબહેન તો તેમની હંમેશની જગ્યાએ દૂરના થાંભલાની ઓથે જ બેસતાં. તેમના પતિના અવસાનને લગભગ એક વર્ષ થવા આવ્યું હતું, છતાં પોતાનો કુંકુમવિરહિત અભદ્ર ચહેરો લોકોને બતાવવાની હિંમત પાર્વતીબહેનમાં નહોતી. ચહેરો તો શું, પણ અંતઃકરણમાં હરઘડી ઊછળતી દુઃખની લાગણી પણ હૃદય ખોલીને બતાવવાની તેમને છૂટ નહોતી.

પતિના સ્વર્ગવાસ પછી તેમની દૃષ્ટિએ ઘર શુષ્ક અને નકામું થયું હતું, પરંતુ પુત્ર અને પુત્રવધૂ પોતાના દિવસો ખૂબ આનંદથી નિર્ગમન કરતાં હતાં. પાર્વતીબહેનને રડતાં જોઈ એકાદ વખત વહુએ સંભળાવી પણ દીધું હતું, કે 'છોકરાંછૈયાંથી ભરેલા ઘરમાં નકામું રડવું એ ઠીક નથી.' રમેશે પણ કહ્યું હતું, 'બા, મૃત્યુ પામેલા બદલ શોક કરીને જીવતાં માણસોના સુખમાં

શા માટે વિઘ્ન લાવે છે ?' પુત્ર અને પુત્રવધૂ તરફથી આ સૂચના મળ્યા પછી પાર્વતીબહેન કદી પણ ઘરમાં રડતાં નહિ કે મૃત પતિને શબ્દો દ્વારા યાદ કરતાં નહિ. વહુના ભર્યાભાદર્યા ઘરમાં રહેવા માટે તેમણે પોતાના દુઃખ ઉપર સંયમરૂપી અંધારપટ બિછાવ્યો હતો, છતાં પણ કોઈ કોઈ વાર દુઃખની લાગણી ઘણી તીવ્ર બની જતી. માનસિક વેદના ઓછી કરવા માટે કેટલાક માણસો દારૂ પીએ છે, કેટલાક અફીણ ખાય છે, કેટલાક મોર્ફીયાનાં ઈંજેક્શન લે છે: પાર્વતીબહેને ભીડભંજનનો આશરો લીધો હતો. ઘરકામ પતાવીને તે ભીડભંજન જતાં રહેતાં. મહાદેવ ઉપરાંત રામ, સીતા, લક્ષ્મણ અને લક્ષ્મી, સરસ્વતી વગેરેની મૂર્તિઓ પણ હતી. એ બધાં તરફ એકીટશે શૂન્ય નજરે તે જોઈ રહેતાં. મંદિરના મોટા મોટા થાંભલા અને પગ નીચેની આરસની ફરસબંધી મંદિરના પવિત્ર વાતાવરણમાં ઉમેરો કરતી હતી. પોતાની હંમેશની જગ્યાએ થાંભલાને અઢેલીને બેસે ત્યારે પાર્વતીબહેનને કોઈ અકથ્ય શાંતિ થતી અને તેમના હૃદયનો વલોપાત કંઈક ઓછો થતો.

આજે હરિહર શાસ્ત્રીના પ્રવચનમાં કૌશલ્યા–વિલાપ સાંભળતાં-સાંભળતાં તેમના મનનો ઉદ્વેગ ધીમેધીમે નષ્ટ થયો. ધુમ્મસ દૂર થયા પછી આજુબાજુની બધી વસ્તુઓ સ્પષ્ટ દેખાય, તેમ પોતાના દુઃખનું સ્વરૂપ તેમને સ્પષ્ટ દેખાવા લાગ્યું, તેમની આંખમાંથી આંસુની ધારા વહેવા લાગી અને મનમાં તેઓ કહેવા લાગ્યાં, 'શાસ્ત્રીજી, તમે મારું દુઃખ તાજું કરો છો. મારું દુઃખ શબ્દો દ્વારા હું બતાવી શકતી નથી. કૌશલ્યાની જેમ મને પણ દશે દિશા શૂન્ય ભાસે છે, પણ તમારી સહાનુભૂતિથી મારું મન હલકું થયું છે.'

પંદરેક મિનિટ પછી વ્યાખ્યાન પૂરું થયું. ધીમેધીમે બધા શ્રોતાજનો મંદિર છોડી ઘર તરફ ચાલતા થયા. પાર્વતીબહેન

પણ ઊઠ્યાં અને ઘરનો રસ્તો પકડ્યો. તેમને મનમાં થયું કે ઘેર જવાને બદલે બીજા કોઈ મંદિરમાં જવું અને વ્યાખ્યાન સાંભળવું, પણ એ શક્ય નહોતું.

બરાબર એક વર્ષ પહેલાં રમેશના પિતા ઉદયશંકર ટાઇફોઇડમાં સપડાયા હતા. ટાઇફૉઈડે ત્રણ વખત ઊથલો માર્યો હતો. ત્રીજા ઊથલા વખતે તો ઘરનાં બધાં માણસો કંટાળી ગયાં હતાં, કારણ કે વારાફરતી સૌને સારવારમાં રોકાવું પડતું અને તેથી નોકરી, ઘરકામ વગેરેમાં અવ્યવસ્થા આવી ગઈ હતી. કોઈ કોઈ તો બોલી પણ બતાવતું, 'આમ પડ્યા રહેવા કરતાં તો શરીર છૂટી જાય તો સારુ; એટલે આપણે સૌ છૂટીએ!' આ શબ્દો સાંભળી પાર્વતીને ઘણો ઉદ્વેગ થતો. ઉદયશંકર તે જોઈ શકતા અને પોતાના ક્ષીણ હાથમાં તેનો હાથ લઈને કહેતા, 'પાર્વતી, મને મરવાની બીક નથી; પણ તારું પાછળથી શું થશે તેના મને વિચાર થયા કરે છે.'

પાર્વતીબહેન ઘેર આવી પહોંચ્યાં, ત્યારે તેમનું હૃદય ભરાઈ આવ્યું હતું અને આંખોમાં આંસુ હતાં. ઘરમાં રડવાની બંધી છે એ તેમને યાદ આવતાં તેઓ આંખો લૂછતાંલૂછતાં અંદર આવ્યાં. ઘરમાં બધે શાન્તિ હતી. રસોડામાં વહુ નહોતી. ચૂલો હજી પેટાવ્યો નહોતો. તેઓ ભીંતને અઢેલીને થોડીવાર બેઠાં. જરા આરામ લઈને પછી ચૂલો પેટાવવાનો તેમણે વિચાર કર્યો હતો. એવામાં મેડી ઉપરથી કોઈ રડતું હોય તેવો અવાજ તેમને કાને પડ્યો. અવાજ વહુનો જ હતો! તેઓ ચમક્યાં. રમેશ કાલાવાલા કરી તેને સમજાવતો હતો. કાન માંડીને સાંભળતાં તેમને કાને નીચેના શબ્દો પડ્યા :

'એમ કંટાળી શું જાય છે, ઇંદુ? ઊઠ, મારે ખાતર ઊઠ, એ ડોસી ખાતર નહિ, પણ છોકરાંઓ ખાતર ઉદ્વેગ છોડી દે અને તેમને જમાડી લે.'

'ખબરદાર, મારી સાથે બોલ્યા છો તો ! તમારા મીઠામીઠા શબ્દોથી હવે હું છેતરાવાની નથી. તમારી મા છે એમ માનીને આજ સુધી હું કંઈ પણ બોલી નથી, પણ હવે મારાથી સહન થતું નથી.'

ઇંદિરાના એ કર્કશ શબ્દો સાંભળી પાર્વતીબહેન ઊભાં થઈ ગયાં. હવે તે શું બોલશે એ ભયથી તેઓ થરથર કંપવા લાગ્યાં.

'ત્યારે હવે મારે કરવું શું ? જીવ દેવો ?' રમેશ ત્રાસી જઈને બોલ્યો.

'જીવ દેવા કરતાં સહેલી વાત છે તે હું તમને કેટલાય દિવસથી કહું છું, પણ કરતા નથી. ડોસલીને ઘર બહાર કાઢો !'

'અરે પણ હું ક્યાં ના કહું છું ? મુંબઈ સુરેશને ચાર કાગળો લખ્યા કે તું બાને થોડા દિવસ લઈ જા. પિતાજીના સ્વર્ગવાસ પછી તેમને અહીં ગમતું નથી ...'

'વાહ ! ગમતું નથી ! થોડુંઘણું ઘરકામ કરીને બાકીનો બધો વખત મંદિરમાં જઈ કથાકીર્તન સાંભળે છે ને વળી કહો છો કે ગમતું નથી. ઊલટું ગામમાં વહુને વગોવે છે. એકવાર મુંબઈ મોકલો તો નાની વહુનો અનુભવ થાય !'

'હું તો એક પગે ખડો છું તેને મોકલવા, પણ સુરેશ તેને રાખવા તૈયાર નથી. તેણે તો ચોખ્ખું લખી દીધું છે કે મારા પગારમાં અમારું પૂરું થતું નથી, ત્યાં માને શી રીતે તેડી જાઉં ?'

'ઘણું જ સરસ ! કેમ જાણે આપણો પગાર તો ઘણો વધારે હોય ! બાપુજી પણ કેટલી મતા મૂકી ગયા છે તે સુરેશભાઈ જાણે છે ! આપણાં ચાર બાળકોને કપડાંલત્તાં, ખાવુંપીવું વગેરે માંડ થઈ શકે, તેમાં વળી આ સાસુજીની પંચાત...'

'તેનો શો ઉપાય ?'

'તે કંઈ હું ન સમજું; પણ તમારે મને નિરાંતે રહેવા દેવી હોય તો મારે ત્રાહિત માણસ ઘરમાં ન જોઈએ !'

'જો, તારી મરજી પ્રમાણે બધું થઈ રહેશે. જરા શાન્તિ રાખ. હું તારે પગે લાગું છું ને વચન આપું છું કે થોડા દિવસમાં માને મુંબઈ મોકલી આપીશ. ચાલ, ઊઠ !'

'ખરેખર ?

'તારે ગળે હાથ.'

'અને સુરેશભાઈના કહેશે તો ?'

'તો પછી તે ને તેનું નસીબ...'

'જોજે હો ! પછી ગળચવાં ગળતા નહિ !'

'તું તો અંત લેવા બેઠી છે ! નક્કી માને મોકલી દઈશ. આ કંકાસથી હવે હું પણ કંટાળ્યો છું. ચાલ, ઊઠ જોઉં...'

પાર્વતીબહેન દીવાલ પાસેથી દૂર થઈ બાથરૂમમાં ગયાં અને ચાર–પાંચ લોટા પાણીથી મોઢું ધોયું. કપાળ પર પણ પાણી છાંટયું. છતાં પણ સાંભળેલા સંવાદથી તેમના મનને થયેલો પરિતાપ ઓછો થયો નહિ. બાથરૂમમાંથી બહાર નીકળ્યાં, ત્યારે તેમનો ચહેરો પહેલાંની માફક નિર્વિકાર હતો. તેમને જોઈ ઇંદિરા ચમકી. સાસુજીએ તેમનો સંવાદ સાંભળ્યો તો નહિ હોય ને ?

'ક્યારે આવ્યાં ?' ઇંદિરાએ પૂછ્યું.

'ચાલી જ આવું છું', કહી પાર્વતીબહેન રસોડામાં જઈ કામે વળગ્યાં. કલાકેક પછી રમેશ જમવા બેઠા ત્યારે તેમણે કહ્યું :

'ભાઈ, કાલે કથામાં ચંપાબહેન મળ્યાં હતાં.'

'કયાં ચંપાબહેન ?'

'આપણા પાડોશમાં બે વર્ષ તેઓ રહી ગયાં છે. તે વખતે તું નાનો હતો, એટલે તને યાદ નથી. કાલથી તેમને ત્યાં સપ્તાહ છે,

તેમાં આવવા માટે તેમણે મને ખાસ આગ્રહ કર્યો છે. 'નહિ આવો તો ખેંચીને લઈ જઈશ' એમ કહ્યું છે. મેં પણ જવાનું કબૂલ કર્યું છે. આવતી કાલ બપોરની બસમાં હું રાજકોટ જઈશ...'

'જેવી તમારી મરજી. કહો તો હું બપોરે બસ સુધી મૂકી જાઉં.'

'પણ ઑફિસનું શું થાય ?'

'એકાદ કલાકની રજા લેવી પડે !'

'ના, ના, તેવું કંઈ કરવું નથી. હું મારે એકલી જઈશ. ભાડા જેટલા પૈસા તો મારી પાસે છે. જાઉં ને ભાઈ?'

'હા, હા. જરૂર જા.' રમેશે કહ્યું. બીજી જ ક્ષણે તેણે ઇંદિરા તરફ જોયું અને બંને મનમાં હરખાયાં કે ટાઢે પાણીએ ખસ ગઈ.

બીજે દિવસે બપોરે બે વાગે પાર્વતીબહેન કાખમાં એક નાનું પોટકું લઈ રવાના થયાં. રમેશ ઑફિસમાં ગયો હતો અને ઇંદિરા મેડી ઉપર વામકુક્ષી કરી રહી હતી. બે નાનાં છોકરાં, યજ્ઞેશ અને રંજન ઓશરીમાં ઘરઘર રમતાં હતાં. તેમને જોઈ પાર્વતી-બહેનનું હૈયું ભરાઈ આવ્યું. કાખમાંનું પોટકું નીચે મૂકી બન્ને છોકરાંઓને તેડી લીધાં અને તેમને ચૂમીઓ ભરી. તેમના હાથમાં અક્કેક પેંડો આપ્યો. બન્ને છોકરાં આનંદથી નાચવાકૂદવા લાગ્યાં એટલે તેમની નજર ચૂકવી પાર્વતીબહેન પોટકું લઈ બહાર નીકળી ગયાં. જતાંજતાં એક લાકડાની ઢીંગલી અને એક મોટર તેમણે પોટકામાં મૂકી દીધી. જતાંજતાં તેમણે વિચાર કર્યો, 'યમરાજના દરબારમાંથી આમંત્રણ આવતાં તેઓ ભર્યું ઘર મૂકીને-મને એકલી મૂકીને—બધો મોહ છોડીને કેવા ચાલતા થયા? કેટલું મજબૂત મન? તો પછી જે ઘરમાં મારું સ્થાન નથી, જે ઘરમાં મારું કોઈ નથી, તે ઘર છોડીને જતાં મારે શા માટે દિલગીર થવું જોઈએ ?'

મોટર-સ્ટૅન્ડ પર પહોંચ્યા પછી તેમનું મન જરા ડગવા લાગ્યું. કાલે રાત્રે ચંપાબહેન, સપ્તાહ, તેમનો આગ્રહ વગેરે જે બનાવટી વાતો કરીને તેઓ નાસી છૂટ્યાં હતાં, તેનું પરિણામ શું આવશે એ વિચાર તેમને મૂંઝવતો હતો. પણ હવે પાછાં પગલાં માંડી શકાય તેમ નહોતું. તેમણે ઉતારુઓ સાથે લાઇનમાં ઊભા રહી ટિકિટ લીધી અને બસમાં જઈ બેઠાં. બસ ચાલુ થતાં જ તેમણે રામચંદ્રજીની મૂર્તિ યાદ કરી મનમાં કહ્યું, ‘ રામ, તારો આશરો !’

*

રમેશે કવર ઉપરનું શિરનામું નીરખીને જોયું. અક્ષરો પરિચિત નહોતા. કવર ઊલટુંસૂલટું ફેરવી જોયું. કોનો કાગળ હશે એ જિજ્ઞાસાથી તેણે કવર ફોડયું અને વાંચી લીધા પછી ટેબલ પર ગુસ્સાથી ફગાવ્યું. છેવટે દાદર પાસે જઈ તેણે ઇંદિરાને બોલાવી. ઇંદિરા દોડતી આવી. નિશાનીથી ટેબલ ઉપરનો પત્ર તેને બતાવી રમેશ બોલ્યો, ‘લે વાંચ. આપણાં માતુશ્રીએ રાજકોટમાં આપણી આબરૂ વધારી છે !’

‘શું થયું ? કોનો કાગળ છે ?’

‘બાપુજીના એક મિત્રનો—રાવસાહેબ જન્મશંકરભાઈનો. તેમણે આપણને ઊધડાં લીધાં છે.’

‘કેમ ? આપણો શો વાંક છે ?’

‘શો વાંક ? માને ઘર બહાર કાઢી અને પેટ ભરવા માટે તેને મજૂરી કરાવી તે !’

‘એટલે ? આ બધી શી ભાંજગડ છે ?’

‘એ તો મને પણ સમજાતું નથી. રાવસાહેબ લખે છે કે પોતે એક પ્રોફેસર મિત્રને ત્યાં જમવા ગયા હતા, ત્યારે આપણાં માજીને પીરસવા આવેલાં જોઈ તેમને નવાઈ લાગી. પ્રોફેસર

સાહેબે કહ્યું કે અમારાં આ નવાં રાંધનાર બાઈના હાથની રસોઈ જમતાં પોતાની માતાના હાથની રસોઈ જમતો હોઉં એમ લાગે છે. તે વખતે તો રાવસાહેબ કંઈ બોલ્યા નહિ, તેમ જ માજીની ઓળખાણ પણ આપી નહિ. પરંતુ ઘેર આવીને તેમણે આપણને પત્ર લખ્યો.'

'પણ સાસુજી ત્યાં ક્યાંથી? તે તો અહીંથી ચંપાબહેનને ઘેર ગયાં હતાં ને?'

'હું પણ અત્યાર સુધી એમ જ માનતો હતો. ચાર મહિનામાં માજીએ માત્ર બે પોસ્ટકાર્ડ લખ્યાં છે. છેલ્લા કાર્ડમાં લખેલ છે કે ચંપાબહેનની તબિયત નરમ છે એટલે તેમને ઠીક થઈ ગયા પછી હું આવીશ. ફિકર કરશો નહિ.'

'ત્યારે સાચું કોણ? રાવસાહેબ કે તમારાં માજી?'

'તેનો ખુલાસો મેળવવા મારે રાજકોટ જ જવું પડશે. રાવસાહેબનો કાગળ વાંચ્યો ત્યારથી મારું માથું ફરે છે!'

'આ સાસુજી તો માથાનાં લાગે છે!'

'આટલી હદ સુધી વાત લઈ જનાર તું જ છે! હવે તેની વિરુદ્ધ બોલી મને ગુસ્સે ન કરતી. તે દિવસે ચંપાબહેનને ઘેર જવા માટે તે ગયાં ત્યારે જ મને તો ગમતું નહોતું. પણ તારું સાંભળીને મેં તે તરફ ધ્યાન ન દીધું.'

'એટલે તમારી મા રાજકોટમાં રસોઈ કરનાર તરીકે રહ્યાં તે પણ મારો જ વાંક, કેમ?'

રમેશ ગુસ્સે થઈ ત્રાડુક્યો, 'તું દોષિત છે કે નિર્દોષ તે પછી નક્કી કરશું. તમને બૈરાંઓને તમારા સિવાય બીજા કોઈનું સાચું લાગતું જ નથી. પહેલાં તો માજીની સ્થિતિ શી છે તેની મારે તપાસ કરવી પડશે. ચાલ, મારી થાળી પીરસ. બપોરની બસમાં મારે રાજકોટ જવું છે.'

ઇંદિરા બબડતી-બબડતી ચાલી ગઈ. પરંતુ તેને મનાવવાનો રમેશને વખત નહોતો, અને ઇચ્છા પણ નહોતી. બસ–સ્ટેન્ડ પર જતી વખતે તેણે ઇંદિરા તરફ જોયું પણ નહિ, અને મૂંગે મોઢે ચાલી નીકળ્યો. તેની મા રાજકોટમાં રસોઈ કરે છે એ તેની પ્રતિષ્ઠા ઉપરનું કલંક તાબડતોબ ભૂંસી નાખવું જોઈએ એ એક જ વિચાર તેના મનમાં ઘોળાયા કરતો હતો. રાજકોટ પહોંચતાંવેંત તે રાવસાહેબને ઘેર ગયો. ત્યાંથી તરત જ પ્રોફેસર સાહેબને ઘેર જઈને માજીને તેડી લાવવાનું તેને મન થયું; પણ માજી કંઈ નાનું બાળક ઓછું હતાં કે તેને હાથ પકડીને ખેંચી લવાય? વળી પ્રોફેસર ઘેર ન હોય ત્યારે જવું એ વધારે ઠીક હતું. નહિ તો પ્રોફેસર સાહેબ સામા આવે એટલે 'હું તમારે ત્યાં રાંધનારી બાઈનો દીકરો છું' એમ ઓળખાણ આપવી પડે. આમ વિચાર કરી તેણે રાત જેમતેમ પસાર કરી. બીજે દિવસે બપોરે બાર વાગ્યાને સુમારે રમેશ પ્રોફેસરને ઘેર ગયો. તેની ધારણા પ્રમાણે ઘરમાં સંપૂર્ણ શાંતિ હતી. બારણું ઉઘાડવા પાર્વતીબહેન જ આવ્યાં અને રમેશને જોઈ ચમક્યાં. માણસ જે પ્રસંગથી ડરતો હોય છે તે પ્રસંગ પ્રત્યક્ષ આવતાં તેને બીક લાગવાને બદલે તેની સામે થવાની તે તૈયારી કરે છે. પાર્વતીબહેનને પણ એમ જ થયું.

ચાર મહિના પહેલાં તેમણે ઘર છોડયું, અને રાજકોટ આવ્યાં. તે દિવસથી તેમના મનમાં અજબ ક્રાંતિ શરૂ થઈ હતી અને એ ક્રાંતિને પરિણામે જ તેમણે રસોઈ કરવાનું કામ સ્વીકાર્યું હતું. બાપ, પતિ અને પુત્રને આધીન રહીને જીવનનાં પચાસ વર્ષ ફિકરચિંતા વગર જેણે પસાર કર્યાં હતાં, તેને આજે આ ઉંમરે ઉદરનિર્વાહ માટે એક કામગાર શ્રમજીવી બનવાની ફરજ પડી હતી. આ ક્રાંતિ, કંઈ એક દિવસમાં આવી નહોતી. દરેક ક્રાંતિ, પછી તે નાની હોય કે મોટી હોય, અતિશય યાતનામાંથી જ જન્મે છે. પાર્વતીબહેનને પણ આ યાતનાઓમાંથી પસાર થવું

પડ્યું હતું. ચંપાબહેનને ઘેર રહ્યા પછી 'હવે શું કરવું?' એ પ્રશ્ન તેમની સામે ખડો થયો હતો. 'હવે નોકરી' એ તેનો અફર જવાબ હતો. શિક્ષિકાની નોકરી મેળવવા માટે તેમની લાયકાત નહોતી, કારણ કે તેમનો અભ્યાસ ઝાઝો નહોતો. કોઈક ઠેકાણે રાંધવાનું કામ સ્વીકાવાનો એક જ માર્ગ તેમની પાસે ખુલ્લો હતો. પતિ અને પુત્રને અનુકૂળ થવાની ચીવટમાં તેમણે પાકશાસ્ત્રમાં જે પ્રવીણતા મેળવી હતી તેનો ઉપયોગ ઊતરતી વયમાં પેટ ભરવા માટે કરવો પડશે તેનો તેમને સ્વપ્નેયે ખ્યાલ નહોતો. ઉદયશંકર તેમને વારંવાર કહેતા, 'હું તારે માટે બૅન્કમાં કંઈ સિલિક મૂકી જતો નથી, પણ તારા આ બન્ને દીકરાઓને ભણાવીગણાવી તૈયાર કર્યા છે એ જ આપણી ઉત્તરાવસ્થાની મૂડી.'

પરંતુ બૅન્ક તૂટે તેની માફક આજે તેના બન્ને દીકરાઓએ માની માયા વિસારી હતી અને પુત્રોના લાલનપાલન માટે જેણે પોતાના સુખનો નિરંતર ભોગ આપ્યો હતો અને અથાગ શ્રમ વેઠ્યો હતો, એ વિધવા માતા આજે નિરાધાર બની હતી. પેટના દીકરા માને ભારરૂપ માને એ કેવી કૃતઘ્નતા! આ કૃતઘ્નતારૂપી છરીની ધાર પાર્વતીબહેનનું હૃદય કોરી રહી હતી. એ દુ:ખ પણ તેમણે સહન કર્યું હતું. માત્ર જગતને જણાવ્યું ન હતું અને અપમાન ગળી ખાધું હતું; પણ તેથી પણ તેમને નિરાંત થઈ નહોતી. પિયર અને સાસરાનાં બંને કુટુંબોની પ્રતિષ્ઠાનું તેમને અભિમાન હતું અને એ પ્રતિષ્ઠાને કોઈ પણ રીતે ઝાંખપ ન લાગે એ રીતે તે વર્તતાં હતાં. પરંતુ આજે આ નોકરી સ્વીકારીને તેમણે પોતાની પ્રતિષ્ઠા જાણીજોઈને હોડમાં મૂકી હતી. પ્રતિષ્ઠા અને માનાપમાનની રૂઢ કલ્પનાઓને ફગાવી દઈને તે રાંધવા માટે પ્રોફેસરને ત્યાં રહ્યાં હતાં. લૌકિક દૃષ્ટિએ તેમણે પોતાની પ્રતિષ્ઠા ગુમાવી હતી, પરંતુ સ્વાભિમાનનું રક્ષણ કરવા માટે

તે ગમે તે ભોગ આપવા તૈયાર હતાં અને એ રીતે ભોગ આપ્યો હતો. પ્રતિષ્ઠાના પોકળ કવચમાંથી બહાર નીકળી નવા જગતમાં તેમણે સ્વાવલંબનમાંથી પોતાનું સ્થાન નિર્માણ કરી લીધું હતું. સ્વાતંત્ર્ય અને સ્વાવલંબનના આ ખ્યાલથી તેમને સંતોષ થતો હતો. આ સંતોષમાં માત્ર એક જ વસ્તુ વિઘ્નરૂપ હતી, અને તે એ કે 'મેં લીધેલું પગલું પુત્રોથી હમેશને માટે છૂપું રાખી શકાશે કે કેમ ? તેમને આ વાતની જ્યારે ખબર પડશે ત્યારે તેમને કેટલું દુઃખ થશે ? અને ધારો કે તે સામે આવીને ઊભો રહેશે અને પૂછશે કે તેં આ શું કર્યું, તો તેનો જવાબ હું હિંમતથી આપી શકીશ ?'

પરંતુ આજે રમેશ તેમની સામે આવીને ઊભો હતો, ત્યારે તેમનું મન આવા બધા વિચારોથી મુઝાયું નહિ. ખુરશી તરફ હાથ કરી તેમણે કહ્યું, 'બેસ, બેટા.' અને પછી પૂછ્યું:

'કેમ, છોકરાંછૈયાં ખુશીમાં છે ને ?'

વક્રભાવે રમેશે જવાબ આપ્યો, 'ખુશીમાં તો છીએ! રાવસાહેબનો પત્ર આવ્યો અને તેમાં તમે આ નોકરી લીધી છે એ સમાચાર લખ્યા હતા તેથી અમારી આબરૂ ખૂબ વધી ગઈ છે! હવે બસ કરો અને મારી સાથે ચાલો. ચંપાબહેનને ઘેર પારાયણમાં જવા માટે તું ગઈ, અને ત્યાર પછી બે પત્રો આવ્યા કે ચંપાબહેનની તબિયત સારી નથી, અને તેમને ઠીક થશે કે તરત જ હું આવીશ; એટલે અમે તો રાહ જોતાં હતાં કે ક્યારે ચંપાબહેન સાજાં થઈ જાય, અને ક્યારે મા ઘેર પાછી આવે! પણ રાવસાહેબના પત્રથી મારી આંખ ઊઘડી ગઈ; પરંતુ તેં મને બનાવ્યો. આવું ગાંડપણ કરીને કુટુંબની પ્રતિષ્ઠાને ધક્કો પહોંચાડ્યો. અમારે નીચું જોવાપણું થયું.'

'મેં રાંધવાની નોકરી લીધી તેમાં શરમાવા જેવું શું છે ? મેં તો જનમ ધરીને રાંધવાનું કામ જ કર્યું છે ને ? નાનપણમાં

મારી માતાએ મને રાંધતાં શીખવ્યું. સાસરામાં તો રસોઈ કરવાની હોય જ. તારાં લગ્ન થયાં અને વહુ આવી, તોપણ તમને રાંધી ખવડાવવાનું તો હું કરતી જ. અહીં આવી ત્યારે પણ મારા હાથની રસોઈ તને જમાડીને જ હું આવી હતી. હવે પ્રોફેસર સાહેબને જમાડું છું તેમાં બગડી શું ગયું.'

'ગમેતેમ તોય ઘર તે ઘર !

'એ ઘર મારું છે ?'

'હા હા; અને તેથી તો હું તને તેડવા આવ્યો છું.'

'રમેશ, ઘણી જ અનિચ્છાએ કેટલીક બાબતો મારે તને કહેવી પડે છે. તારું મન નારાજ ન કરવા માટે જ ખોટું બહાનું કાઢી ચાર મહિના પહેલાં મેં ઘર છોડયું અને પછી ખોટા કાગળ લખ્યા : પણ આજે તું મને તેડી જવાનો આગ્રહ કરે છે, ત્યારે મારા મનમાં જે કંઈ છે તે તને કહેવું જોઈએ. મેં ઘર છોડયું તેની આગલી રાત્રે તું અને ઇંદિરા મેડી પર જે વાતો કરતાં હતાં તે મેં કાનોકાન સાંભળી હતી. તમને બન્નેને હું નડું છું એ તો મને ઘણા વખતથી લાગતું હતું : પણ તમારા બન્નેનો સંવાદ સાંભળ્યા પછી મારી ખાતરી થઈ કે એ ઘરમાં મારું સ્થાન નથી. જે ઘરમાં હું ભારરૂપ હોઉં તે ઘરમાં રહેવાનો કંઈ અર્થ નહોતો..'

આ સાંભળી રમેશનો ચહેરો ઊતરી ગયો. માને હવે ઘેર લઈ જવાનો આગ્રહ શી રીતે કરવો તેનો તેને વિચાર થઈ પડ્યો. તે કહેવા લાગ્યો, 'જો મા, આ તો આપણા કુટુંબની આબરૂનો સવાલ છે. તે માટે તું ગઈગુજરી ભૂલી જા. મારા પિતાએ સ્વમાનપૂર્વક પોતાનું જીવન વિતાડયું હતું અને આજે તેમના જેવા પ્રતિષ્ઠિત ગૃહસ્થની પત્ની હોવા છતાં તેં આવી નોકરી સ્વીકારી એ ઠીક નથી. મારા પિતાશ્રીના નામને જરા પણ ઝાંખપ લાગે તેવું આપણે ન કરવું જોઈએ.'

'બસ કર, રમેશ, તેમની મોટાઈ અને સ્વમાનની વાતો તું કયે મોઢે કરે છે? કુટુંબની પ્રતિષ્ઠા વધે તે માટે બન્ને પુત્રો માટે જે પિતાએ પોતાનું સુખ બાજુ પર મૂકી કરકસરથી રહી તમારા બન્નેના ભણતર પાછળ અને લગ્ન પાછળ બધા પૈસા વાપરી નાખ્યા, એ ઉદાર, ત્યાગી અને પ્રેમાળ પિતાની પાછળ તમે બન્ને પુત્રો એવા કૃતઘ્ન અને કઠોર થયા કે તમને તમારી અનાથ વિધવા વૃદ્ધ માતા પણ ભારરૂપ લાગવા માંડી. પોતાની વૃદ્ધ માતાને ઘરમાંથી જાકારો આપનાર પુત્ર કુટુંબની આબરૂ ઉપર પાણી નથી ફેરવતો?

બોલતાં-બોલતાં પાર્વતીનો કંઠ રૂંધાઈ ગયો. નીચું જોઈને આંસુ સારતા રમેશ તરફ જોઈને તે બોલી, 'રમેશ, તેં મારી પાસે બોલાવ્યું ત્યારે આ બધું મારે કહેવું પડ્યું છે. તને રડાવવાનું મને જરા પણ ગમતું નથી હું સ્વાભિમાની નહોત, તો વૈધવ્યનું દુઃખ જેમ સહન કર્યું તેમ માનહાનિનું દુઃખ સહન કરીને ભારરૂપ થયા છતાં પણ તારી સાથે રહેત અને ખોટી પ્રતિષ્ઠા સાચવી રાખત, પરંતુ મને સ્વાભિમાન સૌથી વધારે પ્રિય છે.'

'મા. મા, તેં મારી આંખો ઉઘાડી છે. હું તારો મહાન અપરાધી છું. વહુની વાતો સાંભળીને હું મારી ફરજ અને તારો પ્રેમ ભૂલ્યો અને તારી અવગણના કરી. હું તને નમન કરું છું ...' એમ કહી રમેશ ઊઠ્યો અને માતાના પગને મસ્તક અડાડ્યું. પાર્વતીએ પગ પાછો ખેંચી લીધો અને રમેશને બેઠો કરી બથમાં લઈ કહ્યું, 'રમેશ, બેટા તું હવે કંઈ નાનો નથી.'

'મા, નાનપણમાં હું ભૂલ કરતો ત્યારે તું મને મારતી, પણ બીજી જ ક્ષણે મને છાતીસરસો ચાંપીને મારાં આંસુ લૂછતી. આજે મેં તારો ઘોર અપરાધ કર્યો છે એટલે તું ગુસ્સે થઈ છે એટલું જ બસ છે. મેં મારી ભૂલ કબૂલ કરી છે એટલે તારો ગુસ્સો હવે અલોપ થવો જોઈએ. ગમે તેમ તોય આ પારકું ઘર છે. અહીંથી હું તને લઈ જવાનો છું.'

ઓશરીમાં પ્રોફેસરની નાની બેબી સુમન રમકડાંથી રમતી હતી. તેણે રમેશના છેલ્લા શબ્દો સાંભળ્યા. તરત જ તે દોડતી પાર્વતી પાસે આવી અને વિકળ બનીને પૂછવા લાગી, ‘માજી, આ કોણ છે? હું તમને નહિ જવા દઉં. તમે જાઓ તો મારી સાથે રમે કોણ? મને રમકડાં કોણ ગોઠવી આપે? હું તમને નહિ જવા દઉં...’

સુમન માજીને વળગી પડી. તેની રમકડાંની ટોપલી નીચે પડી અને તેમાંથી રમકડાં બહાર નીકળી પડ્યાં. તેમાંની લાકડાની ઢીંગલી અને મોટર તરફ રમેશની નજર જતાં તે ચમક્યો. યજ્ઞેશ તથા રંજનને આ રમકડાંથી રમતાં તેણે ઘણી વાર જોયાં હતાં. તેનું હૃદય ભરાઈ આવ્યું!

પાર્વતીએ એક હાથે સુમનને પકડી રાખી, અને બીજે હાથે રમકડાં ટોપલીમાં ભરવા માંડ્યાં.

તેમને વિચાર આવ્યો, ‘રમેશ કહે છે કે આ પારકું ઘર છે; પણ એ ખોટું છે. આ બેબી મને મારાં પોતાનાં છોકરાંની જેમ જ કેવી વળગી પડી છે! તેની મમતાનું મને કેટલું બંધન છે! હું માત્ર રાંધનાર બાઈ છું એમ મને ન લાગે તેવી રીતે તેનાં માબાપ પણ મારી સાથે વર્તે છે. મને તે માનવંતો યોગ્ય પગાર તો આપે જ છે, પણ જેનું મૂલ પૈસાથી થઈ શકે નહિ એવી મારા તરફની કૃતજ્ઞતા, મમતા અને આદર તેઓ મારા તરફ બતાવે છે. મારા પોતાના ઘરમાં મારી યોગ્યતાની કદર ન થાય અને મેં જેમને જન્મ આપ્યો છે તે જ મારી અવગણના કરે, એથી મને કેટલો ખેદ થાય છે એ રમેશને કહેવું એ તેના વ્યથિત મનને વધારે દુઃખી કરવા જેવું છે...’

બેબી તેને વારંવાર પૂછ્યા કરતી હતી, ‘ માજી, તમે નહિ જાઓ ને ? ’ પણ પાર્વતી તરફથી કંઈ જવાબ મળતો નહોતો; કારણ કે તેમના હાથમાં ઢીંગલી અને મોટર આવતાં, એ ઢીંગલીથી રમેલાં પોતાનાં છોકરાંઓ તેને યાદ આવ્યાં હતાં. ચાર મહિના પહેલાં એ છોકરાંઓને છાતી સરસાં ચાંપી તેમના નાનકડા હાથમાં તેણે પેંડા આપ્યા હતા ! ત્યાર પછી જ્યારે જ્યારે એ નિર્દોષ પ્રેમાળ બાળકો યાદ આવતાં, ત્યારે ત્યારે એ ઢીંગલી અને મોટરને હાથમાં લઈ જોતી અને તેને અશ્રુસ્નાન કરાવતી. આજે કોઈ અદમ્ય શક્તિ તેને ઘર તરફ ખેંચી લઈ ગઈ. તે મનમાં બબડ્યાં, ‘ બળ્યો આ આગ્રહ માટેનો બુદ્ધિવાદ અને સ્વાભિમાન માટેનો આગ્રહ. ’

બેબીને ફરીથી છાતી સરસી ચાંપી તેણે ધીમેથી રમેશને કહ્યું, ‘ ભાઈ, હું ઘેર આવીશ ! ’

---

પતિની માતા તે પત્નીની સાસુ ને પત્નીની માતા તે પતિની સાસુ. લગ્નજીવન બાદ બન્ને પક્ષનું કેવું સમાનપણું જાળવ્યું છે આપણા સમાજે ! પણ દંપતીના જીવનમાં મહત્ત્વનો ભાગ ભજવે છે તે તો પત્નીની સાસુ જ. કેટકેટલાં કુટુંબો એ પાત્રને લીધે દુ:ખી થયેલાં જણાય છે ! પ્રશ્ન એ થાય છે કે એ જ પાત્ર પાસે આ વાર્તામાં આવતાં પાર્વતીબાઈનું હૈયું હોય તો ?

# ભિ ખા રી

## શ્રી. ગુલાબદાસ બ્રોકર

"આ ભૂખ્યા માણસની દયા કરો જરા, મારા સાહેબ ! ત્રણ દિવસથી કંઈયે ખાવા નથી મળ્યું એક પૈસોય ખિસ્સામાં નથી...ભગવાનના સમ ખાઈને કહું છું કે હું તો ગામડામાં છોકરાં ભણાવતો, પણ મુખીબુખીની ખટપટે મારો રોટલો ટાળી દીધો. ખોટી ખોટી વાતોનો ભોગ હું બની ગયો. છેલ્લા વરસ દિવસથી ક્યાંય કરતાં ક્યાંય નોકરી પણ નથી મળતી."

વડોદરામાં વકીલાત કરતા વિનાયક વકીલે એ ભિખારીનાં ફાટેલતૂટેલ કપડાં, દારૂ પી-પીને લાલચોળ બની ગઈ હોય તેવી આંખો, ગાલ ઉપરની અકુદરતી લાલાશ વગેરે સામે જોયું ને તેને લાગ્યું કે આ અગાઉ પણ ક્યાંક આ માણસને તેણે જોયો છે ખરો.

"હવે મને છેક ડાંગ જિલ્લામાં ક્યાંક નોકરી મળે એમ છે પણ ગાડીભાડાના પણ મારી પાસે પૈસા નથી. ભલા થઈ મને મદદ કરો, સાહેબ ! મને આમ ભીખ માગતાં શરમ આવે છે, પણ...સંજોગો ફરજ પાડે છે ત્યાં શું થાય ?"

વિનાયકની નજર તેના અધ-ફાટેલા, કાદવથી ખરડાયેલા બૂટ ઉપર પડી ને તેને ઓચિંતું જ બધું યાદ આવી ગયું.

"સાંભળ, પરમ દિવસે તું મને નવા બજારમાં મળી ગયો હતો, ત્યારે તું તો માસ્તરબાસ્તર હતો એમ નહોતો કહેતો. તું તો કહેતો હતો કે તું વિદ્યાર્થી છે ને તારી નિશાળમાંથી તને કાઢી મૂકવામાં આવ્યો છે—યાદ છે તને એ વાત ?

"ન...આ, ના, ના, એમ બને જ શી રીતે ?" મૂંઝાઈ જઈને ભિખારી ગાળા ચાવવા લાગ્યો : "હું તો ગામડાનો

મહેતાજી છું. ન માનતા હો તો કાગળિયાં બતાવી સાબિત કરી આપું, સાહેબ.''

"ઘણાં થયાં હવે તારાં જૂઠાણાં; તેં ચોખ્ખું કહ્યું હતું કે તું વિદ્યાર્થી જ છે. શા માટે તને નિશાળમાંથી કાઢી મૂક્યો હતો એ પણ તેં મને કહ્યું હતું. યાદ આવે છે હવે ?'' વિનાયક લાલચોળ થઈ ગયો, ને એ બેહાલ ભિખારી સામેથી તિરસ્કારમાં તેણે મોં ફેરવી લીધું.

"ધિક્કાર છે!'' એ ગુસ્સાથી બોલ્યો : "આવી છેતરપિંડી! હમણાં જ તને પોલીસને સોંપી દઉં છું, બદમાશ! તું ગરીબ છે ને ભૂખ્યો પણ છે એ વાત ખરી, પણ એથી આવું નરાતાર જૂઠું બોલવાનો કોઈ અધિકાર તને મળી જતો નથી!"

ભિખારી દીવાનખાનાના બારણાના નકૂચાને પકડી જાળમાં ફસી ગયેલા પંખી જેવો બેબાકળો બની આજુબાજુ જોઈ રહ્યો.

"તારી વાત માને કોણ?" ગુસ્સામાં જ વકીલ બોલતો રહ્યો: "માસ્તરો અને નિશાળિયાઓ તરફની લોકોની સહાનુભૂતિ આવી રીતે વટાવી ખાવી છે? કેટલું હલકું કામ છે! કેટલું તુચ્છ! કેટલું ગંદું! ખરેખર મને તિરસ્કાર છૂટે છે!''

વકીલનો ગુસ્સો વધતો ગયો અને ભિખારીને તેણે ખૂબ ધમકાવ્યો. આ તૂટેલાંફાટેલાં કપડાં પહેરેલ માણસના નિર્લજ્જ જૂઠાણાએ તેના મનમાં અણગમો અને તિરસ્કાર પ્રેર્યાં હતાં, એ જૂઠાણું પોતાની અંદરની જે વસ્તુઓને પોતે મહત્ત્વ આપતો હતો—માયાળુપણું, લાગણીવશ હૃદય, દુઃખી-દરિદ્રીઓ માટે સમભાવ—એ બધાંની સામે ગુનારૂપ હતું. એના જૂઠાણાથી, હૃદયની દયાભાવના ઉપરના એના આવા દગાખોર હુમલાથી તેણે ગરીબ માણસોને હૃદયમાં કશા અંદેશા સિવાય પોતે જે દાન આપતો હતો તે ભાવનાને જાણે વણસાડી દીધી હતી!

પહેલાં તો ભિખારીએ પોતાનો ખૂબ બચાવ કર્યો, સોગંદ ઉપર પોતાની વાત સાચી હોવાનો દાવો કર્યો, પણ પછી વકીલના સતત હુમલા સામે તે મૂંગો થઈ ગયો અને શરમથી પોતાનું માથું નીચે ઢાળી દીધું.

"સાહેબ!" હૃદય ઉપર હાથ રાખતાં તેણે કહ્યું: "હું ખરેખર જૂઠું...બોલ્યો હતો! હું નથી વિદ્યાર્થી કે નથી મહેતાજી. એ બધી તો જોડી કાઢેલી વાતો છે હું તો એક નાટક કંપનીમાં કામ કરતો, પણ ત્યાંથી મને દારૂડિયાપણા માટે કાઢી મૂક્યો...પણ હું બીજું કરું શું? ખરું કહું છું, ઈશ્વરના સોગંદ ખાઈને કહું છું, કે આમ ખોટું બોલ્યા વિના મારું ચાલે તેમ નથી. જો સાચું કહું તો કોઈ મને પાઈયે ન આપે. સાચું બોલીને માણસ ભૂખેતરસે મરી જાય એ કબૂલ, પણ કોઈ એને પૈસો આપવાની વાત નહિ કરે. આપ કહો છો એ સાચું છે, હું એ સમજી શકું છું પણ મારે બીજું કરવું શું, કહો?"

"શું કરવું તારે? તારે શું કરવું એમ પૂછે છે?" વિનાયક તેની પાસે ધસી ગયો અને ત્રાડ પાડી ઊઠ્યો: "કામ કરવાનું કામ. તારે કામ કરવું જોઈએ."

"કામ?...એ તો મને પણ ખબર છે પણ મને કામ મળે ક્યાં?"

"નાખી દીધાની વાત કર મા. તું જુવાન છે, મજબૂત છે ને તંદુરસ્ત છે. કામ કરવું હોય તો તો તને ઘણુંય કામ મળી રહે. પણ તું જાણે છે કે તારાથી કામ થાય નહિ, તું આળસુ, માતેલો છાકટો છે. કેવો ગંધાય છે તું દારૂ—દારૂ? તારા અણુએ અણુમાં જૂઠાણું ફેલાઈ ગયું છે. ભીખ માગવા ને જૂઠું બોલવા સિવાય બીજા કોઈ કામને લાયક તું રહ્યો નથી. કામ કરવાનું તું કબૂલ કરે તોયે તું એવો બાદશાહ જેવો બની ગયો છે કે કાં તો તને નાટકમાં કામ મળવું જોઈએ, કાં કોઈ ઑફિસમાં, કાં બિલિયર્ડના માર્કર તરીકે—જ્યાં તને પગાર મળ્યે રાખે ને તારે કંઈ

કરવાનું હોય નહિ. પણ શારીરિક શ્રમ પડે એવું કામ મળે તો તું કરે ખરો ? હું શરત મારવાને તૈયાર છું કે તું સ્ટેશન ઉપર કે કારખાનામાં મજૂરી કરવા તૈયાર થવાનો જ નહિ. એવાં કામ તો તારા જેવા માટે લાયક ન ગણાય, કેમ ?"

"કેવી કેવી વાત કરો છો આપ ?" ભિખારી બોલ્યો ને કડવાશથી હસ્યો : "કોણ મને મજૂરીનું કામ આપે ? વેપારીની દુકાને મને કોઈ નોકરી આપે નહિ, કેમ કે એવી નોકરી તો નાનપણથી શરૂ કરવી જોઈએ. કોઈ મને સ્ટેશને મજૂરી કરવા દે ય નહિ, કેમ કે એમાં એ વર્ગના માણસોને જ જગ્યા મળે... ને કારખાનામાં તો મને કોઈ રાખે જ નહિ. કંઈક એવો ધંધો તો આવડવો જોઇએ ના ? મને તો કંઈ આવડતું નથી."

"જા જા હવે. કંઈક ને કંઈક બહાનાં કાઢવાં છે તારે તો ! લાકડાં ફાડીશ ?"

"એમ કરવાની ના પાડું એમ નથી, પણ રીતસરનો એ ધંધો કરનારા પણ હમણાં તો બેકાર પડ્યા છે."

"બધા આળસુડાઓ એવી જ વાતો કરે છે. જેવું કોઈ કંઈ કામ ચીંધે કે ના જ પાડવાની ! ચાલ, મારાં લાકડાં ફાડી દઈશ ?"

"જરૂર જરૂર, સાહેબ."

'સરસ, ચાલો વાહ,...ઉત્તમ...જોઈએ હવે !" વિનાયકે ઉતાવળથી અને કંઈક દુષ્ટતાભર્યા આનંદપૂર્વક પોતાના હાથ ઘસતાં ઘસતાં રસોડામાંથી પોતાની રસોયણને બોલાવી.

"જુઓ, કંકુબાઈ !" તેણે કહ્યું : "આ ભાઈને પાછળ વાડામાં લઈ જાઓ અને તેની પાસે થોડાંક લાકડાં ચીરાવી લો."

મૂંઝાયો હોય તેવી રીતે ભિખારીએ પોતાના ખભા હલાવ્યા અને કંઈ નક્કી ન કરી શકતો હોય એવી ચાલે રસોયણની પાછળ પાછળ ચાલવા લાગ્યો. તેના દેખાવ ઉપરથી સ્પષ્ટ વરતાઈ આવતું હતું કે લાકડાં ફાડવા તે તૈયાર થયો હતો, એ

પોતે ભૂખ્યો હતો અને પૈસાની પોતાને જરૂર હતી એટલા ખાતર નહિ, પણ પોતે હવે બોલીને ફરી જાય તો સારું ન લાગે ને એમ ફરી જતાં પોતાને પણ શરમ લાગે ને ગૌરવ ઘવાય એટલા ખાતર. એ પણ સ્પષ્ટ દેખાઈ આવતું હતું કે અતિશય દારૂની ચોખ્ખી અસર તેના શરીર ઉપર થઈ હતી, તેને ઠીક નહોતું ને કામ કરવાનું તો તેને જરીકે મન નહોતું જ.

વિનાયક રસોડામાં દોડ્યો. ત્યાંથી વાડામાં પડતી બારીમાંથી ત્યાં બનતી દરેક ચીજ સ્પષ્ટ દેખાઈ શકે તેમ હતી. બારીમાં ઊભાં ઊભાં તેણે રસોયણને અને ભિખારીને પાછલે બારણેથી વાડામાં દાખલ થતાં, ને લાકડાં રાખવામાં આવતાં હતાં તે ગંભારિયા તરફ જતાં જોયાં. કંકુએ પોતાના સાથીદારને ધારી–ધારીને ગુસ્સાપૂર્વક જોયો ને કોણી ઉછાળીને ગુસ્સાથી ગંભારિયાનું તાળું ખોલી તેનું બારણું ઉઘાડી નાખ્યું.

"ચા પીતી હશે ત્યાંથી મેં એને ઉઠાડી લાગે છે." વિનાયક વિચારી રહ્યો : "કેવી ખરાબ સ્વભાવની છે!"

પછી પેલા બનાવટી મહેતાજી અને ખોટા નિશાળિયાને તેણે લાકડાના બીમના કટકા ઉપર બેસતો જોયો. મૂઠીઓ ઉપર ગાલ દબાવી વિચારમાં ડૂબી ગયો હોય તેમ તે બેઠો હતો. રસોયણે કુહાડી તેના પગ આગળ ફેંકી, જમીન ઉપર પોતે થૂંકી, અને એના હોઠની ગતિ ઉપરથી લાગતું હતું કે પછી પેલા ભિખારીને ગાળો દેવા માંડી. ગમ ન પડતી હોય તે રીતે પેલાએ એક લાકડાના મોટા કટકાને પોતા તરફ ખેંચ્યો, પોતાના બે પગ વચ્ચે તેને ગોઠવ્યો ને ધીમે ધીમે કાળજીપૂર્વક તેના ઉપર કુહાડી ફેરવવા લાગ્યો. લાકડું પગમાંથી છટકી ગયું અને નીચે પડી ગયું. ભિખારીએ ફરી એને પોતા તરફ ખેંચ્યું, ઠરી ગયેલા પોતાના હાથ ઉપર મોંના શ્વાસની બેએક ફૂંક મારી, ને જાણે પોતાની આંગળીબાંગળી કપાઈ જાય એવી બીક લાગતી હોય

અને એમ ન થાય એની સાવચેતી પોતે જાળવતો હોય એવી સાવધાનીપૂર્વક ફરી પાછી કુહાડી એ લાકડાને તેણે અડાડી. ફરી પાછું લાકડું પગમાંથી ફસકી દડી ગયું.

અત્યાર સુધીમાં વિનાયક વકીલનો ગુસ્સો શમી ગયો હતો, ને આવા દારૂથી લથડી પડેલ, કદાચ ખરેખર બિમાર માણસને આવી ઠંડીમાં પોતે આવી ભારે મજૂરીનું કામ સોંપ્યું એ માટે મનમાં ને મનમાં તેને શરમ પણ લાગવા માંડી હતી.

"કાંઈ નહિ એ તો, ભલે કામ કરતો.' રસોડામાંથી દીવાનખાનામાં જતાં તેને વિચાર આવ્યો : 'હું તો આ બધું એના જ સારા માટે કરું છું."

એક કલાક પછી કંકુએ આવીને કહ્યું કે લાકડાં ફડાઈ ચૂક્યાં છે.

"લો, આ રૂપિયો આપો એને." વિનાયકે કહ્યું : "જો એને ગમતું હોય તો એને કહો કે દરેક મહિનાની પહેલી તારીખે અહીં આવીને લાકડાં ફાડી જાય. અહીં એને કામ આપવામાં આવશે."

દરેક મહિનાની પહેલી તારીખે એ ભિખારી એને ત્યાં આવતો, અને માંડ ઊભો રહી શકે તેટલો દુબળો પડી ગયો છતાં વકીલ પાસેથી દર વખતે તે રૂપિયો કમાઈ જતો. પછી તો તે વારંવાર આવવા લાગ્યો, અને દરેક વખતે તેને કંઈ ને કંઈ કામ સોંપાવા લાગ્યું. કોઈક વાર તે ખડકી સાફ કરતો, તો કોઈક વાર ગંભારિયું સરસ બનાવી દેતો, તો વળી કોઈ વાર ગાદલાં-ગોદડાં તડકે નાખી સાફસૂફ કરી નાખતો. દર વખતે તેને આવા કામ માટે દશથી બાર આના મળતા અને એક વખત તો એક જૂનું પાટલૂન પણ એને આપવામાં આવ્યું હતું.

જ્યારે એ ઘર બદલી વકીલ બીજા ઘરમાં રહેવા ગયો ત્યારે રાચરચીલું પેક કરવા અને ફેરવવા માટે તેને રાખી લેવામાં આવ્યો. આ વખતે એ ભિખારી દારૂની જરા પણ અસર વિનાનો, વિષાદભર્યો અને શાંત લાગ્યો. રાચરચીલાને તો તેણે હાથ

પણ લગાડ્યો નહિ. મોટર–લોરીઓની આજુબાજુ માથું નીચું રાખીને જ આખો વખત તે ઘૂમ્યા કર્યો. ને પોતે કામમાં રોકાયેલો છે એમ બતાવવાની પણ તેણે કોશિશ કરી નહિ. માત્ર ટાઢથી તે થરથર ધ્રૂજતો રહ્યો અને એક વખત કોઈક ગૃહસ્થના શરીર ઉપર શોભે એવો પણ અત્યારે ચીંથરેહાલ બની ગયેલ તેના કોટને અને એવા જ ચીંથરેહાલ બની ગયેલા તેવા પોતાના શરીરને જોઈને જ્યારે રાચરચીલું ખસેડનારા બીજા મજૂરો તેની મશ્કરી કરવા લાગ્યા ત્યારે તે મૂંઝાયેલા જેવો બાઘાની જેમ જોઈ જ રહ્યો. બધું રાચરચીલું ખસેડાઈ ગયા બાદ વિનાયક વકીલે તેને પોતાની પાસે બોલાવ્યો.

“ મારા શબ્દોએ તારા ઉપર અસર કરી છે ખરી, ” તેને એક રૂપિયો આપતાં તેણે કહ્યું : “ આ તારી મજૂરીના પૈસા. હવે મને ખાતરી થઈ છે કે તું છાકટો નથી ને કામ કરવાને નાખુશ પણ નથી. નામ શું તારું ? ”

“ નાથાલાલ. ”

“ આના કરતાં વધારે સારું અને ઓછી મહેનતવાળું કામ હું તને અપાવી શકું એમ છું, નાથાલાલ ! તને લખતાં કરતાં આવડે છે. ”

“ હા જી. ”

“ તો આ ચિઠ્ઠી લઈને મારા મિત્ર વકીલ કરસનદાસ આગળ કાલે જજે. એ તને કંઈક નકલ કરવાનું કામ સોંપશે. બરોબર કામ કરજે, દારૂ છોડી દેજે, ને મેં તને કહ્યું હતું તે ભૂલી નહિ જતો... ચાલ ત્યારે, સાહેબજી ! ”

એક માણસને પોતે સાચા રસ્તે લગાડી શક્યો છે એ ખ્યાલે વિનાયકે આનંદથી નાથાલાલની પીઠ થાબડી અને તે જતો હતો ત્યારે તેની સાથે હાથ પણ મિલાવ્યા. નાથાલાલ ચિઠ્ઠી લઈને ચાલતો થયો અને ફરી પાછો કામ મેળવવા માટે એ ઘરના પાછલા દરવાજા આગળ કદી પણ ડોકાયો નહિ.

બે વર્ષ વીતી ગયાં. એક વખત એક નાટકશાળાની ટિકિટ-બારી આગળ ઊભો રહીને વિનાયક પોતા માટે ટિકિટ કઢાવી રહ્યો હતો, ત્યારે તેણે પોતાની બાજુમાં એક જૂનો થઈ ગયેલો કોટ અને એવી જ જૂની ટોપી પહેરીને ઊભેલા એક માણસને જોયો. એ માણસે ટિકિટ વેચનારને ધીમા સાદે પોતાને માટે ગેલેરીની ટિકિટ ફાડવાનું કહ્યું અને ટિકિટના પૈસા છૂટા પરચુરણથી ચૂકવ્યા.

"અરે નાથાલાલ, તું ક્યાંથી ?" વિનાયકે પોતાનાં લાકડાં ફાડનાર તરીકે આ માણસને ઓળખી કાઢ્યો : "કેમ છે ? શું કરે છે હમણાં ? ઠીક ચાલે છે તારું ?"

"ઠીક ચાલે છે. એક વકીલની ઑફિસમાં નોકરી કરું છું. પોણોસો મળે છે."

"વાહ, બહુ જ સરસ. મને ખૂબ ખૂબ આનંદ થયો. એક રીતે તું મારા નાના ભાઈ જેવો ગણાય. મેં તને સાચે રસ્તે દોર્યો યાદ છે તને મેં કેવો ધમકાવ્યો હતો ? તું તો જાણે જમીનમાં ઊંડો ઊતરી ગયો હોય એવી તને શરમ ભારે થઈ ગઈ હતી. મારા એ શબ્દો યાદ રાખી એ પ્રમાણે વર્તન ઘડવા માટે હું તારો આભારી છું, દોસ્ત."

"મારે પણ આપનો આભાર માનવાનો છે. જો તે દિવસે હું આપની પાસે ન આવ્યો હોત તો કદાચ હજી પણ હું મારી જાતને મહેતાજી કે નિશાળિયા તરીકે જ ઓળખાવતો હોત. તમારા ઘરમાં જ મારો ઉદ્ધાર થયો અને હું અંધારી ગુફામાંથી બહાર નીકળી આવ્યો."

"મને ખૂબ ખૂબ આનંદ થાય છે."

"આપના લાગણીભર્યા શબ્દો અને કાર્યો માટે ફરી આપનો આભાર માનું છું ને આપની રસોયણ કંકુબાઈનો પણ આભાર માનું છું. ઈશ્વર એ ભલી, ઉદાર હૃદયવાળી બાઈનું ભલું કરો.

આપે. તે દિવસ મને કહ્યું હતું એ ઉત્તમ જ હતું, જીવીશ ત્યાં સુધી એ માટે હું આપનો આભારી જરૂર રહીશ, પણ મને ઉગાર્યો તો આપની રસોયણ એ કંકુબાઈએ જ."

"કેમ એમ? એ કેવી રીતે?"

"જુઓને, હું તમારે ત્યાં લાકડાં ચીરવા આવું અને એ શરૂ કરે: 'મૂઆ દારૂડિયા, મૂઆ નાસ્તિક, મોત પણ નથી આવતું તને?' ને એમ કહી એ મારી સામે બેસે ને મારા ચહેરા સામું જોઈ દુઃખી અવાજે કહ્યે રાખે: 'અભાગિયો બિચારો, આ જિંદગીમાં જીવવામાં કંઈ આનંદ નથી, ને આવતીમાં નરકમાં રિબાવાનો. દુઃખી બાપડો!' ને એમને એમ કંઈ ને કંઈ એ બબડ્યા જ કરે. કેટલીય વાર એ આ રીતે મારે વિષે દુઃખી થતી ને કેટલાં કેટલાં આંસુ સારતી એ હું શી રીતે કહું? પણ એ બધાં કરતાંયે મને વધારે અસર થતી એ તો એક જુદી જ વાતથી. મારે બદલે લાકડાં એ ચીરી આપતી. આપને ખબર છે, સાહેબ, મેં મારે હાથે એક પણ લાકડું ચીર્યું નથી, બધાં એણે જ ચીરી દીધેલાં. એણે મને કેવી રીતે ઉગાર્યો, તેની સામે જોઈ રહીને બેસી રહેતાં કેવી રીતે મેં દારૂ છોડી દીધો, મારામાં એ બધો પલટો શી રીતે થયો, એ કશું હું સમજાવી શકું તેમ નથી. મને માત્ર એટલી જ ખબર છે કે તે જે જે કહેતી હતી તેથી, ને જે મહાનુભાવનાથી તે વર્તતી હતી તેથી મારા હૃદયમાં પલટો થતો જતો હતો, તે હું કોઈ કાળે પણ ભૂલી શકું તેમ નથી. પણ હવે તો અંદર જવાનો સમય થયો, હમણાં જ પડદો ઊપડશે."

એટલું કહી પ્રણામ કરી નાથાલાલ ગેલેરી તરફ ચાલ્યો ગયો.*

●

* ચેખોનીવ "The Begger" નામની વાર્તાનું રૂપાંતર.

# પ્રાયશ્ચિત્ત

લેખક : શ્રી. હીરાલાલ પોપટલાલ શાહ, એમ. એ.

ફ્લેગ સ્ટેશન ઉપર ટ્રેન આવીને સ્હેજ વાર ઊભી રહી. ગિરધારીએ જલદી જલદી સામાન નીચે ઉતારી દીધો. નાના સ્ટેશન ઉપર તો પોર્ટર ક્યાંથી મળે ? દૂર ઝાડ તળે એકાન્તમાં બેસી કોઈ ચલમ ફૂંકી રહ્યું હતું. ગિરધારી ત્યાં ગયો. જોયું તો એકાવાળો તો બીજો કોઈ નહિ પણ એનો એક વખનો દોસ્ત કાળુ ગરાસિયો હતો ! ગિરધારીએ કહ્યું : 'કેમ કાળુ, ગામમાં આવવું છે ને ? મારી પાસે થોડો સામાન પણ છે ચાલ મારી સાથે.'

કાળુના દિલમાં આ ગિરધારી શેઠ માટે ભારે નફરત હતી. એક વખતનો એનો લંગોટિયો દોસ્ત આજે શેઠ બનીને રુઆબ કરતો હતો. આ શેઠાઈ એનાથી સહી જતી નહોતી. તે અંદર ને અંદર ઈર્ષ્યાગ્નિથી ધૂંધવાતો હતો. એ ચૂપચાપ ઊઠીને સામાન લેવા ગયો. ગિરધારીએ એને મદદ કરી. સામાન એકામાં ગોઠવાઈ ગયો એટલે ગામ તરફ બન્ને ઉપડ્યા.

સવારનો સમય હતો. આકાશ વાદળોથી ઘેરાયેલું હતું. ગમે તે ઘડીએ વરસાદ તૂટી પડશે એમ લાગતું હતું. બન્નેને ઘેર પહોંચવાની ઉતાવળ હતી.

શાંતિભંગ કરતાં ગિરધારીએ પૂછયુ; 'મારે ઘેર બધાં મઝામાં છે ને ?'

'હા !' કાળુએ એકાક્ષરી જવાબ આપ્યો. એ તો એકો હાંકવામાં અને ચલમ ફૂંકવામાં મશગૂલ હતો.

'મારે ઘેર બધાં મઝામાં છે ને ?' ગિરધારીએ ફરી પૂછ્યું.

'હા, કહ્યું ને ? મેં કાલે જ માને મંદિરમાં જોયેલાં. તમારાં ઘરવાળાં પણ લીલાલહેર કરે છે !' કાળુએ જવાબ આપ્યો. એના

મોં ઉપર સ્હેજ વિચિત્ર હાસ્યનો ચમકારો ગિરધારીએ જોયો. કદાચ ભ્રમ પણ હોય !

કાળુ ગામમાં ‘ગેઝેટ’ તરીકે ઓળખાતો. આખા ગામની નાની મોટી વાતોની એને ખબર હોય. મીઠુંમરચું ભભરાવીને આબાદ રીતે તે એનું વિવરણ કરતો.

ગિરધારી બે વર્ષ બાદ વતનમાં આવતો હતો. દસ વર્ષ અગાઉ એ આફ્રિકા જઈ સોનું રળી લાવ્યો હતો. એ વડે ગામમાં ત્રણ માળની હવેલી ચણાવી હતી. ઘેર નોકરચાકર રાખી ખેતી કરાવવા માંડી એટલે તો જોતજોતાંમાં એની પ્રતિષ્ઠા વધવા માંડી. અને ઉપરાઉપરી કન્યાનાં માગાં આવવા માંડ્યાં. લોકો ઊગતા સૂર્યને જ પૂજે છે એ વાત સાચી છે.

થોડીક લેણદેણ પતાવવા તે આફ્રિકા પાછો ગયેલો. આજે તે વતન પાછો જઈ રહ્યો હતો. ગામની નવાજૂની જાણવાની ઇચ્છાથી અને કંઈક વાતો કરતાં કરતાં રસ્તો કપાય એ ઇરાદાથી તે કાળુને પૂછી રહ્યો હતો.

‘આ વરસે વરસાદ કેવો છે ?’

‘ઠીક.’

‘તારો ધંધોપાણી કેવાં ચાલે છે ?’

‘અમારા નસીબ જેવાં ! અમારાં નસીબ ક્યાં ચંદુ જેવાં છે ?’

‘કોણ ચંદુ ?’

‘પેલો કે જેના ઉપર તમારાં ઘરવાળાંના ચારે હાથ છે. એ તો હવે તમારા ઘરનો કર્તાહર્તા થઈ ગયો છે.’ કાળુના શબ્દોમાં ભારોભાર કડવાશ અને વ્યંગ હતાં. ગિરધારી કશું જ સમજી ન શક્યો. પણ એનો સ્વભાવ મૂળથી વહેમી હતો. એવી પ્રકૃતિના માણસો કાચા કાનના હોય છે. પારકાની વાત ઉપર વગર-વિચાર્યે વિશ્વાસ મૂકી દે છે. ચંદુ વિષે વધુ જાણવાની એને ઇંતેજારી થઈ. ગિરધારી કાળુના સ્વભાવની દુષ્ટતા જાણતો હતો પણ

વહેમના કીડાએ એના મનમાં ઘર ઘાલ્યું હતું. એણે કાળુને પૂછ્યું; 'કોણ ચંદુ? પેલો એના પિયરમાં હતો એ?'

'હા, એ જ!' કાળુએ કહ્યું.

ગિરધારી કંઈક વિચારમાં પડી ગયો. કાળુએ ફરી ચલમ ચેતાવી હતી. એણે એક વખતના પોતાના દોસ્તને એ ફૂંક મારવા કહ્યું. ગિરધારીએ સાંભળ્યું નહિ. એની નજર સમક્ષ તો પોતાની ગેરહાજરી દરમિયાન ઘેર શું શું બન્યું હશે એનાં ચિત્રો તરવરવા લાગ્યાં. એ દાંત પીસતો મૂઠીઓ વાળીને ચૂપચાપ બેસી રહ્યો.

કાળુની જીભ ચલમના આસ્વાદે સળવળી ઊઠી હતી. એણે ગામની કંઈ નવાજૂની કહેવા માંડી એક વખતના એના જૂના દોસ્ત ગિરધારી શેઠને પણ શિખામણ આપવાનું ન ચૂક્યો. 'બૈરી તો વશમાં રાખવી સારી! સ્ત્રીઓ તો કંઈ ચરિતથી ભરેલી હોય છે. મને તો તમારા માટે લાગી આવે છે. લોકો ભલે તમારા મોઢે મીઠું બોલતા હોય પણ પાછળ તો કાનના કીડા ખરી જાય એવું બોલે છે. હું તો મોઢે કહેનારો. લોકોને મેં કહ્યું કે ગિરધારી શેઠ આવશે એટલે હું પંડે એમને બધી વાત કરીશ, તમારા ઘરમાં ઘો પેઠી છે.'

ગિરધારી સાંભળી રહ્યો. એ સમસમી રહ્યો હતો. એની ચમકતી આંખો ઉપર ગુચ્છાદાર વાળની ભમરો વારંવાર ઢળતી હતી. ઉકળાટ હતો. આકાશ હમણાં તૂટું તૂટું થઈ રહ્યું હતું. કાળુ બળદને ઘોંચપરોણો કરી રહ્યો હતો. અક્કો ઝડપથી દોડી રહ્યો હતો.

ઘેર પહોંચતાં તો વાયુવેગે ગામમાં વાત પ્રસરી ચૂકી હતી, એટલે સગાંવહાલાં મળવા આવવા લાગ્યાં. ગિરધારી શેઠ શ્રમિત લાગતા હતા. શરીર ઠીક નથી એમ કહી એમણે એકાંત મેળવવા પ્રયત્ન કરી જોયો. પણ એથી તો પૂછપરછ કરવા આવનારાંની

સંખ્યા વધવા માંડી. એમણે ચંદુને જોયો. એ ઘરમાં નિઃસંકોચ ફરતો હતો. ગિરધારીને એ શલ્યની માફક ખૂંચવા લાગ્યો.

સાંજ પડી ગઈ હતી. ઘરના આંગણામાં એણે લક્ષ્મીને ચંદુ સાથે વાત કરતાં જોઈ. બંને હસી રહ્યાં હતાં એમ લાગ્યું. કાળુની વાત સાચી હતી!

લક્ષ્મી તો એના આગમનથી હર્ષઘેલી બની ગઈ હતી. પણ ગિરધારીનો ઉદાસ અને કંઈક રોષિત ચહેરો જોઈ તે ચિંતા કરવા લાગી. તબિયત અસ્વસ્થ હશે એમ માની રાત પડવાની તે ઉત્સુકતાપૂર્વક રાહ જોવા લાગી. રાતની નિરાંત અને એકાંતમાં તે ગિરધારીના ચહેરા ઉપરની ચિંતાની રેખાઓ પોતાના વ્હાલસોયા હાથથી લૂછી નાખશે.

ઝટ વાળુપાણી પતાવીને લક્ષ્મી મેડીએ ગઈ ત્યારે ગિરધારી બારીએ ઊભો હતો. નાની રાધાને પથારીમાં સુવાડી તે તેની પાછળ જઈ ઊભી રહી. એના ખભે હળવેથી હાથ મૂક્યો. વીંછી કરડ્યો હોય એમ એનો હાથ ગિરધારીએ ઝટકાવી નાખ્યો. ગિરધારી આગ ઝરતી આંખે એના સામું જોઈ રહ્યો હતો.

'હું આફ્રિકા હતો ત્યારે તું અહીં શું ધંધા કરતી હતી?' ગિરધારી ત્રાડુકી ઊઠ્યો.

પ્રશ્ન અચિંત્યો હતો. લક્ષ્મી કંઈ સમજી નહિ. એનો ચહેરો ગૂંચવાઈ ગયો.

'બોલ, ભસી મર!' લપડાક જેવા શબ્દો લક્ષ્મીના કાનમાં તમતમી ઊઠ્યા.

'રાંડ, કમજાત! પેલા ચંદુડાને ઘરમાં ઘાલ્યો છે. તારાં ચરિત હું જાણી ગયો છું.' લક્ષ્મીને લાત મારતાં તે બોલી ઊઠ્યો. એનો ક્રોધ ઊકળી આવ્યો હતો. એણે ગડદાપાટુથી લક્ષ્મીને ધીબી નાખી.

લક્ષ્મી મૂંગે મોઢે માર ખાઈ રહી હતી. મોંમાંથી ચિત્કાર સુદ્ધાં નીકળવા નહોતી દેતી. ગિરધારીના વહેમી અને ક્રોધી સ્વભાવ વિષે એણે સાંભળ્યું હતુ. આજે એનો પરચો એને મળી રહ્યો હતો. એને થયું કે ક્રોધ શાંત થયા બાદ તે પોતાની નિર્દોષતા એને સાબિત કરી બતાવશે, ત્યારે પશ્ચાત્તાપથી ગિરધારીને નીચું ઘાલવાનો વખત આવવાનો છે.

ગિરધારીને લાગ્યું કે લક્ષ્મી ગુનામાં છે એટલે તો આમ ચૂપચાપ માર ખાઈ રહી છે. એ વિરોધ નથી કરતી એ જ સાબિત કરે છે કે એના પગ માટીના છે. આથી તે બમણા જોરથી એને ધીબવા લાગ્યો.

મેડી ઉપર ધમાચકડી મચેલી જોઈ એની મા દાદરનું બારણું ખખડાવવા લાગ્યાં. ગિરધારી બરાડી ઊઠ્યો : 'તું તારે સૂઈ જા.' પણ સ્ત્રીનું દુઃખ સ્ત્રી જ સમજી શકે છે. એણે જોરથી બારણું ખખડાવવવા માંડયું. ગિરધારીને લાગ્યું કે ફળિયાના લોકો ભેગા થઈ જશે એટલે ક્રોધના છેલ્લા પ્રહાર તરીકે એણે લક્ષ્મીને જોરથી લાત લગાવી.

નાની બાળકી રાધાએ રોકકળ કરી મૂકી હતી. એનું બાવડું પકડી ગિરધારીએ એને દૂર ફેંકી. ક્રોધમાં એણે જાત ઉપરનો કાબૂ ગુમાવ્યો હતો. એને લાગેલું કે એ તો લક્ષ્મીના બદ-ચલનનું ફળ હતું. રાધાને આમ દૂર ફેંકેલી જોઈ લક્ષ્મીથી ચીસ પડાઈ ગઈ. નાની બાળકીના મોંમાંથી લોહી નીગળતું હતું. એના હાથનું હાડકું તૂટી ગયું હતું. અત્યાર સુધી ચૂપચાપ માર સહી લેનાર લક્ષ્મી બોલી ઊઠી: 'રાક્ષસ! આ નાની બાળકીએ તમારું શું બગાડયું હતું ?'

'એ તો તારા પાપનું ફળ છે.'

'તમારી જીભને કાંટા કેમ વાગતા નથી ? આ તો તમારા પેટનું બાળક છે. ભગવાનના સમ !'

ગિરધારીનો ગુસ્સો મંદ પડ્યો હતો. પણ એની શંકા તો હજી એવી જ સતેજ હતી. તે આગઝરતી આંખે મા-દીકરીને જોઈ રહ્યો હતો. લક્ષ્મીને લાગ્યું કે એનામાં રાક્ષસ આવીને વસ્યો છે એટલે તે બાળકીને બાથમાં ઘાલી નીચે ઊતરી પડી.

'મારી દીકરીનું ખૂન કર્યું. એને મારી નાખી. ભગવાન તારી બૂરી વલે કરશે' લક્ષ્મીનું માતૃત્વ રડી રહ્યું હતું એની સાસુ એને શાંત પાડવા મથતી, પણ તે તો હવે છૂટે મોઢે શાપ વરસાવવા લાગી.

ગિરધારી પણ નીચે આવ્યો હતો. એને લાગ્યું કે ક્રોધમાં તે અનુચિત કામ કરી બેઠો છે. શું કરવું એ એને સૂઝતું નહોતું.

અમાસની રાત હતી. બહાર ઘનઘોર અંધારું જામેલું હતું. તેને ઘરમાં રહેવું હવે અકારું લાગવા માંડ્યું. તે કોટટોપી પહેરી થોડીક રકમ ખિસ્સામાં મૂકી ચૂપચાપ ચાલી નીકળ્યો. એના કાનમાં હજી લક્ષ્મીનાં ડૂસકાં અને રાધાની દયાપ્રેરક ચીસો સંભળાતી હતી.

તે સીધો સ્ટેશન ઉપર ગયો. વર્ષો અગાઉ તે આમ જ એક દિવસ ગૃહત્યાગ કરીને નીકળી પડ્યો હતો. પણ ત્યારની અને અત્યારની એની મનઃસ્થિતિમાં કેટલો બધો ફરક હતો?

*

સવારમાં રાધાને તપાસીને ડૉક્ટરે કહ્યું કે એના હાથનું હાડકું ચૂરેચૂરા થઈ ગયું છે, હાથ કપાવવો પડશે. રાધા કાયમ માટે ઠૂંઠી બની. લક્ષ્મીને બેઠો માર સખત પડ્યો હતો. એની પાંસળીઓ ખસી ગઈ હતી. પણ ગિરધારીનું એકાએક અદૃશ્ય થવાનું એને વધુ દુઃખ હતું. એ એને ક્ષમા કરવા માગતી હતી. પરંતુ રાધા ઉપરનો અત્યાચાર એને મન અક્ષમ્ય હતો.

'હજી ગઈ કાલે તો એ પરદેશથી આવ્યા હતા, અને એટલામાં પાછા જતા રહ્યા! ફરી પાછું ક્યારે એમનું મોં જોવા મળશે?' એનું મન વિચારી રહ્યું હતું.

'ગિરધારી બધાને માટે કંઈ કંઈ વસ્તુઓ લાવ્યો હતો. માને માટે ગરમ શાલ, રણછોડ માટે ભાતભાતનાં રમકડાં અને પોતાને માટે રેશમી સાડીઓ. રાધા માટે એ ચાંદીનો ઘૂઘરો લાવવાનું ચૂક્યો નહોતો. આવું તો એનું બધાંના ઉપર વહાલ હતું. તો એણે રાતના આવો વર્તાવ કેમ કર્યો?' લક્ષ્મીને કંઈ સમજાતું નહોતું.

લક્ષ્મીએ બાધાઆખડીઓ રાખી, જયોતિષીઓને પૂછી જોયું, સગાંવહાલાંને ત્યાં ખબર કઢાવી, પણ ગિરધારીનો કંઈ પત્તો લાગ્યો ન હતો. એક રાતમાં આ બધું શું બની ગયું?

લક્ષ્મીને એ ગોઝારી રાતની યાદ કંપાવી મૂકવા લાગી. દુઃખનું ઓસડ દા'ડા. વર્ષો વીતવા લાગ્યાં. લક્ષ્મીએ રણછોડ અને રાધાના ઉછેરમાં મન પરોવ્યું.

*

પાનખર ઋતુની સમીસાંજનો સમય છે. સૂર્યનારાયણ ક્ષિતિજમાં અદૃશ્ય બન્યા છે. હજી અવનિ ઉપર અંધારાં વરસવા માંડ્યાં નથી. માથે પાણી ભરેલું બેડું લઈ એક જુવાન સ્ત્રી જઈ રહી છે. થોડેક આગળ ધૂળથી ખરડાયેલો ફાટ્યોતૂટ્યો કોટ પહેરી એક વૃદ્ધ લાકડીના ટેકે ચાલી રહ્યો છે. તે પગરવ સાંભળી ઊભો રહે છે.

'બેટા, આ આનંદપુરા ગામ ને?'

'કોને ત્યાં જવું છે કાકા?' રૂપેરી ઘંટડી જેવા અવાજે પેલી યુવતીએ પૂછ્યું. એણે ધારીને એના સામું જોયું. કો'ક અજાણ્યો છે એમ લાગવાથી એ સહેજ સંકોચાઈ પણ ખરી.

જવું છે તો દૂર બેટા, પણ થાક્યોપાક્યો છું. રાત પણ પડી છે એટલે અહીં ક્યાંક પડી રહીશ. ચોરો તો આ બાજુ આવ્યો ને?'

'હા.' પેલી યુવતી બોલી. પણ કંઈ વિચાર આવતાં ઉમેર્યું, 'એના કરતાં અમારે ત્યાં ચાલો ને, પેલા ખાંચામાં ત્રીજું ઘર છે.'

'ત્રીજું ઘર? એ તો દયારામનું ઘર!'

'તમે એમને ઓળખો છો? એ મારું સાસરું છે'. રાધાએ કહ્યું.

'હું અગાઉ અહીં આવેલો છું.' વૃદ્ધે કહ્યું.

'તો તો અમારે ઘેર જ ચાલો. રાતવાસો રહેજો. બધા હવે ખેતરેથી આવી ગયા હશે. તમે પાછળ પાછળ આવો.' એટલું કહી રાધા ઝડપથી આગળ વધી. વૃદ્ધને એ નિર્દોષ યુવતીનો ચહેરો ગમ્યો. એની બોલી અમૃત જેવી લાગી. એના પ્રત્યે હૈયામાં કેમ અસીમ વહાલ વછૂટતું હશે?

એ વૃદ્ધ બીજો કોઈ નહિ પેલો ગિરધારી હતો. અને યુવતી એની ઠૂંઠી દીકરી રાધા હતી. બાપ–દીકરી વીસ વર્ષ બાદ મળ્યાં હતાં. એકબીજાને ઓળખી શક્યાં નહિ, પણ કુદરતી વહાલ તો આપોઆપ બંનેના હૈયામાં સ્ફુર્યું હતું! કુદરતની લીલા અજબ હોય છે!

એક જમાનામાં જેના નામનો ડંકો વાગતો હતો તે શ્રીમંત ગિરધારી આજે કેવી કંગાલ દશામાં હતો! શરીર ઉપર વસ્ત્રોનું પણ ઠેકાણું નહોતું. દાઢી વધેલી હતી. ઘરબાર વિનાનો તે એકલોઅટૂલો ટિચાતો હતો. ખુદ પોતાની દીકરીને ઓળખી શક્યો નહોતો. આ બધું પરિવર્તન એવી તો ધીરી અને સૂક્ષ્મ ગતિએ થવા પામેલું કે ખુદ ગિરધારીને એની ઝટ ખબર ન પડી. એ પોતાના વહેમી અને ક્રોધી સ્વભાવને નિંદતો હતો. પોતાની અસલ સાહ્યબીની યાદ આવતાં એને દુઃખ થઈ આવતું હતું. પણ ઘેર પાછા જવાની હિંમત ચાલતી નહોતી. વારંવાર એને

પેલી ગોઝારી રાત યાદ આવતી. એ રાતે એણે હાથે કરીને પગ ઉપર કુહાડો માર્યો હતો. ત્યારથી જ પોતાનું સત્યાનાશ વળી ગયું હતું.

લક્ષ્મીને મારીઝૂડીને તે સ્ટેશને પહોંચ્યો ત્યારે એને ડર લાગવા માંડ્યો: બાળકી મરી ગઈ હશે તો એના ઉપર ખૂનનો આરોપ આવશે. પોલીસ-તપાસ થશે. પોતે પકડાઈ જશે. ફાંસીએ ચડશે. મોં છુપાવીને તે મુંબઈ જતો રહ્યો. મુંબઈની તો વિશાળ દુનિયા છે એમાં એ કોઈના હાથમાં નહિ આવે. રાત્રે એ ઝબકીને જાગી ઊઠતો. એને ભયંકર સ્વપ્નાં આવતાં. પોલીસને જોઈને એ ચોંકી ઊઠતો. વિચારોના અદમ્ય આક્રમણને ગૂંગળાવવા એણે એક દિવસ શરાબ પીધો. પહેલાંય તે છાટોપાણી લેતો તો ખરો, પણ આ વખતે પખવાડિયા સુધી એનો સંગ ન છોડ્યો. શરાબના વ્યસનની સાથે સંકળાયેલાં બીજાં વ્યસનોએ એને જકડી લીધો. કીમતી નંગવાળી વીંટી એના હાથમાંથી સરકી ગઈ એની પણ એને ખબર ન રહી. પૈસા ખૂટી ગયા એટલે એણે કલાલને ત્યાં જ નોકરી કરવા માંડી. મહેનતાણામાં એ દારૂ જ માગતો; પણ કયા શેઠને આવો નોકર પોસાય? તે રસ્તામાં રખડતો થઈ ગયો.

મુંબઈમાં તેણે એકાદ વર્ષ જેમતેમ ખેંચી કાઢ્યું. પછી એ કલકત્તા ગયો એક વીશીમાં નોકરી મળી. પેટપૂરતું ખાવાનું મળતું. મોડી રાત સુધી એને વાસણકૂસણ સાફ કરવાં પડતાં. આમ તેની આવરદા ઓછી થવા લાગી. એને ઘણીયે વાર ઘર યાદ આવતું. પણ ખૂનના આરોપની કલ્પનાથી તે છળી ઊઠતો. ઘેર પાછા જવાય તેમ નહોતું. પણ હવે એને લાગવા માંડ્યું હતું કે પોતે જ્યાં સુધી એક વાર ઘેર જઈ લક્ષ્મી સમક્ષ પશ્ચાત્તાપ વ્યક્ત નહિ કરે ત્યાં સુધી તેના જીવને શાન્તિ નહિ વળે. એને પોતાના જ પંડનાં બનેલાં રણછોડ અને રાધાને આંખો

ધરાઈને જોવાની અદમ્ય ઇચ્છા થઈ આવી હતી. પેલી ગોઝારી રાતને તો વીસ વર્ષનાં વહાણાં વહી ગયાં હતાં. છેવટે ગિરધારીએ ઘેર પાછા વળવાનો સંકલ્પ અમલમાં મૂક્યો હતો. અથડાતો-કુટાતો તે આનંદપુરા સુધી આવી પહોંચ્યો હતો. આવતી કાલે તો તે લક્ષ્મી અને બાળકોને મળશે, પોતાની ભૂલ બદલ માફી માગશે, પશ્ચાત્તાપ કરશે અને ત્યારે જ તેના આત્માને શાંતિ થશે.

રાધાનાં સાસરિયાંને તે ઓળખતો હતો પણ તેણે અજાણ્યા વટેમાર્ગુ તરીકે પોતાની જાતને અપ્રગટ રાખી. દયારામની પત્નીએ તેને ખાવા આપ્યું. ગિરધારીના શરીરમાં તાવ હતો. તે સૂનમૂન પડી રહ્યો હતો. ઘરમાં અવરજવર કરતી રાધાની પાછળ તેની દૃષ્ટિ આંટાફેરા કરતી હતી. એને જોતાં અગમ્ય લાગણીઓ થઈ આવતી હતી. વાળુપાણી પત્યા બાદ તે એને પાણીનો લોટો આપવા આવી ત્યારે ગિરધારીએ પૂછયું: 'તારું નામ શું બેટા?'

'રાધા.'

ગિરધારીને રાધા નામ ગમ્યું. એની પણ દીકરી હવે આટલી મોટી થઈ હશે. પરણીને સાસરે ગઈ હશે. ગિરધારીને એના માથે હાથ મૂકવાનું મન થયું. એણે રાધાને કહ્યું: 'તારું પિયર ક્યાં આવ્યું?'

'નારદીપુરમાં.'

'નારદીપુરમાં? કોની દીકરી તું?'

જવાબ સાંભળીને ગિરધારી સડક થઈ ગયો. એને લાગ્યું કે એની જાતને પ્રગટ કરી દઈ રાધાને વહાલથી ભીંજવી નાખે. પણ એને એની કંગાલ સ્થિતિ યાદ આવી. એણે પરાણે જાત ઉપર કાબૂ રાખ્યો.

આખી રાત એણે તરફડિયાં માર્યાં. આ રાધાને એણે વીસ વર્ષ અગાઉ નિર્દય રાક્ષસની જેમ ઊંચકીને દૂર ફેંકી દીધી હતી.

એને આમ હેમક્ષેમ જોઈ ખૂબ સંતોષ થયો પણ એટલો જ પોતાની જાત પ્રત્યે તિરસ્કાર વછૂટ્યો.

બીજે દિવસે મોંસૂઝણું થતાં તે નારદીપુર જવા નીકળી પડ્યો. રાધાએ એને ભાતાની પોટલી આપી હતી. ગિરધારી એનો અસ્વીકાર ન કરી શક્યો. જતી વખતે એ એટલું જ બોલી શક્યો: 'બેટા, સો વર્ષની થજે!' રસ્તામાં ગિરધારી રડી રહ્યો હતો.

નારદીપુરનું પાદર દેખાયું. હવે બજાર આવ્યું. થોડીક ગલીઓ વટાવશે એટલે એનું મેડીબંધ મકાન આવશે. વીસ વર્ષમાં ગામમાં ખાસ ફેરફાર થયા ન હતા. કેટલાંક નવાં મકાનો બન્યાં હતાં, પોસ્ટ ઑફિસ ઊઘડી હતી. હજી લોકો હમણાં કામધંધે જતા હતા. એના ઘર આગળ એ આવી પહોંચ્યો. હા, આ એ જ મકાન. ઘરનો રંગ સ્હેજ ફિક્કો પડી ગયો છે. કરાનું પ્લાસ્ટર ઊખડી ગયું છે. પગથિયાં જીર્ણ બની ગયાં છે. ઘર આગળ ગાય બાંધેલી દેખાતી નથી.

ગિરધારી બારણે જઈને ઊભો. અંદરથી તેણે એક યુવાનને બહાર આવતો જોયો. જાણે એની પોતાની જ પ્રતિકૃતિ! 'આ મારો રણછોડ!' તેનું હૈયું પુલકિત થઈ ઊઠયું.

'કોનું કામ છે?' એણે પૂછ્યું.

કો'ક ભિખારી છે એમ સમજી એણે અંદર જઈ બૂમ મારી: 'આને કંઈક ખાવાનું આપજો.' એમ કહી તે ચાલતો થયો.

ગિરધારી એની પાછળ જોઈ રહ્યો હતો એટલામાં એણે અવાજ સાંભળ્યો: 'લો.'

એણે પાછળ જોયું. શિથિલ ગાત્રવાળી એક આધેડ વયની સ્ત્રી એની સમક્ષ ઊભી છે. માથે ધોળાં આવી ગયાં છે. એનો ચહેરો હજી રૂપાળો કહી શકાય એવો છે. એના હાથમાં રોટલો છે.

ગિરધારી એની સામે ઘડીભર જોઈ રહ્યો પણ તુરત જ એણે દૃષ્ટિ નીચે વાળી. એના મનમાં ગડમથલ ચાલી રહી હતી. એને થતું હતું કે, એના ચરણ પકડી બેસી જાઉં! પશ્ચાત્તાપને આંસુ દ્વારા વહેવા દઉં. પણ એના આ વર્તનથી એ કેવી હેબતાઈ જશે? એ નહિ ઓળખી શકે તો?

ગિરધારીને આમ નીચું મોં ઘાલેલો જોઈ લક્ષ્મી વિચારમાં પડી. એને અંદર કામ હતું. રણછોડની સ્ત્રી પ્રસૂતા હતી. એને ઝટ અંદર જવું હતું.

'લો.' એમ બોલી એણે રોટલો એના હાથમાં મૂક્યો અને એકદમ અંદર ચાલી ગઈ.

ગિરધારી રોટલો પકડી ઊભો રહ્યો. એને લાગ્યું કે એ એને ઓળખી જઈને આમ જતી રહી છે. એને મારી જરૂર નથી. નિર્દય રાક્ષસને કોણ સંઘરે? મેં એના પ્રત્યે જે વર્તાવ દાખવ્યો હતો તેવા વર્તાવ માટે તો કોઈ આંગણે પણ ન ઢૂંકવા દે. ગિરધારીને પોતાની જાત પ્રત્યે નફરત છૂટી. એ ઢીલા પગે પાછો વળ્યો. એને લાગ્યું કે આ સ્થાન એના માટે હવે રહ્યું નથી. એના માટે તો પશ્ચાત્તાપની તક વિના જ કમોતે મરવાનું નિર્માયેલું છે.

ગામના પાદરમાં એણે પેલા કાળમુખા કાળુને જોયો. એણે જ એના સંસારમાં હોળી મૂકી હતી. એનું મોં ન જોવા એણે આડું જોઈ ચાલવા માંડયું. પણ પેલાની ચકોર દૃષ્ટિએ તો એને તરત જ ઓળખી લીધો હતો. એણે બૂમ પણ પાડી: 'ગિરધારી શેઠ!'

એના શબ્દોમાં વ્યંગ હતો. ગિરધારીને થયું કે એનું ગળું ટૂંપી નાખું. એટલું જોર તો હજી એના બાવડામાં હતું. પણ એણે એકદમ પોતાના ક્રોધને કાબૂમાં રાખ્યો. ક્રોધ કરવો ઠીક નહોતો. એણે નીચું જોઈ ન સાંભળ્યું કરી ચાલવા માંડ્યું.

ગિરધારીના પગમાં હવે જોર રહ્યું ન હતું. જતી વખતના ઉત્સાહે તો એના પગને પાંખો આપી હતી. અત્યારે નિરાશા

બેડીની જેમ એની ગતિને જકડી રહી હતી. આનંદપુરા આવતાં બપોર થઈ ગયા હતા. તે ભૂખ્યે પેટે હતો. તરસ પણ લાગી હતી. હવે જીવવામાં એને કંઈ સાર દેખાતો નહોતો. એને તમ્મર આવ્યાં અને તે રસ્તામાં ફસડાઈ પડ્યો. કો'ક દયા લાવીને એને મુખીને ત્યાં મૂકી ગયું.

રાધાએ એને ખવડાવ્યું. અમૃતના કોળિયા ભરતો હોય એમ એણે ખાવા માંડયું. એણે રાધાને કહ્યું: 'બેટા! મારું એક કામ કરીશ?'

'શું?'

'બેટા, નારદીપુરમાં મારો એક સંદેશો પહોંચાડવાનો છે.'

'તમે નારદીપુર નહોતા ગયા?'

'ગયો હતો. પણ હું જે કરવા ગયો હતો તે ન કરી શક્યો. મારું કમનસીબ!'

'એમ કેમ બોલો છો? શું કામ છે, મને કહો હું કોઈને મોકલી કરાવી દઈશ.'

'એમ નહિ બેટા, તારે જાતે કરવાનું છે. ત્યાં ગિરધારી શેઠને ત્યાં એમની વહુ લક્ષ્મીને—

'કોને?' રાધા ચમકીને બોલી.

'લક્ષ્મીને—હું જાણું છું તારી બા થાય—કહેવાનું છે: આજે તમે જેને રોટલો ભિક્ષામાં આપ્યો તે . . .

'શું શું, કહો?'

'કહેજે બેટા, તે તો તમારી પાસે માફીની ભીખ માગવા આવ્યા હતા. પણ તમે એને માફ કરો એવી એમની છેલ્લી પ્રાર્થના છે.'

'પણ તમે છો કોણ?'

'હું—હું—બેટા, તારો બાપ—ગિરધારી!'

'મારા બાપા! તમે?' રાધા આશ્ચર્યથી જોઈ રહી. એની આંખમાંથી આનંદનાં અશ્રુ વહેવા લાગ્યાં. ગિરધારીએ 'મારા બેટા' કહી એના માથે હાથ ફેરવ્યો. બાપ–દીકરીનું મિલન ક્ષણિક હતું. આનંદાવેશમાં ગિરધારીનું પ્રાણપંખી ઊડી ગયું. એનો નિશ્ચેતન દેહ રાધાની બાથમાં ઢળી પડ્યો.

*

પવન વેગે દોડતી લક્ષ્મી આનંદપુરા તરફ આવતી હતી. એને પેલા લંગડા કાળુએ ખબર આપી હતી કે એણે ગિરધારીને આનંદપુરા તરફ જતાં જોયો હતો. લક્ષ્મી હાથમાં લીધેલો કોળિયો પાછો મૂકી દોડતી આવી હતી. એનું હૈયું ગિરધારીને મળવા અધીર બન્યું હતું એને થયું કે: 'ઘર આંગણે આવી ઊભેલા એમને હું કેમ વરતી ન શકી? મારાં એટલાં પુણ્ય ઓછાં! એ મને એકવાર મળે તો હું એમને ઘડી અળગા નહિ થવા દઉં. હોય, પુરુષની જાત છે. જરા ગુસ્સો કરે. એમનો સ્વભાવ જરા ઉગ્ર છે પણ તેથી કાંઈ આવો દેશવટો શા માટે ભોગવવા દેવો?'

ગામમાં પેસતાં જ કો'કે એને કહ્યું કે ગિરધારી દયારામને ત્યાં છે, લક્ષ્મીએ ઘર આંગણે ટોળું જોયું. એના જીવને ફાસકો પડ્યો. ટોળું ચીરી એ અંદર ગઈ. એણે શું જોયું?

ઘરની ઓસરીમાં ગિરધારીનો નિશ્ચેતન દેહ શ્વેત ચાદર નીચે સૂતો હતો.

લક્ષ્મીએ એનું મોં જોવા ચાદર ખસેડી.

માનવજાત સમક્ષ કો'ક અલૌકિક, વિનમ્ર ઉદાત્ત સમર્પણ અને દીનતાનો ભાવ તેની મધુર મીઠાશ રેલાવી ચહેરા ઉપર છવાઈ રહ્યો હતો.

લક્ષ્મી અવાક બનીને જોઈ રહી. એની આંખમાંથી અશ્રુધારા વહી રહી હતી.

○

# ભિ ખા ર ણ

લેખક : શ્રી. હીરાલાલ પોપટલાલ શાહ એમ. એ

'ગરીબને એક પૈસો આપો ને, માબાપ ! ભગવાન તમારું ભલું કરશે. તમારાં બાલબચ્ચાં જીવતાં રાખશે.' બસસ્ટેન્ડ ઉપર એક આંધળો ભિખારી ઘોઘરા અવાજે આર્તનાદ કરી રહ્યો હતો. કંગાલિયતની આબેહૂબ મૂર્તિ જાણે ! હું બસમાંથી ઊતર્યો ત્યારે તેને કે તેની દુર્દશાને જોવાની મને ફુરસદ નહોતી. તેને ભિક્ષામાં પૈસા આપી તેની દુઆ મેળવવાની પરવા તો ક્યાંથી હોય ?

ડીઝલ ઑઈલથી ચાલતી બસના ઍન્જિનનો ઘોંઘાટ પણ પેલા ભિખારીના અવાજને દબાવી શકતો ન હતો. એ સૂરદાસ તો આકાશ સામે દૃષ્ટિ રાખીને પોતાની કાકલૂદીભરી વાણી વહાવ્યે રાખતો, જાણે ચારે કોર વિસ્તરેલી માનવજાતને તે સંબોધી રહ્યો હતો.

હું ઉતાવળમાં હતો. કોર્ટમાં મારે અગત્યનો કેસ હતો એટલે મારા પગ ઝડપથી ગતિ કરવાના હતા પણ એવામાં મેં પેલા ભિખારીથી સહેજ દૂર એક ફાટેલતૂટેલ વસ્ત્ર પહેરેલી સ્ત્રી જોઈ. તેને જોતાંવેંત જ મારી તમામ ઉતાવળ ઓગળી ગઈ. જાણે બે ક્રિયાઓ એકસાથે જ ન બની હોય એમ મને લાગ્યું. આ પણ ભિખારણ હતી કે શું ? તે પેલા આંધળાની લાકડી હતી—લોહીમાંસની બનેલી જીવતી લાકડી ! પેલા અંધ ભિખારીનો હાથ પકડીને તે તેને સામી બાજુ લઈ જઈ રહી હતી. હવે તેનાથી પાછી સહેજ દૂર ઊભીઊભી તે તેના ઉપર નજર રાખી તેનું સંરક્ષણ કરતી હતી. ભગવાન, તારી લીલાયે અજબ છે ! સૃષ્ટિમાં તેં કેવા ચિત્રવિચિત્ર યોગ ગોઠવ્યા છે ? આકર્ષક મુગ્ધતા અને નમણું સૌન્દર્ય એ નાજુક દેહલતામાં

અપ્રગટ રહેતું નહોતું. એનું મેલું થીગડાંવાળું વસ્ત્ર એની કંચનવર્ણી દેહકાન્તિ સાથે કેવું વિરોધાભાસ જન્માવતું હતું! શા માટે આવું સૌંદર્યરત્ન એક વૃદ્ધ આંધળા ભિખારીની કોટે વળગાડવામાં આવ્યું હશે? મારા મનમાં વિચારોનો ખટલો ઊભો થયો.

પેલી યુવાન ભિખારણ નીચું મોઢું રાખી ચૂપચાપ ઊભી છે. આડુંઅવળું કશું જોતી નથી. પણ હા, પેલા વૃદ્ધને તો જુએ જ છે. પેલાનું સંરક્ષણ કરવા તેની આંખો ખડો પહેરો બજાવી રહી છે.

હું સામી બાજુએ ગયો. મેં પેલા ભિખારીના હાથમાં એક આનો મૂક્યો. તે ખુશ થયો. એના કરચલીઓવાળા ચહેરામાં સ્મિત છલકાયું. એણે કંઈક અસ્ફુટ આશીર્વાદ આપ્યા પણ ખરા. મને કામ યાદ આવ્યું અને ઝડપથી હું કોર્ટમાં જવા લાગ્યો. જતાં જતાં મારાથી એકબે વાર પાછળ દૃષ્ટિ નંખાઈ ગઈ. એ યુગલ કેવું સુખી હતું!

આ યુગલને વિક્ટોરિયા ગાર્ડન આગળ જોવા હવે તો હું ટેવાઈ ગયો હતો. અહીં મોટરોની અવરજવર વિશેષ રહેતી. સધ્યાટાણે તો લોકોનાં ટોળેટોળાં અહીં ઊભરાતાં. લોકોની અવરજવર જ્યાં વિશેષ હોય ત્યાં જ સારી ભીખ મળે એ ગણતરીએ કદાચ આ સ્થળ એમણે પસંદ કર્યું હશે. જીવન અહીં વેગવંત બની જતું. ઉતાવળભરી દોડધામનું જાણે જીવન ન બનેલું હોય એમ અહીં દોડધામ, ઉતાવળ અને ધમાચકડી જોવા મળતાં. આ બધી ધમાલની વચ્ચે પેલું યુગલ શાન્તિથી પોતાનું કામ કર્યે જતું. પેલો ઘોઘરા અવાજે ભીખ માગતો અને પેલી તેને સાવચેતીપૂર્વક રસ્તા ઓળંગાવતી. બંને આમાં સંતોષ અને સુખનો અનુભવ કરતાં હોય એમ વરતાઈ આવતું. પણ એક ઘટના બનતી અહીં જોવા મળતી. લોકો ગમે તેટલી

ઉતાવળ કે વેગમાં ધસતા હોય પણ પેલી ભિખારણ જાણે દરેકની ગતિને ધીમી પાડતી, પોતાની તરફ પરાણે દૃષ્ટિપાત નંખાવીને પછી જ લોકોને આગળ જવા દેતી. આ બધું પેલી ન જાણે એમ બનતું !

એક દિવસ તો હું કૃતનિશ્ચયી બનીને આનું રહસ્ય પામવા વિક્ટોરિયા ગાર્ડન આગળ બસની રાહ જોવાના નિમિત્તે જઈ ઊભો રહ્યો. મેં પેલીનું ધ્યાનપૂર્વક નિરીક્ષણ કર્યું. આ કંઈ સહેલું કામ ન હતું. એ તો પુરુષોની દૃષ્ટિથી દૂર જ રહેવા પ્રયત્ન કરતી હતી. વિષાદનાં બે ખાબોચિયાં જેવી તેની આંખો હતી. ઊંડી વેદના અને સ્ત્રીસહજ સંકોચ તેના ચહેરા ઉપર કોતરાયેલાં હતાં. અને છતાં સહજ મુગ્ધતા અને યૌવનસુલભ મધુરતાએ તેણીને આકર્ષક બનાવી દીધી હતી. જીવનમાં આપણે કેવા કેવા વિસંવાદ જોઈએ છીએ ? ઉચ્ચ અને નીચ ! શ્રીમંત અને ગરીબ ! શેઠ અને નોકર ! પણ આ યુગલ તો હૃદય અને આત્માની એકતાનો અનુભવ કરી રહ્યું હતું. કેવાં સુખી હતાં બંને ! વૃદ્ધ અંધ ભિખારી હોવા છતાં સંસારમાં દુષ્પ્રાપ્ય એવું એની પાસે ધન હતું. સંસારમાં ફૂટડું પારદર્શક સ્ત્રીત્વ એ દોહ્યલું દૃશ્ય બનતું જાય છે. હજારોમાંથી એકના જ કિસ્મતમાં એ હોય છે. મારા વિચારો ઉડ્ડયન કરવા લાગ્યા : “સ્ત્રી તો દેવીસ્વરૂપ છે. ઝંઝાવાતોથી અટવાતા આ વિષમ જીવનમાં શાન્તિ અર્પનાર અમૃતધારિણી જીવનસંગિની છે. સ્ત્રી વિના સંસાર સમતુલા, ઉત્સાહ અને સંવાદિતા વિહોણો બની જાય !” મેં પેલા યુગલને—એમાં પેલી આર્ય સ્ત્રીને—માનસ-વંદના કરી. મને એમનું જીવન ઈર્ષાપાત્ર લાગ્યું. ખિસ્સામાં હતી એટલી રકમ પેલા વૃદ્ધ ભિખારીના હાથમાં મૂકી હું તીર્થયાત્રાએથી પાછો ઘેર ગયો.

થોડાક દિવસો મારે મુંબઈમાં રહેવાનું થયું. પાછો આવીને જોયું તો પેલું યુગલ ન મળે. મારી દૃષ્ટિ ભોંઠી પડી. હું શહેરમાં

ભીડવાળી બીજી જગ્યાઓએ પણ જઈ આવ્યો, પણ વ્યર્થ. તેઓ ક્યાં ગયાં હશે ? હું વિચારવા લાગ્યો. મારું હૃદય જોરથી ધબકારા મારી રહ્યું હતું. હું ચિંતાગ્રસ્ત બનીને ફરી વિચારવા લાગ્યો : 'પેલી યુવતીને તો કંઈ નહિ થયું હોય ને ?' અમંગલ આશંકાઓથી મારું મન ઊભરાવા લાગ્યું. રાત્રે મને ખાવું ન ભાવ્યું. બીજે દિવસે વહેલી સવારે મેં એમની ભાળ કાઢવા પ્રયત્ન કર્યો પણ તેઓ ત્યાં નહોતાં. મને દુઃખદાયક નિરાશા સાંપડી. વિક્ટોરિયા ગાર્ડન આગળ બીજા એકબે ભિખારીઓ હતા, પરબવાળી એક બાઈ પણ હતી; ચવાણાની લારીઓવાળા હતા. તેમને પૂછું, પણ એ મારા માટે ખોટો ખ્યાલ બાંધે તો! મને મારી પ્રતિષ્ઠાનો ખ્યાલ આવવા લાગ્યો. હું બેચેન બની ગયો હતો. મને એના સમાચાર ન મળે ત્યાં સુધી કામકાજ કરવાનું સૂઝવાનું નથી. મારો સંવેદનશીલ સ્વભાવ હું જાણું છું. હું પ્રક્ષુબ્ધ બન્યો હતો. મેં એક ભિખારીને પાસે બોલાવ્યો. તે દોડતો આવ્યો. મેં પાકીટનું બટન ખોલતાં એને પૂછી લીધું, 'એક આંધળો ભિખારી અને તેની સ્ત્રી અહીં ઊભાં રહી ભીખ માગતાં હતાં તે હવે કેમ દેખાતાં નથી ?'

પેલો ઘડીભર મારી સામે જોઈ રહ્યો. પણ નાણાંનો સિક્કો એના હાથમાં પડતાં એણે જવાબ આપ્યો : 'એ ડોસો તો મરી ગયો. એ વાતને તો આજે અઠવાડિયું થયું.'

'અને એની પેલી બૈરીનું શું થયું ?' સંયમને ઢીલો કરી મેં પૂછ્યું.

'એ તો ભાગી ગઈ. બૈરાંની જાતનું શું કહેવું ?'

'ભાગી ગઈ! બૈરાંની જાતનું શું કહેવું !' મારા માટે આ શબ્દો અસહ્ય હતા. મારો આત્મા વેદનાની અસર અનુભવી રહ્યો. વાતાવરણની ધમાલ અને ઘોંઘાટથી અલિપ્ત એવી ખાલી શૂન્યતામાં હું ઘડીક સરકી પડ્યો. પેલા ભિખારીના શબ્દો માનવા

મારું મન ઇન્કાર કરતું હતું. દુનિયામાં રોગિષ્ટ મનના લોકો હોય છે. એમને બધું ભ્રષ્ટ અને રોગગ્રસ્ત જ દેખાય છે. પેલી ભિખારણ એવી ન હતી. એનામાં તો અસામાન્ય સ્ત્રીત્વ—પુનિત સ્ત્રીત્વ હતું. મારું મન તેની સાક્ષી પૂરતું હતું.

*

કોર્ટના કામ અંગે એક દિવસ હું વડોદરા ગયો હતો. સુરસાગર તળાવ ઉપર સાંજના લટાર મારતાં મેં સુખદ આશ્ચર્ય જોયું: પેલી ભિખારણ ત્યાં ઊભી હતી. ત્રણેક મહિના બાદ મેં એને ફરી જોઈ. એવી ને એવી એ હતી. સનાતન યૌવન અને સૌન્દર્ય કદી ઓસરતું કે કરમાતું નથી. હું એને કંઈ પૂછું એ પહેલાં તો એક કર્કશ અવાજ મારા કાને પડ્યો.

'એઈ, અહીં મર; આ ખેંચ.'

મેં અવાજની દિશામાં જોયું. મારા કિસ્મતમાં કેવો ક્રૂર આઘાત લખાયેલો હતો! સ્ત્રીત્વના ગુણ અને સૌંદર્યની અધિષ્ઠાતા રૂપે જે નારીને મેં માનસ-વંદના કર્યે રાખી હતી તે એક લંગડા ભિખારીની તહેનાતમાં હતી. પેલો લારીમાં બેઠા બેઠા હુકમ ફરમાવી રહ્યો હતો. શું આ એનો નવો ધણી હતો? 'એ તો ભાગી ગઈ! બૈરાંની જાતનું શું કહેવું?' મને પેલા અકળામણા શબ્દો યાદ આવ્યા. જેને મેં પત્નીત્વ અને સ્ત્રીત્વના સદ્‌ગુણોની આદર્શ મૂર્તિ તરીકે કલ્પી હતી તે શું મારો કલ્પનાવિલાસ હતો? કેવળ ભ્રમ હતો?

પેલા લંગડાની વર્તણૂક ઉપરથી સ્પષ્ટ લાગતું હતું કે તે સ્વામિત્વ બતાવી રહ્યો હતો અને આ એને આધીન રહી વર્તતી હતી. આ વાસ્તવિક દૃશ્યના ખડક સાથે મારી કલ્પનાની મૂર્તિ ભાંગીને ભૂક્કા થઈ ચૂકી હતી. મારું સંપૂર્ણ ભ્રમનિરસન થઈ ગયું હતું. આ ભિખારણ સામાન્ય સ્ત્રી હતી—સામાન્ય નહિ, તદ્દન રખડેલ હતી, ચારિત્ર્યહીન હતી. મને શેક્સપિયરના શબ્દો યાદ

આવ્યા: 'હે ચંચળતા ! તારું નામ સ્ત્રી !' કવિએ સાવ સાચું કહ્યું હતું. મારી નિંદાવૃત્તિને મેં રોકી. પેલા નવા માણસને મેં જોયો તો મૃત આંધળા કરતાં એ જરૂર જુવાન દેખાયો એના બન્ને પગ કપાયેલા હતા. તે રુઆબથી લારીમાં બેઠો હતો. પેલી સ્ત્રી દોરી વડે લારી ખેંચીને એને એક સ્થળેથી બીજે સ્થળે દોરતી હતી. વાસ્તવમાં પેલી એના ભીખ માગવાના ધીખતા ધંધાનું પ્રેરક બળ બની હતી એ જ સાચી વાત !

મને પેલીનો ચહેરો પ્રફુલ્લ લાગ્યો. એમાં દુઃખ, શરમ અને સંકોચ નહોતાં એમ નહિ, પણ એને નવા માણસ સાથે ગોઠી ગયેલું જણાતું હતું.

મેં એને પૂછ્યું: 'આ કોણ છે ?'

તેણી ઉત્તર આપે એ પહેલાં તો પેલો લંગડો બોલી ઊઠ્યો: એ મારી પરણેતર છે. એકાદ બે આના આપો શેઠ !'

મેં વધુ ખાતરી કરવા પેલીના સામે જોયું પણ એ તો ચૂપચાપ નીચું જોઈને ઉભી હતી.

'પેલો આંધળો ગયો એટલે આ લંગડાને પકડ્યો. સ્ત્રી-જાતનું વળી શું કહેવું ?' હું હૈયાની અકળામણ ઠાલવવા જતો હતો, પણ એક રખડતી ભીખારણ માટે મારે આટલી બધી શા માટે ચિંતા કરવી જોઈએ એવી શીખ મેં હૈયાને આપી શાન્ત કર્યું. સૌંદર્યવતી સ્ત્રીઓ વિષેના મારા ખ્યાલો કેવા હચમચી ઊઠ્યા હતા એ મારું મન જાણે છે! આ ભિખારણમાં મેં કંઈક અસામાન્ય વિશિષ્ટત્વ જોયું હતું તે પણ આમ રસાતાળ ગયેલું જોઈ મને ભારે દુઃખ થયું. 'આખી દુનિયા દુષ્ટ છે' મેં મારી જાતને કહ્યું. પણ દુનિયા વિશાળ છે અને બધા જ કંઈ આવી ભિખારણો જેવા નથી હોતા એવો વિચાર સુધ્ધાં મારા ઉશ્કેરાયેલા મનને સ્પર્શવા ન દીધો.

હવે તો મને ભિખારીઓની જાત પ્રત્યે નફરત ઊપજી હતી. કોઈ ભિખારી પાઈ-પૈસો માગે તો હું આપતો નહિ. એમાંય યુવાન ભિખારણ સામે તો દાંતિયાં જ કરી બેસતો. વડોદરામાં મેં પેલા લંગડો અને ઠુચ્ટાને બેચાર વાર જોયાં પણ એકેય વાર પૈસો પરખાવ્યો નહિ. એ લોકો દેખાતાં બંધ થયાં એટલે મેં માની લીધું કે જરૂર પેલીએ હવે કો'ક ત્રીજાને સાધ્યો હશે 'બૈરાંની જાતનું વળી શું કહેવું?' હું એને ભૂલી જવા મથતો હતો અને મારા હેતુમાં લગભગ સફળ પણ થયો.

ગયા ડિસેમ્બરમાં આફ્રિકાથી આવતા મારા એક મિત્રને તેડવા હું મુંબઈ ગયો હતો. ત્યાં લોકોની ઠઠમાં મેં પેલી ભિખા-રણને જોઈ. મને થયું કે આ બલા વળી અહીં ક્યાંથી? અહીં શું કરવા આવી હશે? સ્ટીમરના પેસેન્જરોને આવવાની વાર હતી એટલે વખત પસાર કરવાના ઇરાદે મેં એને જરા વ્યંગમાં પૂછ્યું: 'તારો ઘરવાળો ક્યાં છે?'

'હું તેને જ શોધવા આવી છું.' તે બોલી. પછી કંઈ વિચાર આવતાં તેણે મને પૂછ્યું: 'શેઠ, તમને એમના વિષે ક્યાંથી ખબર પડી? આજે જ આફ્રિકાથી સ્ટીમર આવવાની છે ને? મારા પ્રશ્નોના જવાબ આપવાને બદલે તેણે મને પ્રશ્નો પૂછી નાખ્યા.

હું પૃચ્છાનું કારણ સમજી ન શક્યો.

મેં કહ્યું: 'હું તને હવે તો સારી રીતે ઓળખું છું. શું કામ તું મને બનાવે છે? તું પેલા આંધળાની સાથે રહી ભીખ માગતી હતી એ જ ને? પછી પેલા લંગડાને ચાલી ગઈ અને હવે વળી કો'ક ત્રીજાને શોધવા નીકળી હશે?'

મારો અવાજ કઠોર હતો. એના ચહેરાના ભાવ જોઈ મને લાગ્યું કે મેં અનુચિત કાર્ય કર્યું છે. મારા શબ્દો સાંભળી તે

ઘવાયેલા પંખીની જેમ ફફડી ઊઠી હતી. તેની આંખોમાં આંસુ છલકાઈ આવ્યાં હતાં. મેં જોયું કે મારાં શબ્દબાણથી એનું કુમળું હૈયું વીંધાઈ ગયું હતું. મેં શું નિર્દોષતા ઉપર ફટકો માર્યો હતો ? હું તેને સમજ્યો નહોતો ? એનો રડતો ચહેરો જોઈ મારું હૃદય રડી ઊઠયું. મારી આંખોમાં મેં પરાણે આંસુ રોકી રાખ્યાં હતાં.

મેં દોષિત સ્વરે પૂછ્યું : 'તું રડે છે શું કામ ?'

મારી કાળજીભરી પૃચ્છાથી તેણીને જાણે મારામાં વિશ્વાસ જન્મ્યો હોય એમ લાગ્યું. મારા અવાજમાં સહાનુભૂતિ અને અનુકંપા હતાં એની જ અસર થઈ હશે.

મેં એને પૂછ્યું : 'તું અહીં શા માટે આવી છે ?'

તે હવે સ્વસ્થ બની હતી. સંક્ષુબ્ધ લાગણીઓ આંસુ દ્વારા વહી ગઈ હતી.. મારી સામે શ્રદ્ધાભરી દૃષ્ટિએ એણે જે કથની મને કહી એથી તો આ વિશાળ પૃથ્વી અને તેમાં વસતા અસંખ્ય અભાગી જીવો વિષે મારું જ્ઞાન કેવું અલ્પ અને છીછરું છે તેનું મને ભાન થયું. સૃષ્ટિમાં કેટલાંયે અનામી પુષ્પો અજ્ઞાત રીતે મહેકીને પોતાની સુવાસ પ્રસરાવી લુપ્ત થઈ જાય છે ! આ ભિખારણમાં મને એક આર્ય સ્ત્રીનું પુનિત દર્શન લાધ્યું. એ ભિખારણ હતી ? ના, ના, એની પાસે તો સ્ત્રીને અમૂલ્ય એવું ધન હતું. પતિવત્સલતા અને શીલ એ જ સ્ત્રીની સાચી ધન-દોલત છે. એ વિનાની સ્ત્રી કંગાલ અને ક્ષુદ્ર છે.

આપણા દેશમાં ભિખારીઓની એક કોમ છે. એમની દુનિયા વિષે ઉજળિયાત લેખાતી કોમ ભાગ્યે જ કંઈ ખાસ જાણતી હોય છે. 'નાગા બાવા' કે 'અપ્સરા' જેવા એકાદ બે ગ્રંથો પ્રગટ થાય છે ત્યારે આપણે ત્યાં આવી કોઈક સંસ્થાઓ છે એનું જ્ઞાન આપણને થવા પામે છે ! ઘણાં તો જાણે આ બધી પરદેશની વાત છે અને આપણા વાતાવરણમાં આવી વ્યક્તિઓ

કે સંસ્થાઓ તદ્દન અસ્વાભાવિક અને અવાસ્તવિક છે એમ ખરી વસ્તુસ્થિતિ ન સ્વીકારવા માટે કહેતા પણ હોય છે !

પેલી ભિખારણની જીવનકથાની સચ્ચાઈ વિષે મને લેશમાત્ર પણ શંકા આવી હોત તો હું આમ બેધડક લખત નહિ. ઘણી વાર સત્ય એ કલ્પના કરતાં વધુ વિલક્ષણ દેખાતું હોય છે. એવી વિલક્ષણ અને અદ્ભુત, રોમાંચક એની જીવનઘટના હતી.

એ ભિખારણનો પતિ લશ્કરમાં ભરતી થઈ પરદેશ ગયો હતો. શરૂઆતમાં તો એ દરેક મહિને કંઈ ને કંઈ રકમ મોકલી આપતો. પણ પાછળથી એ રકમ આવતી એકદમ બંધ થઈ. એનો પતિ દુશ્મનોના હાથમાં કેદ પકડાયો છે કે મરણ પામ્યો છે એવા ઊડતા સમાચાર એને મળ્યા! એનું અંતર તો કહેતું હતું કે એ જીવતો જ છે અને એક દિવસે જરૂર એ હેમખેમ પાછો આવશે જ એ શ્રદ્ધા અને આશા ઉપર તેણે જીવનનો અંત ન આણ્યો.

પતિ તરફથી મળતી રકમ બંધ થવાથી એના અને એના વૃદ્ધ સસરાના નિર્વાહનો પ્રશ્ન એની સમક્ષ આવીને ઊભો રહ્યો. બંનેએ અસલ ધંધો કરી પેટનો ખાડો પૂરવાનું નક્કી કર્યું. એ પેલા વૃદ્ધ અંધ સસરાની લાકડી બની! પણ કુદરતને એ વ્યવસ્થા રુચી નહિ અને એક દિવસ એનો સસરો મૃત્યુ પામ્યો. હવે શું કરવું?

એના રૂપ અને યૌવનથી આકર્ષાઈ અનેક ભિખારીઓ એને મદદ કરવા દોડી આવ્યા, પણ એ તેમની દાનત સમજતી હતી. એને તો કોઈ પણ ભોગે શીલરક્ષા કરી સ્વમાનભર્યું જીવન ગુજારવું હતું. અગ્નિસાક્ષીએ એ એક પુરુષની પરણેતર હતી. સ્ત્રીત્વનું પરમ સાધ્ય તે પામી હતી. એને શુદ્ધ અને નિષ્કલંક જીવન જીવવું હતું. પોતાનો પતિ અવશ્ય પાછો આવવાનો જ છે એ અવર્ણનીય મીઠાશભરી આશાએ તો એ જીવતી હતી!

એક લંગડા ભિખારી સાથે તેણે સમજૂતી કરી. પેલો એને ધર્મની બહેન તરીકે ગણી વર્તતો. પોતે એને ગાડીમાં બેસાડી ફેરવે. ભીખમાંથી બન્નેને પેટપૂરતું ખાવાનું મળી રહે તેમ હતું. શરૂઆતમાં તો બન્નેને ઠીક ઠીક બન્યું. પણ બીજા લોકોની ચઢવણીથી પેલા લંગડાએ એને કનડગત કરવા માંડી. એની ઇજ્જતનો પ્રશ્ન આવ્યો ત્યારે તો એ છંછેડાઈ ઊઠી. શીલ તો એનો પ્રાણપ્રશ્ન હતો, એણે એક દિવસ પેલા લંગડાને રામરામ કર્યા.

એકલદોકલ સ્ત્રી માટે સંસારમાં જીવન વિતાવવું કપરું છે. એમાંયે યુવાન સ્ત્રી માટે તો સભ્ય લેખાતો સમાજ પણ ક્યારે દુષ્ટતા નહિ આચરી બેસે એનું કંઈ કહેવાય નહિ! કોઈક સારા કુટુંબમાં નોકરચાકર તરીકે રહેવા માટે એણે પ્રયત્ન કરી જોયા પણ એની નાત, વય અને રૂપ જોતાં જ ગૃહિણીઓ એને બારણા-માંથી જ વિદાય કરી દેતી. પણ ભગવાન કો'કના દિલમાં તો વસતો હોય છે. એક દયાળુ ગૃહસ્થે એને આશરો આપ્યો. લશ્કરના ઉપરી અમલદારોને લખી એના પતિ વિષે પૂછપરછ કરાવી. મુક્ત થયેલા યુદ્ધકેદીઓમાં એના પતિનું નામ હતું. એની પહેલી ટુકડી આજે સ્ટીમર દ્વારા આવવાની હતી. અને એ એટલા માટે જ આવી હતી.

હું એની કથની સાંભળતો હતો ત્યારે મારું હૈયું એના માટે આદર અને ભક્તિથી ઊભરાતું હતું. એને કરેલા અન્યાય બદલ મારી આંખોમાં પશ્ચાત્તાપનાં આંસુ આવ્યાં—જેને હું અતિ સામાન્ય તુચ્છ ભિખારણ ગણી ઘૃણાની નજરે જોતો હતો તે તો શાપિત દેવકન્યા જેવી હતી. મને એની ચરણરજ લેવાનું મન થઈ આવ્યું. એવામાં દરવાજા આગળ ધમાલ મચી ગઈ. પેસેન્જરો આવવા લાગ્યા હતા. તે એકદમ ત્યાં દોડી ગઈ, તીરની માફક ટોળું વીંધી અંદર પેસી ગઈ. મેં ત્યાં જઈને જોયું તો નિસરણી પાસે તે ઊભી હતી. એનો સમગ્ર દેહ આનંદથી થનગની ઊઠ્યો

હતો. એની આંખમાં હર્ષાશ્રુ છલકાતાં હતાં. લશ્કરી પોષાકમાં સજ્જ થયેલા એક યુવાન દેહને લતાની માફક વીંટળાઈને તે ઊભી હતી.

એ અલૌકિક દૃશ્ય હતું. ચિરવિરહ પછીનું એ સુખદ મિલન હતું. એને એનું ખોવાયેલું ધન પાછું મળ્યું હતું. હર્ષાવેશમાં તે આસપાસની દુનિયા ભૂલીને ફક્ત તેને જ નિરખી રહી હતી.

હું તૃપ્ત આંખે એ મંગલ દૃશ્યને ધરાઈને પીતો હતો. એવામાં મારા મિત્રે મને ઢંઢોળ્યો. મને કહે : 'ક્યારનોયે બૂમ પાડું છું, બોલતો કેમ નથી? તું કઈ દુનિયામાં છે?'

'સ્વર્ગલોકમાં!' મેં કહ્યું.

એ કંઈ સમજ્યો નહિ. એ બોલ્યો; 'પણ આ તો પૃથ્વીલોક છે!'

'પૃથ્વી ઉપર જ સ્વર્ગ છે, ત્યાં જો!' મેં પેલા યુગલ તરફ આંગળી ચીંધીને કહ્યું.

# દેવીમાઈ

લેખિકા : **શ્રી. પૂર્ણિમા પકવાસા**

સત્ય ઘટના ઉપર મંડાયેલી આ કથા સ્વમાન, પુરુષાર્થ અને સેવાભાવની પ્રેરણા આપી જાય છે.

"આ અભાગણીએ જ્યારથી ઘરમાં પગ મૂક્યો છે ત્યારથી કોઈને કળ વળવા નથી દીધી."

"શી...શી...તું ધીમે બોલ, ક્યાંક બહેન સાંભળી જશે."

"સાંભળે તો ભલે સાંભળે. મારે એને સંભળાવવું જ છે. એ શું કરી લેવાની છે? એ જ્યારથી આવી છે ત્યારથી છોકરાંઓ માંદાં મટતાં જ નથી. કોણ જાણે કેવાંયે પગલાંની છે તે સાસરે ગઈ ત્યાં ધણીને ભરખ્યો, હવે અહીં પિયરિયાંઓને ભરખવા આવી છે."

"અરે આજે તને થયું છે શું, તે આવી ગાંડી વાતો બક્યા કરે છે?"

"મને તો કંઈયે થયું નથી. સાચી વાત આજે કોઈને સાંભળવી સારી લાગતી નથી. ઊલટી, હું સાચી વાત કહેનાર તમને કડવી લાગીશ. અને હાસ્તો, મારું કહેવાનું તો તમને બકવાટ જ લાગે ને? પોતાની બહેનનું આટલું ઉપરાણું તાણો છો, પણ સાત ખોટના દીકરાનો કંઈ વિચાર કર્યો? આ લીલા, કમળા પણ આજે મહિનો થયાં માંદાં સબડે છે, પણ તમારી તો ઊંઘ જ ઊડતી નથી."

"તું આમ કેમ બોલે છે? આપણે શું છોકરાંઓનું ધ્યાન નથી રાખતાં? તે છતાં એ લોકો માંદાં પડે તો આપણે એમની સારી સારવાર કરવી, સારા ડૉક્ટર લાવવા અને સારી દવા કરવી જોઈએ. એ બધું તો આપણે કરીએ જ છીએ. એમાં મેં ક્યાંય

ઊણપ આવવા દીધી છે? મારા ગજા કરતાંય વધારે ખર્ચ મેં મોંઘી મોંઘી દવાઓ અને ઇન્જેક્શનોમાં કર્યો છે."

"તે એમાં કોઇના ઉપર ઉપકાર થોડો કર્યો છે? પેટનાં છોકરાંઓ માટે આટલું અમથું કર્યું, તેનાં ગાણાં ગાતાં તમને જરાયે વિચાર નથી આવતો?"

"અરે પણ હું ક્યાં એમ કહું છું? તું તો બધી વાતને ઊંધી રીતે જ જોવાનું શીખી છે! તારામાં આવી સંકુચિતતા ક્યાંથી આવી ગઈ?"

"હા, હા, તમારે જેટલું સંભળાવવું હોય તેટલું સંભળાવો. મારા નસીબમાં તો એ જ લખાયેલું છે. એક તો તમારી લાડકી જુવાનજોધ બહેનને સાચવવી, અને રાતદિવસ તમારાં માંદાં છોકરાંઓની સારવાર કરવી, અને ઉપરથી તમારાં મેણાંટોણાં સાંભળવાં! હે ભગવાન, મારો છૂટકો કરે તો સારું!"

પત્નીના રોજેરોજના આવા કંકાસથી હરિનાથ કંટાળી ગયો હતો. આજે પણ સુભદ્રાએ હરિનાથની સામે રડતાં રડતાં કપાળ કૂટ્યું હતું અને આ બધા કંકાસનું મૂળ તો એક ખૂણામાં બેઠું બેઠું આંખો પટપટાવતું હતું.

હરિનાથના પિતા તો હરિનાથને ચૌદપંદર વર્ષનો મૂકીને જ સ્વર્ગવાસી થયા હતા. તે વખતે એકએક વર્ષની નાની બહેન દેવિકા માતાના ખોળામાં રમતી. કુટુંબ પર મહા આફત આવી પડી. શિરછત્ર ઊડી જતાં બધાં ઉઘાડાં પડી જાય તેમ સૌ આધાર વિનાનાં થઈ રહ્યાં. નજીકમાં તો સંભાળ લે તેવું કોઈ સગું નહોતું. દૂરદૂરનાં પિત્રાઈઓ પોતાનો શોક વ્યક્ત કરવા અને બને તો સ્વાર્થી મનોવૃત્તિથી ખેતીવાડીનો કારભાર સંભાળવા આવી પહોંચેલાં. પણ ચતુર ગંગાબાએ સૌનો ઉપકાર માન્યો અને પોતે જ બધો વહીવટ ચલાવશે એવું સ્પષ્ટતાથી કહી દીધું.

ગંગાબાએ તો ખોટી લાજશરમને નેવે મૂકીને બાહોશી અને દક્ષતાથી બધો વહીવટ સંભાળી લીધો. હરિનાથના પિતાની ગામમાં શાખ સારી એટલે એને શોભે તેવો દા'ડાપાણી કરવામાં સારા જેવો ખર્ચ થઈ ગયો અને સોનાના કટકા જેવી અર્ધોઅર્ધ જમીન ગીરો મુકાઈ ગઈ. તે ઉપરાંત ધર્મભીરુ ગંગાબાએ પોતાનો દાગીનો વેચીને પણ પતિની પાછળ સારો ધર્માદો કર્યો હતો.

હરિનાથે અભ્યાસ સાથે ધીમે ધીમે બચેલી ખેતીનો વહીવટ પણ શીખવા માંડ્યો અને પાવરધો થતો ગયો. એકવીસ વર્ષની ઉંમરે ગંગાબાએ સારી કન્યા જોઈને એને પરણાવ્યો. ઝાંઝર ઝમકાવતી સુભદ્રાનાં ઘરમાં પગલાં થયાં ને જાણે ફરીથી ઘર ગાજતું થઈ ગયું. ગંગાબા પણ હવે તો બધો ભાર વહુ પર નાખીને દેવદર્શન અને ધર્મધ્યાનમાં વધારે પરોવાયાં. નાની દેવિકાને પિતાની ખોટ ન જણાય તેટલા માટે ગંગાબા બહુ જ સચિંત રહેતાં. હરિનાથની પણ એ વહાલસોઈ બહેન હતી. એની એકેએક ઇચ્છા એ પૂરી પાડતો. એને જરા પણ ઓછું આવે તો હરિનાથ અધોંઅધોં થઈ જતો. ગંગાબા ઘણી વાર હસતાં હસતાં કહેતાં : "હરિ, દેવિકાને જરા ઓછાં લાડ કરાવતો હોય તો સારું. ઘરમાં વહુ આવશે ત્યારે તને એની સાથે બોલવાનોય સમય નહીં રહે." આવી વાતને હરિનાથ હસી કાઢતો અને દેવિકાનું–પોતાની વહાલસોઈ નાનકડી બહેનનું–સ્થાન પોતાના હૃદયમાં હંમેશાં પ્રથમ જ રહેશે એમ ખાતરી આપતો. દેવિકાને તો ભાઈ વગર જરા પણ ચાલતું નહીં. ભાઈ કોળિયો ખવડાવે તો જ ખાવું એવી જીદ પણ કોઈ વાર લઈ બેસતી, એટલે સવારસાંજ ભાઈ-બહેન સાથે જ બેસીને જમતાં. સાંજ પડે ને ક્યારે ભાઈ પેઢીએથી ઘેર આવે ને ક્યારે પોતાને ફરવા લઈ જાય તેની વાટ જોતી દેવિકા બેસી રહેતી.

સુભદ્રાના ઘરમાં આવ્યા પછી આ ક્રમમાં ફેર પડ્યો. દેવિકાને આ ફેરફારથી અચંબો થયો અને દુઃખ પણ લાગ્યું, છતાં પણ શાણાં અને સમજુ ગંગાબાએ દીકરીને સમજાવી દીધી કે ભાઈની ફરજ હવે બે બાજુએ વહેંચાઈ ગઈ છે. એટલે તારા પર ઓછું ધ્યાન આપે તો દુઃખ ન લગાડવું. એના હૃદયનો પ્રેમ કાંઈ ઓછો થવાનો નથી અને હરિનાથ પણ દેવિકાને ખુશ રાખવાની સતત કાળજી રાખ્યા કરતો. પણ આ બધા પરથી સુભદ્રા એટલો જ સાર ખેંચી શકી કે આ ઘરમાં સૌથી પહેલું સ્થાન દેવિકાનું, બીજું ગંગાબાનું અને સૌથી છેલ્લું પોતાનું છે. મનની માની લીધેલી આ વાતે સુભદ્રા મનમાં ને મનમાં બળ્યા કરતી અને દેવિકા તરફ દ્વેષ કર્યાં કરતી. ગંગાબા તો વહુને દીકરી જેટલા જ પૂરા લાડથી રાખતાં, અને હરિનાથ પણ સુભદ્રા પ્રત્યે ખૂબ પ્રેમથી વર્તતો અને કોઈ કોઈ વાર એને પણ દેવિકાની સંભાળ રાખવાનું, એને ભાવતી રસોઈ બનાવવાનું સૂચન કરતો. ઉપરઉપરથી સુભદ્રા પ્રેમ બતાવતી અને પતિના કહ્યા મુજબ દેવિકા માટે કામ કરી પણ આપતી. છતાં એના હૃદયને ખૂણે જે દ્વેષભાવ જાગી ગયો હતો તે ઓલવાયો જ નહીં.

આખરે ચૌદ વર્ષની દેવિકાને સારો વર અને સારું ઘર જોઈને પરણાવીને ગંગાબા ટૂંકી માંદગીમાં સ્વર્ગવાસી થયાં. ચૌદ વર્ષની નાનકડી દેવિકાએ સાસરામાં સમાવાનો પ્રયત્ન કર્યો. એ પૈસાદાર અને ખાનદાન ગણાતા કુટુંબમાં એક પતિ રમાનાથ સિવાય બીજું કોઈ એના પ્રત્યે સહાનુભૂતિ બતાવનાર એને ન મળ્યું. પિયરમાં પૂરા લાડકોડ અને માનપાન સાથે ઉછરેલી દેવિકા પહેલાં મૂંઝાઈ ગઈ, પણ તે છતાં ધીરજથી અને પતિના સાંત્વનથી એણે બધાંનો પ્રેમ સંપાદન કરવાનો પ્રયત્ન ચાલુ જ રાખ્યો.

એટલામાં દુર્ભાગ્યે એક દિવસ બહારગામ ઉઘરાણીએ ગયેલો રમાનાથ સખત તાવ લઈને ઘેર આવ્યો. ડોકટર બોલાવાયા,

વૈદ્યો બોલાવાયા, ઊંચી ઊંચી દવાઓ, ઇન્જેક્શનો અને ભસ્મોના અખતરા થયા, પણ કંઈ યોગ્ય નિદાન ન થયું અને કોઈ દવા પણ લાગુ ન પડી. તાવ ન ઊતર્યો તે ન જ ઊતર્યો. ખાનદાન ખોરડું અને મોટા ઘરની માંદગી એટલે ખબર કાઢવા આવનારાઓનો મેળો જામ્યો રહેતો. એ બધાંનું સ્વાગત કરવામાં, એમને ચાપાણી પાવામાં અને જમાડવામાં જ દેવિકાને વ્યસ્ત રહેવું પડતું. દિવસ દરમિયાન તો પતિ પાસે એ જઈ જ શકતી નહીં. પણ રાત્રે માંડ એમનું મોં જોવા પામતી, અને આખા દિવસની થાકેલીપાકેલી ઝોકાં ખાતી એ પતિને માથે પોતાં મૂક્યા કરતી. મનમાં ને મનમાં એ ફફડતી અને પતિના દીર્ઘાયુ માટે અનેક માનતાઓ–બાધાઆખડીઓ રાખતી. પણ કોઈની કારી ફાવી નહીં.

માંદગીના બારમા દિવસની કારમી સંધ્યાએ એણે દેહ છોડ્યો. ઘરનાં લોકોએ માથાં કૂટ્યાં, આંસુ સાર્યાં, પણ દેવિકાનું તો સર્વસ્વ લૂંટાઈ ગયું હતું. એ તો સ્તબ્ધ બનીને પથ્થરની મૂર્તિસમી જડ થઈ ગઈ હતી. આ ભયંકર દુઃખ, આક્રંદ કરીને એ બહાર કાઢી પણ ન શકી અને બેભાનની જેમ ચકળવકળ આંખે પતિનો ખાટલો જ્યાં રહેતો તે ખૂણા સામે જોઈ રહેતી. જૂની રૂઢિ અને જડ આચારવિચારમાં માનવાવાળાં સાસરિયાંઓએ સોળ વર્ષની ગભરુ છોકરીને માથે મૂંડો કરાવ્યો અને એના સૌભાગ્યના સર્વ અલંકારો ઉતારી લેવામાં આવ્યા. રમાનાથની માંદગીના સમાચારે હાંફળાફાંફળા દોડીને આવેલા હરિનાથને અસહાય બનીને પોતાની બહેનને માથે થતા આવા જડ સંસ્કારો જોવા પડ્યા. એની વિનવણીઓ અને કાલાવાલાઓ નિષ્ફળ નીવડ્યા. છેવટે એણે બહેનને પોતાની સાથે લઈ જવા ઇચ્છા દર્શાવી. પણ છ મહિનાનો પાકો ખૂણો પાળ્યા સિવાય વહુ ક્યાંય બહાર ન જઈ શકે એવો સખત હુકમ એણે સાંભળ્યો. પછી

તમતમારે મહિનોમાસ તેડી જજો એટલું જ આશ્વાસન મેળવીને હરિનાથને જવું પડ્યું.

એ ઘેર તો પાછો આવ્યો, પણ કોઈ કામમાં એનું ચિત્ત ચોંટ્યું નહીં. આખો દિવસ એની દૃષ્ટિ સામે નાની બાલિકા દેવિકા, રમકડે રમતી દેવિકા, ભાઈ પાસે લાડ કરતી દેવિકા અને યુવતી બનીને સાસરે સિધાવતી દેવિકા દેખાવા લાગી અને આખરે જ્યારે છેલ્લું ચિત્ર, એ બિહામણું ચિત્ર, એ અલંકાર વિહોણી અને અશુભ વેષવાળી દેવિકાનું ચિત્ર એની નજર સામે આવતું ત્યારે તો એ છળી ઊઠતો. જાણે હમણાં પોતે ચીસ પાડી ઊઠશે એવી ભીંસ હૃદયમાં થતી. જેમતેમ કરીને એણે છ મહિના વિતાવ્યા, અને વહેલો વહેલો દેવિકાને ગામ જઈને એને ઘેર તેડી લાવ્યો. એણે સુભદ્રા સાથે વાત કરી રાખી હતી કે આવા દુઃખમાં હવે આપણે દેવિકાને પાછી સાસરે નથી મોકલવી. એ અહીં આપણી સાથે જ રહેશે. હરિનાથનું ઊંડું દુઃખ અને શોક જોઈને સુભદ્રા કંઈ બોલી નહોતી, પણ એને દેવિકાનું આવી રીતનું આગમન બિલકુલ ગમ્યું નહોતું અને હવે તો આ બોજો જિંદગીભર સાચવો પડશે એ વિચારથી એ મનમાં ને મનમાં ખિજાતી અને ઘણી વાર પોતાનો ગુસ્સો બાળકો પર કાઢતી.

થોડા દિવસ તો દુઃખી દેવિકાના દુઃખે બધાં જ દુઃખી રહ્યાં, બધાંએ ઊંડી હમદર્દી બતાવી અને દેવિકા પણ સાસરિયાંના ક્રૂર અને જડ વાતાવરણમાંથી અહીં આવીને શાંતિ અને રાહતનો અનુભવ કરવા લાગી. તેમાંય ભાઈની લાગણીથી તો એ ખૂબજ સાંત્વન પામતી. ભાઈનાં છોકરાંઓ જોડે પણ એ રમીને વાતો કરીને પોતાનું દુઃખ ભૂલવા પ્રયત્ન કરતી. પણ નસીબજોગે એના આવ્યા પછી ભાઈનાં ત્રણે બાળકોની—બે છોકરી અને એક છોકરાની—તબિયત કચરપચર રહેવા લાગી. બે છોકરી ઉપર થયેલા ખોટના છોકરાને પણ જ્યારે સતત ઝીણો તાવ રહેવા

લાગ્યો ત્યારે સુભદ્રાએ પોતાની ધીરજ ખોઈ. એને ઘરમાં આવેલી દેવિકા અશુભ પગલાંની લાગી. આ વહેમ એકવાર પેઠો, એટલે પછી એને કાઢવો મુશ્કેલ બન્યો. હરિનાથે એને અનેક રીતે સમજાવી, પણ સુભદ્રા એકની બે ન થઈ અને રોજના કજિયા-કંકાસ ઘરમાં રહેવા લાગ્યા. શરૂશરૂમાં તો દેવિકા ન સાંભળી જાય તેની થોડી કાળજી લેવાતી, પણ પછી તો એના સાંભળતાં પણ બાણ જેવા કડવા બોલ સુભદ્રાના મોંમાંથી નીકળી જતા. દેવીકા ખૂણે ભરાઈને બધું સાંભળતી અને વિચારે ચડી જતી. ભાભીના એકાએક આવા ગુસ્સાનું કારણ એની સમજમાં નહોતુ આવતું. ઘણી વાર એને ગંગાબા યાદ આવી જતાં અને એની હૂંફાળી ગોદ અત્યારે મળત તો એ પોતાનું બધુંજ દુઃખ ભૂલી જાત એવો વિચાર પણ આવતો. પણ પાછું એ પોતાના મનને વારી રાખતી કે આ રીતે તો હું ભાઈને અન્યાય કરું છું. ભાઈએ મને અત્યાર સુધી કેવા હેતથી રાખી છે ! ગંગાબાના સ્વર્ગવાસ પછી તેઓ દર મહિને–દોઢ મહિને દેવિકાને એના સાસરે જઈને મળી આવતા અને પોતાની સાથે કંઈ ને કંઈ ફળ, મેવો અને દેવિકા માટે સાડીઓ લઈ જતા. એમણે કદી બાની ખોટ વરતાવા દીધી નથી. આમ વિચારીને એ ભાભીનાં વચનો ભૂલી જવા પ્રયત્ન કરતી. પણ આજે સવારના ઝઘડા વખતે દેવિકાએ જે સાંભળ્યું તેનાથી એ ચમકી ઊઠી. “અભાગણીએ પતિને ભરખ્યો અને હવે અહીં પિયરિયાંઓને ભરખવા આવી છે.” સાંભળીને એ સમસમી ઊઠી. બહાર ધસી આવતાં આંસુઓને ખાળી રાખવાનો પ્રયત્ન કરતી એ મેડે ચડી ગઈ. ઉપર જઈને એ પોતાના ખાટલા પર ફસડાઈ પડી ને ધ્રુસકે ધ્રુસકે રડી પડી. એને બે વર્ષના ટૂંકા ગાળા દરમિયાન પતિ રામનાથે એના પ્રત્યે રાખેલ પ્રેમ, આદર અને મમતા યાદ આવ્યાં. વસમા સાસર-વાસમાં એનો પ્રેમ માત્ર એક મીઠી વીરડી સમાન હતો. રમાનાથની યાદ આવતાં એના મનનો આવેગ વધી ગયો અને એ લગભગ

બેભાન જેવી બની ગઈ. થોડી વાર બાદ કોઈ હેતથી એના માથા પર હાથ ફેરવી રહ્યું છે એમ એને લાગ્યું. એટલે એણે આંખો ઉઘાડી. તો દુઃખ અને શરમ અનુભવતા ભાઈને એણે દીઠો. પોતાના આવા વર્તનથી ભાઈને દુઃખ થશે માનીને દેવિકા એકદમ બેઠી થઈ ગઈ. આંખમાં વહી રહેલાં આંસુ લૂછી કાઢ્યાં અને જરાક હસવાનો પ્રયત્ન કરતાં એણે કહ્યું: "ભાઈ, એ તો અમસ્તું મારું હૃદય જરા ભરાઈ આવ્યું હતું, પણ તમે મનમાં ઓછું ન આણશો." ભાઈ શું બોલે ? એ તો સ્તબ્ધ બનીને આ નાનકડી અને સમજુ દેવિકાને જોઈ જ રહ્યો. એનું મન આજે ઘણા દિવસથી મૂંઝવણ અનુભવી રહ્યું હતું. પોતાનાં બાળકોથી પણ વધારે પ્રિય આ બહેનની ઘરમાં થતી અવગણના એનાથી સહન થતી નહોતી. સુભદ્રાને તો હવે વારી શકાય એવું રહ્યું જ નહોતું; એટલે હવે કંઈક રસ્તો તો જરૂર કાઢવો પડશે એમ એને લાગ્યા કરતું હતું. ત્યાં જ દેવિકાએ ધીમે રહીને કહ્યું કે: "ભાઈ અહીં આવ્યાને ઘણા દિવસ થયા. હવે મને મારે સાસરે મૂકી આવો." આ સાંભળીને હરિનાથે એક કંપારી અનુભવી. એની દૃષ્ટિ સમક્ષ પેલું ભયાનક બિહામણું, દેવિકાના વિધવા—સંસ્કાર થતા હતા તે વખતનું દૃશ્ય ખડું થયું. એણે મક્કમપણે કહ્યું કે: "ના, બહેન, ના, હવે કોઈ પણ હિસાબે એ જુલમી અને અસંસ્કારી લોકોના હાથમાં હું તને સોંપવા માગતો નથી." પણ દેવિકાએ કહ્યું: "ભાઈ ! મારું સાચું સ્થાન તો ત્યાં જ છે, મને જો રહેતાં આવડશે તો કોઈ મને હેરાન નહીં કરે અને અહીં પણ બિચારાં ભાભીને કેટલો ત્રાસ થાય છે? ત્રણ ત્રણ માંદાં છોકરાંઓ અને પાછી હું, એમ બધાંને સાચવતાં એમને કેટલો શ્રમ પડે ?"

આ વખતે હરિનાથના મનમાં દેવિકાનાં પુનર્લગ્નનો એક વિચાર ઝબકી ગયેલો. પણ ગંગાબાએ રેડેલા સંસ્કારના બળે દેવિકા એ વાત કદી કબૂલ નહીં રાખે એવી એને ખાતરી હતી. બેચાર વાર આડકતરી રીતે આ સૂચન કરતાં એને આ પ્રતીતિ

થઈ ગઈ હતી. જોકે પોતે પણ જરા જૂના વિચારનો તો હતો જ, પણ દેવિકાની નાની ઉંમરને જોતાં આ વિચાર કરવા તરફ એનું મન દોરાયું હતું. પણ તરત જ એક બીજો વિચાર એના મનમાં આવ્યો અને એણે દેવિકાને કહ્યું: "બહેન, આપણે સાસરે તો હવે જવું જ નથી એ ગાંઠ વાળી લયો, પણ તું કાંઈ ભણશે, શીખશે ખરી? તારું એ તરફ મન વળશે? તો એ માટે હું બંદોબસ્ત કરું."

દેવિકાને આ ત્રીજો તદ્દન નવો જ રસ્તો દેખાતાં ખૂબ આનંદ થયો. અત્યંત ઉત્સાહથી એણે કહ્યું: "જરૂર ભાઈ, એ તો મને બહુ જ ગમે. કાંઈક ઉપયોગી કામ શીખીને હું મારા પગ પર ઊભી રહી શકું અને સમાજની કંઈક સેવા કરી શકું, એવું તમે શિખવાડો તો તો મારો જન્મારો સફળ થઈ જાય."

થોડા દિવસમાં જ જરૂરી તપાસ કરીને એણે મોટા શહેરમાં શિખવાતા નર્સિંગ કોર્સની તાલીમ લેવા દેવિકાને મોકલવા ઠરાવ્યું. એને માટે પૂરતો બંદોબસ્ત કરીને એ જાતે એને મૂકવા ગયો. આ રીતે નાણંદનું સાલ ઘરમાંથી ટળ્યું અને નર્સીંગ શીખીને નોકરી કરશે તો થોડી આવક પણ લઈ આવશે જાણીને સુભદ્રાએ આ બાબતમાં જરા પણ દખલગીરી ન કરી.

આ બાજુ શહેરમાં દેવિકાને થોડા દિવસ તો બહુ જ એકલવાયું લાગ્યું, પણ પછી તો કામ શીખવામાં એણે મન પરોવ્યું અને એમાં ખૂબ આનંદ પણ આવવા લાગ્યો. નર્સિંગની તાલીમ લેવામાં અને દર્દી બહેનોની માવજત કરવામાં એને ઘણો જ રસ પડવા માંડ્યો. રોજરોજ, નવજાત શિશુઓને આ જગતમાં લઈ આવનાર માતાઓ પર એને ખૂબ ભાવ જાગ્રત થયો. પ્રસૂતા બહેનો અને નવજાત બાળકો પ્રત્યેની એની અપૂર્વ લાગણીથી અને મમતાથી એ દર્દીઓમાં તેમ જ સ્ટાફના માણસોમાં ખૂબ જ પ્રિય થઈ પડી હતી. તેઓ તરફની જરા પણ

બેદરકારી એ સાંખી શકતી નહીં. એનું કામ ખૂબ સ્વચ્છ, પ્રમાણિક અને ચોક્કસ રહેતું. અને સ્વાભાવિક રીતે જ એ બધાની ઉપરી જેવી થઇ ગઈ હતી. એનો હુકમ બધાં પ્રેમથી માનતાં. આવી રીતે કામ કરતાં એ નર્સીંગની પરીક્ષામાં ઉત્તમ રીતે સફળ થઈ. પણ હવે એને વધારે આગળ વધવાની હોંશ થઈ. પોતે જો મીડવાઈફરીનું શિક્ષણ લે તો ભવિષ્યમાં વધારે સારી રીતે કામ કરીને જનતાની સેવા બજાવી શકે એવી અભિલાષા ઉત્પન્ન થઈ. આ બાબત એના ઉપરી ડૉક્ટરોએ પણ એને ખૂબ ઉત્સાહ આપ્યો, એટલે એણે ભાઈને લખ્યું.

હરિનાથ બીજે જ દિવસે એને મળવા આવ્યો અને બહેનની સફળતા માટે અને એની આગળ વધવાની તમન્ના માટે એણે ખૂબ ખૂબ અભિનંદન આપ્યાં. થોડુંક તણાઈને પણ એણે જોઈતા પૈસાની સગવડ કરી આપી. બહેનને આશીર્વાદ આપીને એ પાછો ચાલ્યો ગયો.

આ શિક્ષણ લેતાં લેતાં એને મોટી મોટી હૉસ્પિટલોમાં પણ પ્રેક્ટિકલ તાલીમ માટે જવું પડતું હતું. એની ચપળતા, કાર્યદક્ષતા અને ઝડપી સમજશક્તિથી એ જ્યાં જ્યાં જતી ત્યાં બધાંનો પ્રેમ સંપાદન કરતી. હવે તો એના અભ્યાસના માત્ર ત્રણ જ મહિના બાકી રહ્યા હતા અને આ ત્રણે મહિના એને એક મોટી સિવિલ હૉસ્પિટલમાં કામ કરવાનું હતું. આ સિવિલ હૉસ્પિટલમાં યુરોપિયનો અને ભારતીય લોકો માટે જુદા જુદા વૉર્ડ હતા. રંગભેદનું સામ્રાજ્ય અહીં પણ પૂરજોશમાં પ્રવર્તતું હતું. આ હૉસ્પિટલની ઉપરી ડૉ. મિસ હેલન એક અંગ્રેજ મહિલા હતી. તે પોતાના આકરા સ્વભાવ અને તુંડમિજાજ માટે પ્રખ્યાત હતી. અહીં ભારતીય નર્સો અને ડૉક્ટરો ભારતીય વૉર્ડોમાં જ કામ કરી શકતા. તેઓને યુરોપિયન લોકો માટેના વૉર્ડોમાં કામ કરવાની છૂટ નહોતી. ત્યાં તો માત્ર યુરોપિયન નર્સો

અને ડૉક્ટરો જ જઈ શકતા. સુખસગવડ અને આધુનિક સામગ્રી પણ એ વૉર્ડોમાં જ પ્રમાણમાં ઘણી વધારે અપાતી. જ્યારે દેશી વૉર્ડોમાં તદ્દન અંધેર પ્રવર્તતું. આ અન્યાય જોઈને સ્વમાની દેવિકાનું હૃદય ઘણી વાર બંડ પોકારી ઊઠતું, પણ પોતાના અભ્યાસના છેલ્લા ત્રણ મહિના બગડી જશે તો સર્ટિફિકેટ નહીં મળે અને પોતે કરવા ધારેલી જનતાની સેવા કરવામાં વિક્ષેપ પડશે એવા વિચારે અને બીજી નર્સ બહેનોના આગ્રહથી એ ચૂપ રહેતી.

એક દિવસ બહુ જ ગંભીર કેસ આવ્યો. એક બહેનને પ્રસૂતિ બાદ મોટા પ્રમાણમાં ટાંકા લેવા પડેલા. થોડાક દિવસો બાદ એની તબિયત જરા જરા સુધરવા લાગી. પણ હજુ એને સંડાસ સુધી લઈ જઈ શકાય તેમ નહોતું. અગાઉ જણાવ્યા મુજબ દેશી બહેનો માટે કમોડ આપવા જેવી કોઈ સગવડો ત્યાં ઉપલબ્ધ નહોતી. દેવિકાએ ખૂબ ગ્લાનિ અને અકળામણ અનુભવ્યાં. આખરે એનાથી ન રહેવાયું. એ તો દોડી અને યુરોપિયન વૉર્ડના આંગણામાં પડેલું એક કમોડ ઉપાડી લાવી અને પેલાં બીમાર બહેનને સગવડ કરી આપી. પણ એટલામાં જ ડૉ. મિસ હેલન ત્યાં આવી લાગ્યાં. એમણે જોયું કે યુરોપિયન મહિલાઓ માટે ખાસ રાખેલા કમોડનો એક દેશી બાઈએ ઉપયોગ કર્યો છે. એમનો પિત્તો ગયો, એમણે તો એ વૉર્ડના બધા લોકોને અને નર્સોને ધમકાવી કાઢ્યાં અને પેલી બીમાર બાઈ તો આ જોઈને એકદમ ગભરાઈ ગઈ. આ ઘાંટાઘાંટ અને ધમાલ જોઈને દેવિકા આગળ આવી અને નમ્રતાથી છતાં મક્કમતાથી એણે કહ્યું કે: "મેં જ એ બાઈને કમોડ આપ્યું છે." "તું અહીંનો કાયદો નથી જાણતી કે, કમોડ માત્ર ગોરી મહિલાઓ માટે જ છે, દેશી બાઈઓ માટે સંડાસની વ્યવસ્થા છે?" આ સાંભળીને દેવિકા સમસમી ઊઠી. તરત જ એણે જવાબ આપ્યો: "આપના કાયદાની મને બરાબર ખબર છે, પણ આ બાઈથી સંડાસ સુધી

પહોંચાય એમ નહોતું તેથી મેં વિચાર્યું કે ગોરા હોય કે કાળા હોય, પણ ખરી જરૂરતને વખતે કામ ન લાગે તો એ સાધનો શા કામનાં? અને આ તો સરિયામ અન્યાય છે કે અમારા જ દેશમાં અમારી બહેનોને આવાં અપમાન, દુઃખ અને અગવડ ભોગવવાનાં અને અમારે ભોગે ગોરી બહેનો બધી જ જાતની સુખસગવડ ભોગવે છે. જોકે અમને કોઈના પ્રત્યે દ્વેષ નથી. ભગવાને સૌને સરખાં ઘડ્યાં છે. એટલે સૌને સરખી સગવડ જ મળવી જોઈએ. કાળા હોય કે ગોરા, પણ સખત જરૂરતવાળાને તો બધી રીતે મદદ કરવી જોઈએ. મારી આપને નમ્ર વિનંતી છે કે આવો રંગભેદ, આવો તાળોવંચો અને આવો અન્યાય આપણે ત્યાંથી દૂર થવો જોઈએ."

ડૉ. મિસ હેલન તો આ નાનું સરખું ભાષણ સાંભળીને ખૂબ છેડાઈ ગયાં. એમને આમાં પોતાનું ભયંકર અપમાન અને પોતાની સત્તાની અવહેલના દેખાઈ. એમણે કહ્યું: "તું આજથી જ આ હૉસ્પિટલમાંથી છુટ્ટી છે. તારો ત્રણ મહિનાનો કોર્સ તું પૂરો નહીં કરી શકે અને આ તારી ઉદ્ધતાઈના બદલામાં બીજા એક વર્ષ સુધી પણ તું આ પરીક્ષામાં બેસી નહીં શકે." પોતાને થયેલી આ શિક્ષાથી જરા પણ ગભરાયા વગર દેવિકાએ કહ્યું: "તમે જે શિક્ષા કરી તે મને કબૂલ છે. પરમેશ્વર તમને સદ્બુદ્ધિ આપે. મારો તો અન્યાય અને અપમાન સામેનો આ પોકાર છે. તે તમે ન સાંભળ્યો! કંઈ નહીં! હું તો આજે જાઉં છું, પણ એક દિવસ તમને ખાતરી કરાવી આપીશ કે જરૂરતને વખતે અંગ્રેજ બહેનો જેટલો જ દેશી બહેનોને કમોડ અને બીજાં સગવડનાં સાધનો વાપરવાનો હક્ક છે. આવી રંગભેદની નીતિ અપનાવીને, માનવ માનવમાં ભેદ ગણીને તમે કેટલો અન્યાય કરો છો તેની તમને એક દિવસ જરૂર ખાતરી થશે અને પશ્ચાત્તાપ થશે." આટલું કહીને દેવિકા ત્યાંથી ચાલતી થઈ. બીજી નર્સ બહેનો અને ડૉકટરોએ એને માફી માગવા ખૂબ

સમજાવી. ત્રણ મહિનાને માટે આખું વર્ષ બગડતું હતું તે છતાં દેવિકા પોતાના નિશ્ચયમાંથી જરા પણ ડગી નહીં. એણે તો આ બધી વિગત ભાઈને લખી જણાવી અને એક વર્ષ વધુ ખર્ચ આપવું પડશે તે બાબત દિલગીરી જાહેર કરી. પણ એના આશ્ચર્ય વચ્ચે ભાઈએ તો આ બહાદુરી માટે એને ખૂબ શાબાશી આપી.

બીજા વર્ષે દેવિકા માન સહિત પરીક્ષામાં ઉત્તીર્ણ થઈ. હરિનાથના આનંદને કોઈ સીમા નહોતી. એણે તો પોતાના ઓળખીતાના ઘરમાં એક રૂમ દેવિકાને લઈ આપી અને ચાર ખાટલા અને જોઈતાં સાધનો વસાવી આપ્યાં. આ પ્રમાણે દેવિકાનું પ્રસૂતિગૃહ શરૂ થઈ ગયું. એનો માયાળુ વર્તાવ, સચ્ચાઈ અને કાર્યદક્ષતાથી બધાં પરિચિત તો હતાં જ, એટલે એને ત્યાં દર્દી બહેનોની સદા ભરતી જ રહેવા લાગી. એ ગરીબ બહેનો પાસેથી ઓછામાં ઓછો ખર્ચ લેતી. કોઈ ન આપી શકે તેના તો બિલકુલ પૈસા જ ન લેતી, ઉપરથી દવા, ઇન્જેકશનો મંગાવીને ઘેર વળાવતાં એ સાથે બંધાવતી. આવી રીતે ગરીબોને એ ખૂબ મદદ કરતી. ધીરે ધીરે એનું નામ સમાજમાં જાણીતું થવા લાગ્યું. ગરીબ અને સારી સ્થિતિવાળાં બધાં જ દેવિકાના ચિકિત્સાલય અને પ્રસૂતિગૃહનો એકસરખો ઉપયોગ કરતાં. એનો માયાળુ વર્તાવ, એની જાતદેખરેખ, વ્યવસ્થા, કાર્યદક્ષતા અને દાક્તરી વિષયની બાહોશીને લઈને બહેનો વધારે ને વધારે પ્રમાણમાં ત્યાં આવતી થઈ. ધીમે ધીમે આ પ્રસૂતિગૃહ બહુ નાનું પડવા લાગ્યું. દેવિકાની મૂંઝવણ ઘરધણી ભાઈએ જોઈ લીધી. દેવિકા આ ઘરમાં રહેવા આવ્યા પછી એની સ્થિતિ પણ કંઈક સધ્ધર બની હતી, તેનું કારણ એ દેવિકાનાં શુભ પગલાં અને સેવાભાવના જ માનતો હતો, એટલે એક દિવસ એણે દેવિકાને પોતાને ત્યાં બોલાવીને પોતાની ઇચ્છા વ્યક્ત કરી. એણે તો પોતાનું આ બે મજલાનું આખું ઘર નામના ભાડાથી દેવિકાને

એના શુભ કાર્યમાં આપી દઈને પોતે સિવિલ લાઈન્સમાં એક નાના બંગલામાં રહેવા જવાનો ઇરાદો જાહેર કર્યો. આ સાંભળીને દેવિકા સ્તબ્ધ બની ગઈ અને આનંદાવેશમાં એ ભાઈને પ્રણામ કરવા ઊઠી, પણ ભાઈએ તો પોતે જ એના પગમાં પડી જઈને કહ્યું કે: "તમે તો મારાં મોટાંબહેન છો, તમારે મને પ્રણામ કરવાના ન હોય. આ તો મારી એક નાનીશી ભેટ છે, અને હવેથી દર મહિને મારી આવકનો અમુક હિસ્સો આ તમારા કાર્યમાં ગરીબ બહેનોની માવજત માટે હું આપતો રહીશ. મને જે કાંઈ મળે છે તેને હું તમારા જ શુભ આગમનનું ફળ માનું છું, એટલે તમારા આ સેવાયજ્ઞમાં મને પણ કાંઈક મદદ કરવાનો અવકાશ આપો." દેવિકા પાસે આભાર માનવા માટે પૂરતા શબ્દો નહોતા.

અઠવાડિયા બાદ પ્રાંતના મુખ્ય મંત્રીના હાથે આ નવા પચ્ચીસ ખાટલાવાળા પ્રસૂતિગૃહ અને શિશુસંગોપન મંદિરનું ઉદ્‌ઘાટન થઈ ગયું. આ પ્રસંગે ભાઈ સાથે સુભદ્રા પણ આવી હતી. પોતે જેને અભાગણી માનીને તરછોડેલી તે દેવિકાની આવી સફળતા અને સમાજમાં એનું આવું સન્માન થતું જોઈને એ મનોમન પોતે કરેલા વર્તાવ બદલ શરમાવા અને પસ્તાવા લાગી. દેવિકાની સામે નજર માંડતાં જ એને સંકોચ થતો હતો. દેવિકાએ સ્થિતિ પારખી લીધી. ભાભીમાં થયેલ પરિવર્તન એણે જોઈ લીધું. હવે વધારે વાર ભાભી આવા સંકોચમાં રહે તે એને ગમ્યું નહીં. એણે તો ખુલ્લા મનથી ભાભી સાથે વાતો કરવા માંડી. ઉપર નીચે ફરીને બધું બતાવ્યું અને પછી છેવટે કહ્યું: "ભાભી, આ બધો તમારા અને ભાઈના આશીર્વાદનો જ પ્રતાપ છે." દેવિકાના આવા વિનયથી સુભદ્રાને ખૂબ ઉમળકો થઈ આવ્યો. એણે તો દેવિકાને કદી નહિ કરેલાં વહાલ, વાત્સલ્ય અને મમતાથી પોતાના પડખામાં લીધી અને કહ્યું કે: "તમારા કાર્યથી અને તમારી નમ્રતાથી મને કેટલી ખુશી થઈ છે તે પ્રગટ કરવા માટે

મારી પાસે શબ્દો નથી. પણ મારી એક નમ્ર ભેટ તમારે સ્વીકારવી જ રહી. જુઓ, મારી પાસે અત્યાર સુધીમાં પાઈ પાઈ કરીને છોકરાઓ માટે બચાવેલા રૂા. બે હજાર છે તે હું તમને તમારા સેવાકાર્યમાં ભેટ આપી દેવા માગું છું. બાળકોના નસીબમાં હશે તો એમને મળી રહેશે. મારી બચાવેલી મૂડી આવા સુંદર કાર્યમાં ખર્ચાય તે વધારે ઉચિત છે. ભૂતકાળમાં તમારી તરફ કરેલા દુર્વ્યવહારનું કંઈક અંશે હું પ્રાયશ્ચિત્ત પણ કરી શકી છું તેનો મને સંતોષ રહેશે." દેવિકાએ એને ભૂતકાળની વાતો યાદ ન કરવાનો અનુરોધ કરીને પ્રસન્નતાથી ભેટ સ્વીકારી ને કહ્યું : "ભાભી, તમારા પ્રેમ અને આશીર્વાદ સાથે મળેલી આ ભેટ મને અખૂટ બળ અને પ્રેરણા આપી રહેશે."

સમાજમાં એક મૂક કાર્યકર તરીકે એની ગણના થવા લાગી. આવડી મોટી સંસ્થાને નિભાવતાં કોઈ વાર ખર્ચમાં તંગી પડતી તો બેચાર પ્રતિષ્ઠિત સજ્જનોને ત્યાં જઈને વાત મૂકતાં જ એની ઝોળી ભરાઈ જતી. હવે ધીમે ધીમે એનું ધ્યાન આસપાસનાં ગામડાંઓ તરફ દોરાયું. શહેરોમાં તો પ્રમાણમાં ઘણી સગવડ મળી રહેતી, પણ ગામડાંની સ્ત્રીઓની પ્રસૂતિ વખતે જે દુર્દશા થતી તે એનાથી સહન નહોતું થતું. એણે તો એક સ્નેહસંમેલનમાં પોતાની આ વાત એક સૂચનારૂપે મૂકી. લોકોને ગળે તે એકદમ ઊતરી ગઈ. ત્યાં ને ત્યાં સારો જેવો ફાળો થયો અને બીજે જ દિવસે પોતાની સહકાર્યકરને પ્રસૂતિગૃહનું સંચાલન સોંપીને એ ગામડામાં ફરવા નીકળી પડી. પ્રાંતના ગામડે ગામડે એ ઘૂમી અને પોતાનો સંદેશ સુણાવ્યો. સત્યાગ્રહના આંદોલન પછી ગામડાંઓમાં પણ સારી જાગૃતિ આવી હતી, એટલે દેવિકાની વાતનું મહત્ત્વ લોકો સમજ્યા અને ગામડાંઓમાં કોઈએ ઘર આપ્યું, તો કોઈએ સાધનો, ખાટલા વગેરે આપ્યું. કોઈએ ગૃહના નિભાવ માટે દાણો આપ્યો, તો કોઈએ રોકડ

રકમ પણ આપી. ખૂટતી રકમ પોતાની પાસેના ફંડમાંથી ઉમેરીને એણે સ્થળે સ્થળે પ્રસૂતિગૃહો ઊભાં કરી દીધાં. દિવસે દિવસે ગામડાંઓમાંથી આ કાર્યને માટે માંગ વધતી જ ગઈ. પોતાની સાથે ભણતી સ્ત્રી-ડૉક્ટરો અને નર્સોને તો એણે આ કાર્યમાં જોડી જ દીધાં હતાં. પણ હવે તો વધતી માંગને પહોંચી વળવા માટે એણે એક તાલીમશાળા શરૂ કરી. જ્યાં ગામઠી સુયાણીઓને એમના પોતાના પ્રસૂતિ વિષેના જ્ઞાન ઉપરાંત અદ્યતન નર્સો જેવું શિક્ષણ આપીને છ મહિનામાં તેઓને બરાબર તૈયાર કરી દેવાતી, અને પછી તેઓને ગામડાંનાં પ્રસૂતિ-ગૃહોમાં કામ કરવા માટે મોકલી દેવામાં આવતી. આ પ્રયોગ બહુ જ સફળ પુરવાર થયો. દેવિકાને મહિનાના પંદર દિવસ તો ગામડાંમાં જ ફરવું પડતું. આથી દરેક પ્રસૂતિગૃહ જાણે એની જાતદેખરેખ નીચે જ ચાલતું હોય તેટલી કાર્યક્ષમતાથી અને વ્યવસ્થાથી ચાલતું. ગામડાના લોકો તો એને અત્યંત પૂજ્યભાવથી ‘દેવીમાઈ’ કહીને જ બોલાવતા. દેવીમાઈને જરા પણ તકલીફ ન પડે, એને કોઈની પાસે હાથ લાંબો ન કરવો પડે તેની તેઓ તકેદારી રાખતા. સૌ સમજતા કે આખરે આ કામ તો આપણું પોતાનું જ થાય છે. આ દેવીમાઈનાં પગલાં આપણા ગામમાં ન થયાં હોત તો આપણાં સ્ત્રી–બચ્ચાંઓની કેવી હાલત હોત! ગામડાંનાં પંચો અને મહાજનોએ આ કાર્યને અને તેના ખર્ચને બહુ જ ઉત્સાહથી ઉપાડી લીધાં.

શહેરમાં દેવિકાનું પ્રસૂતિગૃહ હંમેશાં ભરાયેલું જ રહેતું, એટલે સિવિલ લાઈન્સમાં એક બીજી મોટી અદ્યતન સાધન-સામગ્રીવાળી ઑપરેશન થિયેટર અને એક્સ-રે-ની સગવડવાળી મેટરનિટી હૉસ્પિટલ કરવાનો વિચાર ગામના કેટલાક કાર્યકરોને આવ્યો. દેવિકાને પણ કેટલાક વખતથી આ વિચાર આવતો હતો. બધાએ ભેગા થઈને મહેનત શરૂ કરી. શહેરના એક જાહેર ટ્રસ્ટમાંથી મોટી જેવી સખાવત મળી. ગવર્નમેન્ટે પણ

ગ્રાન્ટ આપી અને હૉસ્પિટલના નિભાવ માટે કાયમી ગ્રાન્ટ આપવાનું પણ કબૂલ કર્યું. ખૂટતી રકમ ગામલોકોએ પૂરી કરી આપી. મ્યુનિસિપાલિટીએ જમીન આપી. હૉસ્પિટલ બાંધવાનું કામ ઝપાટાભેર આગળ વધવા લાગ્યું. લાદીવાળાએ લાદી આપી, સિમેન્ટના વેપારીએ અર્ધા ભાવે સિમેન્ટ આપી, લાકડાના વેપારીઓએ સસ્તે ભાવે લાકડું આપ્યું. ઇલેક્ટ્રિકલ માલના વેપારીઓએ પોતાનો ફાળો આપ્યો, મિલોવાળાએ ચાદરો અને જોઈતું કાપડ આપ્યું, ફર્નિચરવાળાએ નફો લીધા વિના ફર્નિચર બનાવી આપ્યું. આમ સૌએ રાજીખુશીથી પોતાની ફરજ સમજીને મદદ કરી. અને દસ જ મહિનામાં એક આલીશાન હૉસ્પિટલ બંધાઈ ગઈ. હોશિયાર ડૉક્ટરો અને નિષ્ણાત સર્જનોએ પોતાની સેવા આપવાની તત્પરતા બતાવી અને એક શુભ દિને રાષ્ટ્રપતિના શુભ હસ્તે હૉસ્પિટલનું ઉદ્‌ઘાટન થયું. ૨૦૦ ખાટલાવાળી આ હૉસ્પિટલમાં નાત–જાત, ગરીબ–તવંગરનો કોઈ ભેદભાવ નહોતો. બધાંને સરખી સારવાર મળતી. પ્રાંતની એક મોટી જરૂરત પૂરી થઈ હતી. આસપાસનાં ગામડાં અને શહેરની બહેનો માટે તો આ હૉસ્પિટલ એક મોટા આશીર્વાદ સમાન થઈ પડી હતી.

આવડી મોટી હૉસ્પિટલનું સંચાલન સંભાળતાં સંભળતાં પણ દેવિકાનું ધ્યાન તો પેલાં ગામડાંની ગરીબ બહેનો તરફ જ રહેતું. ગામડાંમાં ફરીને પ્રસૂતિગૃહોની મુલાકાત લેવાનો એનો ક્રમ ચાલુ જ હતો. એમાં ક્યારેય વિક્ષેપ ન પડતો. પતિના મૃત્યુ પછી ઉપવાસ, એકટાણાંનાં જે વ્રતો એ કરતી તે હજુ પણ ચાલુ જ હતાં. ઉપવાસ હોય, શરીર થાક્યું હોય તોય દેવિકાના કાર્યની ગતિ તો અવિરત ચાલ્યાં જ કરતી. પાંચ ફૂટ ઊંચી, કૃશ અને હાથે ધોયેલાં સફેદ જાડી ખાદીનાં વસ્ત્રોમાં લપેટાયેલી આ મૂર્તિને જોતાં કોઈને કલ્પના પણ ન આવે કે એનામાં આટલું દૃઢ મનોબળ હશે કે જેના વડે આવો જબ્બર પુરુષાર્થ ખેડવામાં એ સફળ બની શકી. પ્રાંતના લગભગ અનેક શહેરો અને ગામડાંઓમાં

દેવીમાઈનાં પ્રસૂતિગૃહો અને ચિકિત્સાલયો એના અજોડ અને ભવ્ય પુરુષાર્થની સાક્ષી પૂરી રહ્યાં હતાં. રાજભવનમાં અને રાજ્યમાં આવતા નાનામોટા સર્વ મહેમાનો દેવીમાઈની હૉસ્પિટલની મુલાકાત અચૂક લેતા અને પ્રશંસાનાં પુષ્પો વેરતા.

બુઢ્ઢાં થઈ ગયેલાં અને હવે રિટાયર્ડ જીવન ગુજારતાં ડૉ. મિસ હેલન ગામને નાકે એક એકાંત બંગલામાં નિવાસ કરતાં હતાં. શહેરમાં ઊભી થયેલી અદ્યતન સાધનોવાળી હૉસ્પિટલ, એના વિધવિધ વિભાગો, એનું સફળ સંચાલન અને વ્યવસ્થા, મોટા મોટા ડૉકટરો અને સર્જનોની સફળ કાર્યવાહી ઇત્યાદિનાં વખાણ સાંભળીને એક દિવસ એ હૉસ્પિટલ જોવાનું એને મન થયું. એક જાણીતા ડૉકટર મિત્ર સાથે તેઓ એક દિવસ હૉસ્પિટલ તરફ ઊપડ્યાં. તે વખતે એમને સ્વપ્ને પણ ખ્યાલ નહોતો કે એકવાર પોતે જેનું હડહડતું અપમાન કરીને કાઢી મૂકી હતી તે દેવિકાની જ એકનિષ્ઠ અને સતત સાધનાનું ફળ જોવા પોતે જઈ રહી છે!

ડૉકટર મિત્ર સાથે એમણે તો ફરીને આખી હૉસ્પિટલ જોઈ. પોતે ડૉકટર હતાં અને સિવિલ હૉસ્પિટલનું સંચાલન કરેલુ હોઈને એમને દરેક બાબતમાં બહુ જ રસ પડ્યો. નવી નવી સાધન–સામગ્રીને બારીકીથી જોવામાં અને જાણવામાં તેઓ તો ખૂબજ તલ્લીન થઈ ગયાં. ત્યાંની વ્યવસ્થા અને દર્દી બહેનોને અપાતી સમાન અને સુંદર સારવાર, નર્સો અને ડૉકટરોનું માયાળુ વર્તન અને કર્તવ્યનિષ્ઠા આદિ જોઈને તેઓ બહુ જ રાજી થયાં. જનરલ વૉર્ડમાં રહેલી સામાન્ય સ્થિતિની બહેનો અને સ્પેશિયલ વૉર્ડમાં રહેલી તવંગર બહેનો માટે સારવારનું ધોરણ સરખું જ જોયું. સ્પેશિયલ વૉર્ડમાં બેત્રણ પારસી, અને અંગ્રેજ બહેનોને પણ તેઓ મળ્યાં. જનરલ વૉર્ડમાં રહેલી બહેનોનો સંતોષ પણ નિહાળ્યો. ડૉકટર મિત્ર વાતવાતમાં

આ મહાન કાર્યની પ્રાણપ્રતિષ્ઠા કરનાર દેવીમાઈનો ઉલ્લેખ કરીને એની પ્રત્યેનો પોતાનો પૂજ્યભાવ પ્રગટ કરતા હતા, એટલે ડૉ. મિસ હેલનને એમના વિષે વધારે જાણવાની અને એમને મળવાની ઇચ્છા થઈ. એટલે આખરે બધું જોઈને ડૉક્ટર મિત્ર એમને દેવીમાઈની ઑફિસમાં લઈ ગયા. ડૉ. મિસ હેલને કોઈ પ્રભાવશાળી અને જાજરમાન વ્યક્તિની કલ્પના કરીને ઑફિસમાં પ્રવેશ કર્યો, પણ ત્યાં તો ખુરશી ખાલી જોઈ. સેક્રેટરીએ કહ્યું કે હમણાં જ તેઓ જનરલ વૉર્ડ તરફ ગયાં છે.

ડૉ. મિસ હેલન પેલા ડૉક્ટર મિત્ર સાથે જનરલ વૉર્ડ તરફ ચાલ્યાં. અહીં એક ગરીબ હરિજન બાઈ બેભાન અવસ્થામાં પડી હતી. ત્રણ–ચાર નર્સો અને ડૉક્ટરો સાથે દેવિકા પોતે એની સુશ્રૂષા કરી રહી હતી. સહુ ચિંતાતુર વદને ખાટલાની આસપાસ ઊભાં હતાં. આખરે બાઈને જરા જરા ભાન આવવા લાગ્યું એટલે એક નર્સે દેવિકાને ખબર આપ્યા કે તમને કોઈ મળવા માગે છે. હાથ ધોઈને દેવિકા ટોળામાંથી બહાર નીકળી. સામે જ ડૉ. મિસ હેલન અને સર્જન ડૉક્ટર ઊભા હતા. ડૉ. મિસ હેલનને જોઈને દેવિકા મોટા અચંબામાં પડી ગઈ. એ દરમિયાન ડૉ. મિસ. હેલન ડૉક્ટર મિત્રને કહી રહ્યાં હતાં : "મારે તો દેવી-માઈને મળવું છે, પણ આ કોણ સામેથી નર્સ જેવી બાઈ આવી રહી છે? અરે, એનો ચહેરો કંઈક પરિચિત લાગે છે. કદાચ મારી કોઈ જૂની વિદ્યાર્થિની હશે. જે હોય તે, પણ હવે તમે દેવીમાઈને જલદી બોલાવો. એમને મળવાની મારી ઉત્કંઠા વધતી જાય છે." ડૉક્ટર મિત્રે હસીને કહ્યું કે: "આ સામે આવી રહ્યાં છે તે જ અમારાં પૂજનીય દેવીમાઈ છે."

નીચો કૃશ દેહ, પ્રૌઢત્વની આછી કરચલીઓ દાખવતો ગૌર ચહેરો, અવિશ્રાંત પરિશ્રમે કસાયેલી કાયા અને શુભ્ર શ્વેત ખાદીનાં વસ્ત્રો સાથે વિશાળ આંખોમાંથી સદા ઝરતું સૌજન્ય! આવી

સાદાઈની મૂર્તિ જેવી પ્રતિમાને જોઈને ખુદ ડૉ. મિસ હેલન પણ એના નાના પણ આગવા વ્યક્તિત્વથી આકર્ષાઈ ગયાં. આ એકાદ મિનિટમાં તો એમના ભેજામાં હજાર વિચારો દોડી ગયા, કે આ વ્યક્તિને ક્યાંક જોઈ છે ખરી, પણ ક્યાં તે યાદ નથી આવતું. એટલામાં દેવિકા ત્યાં આવી પહોંચી. એણે ડૉક્ટરને અભિવાદન કર્યાં, અને પછી ડૉ. મિસ હેલનને બહુ જ વિવેકથી પ્રણામ કરીને પૂછ્યું: "મારી કંઈ ઓળખાણ પડે છે આપને?" ડૉ. મિસ હેલન એ જ ગડમથલમાં હતાં. એમણે દેવિકાનો અવાજ સાંભળ્યો અને એમના ચબરાક ભેજામાં આજે વર્ષો પર બની ગયેલી ઘટના યાદ આવી ગઈ. દેવિકા સામે તીક્ષ્ણ નજર નોંધીને તેઓ એકદમ બોલી ઊઠ્યાં : "કોણ તું દેવિકા ?"

"હા, હું દેવિકા જ. તમારાં ચરણોમાં પ્રણામ કરું છું. તમારે જ પ્રતાપે આજે તમારી દેવિકા જનતાની યત્કિંચિત્ સેવા કરવાને શક્તિમાન બની છે અને એ માટે તમારો આભાર જેટલો માનું તેટલો ઓછો જ છે. જે ધ્યેય અને સિદ્ધિને માટે હું તમારી આજ્ઞાનું ઉલ્લંઘન કરવાને પ્રવૃત્ત બની હતી તેનો સાક્ષાત્કાર આજે આ હૉસ્પિટલમાં તમે ખૂણે ખૂણે કરી શકશો. તે દિવસની મારી કિંચિત્ તોછડાઈને માટે આજે ક્ષમા માગું છું."

ડૉ. મિસ હેલન તો દેવિકાને જોઈને જ સ્તબ્ધ બની ગયાં હતાં, તેમાં એનું આવું મધુર અને સચ્ચાઈથી ભરેલું એકધારું વક્તવ્ય સાંભળીને તેઓનું હૈયું હાથ ન રહ્યું. આંખમાં આવતાં આંસુ પરાણે રોકીને તેઓ ધ્રૂજતે અવાજે બોલવા લાગ્યાં, "શાબાશ, દેવિકા! તું ભારતમાતાની સાચી પુત્રી છે. તેં તો ખરેખર મારી આંખ ઉઘાડી દીધી! તારે ક્ષમા માંગવાની હોય? ક્ષમા તો હું તારી પાસે માગું છું. તારા જેવી તેજસ્વી, હિંમતવાન અને કર્તવ્યનિષ્ઠ વિદ્યાર્થિનીને ભૂતકાળમાં કરેલા અન્યાય બદલ મારું હૃદય મને બહુ જ ડંખી રહ્યું છે. તું બતાવ મારે માટે કયું પ્રાયશ્ચિત્ત પર્યાપ્ત થશે?"

“ અરે, અરે, એ શું બોલો છો ડૉ. હેલન! તમે જેને માટે આટલાં દુઃખી થાવ છો એ પ્રસંગ જો ન બન્યો હોત, તો હું આ વિશાળ ગરીબ જનતાની આટલી સેવા કરવાને કદી શક્તિમાન ન બની શકી હોત ! ”

“ તારા મોંમાં તો આ જ શબ્દો શોભે છે, દેવિકા ! પણ મારા મનને શાંતિ આપવા માટે કંઈક કરવું જોઈશે.” પછી તો ભૂતકાળની અનેક વાતો યાદ કરતાં કરતાં તેઓ આંગણામાં ઊભેલી મોટર સુધી આવી પહોંચ્યાં. એમને વિદાય આપી આવીને દેવિકા વિચારોને તરંગે ચઢી ગઈ. આ વૃદ્ધ પરદેશી બાઈનો હૃદયપલટો જોઈને એનું હૃદય આનંદથી પુલકિત બની રહ્યું હતું.

બીજે દિવસે સવારમાં નોકર એક મોટું પરબીડિયું આપી ગયો. એમાં ડૉ. મિસ હેલને પોતાની સમગ્ર મિલ્કતનું વીલ દેવિકાના નામ પર એના કાર્યમાં ખર્ચ કરવા માટેનું કરીને મોકલી આપ્યું હતું. ડૉ. મિસ હેલનના અંતરનો પશ્ચાત્તાપ, એનું ભાવનાશીલ હૃદય અને ઉદાત્ત લાગણીઓ સામે દેવિકાનું મસ્તક નમી પડ્યું અને આંખમાંથી હર્ષનાં આંસુ સરી પડ્યાં.

# ખાંડાની ધાર

## લેખક : શ્રી. મુકુલભાઈ કલાર્થી

મહારાષ્ટ્રના ઇતિહાસમાં રામશાસ્ત્રીનું નામ ઉજ્જવળ અક્ષરે અમર થઈ ગયું છે. માધવરાવ પેશવા રામશાસ્ત્રીને મુખ્ય ન્યાયાધીશ તરીકે નીમીને ન્યાયની બાબતમાં નિશ્ચિંત બન્યા હતા. શ્રીમંત માધવરાવને ખાતરી થઈ ગઈ હતી કે, પેશવાઈની કીર્તિમાં વૃદ્ધિ કરવામાં રામશાસ્ત્રી ખરેખર અગ્રગણ્ય વ્યક્તિ છે.

પરંતુ માધવરાવ રાજખટપટથી ખૂબ ચિંતાતુર રહેતો હતો. તેનો ભાઈ રાઘોબા પેશવાઈ મેળવવા માટે કાવાદાવા ચલાવ્યા કરતો હતો. રાઘોબાની પત્ની આનંદીબાઈ બહુ ખટપટી અને મહત્ત્વાકાંક્ષી બાઈ હતી; તે રાઘોબાને ઉશ્કેર્યા જ કરતી હતી. આ કારણે જ આ બંને કુટુંબીજનોને માધવરાવે નજરકેદમાં રાખ્યાં હતાં. પરંતુ જ્યારે માધવરાવની તબિયત લથડી ગઈ ત્યારે, પોતાના પછી પુત્ર નારાયણરાવને રાઘોબા પજવે નહીં એ માટે, રાઘોબાને તેણે પોતાની પાસે બોલાવ્યો. રાઘોબા તરત જ તેને મળવા જવા તૈયાર થયો. અગાઉથી આનંદીબાઈએ તેના મગજમાં અવળા વિચારો ભર્યા અને તેની મતિ ભ્રમિત કરી.

માધવરાવે રાઘોબાની માફી માગતાં કહ્યું : "મને માફ કરજો. મારા ઉપરનો ગુસ્સો તમે આ નાના છોકરા ઉપર ઉતારશો મા."

એમ કહીને તેણે નારાયણરાવનો હાથ રાઘોબાના હાથમાં આપ્યો અને આગળ કહ્યું :

"આની સંભાળ લેજો. આપણા કુળની આબરૂ રાખજો અને રાજ્યની કીર્તિ વધારજો. મારી છેવટની આ જ ઇચ્છા છે."

રાઘોબાનું મન પણ આ કરુણ દૃશ્ય જોઈને પીગળ્યું. તેણે ગદ્‌ગદ કંઠે કહ્યું : "હું તારી ઇચ્છા પૂરી કરીશ. નારાયણ મારો જ છે."

આ સાંભળીને માધવરાવે નિશ્ચિંત બની છેલ્લો શ્વાસ લીધો.

માધવરાવ પેશવાના અવસાન પછી રાઘોબાએ નારાયણરાવને પૂનાની પેશવાની ગાદી ઉપર બેસાડ્યો. પરંતુ ખટપટી આનંદીબાઈએ રાઘોબાને ખૂબ ઉશ્કેર્યા અને કાવતરું ગોઠવીને નારાયણરાવનું ખૂન કરાવ્યું.

નારાયણરાવને મારી નાખવામાં રાઘોબા અને આનંદીબાઈનો હાથ છે, એમ ઘણાખરા મરાઠા સરદારો જાણતા હતા. પણ એ સામે બોલવાની કોઈની હિંમત ન હતી. રાઘોબાએ જ્યારે પેશવાની ગાદી ઉપર બેસવાની જાહેરાત નારાયણરાવના મૃત્યુને બીજે દિવસે જ કરી, ત્યારે પણ બધા શાંત જ રહ્યા.

પેશવાઈ દરબારના ન્યાયમૂર્તિ રામશાસ્ત્રી તે વખતે ખૂબ અસ્વસ્થ હતા. તે જાણતા હતા કે સુમેરસિંગ નામના માણસને હાથે રાઘોબાએ જ આ કૃત્ય કરાવ્યું છે. પરંતુ સબળ પુરાવા વિના પગલું પણ શી રીતે ભરી શકાય?

એવામાં નારાયણરાવના અંગરક્ષક રાણોજીની પત્ની શામા રામશાસ્ત્રી પાસે આવીને આખા કાવતરાની વાત કરી ગઈ, અને તેણે તેમને યોગ્ય ન્યાય કરવાની વિનંતી કરી. પરંતુ રામશાસ્ત્રી દિલગીરી સાથે બોલ્યા : "બાઈ, તમારી વાત સાચી હશે, પરંતુ રાઘોબાનો આ કાવતરામાં હાથ છે એનો કશો સબળ પુરાવો ન મળે, ત્યાં સુધી હું લાચાર છું!"

એટલામાં રાણોજી ઘાયલ થયેલી દશામાં દોડતો આવ્યો અને તેણે રામશાસ્ત્રીને કાવતરાનો પત્ર આપ્યો.

રામશાસ્ત્રીએ આખો પત્ર બારીકાઈથી વાંચ્યો. રાઘોબાની સહી પણ બરોબર જોઈ. આ જોઈ તરત જ તે ન્યાયાધીશનો પોષાક પહેરી દરબારમાં જવા નીકળી પડ્યા.

દરબારમાં રાઘોબાને પેશવાની ગાદી પર બેસાડવાની તૈયારી થઈ રહી હતી. રાઘોબા પણ મનમાં મલકાતો ગાદી ઉપર બેસવા આગળ ધપ્યો. ત્યાં તો કોઈનો અવાજ આવ્યો :

" થોભો ! થોભો ! "

આખા દરબારમાં સનસનાટી ફેલાઈ ગઈ. બધા અવાજની દિશામાં જુએ છે તો રામશાસ્ત્રી ધીરગંભીર મુદ્રા ધારણ કરીને આગળ આવી રહ્યા છે !

રાઘોબા મનમાં ચમક્યો. આનંદીબાઈ પણ રામશાસ્ત્રીને જોઈને અકળાઈ ગઈ. પણ શું થાય ?

રામશાસ્ત્રી રાઘોબાની નજીક આવીને બોલ્યા : " પેશવાઈના ન્યાયાધીશને શ્રીમંતને ગાદી પાસે લઈ જવાનો અધિકાર છે. "

રામશાસ્ત્રીએ રાઘોબાનો હાથ પકડ્યો. તેને તે રાજગાદી તરફ દોરવા લાગ્યા. રાઘોબાએ છુટકારાનો દમ ખેંચ્યો. ખૂબ મહેનતે સ્વસ્થ થઈ તે બોલ્યો : " શાસ્ત્રીજી, નારાયણ મને મારા દીકરા જેટલો જ વહાલો હતો. કાવતરાખોરોના તોફાનમાં તે માર્યો ગયો ! આ બનાવથી મારું અંતઃકરણ કેટલું દુઃખી થાય છે, એ હું કઈ રીતે વ્યક્ત કરી શકું ? "

રામશાસ્ત્રી બોલ્યા : " તમારા અંતઃકરણમાં શું ચાલી રહ્યું છે, એ શું હું જાણતો નથી ? "

રાઘોબા પરાણે પરાણે જરા હસીને બોલ્યો : " શાસ્ત્રીજી, તમારી સ્વામીભક્તિ માટે અમને સૌને માન છે. અમારા રાજ્યમાં પણ તમે એ પદે ચાલુ રહેશો. પેશવાઈ ન્યાયને હિંદભરમાં ઊંચે દરજ્જે રાખવા માટે અમારી તરવાર હંમેશાં તૈયાર રહેશે. "

રામશાસ્ત્રીએ એટલી જ ગંભીરતાથી કહ્યું : "તેની મને પૂરેપૂરી ખાતરી છે. અને યાદ રાખજો કે, જો એવો પ્રસંગ આવશે, તો ન્યાયની પ્રતિષ્ઠા રાખવા માટે તમારા હાથમાંથી પેશવાઈ લઈ લેતાં આ ન્યાયાધીશ રામશાસ્ત્રી કદી ડરનાર નથી."

આ સાંભળી રાઘોબા જરા ચમક્યો! બંને જણ ગાદી પાસે આવી પહોંચ્યા હતા. રામશાસ્ત્રીએ કહ્યું : "ચાલો શ્રીમંત, આ પેશવાની ગાદી છે. શ્રીમંત બાજીરાવ આ ગાદી ઉપર બેઠા હતા. માધવરાવે પણ ગાદી શોભાવી હતી અને માધવરાવના અવસાન પછી નારાયણરાવ આ ગાદીએ આવ્યા હતા. માધવરાવની જ્યારે અંતિમ ઘડી હતી ત્યારે તેમણે તમારા હાથમાં નારાયણરાવનો હાથ સોંપ્યો, ત્યારે તમે શું કહ્યું હતું એ તમને યાદ હશે : 'નારાયણ મારો છે, હું તેની સંભાળ લઈશ.' એ તમે ભૂલી નહીં ગયા હો, ખરું ને ?"

આ પ્રસંગની યાદ આવતાં રાઘોબા ગભરાઈને બોલી ઊઠ્યો : "શાસ્ત્રીજી ! શાસ્ત્રીજી !"

રામશાસ્ત્રી કહે : "અરે, એમાં ગભરાવાનું શું છે ? ચાલો, આગળ ચાલો. ગાદી ઉપર બેસો."

આનંદીબાઈ આ બધું જોઈને અકળાઈ ગઈ. તેણે રાઘોબાને ચેતવ્યો. એટલે રામશાસ્ત્રીએ કહ્યું : "ચાલો, શ્રીમંત ગાદી ઉપર બેસો. બાઈસાહેબ ઉતાવળાં થયાં છે! કેમ, તમે ગાદી ઉપર બેસતા નથી ? ગાદી ખાલી છે. નારાયણરાવ તો ગુજરી ગયા છે. તેમને જ્યારે કાવતરાખોરોએ મારી નાખ્યા, ત્યારે તેમણે તેમને વિનવણી કરી હતી તે યાદ હશે : 'કાકા, મને બચાવો ! કાકા મને બચાવો !'

આ સાંભળીને રાઘોબા ધ્રૂજી ઊઠ્યો. તે અકળાઈને બોલ્યો : "ના, ના, હું આ ગાદી ઉપર નહીં બેસી શકું !"

આ સાંભળીને આનંદીબાઈ ગુસ્સામાં આગળ આવી અને બોલી : "આ શું તમે ચલાવ્યું છે ? ગાદી ઉપર બેસી જાઓને !"

એટલે રામશાસ્ત્રી મોટા અવાજે બોલ્યા : "અરે, પેશવાની ગાદી ઉપર તે શી રીતે બેસી શકે ? નારાયણરાવના ખૂનીને ગાદી ઉપર બેસવાનો અધિકાર નથી !"

રાઘોબા આ સાંભળી થથરી ઊઠ્યો : તે થોથરાતા અવાજે બોલ્યો : "શું કહ્યું ? નારાયણરાવનો ખૂની હું ?"

આનંદીબાઈએ મામલો બગડતો જોઈને સુમેરસિંગને હુકમ કર્યો : "અરે, સુમેરસિંગ, શું જોઈ રહ્યો છે. પકડ એમને."

સુમેરસિંગ તલવાર કાઢતો રામશાસ્ત્રી તરફ ધસીને બોલ્યો : "ખામોશ !"

રામશાસ્ત્રી બોલ્યા : "હાં, હાં, તારી તલવાર જરા બહાર કાઢ, જેથી અહીં ઊભેલા બધા મરાઠા સરદારો એના ઉપર પડેલા નારાયણરાવના લોહીના ડાઘ જોઈ શકે !"

આનંદીબાઈ આથી વધારે અકળાઈ ગઈ અને તેણે મરાઠા સરદારોને ઉદ્દેશીને કહ્યું : "તમે પણ કાયર થઈને આ શું જોઈ રહ્યા છો ? પેશવાનું આવું અપમાન થતું જોઈને તમે લજવાતા નથી ?"

રામશાસ્ત્રીએ ગંભીર અવાજે કહ્યું : "કાયર માણસો બીજું શું કરી શકે ? નહીં તો નારાયણરાવના ખૂનીને આવી રીતે ગાદીએ બેસાડવા બધા ભેગા જ ન થાય !"

આ સાંભળીને શિંદે સરદાર બોલી ઊઠ્યો : "શાસ્ત્રીજી, આવી રીતે અમારું અપમાન કરવાનો તમને શો અધિકાર છે ? ગાદીના હકદાર ઉપર આવી રીતે પુરાવા સિવાય આરોપ મૂકવાની ધૃષ્ટતા બતાવનારના શા હાલ થાય છે એ જાણો છો કે ?"

રામશાસ્ત્રી નિર્ભયતાથી ગર્જ્યા : "હા, હું બરોબર જાણું છું. આ રામશાસ્ત્રી સબળ પુરાવા વગર કદી બોલતો નથી એ તમે પણ જાણતા જ હશો. આ રહ્યો એ પુરાવો !"

રામશાસ્ત્રીએ રાઘોબાનો પેલો કાવતરાનો પત્ર બહાર કાઢ્યો. મરાઠા સરદારો આ વાંચી અજાયબી પામ્યા!

આખી બાજી હવે હાથથી ગયેલી જોઈને રાઘોબા નરમ પડ્યો. તે શેતલ અવાજે બોલ્યો : "શાસ્ત્રીજી, રાજ્યલોભમાં તણાઈને હું આ પાપમાં ભાગીદાર થયો. આ પાપનું પ્રાયશ્ચિત્ત શું હોઈ શકે ?"

રામશાસ્ત્રી સહજ રીતે કહેતા હોય તેમ બોલ્યા : "આવા પાપનું પ્રાયશ્ચિત્ત એક જ છે અને તે દેહાંતદંડ!"

આનંદીબાઈ હવે ખૂબ જ અકળાઈ ગઈ. તેણે સત્તાવાહી અવાજે કહ્યું : "સુમેરસિંગ પકડ એમને."

સુમેરસિંગ રામશાસ્ત્રીને પકડવા આગળ ધસે છે, ત્યાં તો શિંદે સરદાર બોલી ઊઠ્યો : "ખબરદાર! અમે છીએ ત્યાં સુધી શાસ્ત્રીજીનો વાંકો વાળ કરવાની કોઈની તાકાત નથી."

રામશાસ્ત્રી શાંત અવાજે બોલ્યા : "શિંદે સરદાર, હવે નકામું તોફાન મચાવવાની શી જરૂર છે? પોતાના ભત્રીજાનું લોહી રેડીને ગાદી ઉપર બેસનારનો તેમ જ તેમને સહાય કરનાર ચંડાળ ચોકડીનો જાહેર ફિટકાર કરીને હું જ હવે જાઉં છું, અને જ્યાં સુધી પેશવાની પવિત્ર ગાદી ઉપર સ્ત્રી-જિત ખૂની પેશવા હશે, ત્યાં સુધી આ રામશાસ્ત્રીને પૂનાનું પાણી હરામ છે. આજથી એ ગરીબ બ્રાહ્મણ બની જાય છે."

એમ કહીને રામશાસ્ત્રી દરબાર છોડીને ચાલી નીકળ્યા. અને જ્યાં સુધી રાઘોબા પૂનાની ગાદીએ રહ્યો, ત્યાં સુધી તેમણે પૂનામાં કદી પગ પણ ન મૂક્યો.

•

# સત્યવીર ઉત્તમચંદ દીવાન

## લેખક: પ્રા. નરોત્તમ વાળંદ એમ. એ.

(ભરૂચની શ્રી. જયેન્દ્રપુરી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજના આચાર્ય શ્રી. વાળંદ અહીં સત્ય અને ન્યાયની રક્ષા ખાતર સત્તા પાસે શિર ન ઝુકાવવાની ભવ્ય કથા રજૂ કરે છે.)

માતાની કાખમાં તેડાયેલું બાળક ઝૂલતું હોય એમ સૌરાષ્ટ્રનો પ્રદેશ ભારતમાતાની કેડે ઝૂલી રહ્યો છે. દેશી રાજ્યોના જમાનાની આ વાત છે. સૌરાષ્ટ્રના જૂનાગઢના નવાબી રાજ્યના તાબાનું કુતિયાણા નામે ગામ. ગામના પાદરેથી ભાદર નદી વહી જાય છે. ગામની પાસે પશ્ચિમ તરફ બરડો પર્વત પથરાઈને પડ્યો છે. પૂર્વમાં દૂર દૂર ગિરનાર પર્વત મહામુનિ–શો દેખાય. છે. ગામથી બે માઈલ દક્ષિણે પોરબંદરના સીમાડે દરિયો ઘૂઘવે છે. ગિરનાં જંગલોમાં ઘુઘવાટા કરતા સિંહો જેવા શૂરા બહારવટિયાઓ પહાડો અને જંગલોમાં ધીંગાણાં કરે છે. ભાદરકાંઠાનાં લીલાંછમ ખેતરોમાં કોસનું પાણી ઠાલવતા ખેડૂતો દુહા લલકારે છે બરડા ડુંગરમાં ભેંસોને લઈ ઘૂમતા રબારીઓ હવામાં ગીતના મીઠા સૂર રેલાવે છે. દેવીપુત્ર ચારણો રાજાઓ અને વીરોની બિરદાવલીઓ ગાય છે. આવી પચરંગી વસ્તીથી આ પ્રદેશ રળિયામણો બની રહ્યો છે.

આ કુતિયાણા ગામનો વણિક કુટુંબનો ઉત્તમચંદ નામનો જુવાન એના કાકા દમન ગાંધીની પાસે ધંધોરોજગાર મેળવવા કુતિયાણેથી પોરબંદર આવ્યો. કાકાની લાગવગથી થોડા પ્રયત્ને એને જકાત ઉઘરાવનારની નોકરી મળી. પોરબંદર એ વેળાએ ધીકતું બંદર હતું. વેપારીઓના માલ અને ઉતારુઓના સામાન પર દાણ ઉઘરાવવાનું એ કામ દેખાય છે એવું સહેલું નહોતું. હજી મૂછનો દોરો માંડ ફૂટ્યો હતો. એ ઉંમરે તો ઉત્તમચંદે કામમાં હોશિયારી અને ચીવટ એવી તો બતાવી કે ખુદ પોરબંદરના રાણાસાહેબ વિક્રમાજિત ખુશ થઈ ગયા. રાણાસાહેબને આ જુવાન તરફ શ્રદ્ધા જાગી અને તેને જૂનાગઢની બાજુના માધવપુરમાં દાણ ઉઘરાવવા મોકલ્યો. આ કાર્યમાં એવી

તો કુનેહ વાપરી કે રાણાસાહેબ ખુશ થઇ ગયા, અને એને દીવાનગીરીનો પોશાક આપ્યો. આમ ઉત્તમચંદ જકાત ઉઘરાવનાર મટીને રાજ્યના માનીતા દીવાન બની ગયા.

ઉત્તમચંદ ગાંધીએ પોતાની બુદ્ધિમત્તા, પ્રતિભા, સત્યપ્રિયતા અને બહાદુરીથી દીવાનપદ શોભાવ્યું. મહાપરાક્રમી પુરુષોનું લક્ષણ ધરાવતા તેઓ આજાનુબાહુ હતા. તેમનું વ્યક્તિત્વ એવું તો પ્રતાપી હતું કે એમનું ઝગારા મારતું કપાળ અને તેજસ્વી આંખો જોઈને કાચાપોચા માનવીની તો જીભ થોથરાવા લાગતી. દેખાવે પ્રભાવશાળી ઉત્તમચંદ મનના પણ એટલા જ અડગ હતા. રાજ્યની નોકરીમાં રહ્યા છતાં રૈયત પ્રત્યેનો ધર્મ કદી ભૂલ્યા નહોતા. રાજાની ખુશામતમાં ન પડતાં પોતાને સત્ય લાગે તે અને પ્રજાને કલ્યાણકારી હોય તે કાર્ય કરીને જ જંપતા.

કાળનું કરવું તે રાણાસાહેબનું અસવાન થયું. એમના કુંવર સગીર વયના હોઈ રાણીએ રાજ્યની સત્તા હાથમાં લીધી. રાજ્યનો બધો કારભાર ઉત્તમચંદ દીવાન ચલાવતા. જરૂર પડ્યે રાણીને પણ એ સલાહ આપતા.

એકવાર, આ દીવાન રાણી સાથે અથડામણમાં ઊતરી પડ્યા. બન્યું એવું કે રાણીની દાસીઓએ એકવાર ખીમા ખજાનચી વિરુદ્ધ રાણીના કાન ભંભેર્યા. ખીમો આમ તો ભગવાનનો માણસ. રાજ્યનો નોકર હોવા છતાં, અવળો પૈસો ખરચવાની વાત આવે કે તરત એ પોતાની સત્તા વાપરે. ખજાનો એ ઉઘાડે જ નહિ. રાણીની દાસીઓ અવારનવાર નાણાં લેવા જાય. ખીમો અકળાય અને ના પાડી દે. ઘણા દિવસની દાઝ મનમાં સંઘરી રહેલી દાસીઓએ રાણીને વહાલી થવા ખીમા પર એકવાર આક્ષેપ મૂકી દીધો. મંથરા કૈકેયીને ભંભેરે એવું જ થયું. વાતની પાકી ખાતરી કર્યા વિના કાચા કાનની રાણીએ તો ખજાનચીને બાંધી લાવવાનો પોતાનાં માણસોને હુકમ આપી દીધો.

ખીમાને તો ઘરમ કરતાં ધાડ આવી. એ ખૂબ ગભરાયો. એને તરત દીવાનસાહેબ સાંભર્યા. તે દોડીને તેમના શરણે

આવ્યો અને જીવતદાન માંગ્યું. સાચના બેલી ઉત્તમચંદ દીવાને પરિસ્થિતિ પારખી લીધી અને ખીમાને આશ્વાસન આપીને પોતાના ઘરમાં રાખ્યો.

રાણીએ જાણ્યું કે ખીમો દીવાનના ઘરમાં ભરાયો છે, એટલે તેમણે દીવાનને રૂબરૂમાં બોલાવીને ખીમાને સોંપી દેવા ફરમાવ્યું. રાણીને એમ હતું કે દીવાન તો આપણો જ માણસ છે, એટલે કહીશું કે તરત ખીમાને હાજર કરશે. પણ દીવાને તો ખીમાને સીધેસીધો સોંપવાની ના પાડી. ખીમો શુદ્ધ ચારિત્ર્યનો માણસ હતો એની દીવાનને પાકી ખાતરી હતી. આવા કાંચન જેવા માણસને કોઈ વગોવે કે અણઘટતી શિક્ષા કરે એ એમનાથી કેમ સહ્યું જાય? પછી ભલે ને સામે રાણી જ હોય! તેમણે તો કહી દીધું : "ખીમા પર કેસ માંડો. એનો આરોપ પુરવાર થાય પછી ફાવે તે શિક્ષા કરજો, હમણાં આપને ખીમો નહિ સોંપું."

રાણી રોષે ભરાયાં. તેમણે દીવાનને ડારવા માંડ્યા : "ખીમાને નહિ સોંપો તો બળજબરીથી લઈ જવાની ફરજ પડશે." રાણીનો હુકમ દીવાનને સંભાળાવવામાં આવ્યો. હવે તો આ સત્ય અને સત્તાનું યુદ્ધ થયું હતું. દીવાનને માટે પણ હવે આ સત્યની નિષ્ઠાનો સવાલ બની બેઠો. તે મક્કમ રહ્યા.

આ બાજુ રાણી પણ જક છોડતાં નહોતાં. તેમણે પાંચછ દિવસ રાહ જોઈ. દીવાન સાથે વાટાઘાટો ચલાવી, પણ પરિણામ શૂન્ય આવ્યું. રાણી અકળાયાં. રાજહઠ અને સ્ત્રીહઠ ભેગાં થાય, પછી કાંઈ બાકી રહે ? તેમણે દીવાનના મકાન પર એક લશ્કરી ટુકડી મોકલી. દીવાને ખીમાને રક્ષવા ઘરનાં બારણાં બંધ કર્યાં. ત્યાં તો દીવાનનું ઘર તોડવા રાજ્યની તોપ ગોઠવાઈ.

દીવાન વાત પામી ગયા. સત્તા આગળ શિર ઝુકાવવાની જેને કદીયે ટેવ નહોતી એ દીવાને હવે જીવન અને મરણના આ સવાલમાં મરવું પસંદ કરી લીધું. પોરબંદરી પાકા પથરાનું મજબૂત બાંધણીનું ઘર હતું. અને કિલ્લા જેવો હતો એનો દરવાજો. દરવાજો કર્યો બંધ અને બહાર આરબ અંગરક્ષકોની ટુકડી ગોઠવી

દીધી. આરબો પણ માલિકને પૂરા વફાદાર. તેમણે દીવાન હજૂરને સલામ કરીને જણાવ્યું : "અમારામાંનો એક પણ જીવતો હશે ત્યાં લગી કોઈનીય મગદૂર નથી કે આપને કે ઘરનાંને હાથ અડાડી શકે. અમારાં માથાં વધેરાશે પછી જ દરવાજામાંથી બહારનો માનવી અંદર આવી શકશે."

ઉત્તમચંદ દીવાન આમ બહારની વ્યવસ્થા કરી ને સત્યને ખાતર હોમાઈ જવાને તૈયાર થયા. પોતે ઘરની વચ્ચે બેઠા. આજુ-બાજુમાં પોતાના પાંચ દીકરા, માતા અને ખીમા ખજાનચીને બેસાડ્યાં. સૌને સત્ય ખાતર હસતા મોંએ બલિદાન આપવાનો ઉપદેશ કર્યો. સૌએ એ વાતને વધાવી લીધી. આખું કુટુંબ જાણે કે એક સાથે પરલોકની યાત્રાએ ઊપડતું હોય એમ ગંભીર અને સ્વસ્થ થઈને બેઠું.

બહાર તોપ ગર્જી ઊઠી. ગોળાઓ ધડાધડ છૂટીને ઘરની દીવાલે અથડાવા લાગ્યા. દીવાલમાં બાકોરાં પડ્યાં. બહારના આરબો શૂરા સેનાનીઓ સમા ત્યાં ને ત્યાં ખડા રહ્યા, અને ખુદાના દરબારમાં પહોંચવા તત્પર થઈ રહ્યા. ઘરમાં ઈશ્વરનું સ્મરણ-રટણ ચાલી રહ્યું હતું.

ત્યાં તો તોપના અવાજો શમી ગયા. પાંચેક પળ ભયાનક શાન્તિ પ્રવર્તી રહી. થોડીક વારે ખબર પડી કે પોરબંદરના આ મામલાની ખબર રાજકોટ પહોંચતાં જ એજન્સીએ વચ્ચે પડીને રાણીને જુલમ કરતાં અટકાવ્યાં હતાં. એજન્સીની દરમિયાન-ગીરીથી વાતાવરણ શાન્ત પડી ગયું અને આખા કુટુંબનું બલિદાન લેવાનું અટકી ગયું. ઉત્તમચંદ દીવાનનો નૈતિક વિજય થયો. ખીમો ખજાનચી પણ નિર્દોષ જાહેર થયો.

આ બનાવ પછી ઉત્તમચંદ દીવાને પોરબંદર છોડયું, અને શેષ આયુષ્ય શાંતિ અને ભક્તિમાં પસાર કરવાની ગણતરીથી તેઓ પોતાના વતન કુતિયાણા આવી રહ્યા. ત્યાં તો જૂનાગઢના નવાબે આ બાહોશ દીવાનને પોતાના રાજ્યમાં આવવા નિમંત્ર્યા. રાજકારણી ખટપટોથી તેમનો સત્યનિષ્ઠ આત્મા કકળી ઊઠ્યો

હતો, એટલે નોકરી કરવાની તેમને હવે ઇચ્છા જ નહોતી રહી. તોપણ તે નવાબને મળવા માટે જૂનાગઢ ગયા. દરબારમાં જઈને દીવાને નવાબને સલામ ભરી, પણ તે ડાબા હાથે! બીજો કોઈ રાજા હોત તો આવા અપમાન માટે કોઈ પણ જાતના ખુલાસાની રાહ જોયા વિના ભારેમાં ભારે સજા કરી બેસત. પણ આ નવાબ ગમ ખાઈ ગયા. તેમણે આમ કરવાનું કારણ પૂછ્યું. દીવાને જણાવ્યું : "નામદાર! જમણો હાથ તો પોરબંદર રાજ્યને એકવાર અર્પણ થઈ ચૂક્યો છે, એટલે એ હાથે બીજાને સલામ ન થાય."

નવાબ અને આખો દરબાર નવાઈ પામી ગયા. જે રાજ્યે એમના આખા કુટુંબનું જડમૂળથી નિકંદન કાઢવાનો પેંતરો રચ્યો હતો, એ રાજ્ય પ્રત્યેની વફાદારી આ દીવાન હજી ગાયા કરે છે! નવાબને દીવાનની કર્તવ્યનિષ્ઠા પ્રત્યે આદર ઉત્પન્ન થયો અને ભરદરબારમાં તેમની મુક્તકંઠે પ્રશંસા કરી; બક્ષિસરૂપે તેમને અને તેમના વારસને પેઢી દર પેઢી કુતિયાણામાં વગર જકાતે દુકાન ચલાવવાનો પરવાનો લખી આપ્યો.

પોતાના રાજ્ય પ્રત્યેની વફાદારી છેવટ લગી સાચવી જાણનાર ઉત્તમચંદ દીવાન બીજા કોઈ રાજ્યમાં નોકરીએ રહ્યા નહિ; તેમ જ પાછળથી પોરબંદર રાજ્યમાં તેમને ફરી બોલાવ્યા છતાં ત્યાં પણ ગયા નહિ. જોકે પોરબંદરના કુંવર સગીર મટીને પુખ્ત વયના થતાં, તેઓ રાજા બન્યા ત્યારે ઉત્તમચંદના પુત્રોને નોકરીએ લઈને ફરજ અદા કરી. ઉત્તમચંદના છઠ્ઠા પુત્ર કરમચંદ પોતાની યોગ્યતા વડે સાધારણ નોકરીમાંથી દીવાનપદે પહોંચ્યા.

આ ઉત્તમચંદ દીવાન તે વિશ્વવિભૂતિ મહાત્મા ગાંધીજીના દાદા. એ વેળા એમને સ્વપ્નેય ખ્યાલ નહિ હોય કે તેમનો પૌત્ર પોતાની પેઠે જ સત્યાગ્રહ આદરીને જીવન હોડમાં મૂકશે, અને જગતમાં અમર નામના મેળવશે. વિશાળ બ્રિટિશ સામ્રાજ્ય સામે માથું ઊંચકીને સત્ય અને અહિંસા દ્વારા ભારતની મુક્તિ મેળવનાર ગાંધીજીના જીવનમાં તેમના દાદાજીના સંસ્કારનો અમૂલ્ય વારસો ઊતર્યો છે, એ હકીકત કેમ ભુલાય? ધન્ય છે એ સત્ય વીરને!

('જીવનનું પરોઢ'ના આધારે)

આજના અણુકાળમાં સમયનું મહત્ત્વ સમજનાર લોકને લાંબી નવલકથા વાંચવાને ઝાઝી ફુરસદ હોઈ શકે નહિ. તેને બદલે આવી ટૂંકી વાર્તાનું સાહિત્ય તેવા લોકમાનસને સ્ફૂર્તિ ને તાજગી પ્રેરી શકે છે. સીધા ઉપદેશ કરતાં ટૂંકી વાર્તા દ્વારા જે ઇંગિત સમજણ ઊગે છે, તેની અસર ક્યાંય ચઢિયાતી બની જતી હોય છે. લોકમાનસ કેટલાય પ્રકારનાં વિસંવાદી સંઘર્ષણોમાં અટવાઈ ગયેલું છે. તેને આવું ઉત્તમ વાર્તાસાહિત્ય હળવાશ –મોકળાશ અને ભાવના પ્રગટાવે છે.

[ 'બે બોલ 'માંથી ] — મોટા

★

विद्वद्भिः सेवितः सद्भिर् नित्यमद्वेषरागिभिः
हृदयेनाभ्यनुज्ञातो यो धर्मः तन्निबोधत ॥

દ્વેષ અને રાગથી રહિત, સંતવિદ્વાનોએ હૃદયથી સ્વીકારીને નિત્ય આચરણથી સેવેલો હોય, તે ધર્મ છે; તેને જાણો.

મનુસ્મૃતિ, ૨, ૧

× × × ×


## શ્રી. વ્રજલાલ જાની ટ્રસ્ટનાં પ્રસિદ્ધ થયેલાં પુસ્તકો

### "મોસમ મનની મોરી"

વલસાડના સ્વ. ચન્દ્રવદન જાનીની ગુણ–ભાવવિકાસક વાર્તાઓનો સંગ્રહ. જેમાં જીવન–ઉપયોગી વાતોને સુંદર રીતે રજુ કરવામાં આવી છે. બસો ઉપરાંત પાનાંના આ પુસ્તકની કિંમત માત્ર રૂા. ૨–૫૦ રાખવામાં આવી છે. દરેક સંસ્કારી કુટુંબે વસાવવા જેવું પુસ્તક છે.

(જૂની કિંમત રૂપિયા અઢી પાકુ પૂઠું પેજ ૨૨૫)

× × × ×

### "સુવાસિત જીવનકળીઓ"

ગુજરાતી સાહિત્યના જાણીતા જુદા જુદા લેખકોની વાર્તાઓનો સંગ્રહ. વાચકોને વાંચવી ગમે એવી આ પુસ્તકની વાર્તાઓના સંગ્રહમાંથી સમાજના ગુણ ને ભાવ વિકાસને પ્રેરક ને પોષક વાચન આપવામાં આવ્યું છે. દરેક સંસ્કારી કુટુંબે આ પુસ્તક વાંચવા જેવું છે. પુસ્તકાલયોમાં આવું પુસ્તક હોય તે જરૂરી છે.

સંપાદક : **નંદુભાઈ શાહ** (હરિ : ૐ આશ્રમ નડિયાદ)

(જૂની કિંમત, અઢી રૂપિયા, પાકું પૂઠું, પેજ ૨૫૦)

લખો :

**ગુજરાત પુસ્તકાલય સ. સ. મંડળ લિ.**

રાવપુરા, વડોદરા.